Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

DONATION

કાવ્યછાયા

સુરેશ દલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યછાયા

7874

સુરેશ દલાલ

DONATION

"Forwarded Free of Cost, And With The Compliments of the Department of Education Government of India, New Delhi."

૧૯૯૧
શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ
મુંબઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

KAVYACHHAYA : A book of Appreciation of Poems of Indian and other languages by Dr. Suresh Dalal, Director of the Department of Post-Graduate Studies and Research and Prof. and Head of the Department of Gujarati, S.N.D.T. Women's University, Bombay–400 020

© સુશીલા દલાલ, ૧૯૯૧

પ્રકાશક :
રજિસ્ટ્રાર
શ્રીમતી નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ
૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઈ-૪૦૦ ૦૨૦

પ્રથમ આવૃત્તિ : ૧૯૯૧
પૃષ્ઠસંખ્યા ૨૦૮ + ૧૦
મૂલ્ય રૂ. ૧૦૦-૦૦
આવરણ : દિનેશ દલાલ

મુદ્રક :
ભીખાભાઈ રો. પટેલ
ભગવતી મુદ્રણાલય
૧૯, અજય ઇન્ડ. એસ્ટેટ
દુધેશ્વર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪

મુખ્ય વિક્રેતા :
નવભારત સાહિત્ય મંદિર
૧૩૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૪૦૦ ૦૦૨
જૈન દેરાસર પાસે, ગાંધી માર્ગ
અમદાવાદ-૩૮૦ ૦૦૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિય
જશુભાઈ શાહને....

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

FROM THE VICE-CHANCELLOR'S DESK

Today when higher education has largely been reduced to examination oriented teaching and learning for degrees it is refreshing to come across academics like Dr. Suresh Dalal and Dr. Jaya Mehta who keep their Department alive and active with scholarship and creativity. The Department's regular conduct of Seminars, Lectures, Workshops, other literary meets and rich output of publications in the form of original writing, criticism, appreciation and commentaries, selections from prose and poetry, annotated bibliographies, translations, as well as its rare collection of documents bears firm testimony to its activities. I take pride and pleasure in introducing this, its latest publication.

Suma Chitnis
S.N.D.T. Women's University
Bombay

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિ અને કવિનું સમીકરણ

કવિ અને વ્યક્તિ એક જ છે. એક વૃદ્ધ કવિએ મને એક વખત કહેલું : "હું ઘણા વખતથી કવિતા લખતો નથી." ત્યારે મેં તરત જવાબ વાળ્યો : "એથી આપ કવિ તો મટી ગયા નથી." કવિતા એ આત્માનો ગુણ છે, અને આત્માની સાથે જીવે, વિકસે અને ટકે. કલમ વાટે નહિ વહે તોય ભલે, પણ જીવન વાટે એ વહેતી જ રહે છે.

સુરેશભાઈને માટે આ અક્ષરેઅક્ષર સાચું છે. હું એમની સાથે વાતચીત કરી રહ્યો હોઉં અને એ પોતાની આગવી સ્ફૂર્તિ, તાજગી, જાગૃતિથી બોલતો રહે ત્યારે મારા મનમાં અચૂક શંકા ઊઠે કે સુરેશ હમણાં બોલ્યો એ એની કોઈ કવિતાની પંક્તિ ટાંકીને બોલ્યો કે કદાચ કોઈ નવી કવિતા મનમાં રચીને બોલ્યો ? કારણ કે વાતચીતનાં એ વાક્યોમાં કવિતાની ઉપમાઓ છે, ઊર્મિ છે, ન્હેર છે. રોજિંદા સંબંધની વાતમાં કવિતાનું તત્ત્વ છે.

એવો ભાસ એટલા માટે પણ થાય છે કે એમની કવિતામાં રોજિંદા જીવનનું પ્રતિબિંબ પણ છે, એટલે કવિતા વાંચીને બોલતો સુરેશ પણ સંભળાય છે — બોલતા સુરેશમાં કવિતાનો રણકો સંભળાય છે તેમ. અમદાવાદના રસ્તાઓ પર દોડતી, ફરતી, રમતી રિક્ષાઓને એ "લોખંડની ખિસકોલીઓ" કહે અથવા તો અમેરિકાથી કંઈ એ લઈને આવવા માગે તો "એના ધોરી માર્ગો લપેટીને થેલીમાં ભરીને લાવું" એવું કહે ત્યારે મિત્રોની વાતચીતમાં મુશાયરાનું વાતાવરણ ફેલાય.

સુરેશની રુચિ અને દરેક બાબતમાં કલાત્મક દૃષ્ટિ લાવવાનો આગ્રહ પણ જેમ એમની કવિતામાં તેમ એમના વ્યક્તિત્વમાં પણ સ્પષ્ટ દેખાય છે. "સુઘડ મુદ્રણ, આકર્ષક આવરણ, સારો કાગળ" એ એમના શબ્દો પુસ્તકના બાહ્ય સ્વરૂપને લાગુ પડે છે, પણ એમાં એના આંતરિક વલણનું પણ પ્રતિબિંબ છે.

એક વખત મારી પાસે એક વિદ્યાર્થી આવ્યો. એ તેજસ્વી હતો પણ શક્તિ પ્રમાણે કામ કરતો નહોતો. મેં એને કોઈ ઉપદેશ આપ્યો નહિ પણ રમતાં રમતાં મારા ટેબલ ઉપર સુરેશની 'કાવ્યસૃષ્ટિ' હતી એ લઈને અને અમસ્તાં પાનાં ફેરવીને ચાલુ વાતચીતમાં સહજભાવે હું એમાંની એક કવિતા વાંચવા લાગ્યો. પ્રથમ મેં રમૂજથી વાંચી. પછી એ વિદ્યાર્થીનું ધ્યાન બરાબર જાગ્યું હતું એ જોઈને હું પણ ગંભીરતાથી, ભાર દઈને, અવાજમાં જુસ્સો લઈને વાંચતો રહ્યો. અને કવિતા પૂરી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ ત્યારે જોર સાથે ગ્રંથ બંધ કરીને ને ટેબલ પર મૂકીને શાંત રહ્યો. વિદ્યાર્થી પણ શાંત હતો, અને કવિતા એને ઊંડે ઊંડે સ્પર્શી ગઈ હતી એ હું જોઈ શકયો. મારી પાસેથી એ આખો ગ્રંથ પણ લઈ ગયો. હું સામાન્ય રીતે કોઈને કોઈ પુસ્તક આપતો નથી, પણ આ વખતે ખુશીથી આપ્યું કારણ કે એના ઘડતરમાં એ મદદરૂપ થઈ શકે એમ હતું. થોડા સમય પછી પુસ્તક પાછું આવ્યું. અને પેલી કવિતા મેં ફરીથી એની આગળ વાંચી સંભળાવી.

કવિતા હતી 'છત્ર વિનાની મધ્યમ છત્રીસી'. મધ્યમતાનો શાપ અને એમાંથી મુક્ત થઈને શ્રેષ્ઠતાનું લક્ષ્ય કેમ પ્રાપ્ત કરવું એનું એમાં જોશીલું વર્ણન છે. વર્ણન નહિ, જ્વાળામુખી છે. મારું ચાલે તો એ કવિતા દરેક જુવાન માણસને સંભળાવું, અને એ સાંભળીને એના દિલમાં કેવા ભાવો ઊગે એ તપાસું ને એ ઉપરથી જ એના વ્યક્તિત્વ, એની શક્તિ ને એના ભવિષ્યનો અભિપ્રાય બાંધું. મધ્યમતાનો કટાક્ષ અને તેથી શ્રેષ્ઠતાની ધૂન એમાં છે, અને એ જીવનની સાચી દીક્ષા છે.

એવો જ અનુભવ બીજા કાવ્ય સાથે થયેલો. 'ભગવાન! તારું ભલું થજો'. એમાં એક જૂની શ્રદ્ધા અને આધુનિક મનોવૃત્તિવાળા ભાઈ સાથે મારું કામ હતું. એ પોતે એ બે વિરોધાભાસી વલણો વચ્ચે ઝોલાં ખાતો હતો અને બેચેની અનુભવતો હતો. એટલે સુરેશભાઈની આખી સીધી, ચોખ્ખી, ગહન, નક્કર, નિખાલસ કવિતા એક શ્વાસે વાંચી સંભળાવી. એના દિલમાં જે ભાવ દબાયેલા હતા એ બહાર આવ્યા. એને વર્ષોથી જે કહેવું હતું પણ કહેવાની હિંમત નહોતી એ બીજાના શબ્દોમાં સાંભળીને એણે અનહદ રાહત અનુભવી. એટલી વારમાં એને નવી દૃષ્ટિ મળી. ઈશ્વર ઉપરની શ્રદ્ધા એટલે મૌનયજ્ઞ નહિ પણ દિલ ખોલીને એની આગળ સાચું લાગે એ બધું જોરથી કહી દેવાની હિંમત.

વ્યક્તિ અને કવિની વચ્ચે એ સમીકરણ મને ગમે, અને તેથી સુરેશની કવિતામાં મને રસ છે તેટલો એની વાતચીતમાં છે. મારે મન એ એક વિરલ લક્ષણ છે.

એને લીધે સુરેશ સાથેના મિલનમાં હંમેશાં તાજગી છે અને નવીનતા છે. કવિનું જીવન કવિની પંક્તિમાં આવી જાય છે:

"રસ્તે જતાં રસ્તો મળે."

૨-૩-૬૧

—ફાધર વાલેસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુક્રમ

લેખક	ભાષા	શીર્ષક/પ્રથમ પંક્તિ	પૃષ્ઠાંક
૧. કબીર	(હિંદી)	કૈસે દિન કટિ હૈ જતન	૧
૨. રવીન્દ્રનાથ ટાગોર	(બંગાળી)	ગીતની ભીતર વહી આવે	૩
૩. જયન્ત પાઠક	(ગુજરાતી)	ચોકની વચ્ચે ઊભી કરેલી	૬
૪. રવીન્દ્રનાથ ટાગોર	(બંગાળી)	પ્રાર્થના	૯
૫. જગદીશ જોષી	(ગુજરાતી)	પ્રવાહ	૧૧
૬. બોદલેર (અનુ. જયા મહેતા)	(ફ્રેન્ચ)	પ્રેમીઓનું મૃત્યુ	૧૩
૭. ઝુલ્ફિકાર ઘોષ	—	કાગડાઓ તેમની ચાંચ	૧૫
૮. સુરેશ દલાલ	(ગુજરાતી)	હરવા મળ્યું ફરવા મળ્યું	૧૭
૯. સુરેશ દલાલ	(ગુજરાતી)	આ સવાર પડે કે હસવું નહીં	૧૯
૧૦. પુ. શિ. રેગે (અનુ. સુરેશ દલાલ)	(મરાઠી)	પક્ષી ગાતું નથી	૨૧
૧૧. પુ. શિ. રેગે (અનુ. સુરેશ દલાલ)	(મરાઠી)	રાધા	૨૩
૧૨. નારાયણ સુર્વે (અનુ. વસંત જોષી)	(મરાઠી)	ગભરાઉ છું ત્યારે	૨૬
૧૩. જયા મહેતા	(ગુજરાતી)	મેં કદી જોયું નથી	૨૯
૧૪. પન્ના નાયક	(ગુજરાતી)	યાદ આવે છે	૩૧
૧૫. ભગવતીકુમાર શર્મા	(ગુજરાતી)	રુદિયે રહેજો રે	૩૩
૧૬. વેણીભાઈ પુરોહિત	(ગુજરાતી)	દઈ દે શણગાર મુને !	૩૫
૧૭. ઉમાશંકર જોશી	(ગુજરાતી)	મારા પાલવને છેડલે	૩૭
૧૮. મનોજ ખંડેરિયા	(ગુજરાતી)	ભીડ ભરેલો ભરચક છું હું	૩૯
૧૯. સર્વેશ્વરદયાલ સક્સેના (અનુ. સુશી દલાલ)	(હિન્દી)	સડેલાં ફળોની પેટીઓની જેમ	૪૧
૨૦. કલાપી	(ગુજરાતી)	એક ઘા	૪૩
૨૧. ઉશનસ્	(ગુજરાતી)	રામની ભોંયમાં રામની	૪૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨૨. અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ	(ગુજરાતી)	એઠ ભીલડીએ સીંચ્યા	૪૭
૨૩. ભીખુ કપોડિયા	(ગુજરાતી)	તમે ટહુકયાં ને આભ	૪૯
૨૪. સુરેશ દલાલ	(ગુજરાતી)	મળી એવી નિરાંત :	૫૧
૨૫. લાભશંકર ઠાકર	(ગુજરાતી)	લાગણીને પાણીમાં	૫૩
૨૬. સુરેશ દલાલ	(ગુજરાતી)	તું મને ખૂબ પ્રિય છે	૫૬
૨૭. સુરેશ દલાલ	(ગુજરાતી)	કયાંક ઠરીને ઠામ થવું છે	૫૮
૨૮. પન્ના નાયક	(ગુજરાતી)	ભરબપ્પોરે	૬૦
૨૯. માર્ગારેટ ચેટરજી (અનુ. જયા મહેતા)	(અંગ્રેજી)	ઝેન તત્ત્વજ્ઞાનીને ચોમાસામાં પ્રણામ	૬૩
૩૦. જુગતરામ દવે	(ગુજરાતી)	અંતરપટ	૬૫
૩૧. લોકગીત	(ગુજરાતી)	જળ રે યમુનાનાં ઝીલતાં	૬૭
૩૨. સુરેશ દલાલ	(ગુજરાતી)	'આજ હું એકલડી અગાશીએ બેઠી'	૭૦
૩૩. સુરેશ દલાલ	(ગુજરાતી)	'અજ્ઞાની તારા, અંતરમાં દેખ વિચારી'	૭૨
૩૪. ચંદ્રકાન્ત શેઠ	(ગુજરાતી)	ગઈકાલના પાગલ પવને જાહેર કર્યું છે...	૭૪
૩૫. મરીઝ	(ગુજરાતી)	એક જ જવાબ દે	૭૬
૩૬. મનુભાઈ ત્રિવેદી 'સરોદ'	(ગુજરાતી)	અવગતની એંધાણી	૭૮
૩૭. કાર્લ સેન્ડબર્ગ (અનુ. સુરેશ દલાલ)	(અંગ્રેજી)	હથોડી	૮૦
૩૮. સુરેશ દલાલ	(ગુજરાતી)	આવી કસૂર	૮૨
૩૯. ચંદ્રકાન્ત શેઠ	(ગુજરાતી)	સમણું	૮૪
૪૦. કેથેલિન રેઇન (અનુ. સુરેશ દલાલ)	(અંગ્રેજી)	સર્જનનો ચમત્કાર	૮૬
૪૧. કાન્ત	(ગુજરાતી)	સાગર અને શશી	૮૮
૪૨. સુરેશ દલાલ	(ગુજરાતી)	એલિયટ	૯૧
૪૩. ડેવિડ ઇગ્નાતો (અનુ. સુરેશ દલાલ)	(અંગ્રેજી)	મોસમ	૯૪
૪૪. ડોરથી લાઇવસેઇ (અનુ. શીરીન કુડચેડકર)	(અંગ્રેજી)	સાથી	૯૬

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪૫. માઇકલ બેનેડિક્ટ
(અનુ. સુરેશ દલાલ) (અંગ્રેજી) રાતનાં આકંદો ૯૯
૪૬. જયન્ત પાઠક (ગુજરાતી) દુખિયારાજી ૧૦૧
૪૭. આન એખેર
(અનુ. શીરીન કુડચેડકર) (અંગ્રેજી) વરસાદ નીચે ૧૦૩
૪૮. પ્રિયકાન્ત મણિયાર (ગુજરાતી) ફૂલનો પવન લોચન
મારે વાયો ૧૦૫
૪૯. ચાર્લ્સ રાઇટ
(અનુ. સુરેશ દલાલ) (અંગ્રેજી) નવી કવિતા ૧૦૭
૫૦. વર્ન રુત્સલા
(અનુ. સુરેશ દલાલ) (અંગ્રેજી) દ્વય ૧૧૦
૫૧. અમૃતા પ્રીતમ
(અનુ. જયા મહેતા) (પંજાબી) સફરનામું ૧૧૨
૫૨. નરસિંહ મહેતા (ગુજરાતી) આજ રે કાનુડે વા'લે અમશું ૧૧૫
૫૩. મુકુન્દરાય પારાશર્ય (ગુજરાતી) ભક્તિ ૧૧૭
૫૪. જયન્ત પાઠક (ગુજરાતી) શ્યામ સુંવાળું અંધારું ૧૧૯
૫૫. મકરન્દ દવે (ગુજરાતી) ધારા ૧૨૧
૫૬. વર્ન રુત્સલા
(અનુ. સુરેશ દલાલ) (અંગ્રેજી) એકલવાયો માણસ લખે છે ૧૨૪
૫૭. મીરાંબાઈ (ગુજરાતી) મુખડાની માયા ૧૨૬
૫૮. મનોજ ખંડેરિયા (ગુજરાતી) પકડો કલમ ને કોઈ ૧૨૮
૫૯. સુરેશ દલાલ (ગુજરાતી) એક આંખમાં ધરતી... ૧૩૦
૬૦. લોકગીત (ગુજરાતી) મારી માડીનાં બારણે... ૧૩૩
૬૧. ઉશનસ્ (ગુજરાતી) અષાઢે ૧૩૫
૬૨. સુરેશ દલાલ (ગુજરાતી) કયાં લગી ? ૧૩૭
૬૩. હરીન્દ્ર દવે (ગુજરાતી) તારી સુવાસ ૧૩૯
૬૪. કિશોર શાહ (ગુજરાતી) હવે ૧૪૨
૬૫. સુન્દરમ્ (ગુજરાતી) હંકારી જા ૧૪૪
૬૬. સુન્દરમ્ (ગુજરાતી) મેં એક અચંબો ૧૪૬
૬૭. રાજેન્દ્ર શાહ (ગુજરાતી) સંગમાં રાજી રાજી ૧૪૮
૬૮. ઉશનસ્ (ગુજરાતી) પ્રીતનું વર્ણન ૧૫૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬૯. ચંદ્રકાન્ત શેઠ	(ગુજરાતી)	હાથનો જ અવિશ્વાસ હાથને	૧૫૩
૭૦. વિનોદ જોશી	(ગુજરાતી)	તું મીંઢળ જેવો...	૧૫૫
૭૧. હરિશ્ચંદ્ર ભટ્ટ	(ગુજરાતી)	વિલીન ગત થાવ	૧૫૭
૭૨. રાજેન્દ્ર શાહ	(ગુજરાતી)	સઘળું જાય ભુલાઈ	૧૫૯
૭૩. મકરન્દ દવે	(ગુજરાતી)	ભજન કરે તે જીતે	૧૬૧
૭૪. સુન્દરમ્	(ગુજરાતી)	મીરાંની રીત	૧૬૩
૭૫. અનિલ જોશી	(ગુજરાતી)	બરફનાં પંખી	૧૬૫
૭૬. નિરંજન ભગત	(ગુજરાતી)	દિન થાય અસ્ત	૧૬૮
૭૭. કલાપી	(ગુજરાતી)	શિકારીને	૧૭૧
૭૮. સુરેશ દલાલ	(ગુજરાતી)	'જૂઠા જગમાં ઘણી...'	૧૭૪
૭૯. મનોજ ખંડેરિયા	(ગુજરાતી)	બધાનો હોઈ શકે...	૧૭૬
૮૦. અશોક વાજપેયી (અનુ. કિશોર શાહ)	(હિન્દી)	થોડોક અમથો	૧૭૯
૮૧. આદિલ મન્સૂરી	(ગુજરાતી)	હવાનાં ઊછળતાં હરણ...	૧૮૨
૮૨. ઉમાશંકર જોશી	(ગુજરાતી)	શું શું સાથે લઈ જઈશ હું ?	૧૮૪
૮૩. લોકગીત	(ગુજરાતી)	કૂવાને કાંઠે એક ઝૂંપડી રે	૧૮૯
૮૪. કલાપી	(ગુજરાતી)	કાશ્મીરનું સ્વપ્ન	૧૯૧
૮૫. નિરંજન ભગત	(ગુજરાતી)	ક્ષણ હસવું, ક્ષણ રડવું	૧૯૩
૮૬. સુરેશ દલાલ	(ગુજરાતી)	'અદેખાં લોક અણ-ઘટતાં બોલશે'	૧૯૫
૮૭. જયન્ત પાઠક	(ગુજરાતી)	ફીકીમાં	૧૯૭
૮૮. સુરેશ દલાલ	(ગુજરાતી)	હું સાંજને સમયે	૧૯૯
૮૯. સુરેશ દલાલ	(ગુજરાતી)	કોઈ તમારા હોઠ કાપી નાખે	૨૦૧
૯૦. લૂઈ હડસન (અનુ. સુરેશ દલાલ)	(અંગ્રેજી)	ગીત	૨૦૩
૯૧. હસમુખ પાઠક	(ગુજરાતી)	તને મારે કેમ ચીતરવો ?	૨૦૫

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાવ્યછાયા

•

સુરેશ દલાલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

કૈસે દિન કટિ હૈ જતન બતાયે જઈઓ

એહિ પાર ગંગા વોહિ પાર જમુના
બિચવાં મંડૈયા હમકાં છવાયે જઈઓ

અંચરા ફારિકે કાગદ બનાઈન
અપની સુરતિયાં હિયરે લિખાયે જઈઓ

કહત કબીર સુના ભાઈ સાધો
બહિયાં પકરિકે રહિયા બતાયે જઈઓ

—કબીર

કયાંક એકલા નીકળી પડવાનું હોય અને મીરાં, કબીર અને ટાગોર સાથે હોય તો પછી કોઈ ચિંતા નથી. આ બધાં કવિતાનાં કલ્પવૃક્ષો છે. ભીતરના સંતાપમાં શાતા આપે, માનવીય ક્રૂરતાની ઠંડીમાં હૂંફ આપે. અલબત્ત, કવિતા આપણે માત્ર એટલા માટે વાંચતા નથી પણ જ્યારે જ્યારે તરસ લાગે છે ત્યારે આ ત્રણેની કવિતા જળનો અને અમૃતરસનો અનુભવ કરાવે છે. આપણને તરસ ન લાગી હોય તો આપણને તરસ જગાડે પણ છે.

કોઈક માણસ વારંવાર એમ કહ્યા કરે છે હું સુખી છું તો એ શબ્દોમાં શ્રદ્ધા બેસતી નથી. કોઈક કવિએ કહ્યું'તું સુખ તો સૂર્ય જેવું છે. એ ચહેરા પર ઝગમગે છે. મીરાં, કબીર કે ટાગોરની કવિતામાં સચ્ચાઈનો રણકો જુદો કરીને બતાવી શકાય નહીં. એ તો સૂર્યની જેમ ઝળહળતો જ હોય છે.

કબીરનું પદ નાનકડું, પણ એ પદનો અનુભવ આખો અવતાર ચાલે એટલો. જીવ અને શિવનો સંબંધ પ્રિયતમ અને પ્રિયતમા જેવો છે. બન્ને વિખૂટા પડી શકે નહીં. એકમેક વિના રહી શકે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં વાતને વિપ્રલંભ શૃંગારની ભાષામાં વહેતી કરી છે. વિયોગ આવ્યો નથી પણ વિયોગ આવવાની તૈયારી થઈ ચૂકી છે. વિયોગ પણ એક યોગ છે, વિશિષ્ટ યોગ છે. સંયોગ વિના વિયોગ નથી અને વિયોગ વિના સંયોગ નથી. આપણે બધા જ સંયોગ અને વિયોગની પાતળી રેખા પર ઊભા છીએ.

પહેલી જ પંક્તિમાં પ્રિયતમ વિનાની અસહાયતા અને નિરાધારપણાની વાત છે. પ્રિયતમને સીધું સંબોધન છે. તમે જાઓ છો તો ખરા પણ તમારા વિના દિવસ અને રાત, રાત અને દિવસ કેવી રીતે વીતશે? તમે જ એનો ઉપાય બતાવતા જાઓ. કેલી પણ તમે જ કરો છો અને મુશ્કેલી પણ તમે જ કરો છો. ક્રીડા કરનારા તમે અને પીડા દેનારા તમે. આ પીડા અમારે કઈ રીતે વેઠવી એનો ઉપાય અને ઉપચાર તમે જ બતાવો. વેણીભાઈની એક પંક્તિ યાદ આવે છે:

"તમારા વિનાના અમે અમારા વિનાના."

એક બાજુ ગંગા છે અને એક બાજુ જમના છે અને ગંગા અને જમનાની વચ્ચે તમે જાઓ તો અમારે માટે એક મઢૂલી તૈયાર કરીને જજો. તત્ત્વજ્ઞાનીઓ આ ગંગા જમના અને આ વચ્ચેના માર્ગને ઇંગલા, પિંગલા અને સુષુમ્ણા માર્ગ તરીકે ઓળખે છે. મારી સીધી સમજ આવી છે કે એક બાજુ જાત છે, બીજી બાજુ જગત છે. આ બન્નેની વચ્ચે તમે છો તો હું કાયમ તમારામાં જ લીન અને તલ્લીન રહું એવી મારી મનની મઢૂલી કરી આપો. તમારું જ તપ, તમારા જ જપ, તમારી જ આસક્તિ, તમારી જ ભક્તિ, તમારી જ સ્તુતિ, તમારો જ રંગ, તમારો જ રાગ, તમારી જ આગ, તમારું જ જળ, તમારું જ જ્ઞાન, તમારી જ સમાધિ.

તમારી જ ચૂંદડી ઓઢી છે. તમે જાઓ તો જતાં જતાં આ ચૂંદડીનો પાલવ ચીરી નાખો. એનો કાગળ બનાવો અને એ કાગળ પર તમારી મોહિની મૂરત — તમારી સૂરત આ હૃદયમાં આલેખતા જજો.

આ અંતિમ કથનમાં ઉત્કટતાની પરાકાષ્ઠા છે. જતા પ્રિયતમને બાંય પકડીને રોકી તો શકાય નહીં પણ એ બાંય પકડવામાં છૂટા નથી પડવું એનો ભાવ છે. તમે જાઓ છો તો ખરા, પણ જતાં જતાં મને રાહ બતાવતા જાઓ. આ રસ્તો તે કયો રસ્તો? હું તમારી સાથે ને સાથે કાયમ રહી શકું એવો કોઈ રસ્તો બતાવો. તમારું સતત સાન્નિધ્ય મળે, એનો કોઈ રસ્તો બતાવો.

૭-૪-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

ગીતની ભીતર વહી આવે ત્યારે જોઉં છું ત્રિભુવન
ત્યારે તને જોઈ રહું ને જાણું તારું મન
કિરણોની એક ભાષા
અને પ્રેમથી આખું આકાશ છવાઈ જાય
ધૂળના એક એક કણમાં
મને પરમ વાણી સંભળાય.
પછી એ તો કંઈ બ્હાર રહે નહીં
મારી ભીતર વસે
કૂણા કૂણા તરણે તરણે હૃદય મારું હસે.
રસની ધારે, રૂપની રેખા
આંખથી અળગી થાય
જ્યાં જોઉં ત્યાં સ્થળે સ્થળે
પળે પળે ગીત એનું સંભળાય.

—રવીન્દ્રનાથ ટાગોર

રવીન્દ્રનાથ ટાગોર કાવ્યસૃષ્ટિના કુબેર છે. આમ પણ નિતાન્ત સુંદર ગીત એ કવિતાની પરાકાષ્ઠા છે. ટાગોરે અસંખ્ય ગીતો આપ્યાં અને આજે પણ કચાંક ને કચાંક, સવિશેષ બંગાળમાં એમનાં ગીત કોઈકના કંઠમાં તો છલકાતાં જ હશે. જે લોકો બંગાળી ભાષા ન જાણતા હોય એમણે તો ટાગોરની કૃતિઓ અનુવાદ દ્વારા માણવી પડે. અનુવાદ ગમે એટલો ઉત્તમ હોય તોપણ મૂળ કૃતિનો પડછાયો જ છે અને આ પડછાયામાં બેસીને આપણે કલાવિધાયક ગીતરવિની કલ્પના કરવી રહી.

ગીત સ્વરૂપે અને સ્વભાવે નાજુક કાવ્યપ્રકાર છે. ભલે એ નાજુક હોય, પણ મનુષ્યહૃદયનાં અનેક સંવેદનો શબ્દલય અને ભાવલયના પ્રવાહમાં ઝીલી શકે છે. ગીત એ એક એવો પ્રકાર છે કે એમાં હૃદયનાં સ્પંદન

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સિવાય કશું નભે નહીં. અંદર કથાને વણુવા જઓ તો નેરેશન આવે, પણ એની લિરિકલ ક્વૉલિટીને કચાંક ને કચાંક ઉઝરડા પડે.

ટાગોરના ગીત સાથે એક પ્રકારની રહસ્યમયતા સંકળાયેલી છે. ટાગોરને ગીતના સ્વરૂપનો, એની તાકાતનો, એના સામર્થ્યનો પૂરેપૂરો પરિચય છે. ગીતના નાનકડા કુંભની અંદર આખું ત્રિભુવન પણ સમાઈ શકે. ટાગોર તો ગીત દ્વારા જ આ પૃથ્વી, આકાશ અને પાતાળના ગીત-કારને પામવાનો પુરુષાર્થ કરે છે. એક ગીતની ભીતર જ્યારે ત્રિભુવન સમાય છે, ત્યારે એ ત્રણેય ભુવનના સ્વામીનું દર્શન થાય છે, અને એ ભુવનભુવનના સ્વામીનું મન પણ કળી શકાય છે. ગીત અને સંગીત જેવું અદ્વૈત કચાંય નથી. શબ્દ અને સૂરની કેડીએ કલાકારને સાક્ષાત્કારની ક્ષણ કચારેક મળે છે, અને આ ક્ષણનો શાશ્વતી સાથે સંબંધ જોડાઈ જાય છે.

કોઈ પૂછે કે ઈશ્વરનો ચહેરો કેવો? તો એક જ જવાબ છે કે ભક્તહૃદયમાં જે ભાવ હોય, એ ભાવ જ ચહેરાને ઘડી આપે. ઈશ્વરની ભાષા કઈ? કદાચ મૌનની ભાષા. અહીં ટાગોર કહે છે કે ઈશ્વરની ભાષા એ કિરણોની ભાષા છે. સવારના ઈશ્વર સૂર્યકિરણની લિપિ લખે છે અને રાતે ચંદ્રકિરણની. આ તો ઈશ્વરના ભાવને વ્યક્ત કરતી ભાષા છે, પણ ઈશ્વરનો ભાવ, જે વ્યક્ત નથી થતો એ તો આખા આકાશમાં છવાયેલો રહે છે. એ ભાવને પરમ પ્રેમનું નામ આપી શકાય. જોકે ઈશ્વર પણ પોતાના સમગ્ર ભાવને ભાષા દ્વારા વ્યક્ત નથી કરી શકતા, તો માણસનું તો શું ગજું? ઈશ્વરનાં ભાવ અને ભાષા આકાશ અને પૃથ્વી પર છવાયેલાં છે. ધૂળના કણેકણમાં, જો આપણી પાસે કાન હોય તો પરમાત્માની વાણી સંભળાય. હમણાં જ એક સાધકે કહ્યું'તું કે પ્રકૃતિ એ પરમાત્માનો ઝબ્બો છે. પંખીનો ટહુકો હોય, ઝરણાનો કલનિનાદ હોય, વૃક્ષોમાં પલટાતી મોસમ હોય, બધે જ ઈશ્વરની વાણી હોય છે. ઘણી વાર હું પર્વતને જોઉં છું ત્યારે મને લાગે છે કે આ પર્વતો એ ઈશ્વરના પહોળા ખભા છે. સૂર્યચંદ્ર એની આંખ છે, આ સાગર અને સરિતા એની નસમાં વહેતું લોહી છે. એક વાર પરમાત્માની વાણી સાંભળો પછી, એ વાણીરૂપે તમારી અંદર જ વસે છે, અને કૂણાં તરણાં ઉપર પણ આપણી ભીતર વસેલો ભગવાન પોતાના સ્મિતને પાથરે છે.

ઈશ્વરની વાણી એ પરમ રસ છે. એક વાર રસમાં ડૂબ્યા પછી રૂપનો આગ્રહ રહેતો નથી. રૂપ અને અરૂપની લીલા એટલે ઈશ્વરની જ લીલા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઈશ્વર એક સ્થળમાં બંધાતો નથી અને એક પળમાં જકડાતો નથી. જ્યાં જ્યાં જોઈએ છીએ, ત્યાં એ હોય છે, પણ દેખાતો નથી. ઈશ્વર જોવાનો નહીં, પણ અનુભવવાનો છે. એક એક પળમાં એનું ગીત છે. આ પળનું સાતત્ય આ ગીતનું, સાતત્ય જ્યારે સર્વસ્થ થાય ત્યારે ત્રિભુવન ગીતમાં ઊતરી આવે. ટાગોરના આ ગીતની સાથે એમનું 'અભિનવ છંદે' નામનું ગીત પણ જોવા જેવું છે :

કિયા સૂરમાં અભિનવ છંદે બજે સિતારી મારી?
અખિલ વિશ્વના ઉર સ્પંદન સહ અંતરમાં કંપારી!

છે કોણ તરુણ એ ચંચલ જેનો ઊડે અંચલ છેડો?
કિરણ કિરણનું નર્તન વનમાં ઉમંગ સંગે નેડો,
નભને પ્રાંગણ નીરવ નૂપુરની ઊડતી સૂર-કુવારી!
કિયા સૂરમાં અભિનવ છંદે બજે સિતારી મારી?

વન પલ્લવના પુંજે બજતી મધુર મધુર કર તાળી;
ચરણસ્પર્શની આશે હીંચે હરખથકી હરિયાળી,
સેજમહીં સૌરભની અનિલ આ આળોટે અલગારી!
કિયા સૂરમાં અભિનવ છંદે બજે સિતારી મારી?

૧૪-૫-૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

ચોકની વચ્ચે ઊભી કરેલી
શૂળી પર ચઢી
હસતાં હસતાં વીંધાઈ જવાની હિંમત છે?
ધગધગતા અંગારાને
હથેળીમાં લઈને રમાડવાની આવડત છે?
ચણોઠીઓ ફૂંકી ફૂંકીને
તાપણું કરી તાપવાની ધીરજ છે?
ઊભી દીવાલમાંથી
આરપાર નીકળી જવાની હિકમત છે?
કરોળિયાના જાળામાં
આખા બ્રહ્માંડને
તરફડતું જોવાની આંખ છે?
હોય તો તું
કવિતા કરી શકે — કદાચ.

—જયન્ત પાઠક

કવિતા લખવી સહેલી વાત નથી. કવિતા વાંચવી અને સમજવી અને સામે કાંઠે પહોંચાડવી એ પણ મુશ્કેલ વાત છે. કવિતાની વાત કરીએ છીએ ત્યારે સામા માણસને બહુ બહુ તો આપણને થયેલા આનંદનું વર્ણન આપી શકીએ છીએ. સ્પંદન તો સહૃદયે પોતે પોતાની મેળે, આપબળે અને આપકળે પામવાનાં હોય છે. અને છતાંય કવિતાની વાત કરીએ છીએ, કચારેક આસ્વાદ આપીએ છીએ, કચારેક અર્થઘટન, કચારેક સમજૂતી, કચારેક સાર. આ સમજૂતી અને સાર એ કમમાં કમ કવિતાને પામવાનું પ્રથમ પગથિયું છે અને કયાંક પહોંચવું હોય તો પ્રથમ પગથિયાને ઉવેખાય નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિએ એક કવિતા લખવા માટે અનેક પ્રકારના અનુભવોમાંથી પસાર થવાનું હોય છે. સંવેદનશીલતા એ કવિની મહામૂલી મૂડી છે. કાલ્પનિક અનુભવને પણ ઊર્મિની ઉત્કટતાથી વાસ્તવિક રીતે જીવી પણ શકાય. સમ-વિષમ અનુભવમાંથી પસાર થવા માટે સર્જક પાસે પોતીકી તાકાત હોવી જોઈએ. આ વાતને અહીં કવિએ જુદાં જુદાં કલ્પનો દ્વારા, કેટલીક હકીકતો અને એના અર્થઘટન દ્વારા વહેતી મૂકી છે.

ઈશુ શૂળી પર ચડ્યા. જીવનમાં કેટલીક પળ એવી હોય છે કે જ્યારે માણસને ભરબજારમાં શૂળી પર ચડવા જેવો અનુભવ થાય. આવા અનુભવોમાં કંઈ રોદણાં કે રોતલવેડા ખપમાં નથી આવતા. તમે હસતાં હસતાં વીંધાઈ જાઓ એવી તાકાત તમારી પાસે છે? આ પ્રશ્ન છે. એનો હકારમાં જવાબ આવે તો કદાચ મળે તો કવિતા મળે. આ અન્યને પૂછવાનો પ્રશ્ન નથી, આ પોતાને પૂછવાનો પ્રશ્ન છે. હાથમાં ધગધગતો અંગારો હોય પણ બૂમ કે ચીસ પાડ્યા વિના હથેળીમાં અંગારાને રમાડવાની આવડત છે? અગ્નિ જેવી લાલચટ્ટાક ચણોઠીઓનું તાપણું કરી તાપવાની ધીરજ છે? આ શૌર્ય અને ધૈર્ય હોય તો કાવ્યવીર્ય પ્રગટે. દીવાલો તો સીમા રચે છે. આ સીમાઓને ઓળંગવાની, હદમાંથી અનહદ તરફ જવાની, આરપાર નીકળી જવાની, દીવાલને ભેદવાની હિકમત હોય તો કદાચ કવિતા મળે તો મળે. આપણા અસ્તિત્વની આસપાસ કેટલાંય કરોળિયાનાં જાળાંઓ છે, પણ આ જાળાંઓની વચ્ચે જે અવકાશ છે એ અવકાશમાંથી અંશને નહીં પણ અખિલને અખિલાઈપૂર્વક પામવાની દૃષ્ટિ હોય તો જ કાવ્યસૃષ્ટિ સાંપડે તો સાંપડે, સ્વની વેદના નહીં પણ સર્વની વેદના આત્મસાત્ કરી શકાય છે? આ બધું હોય તો કવિતા થાય — કદાચ. કદાચ શબ્દ મહત્ત્વનો છે. કવિતા થશે જ એની કોઈ બાંયધરી આપી ન શકે.

ઉમાશંકરે 'આતિથ્ય'માં એક દીર્ઘકાવ્ય કર્યું છે એનું શીર્ષક છે: 'કવિ'. આ કાવ્યમાંથી કેટલીક પંક્તિઓનો સાર આપું છું, જે સામસામે જોવા જેવો છે.

કવિએ મમત કે મમતા ત્યજવાં જોઈએ. નિઃસ્પૃહતાનું કવચ પહેરવું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જોઈએ. કવિ એ ભવિષ્યનો ગુપ્તચર છે. ઊર્મિના પૂરનો અને હૃદયના શૈત્યનો એને અનુભવ હોવો જોઈએ. શંકાઆમાસ પછી ઊગતી ભાવખીજ એટલે શું એ જાણવું જોઈએ. આંસુની પાછળ લખાયેલા હાસ્ય અને સ્મિતના આસવમાં ઘોળાયેલાં ઝેર — એનો એને અંદાજ હોવો જોઈએ. અનેક, વિવિધ અને સામા છેડાના અનુભવોને અનુભૂતિની કક્ષાએ કવિ જ્યારે પામે ત્યારે એને કદાચ કવિતા મળે તો મળે.

૧૬-૫-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રાર્થના

ઢાળજો મારા શિરને પ્રભુ! ચરણધૂલિ તલે;
સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે!

નિજનો કરી આદર જૂઠો
નિજનું હણું માન:
મારી ફરું પ્રદક્ષિણા
ગાઉં છું મારાં ગાન:

એમાં તો હું જીવતેજીવત મરતો પલેપલ;
સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે!

અણગાં નહીં ફૂંકવાં,
નહીં નિજનો કોલાહલ;
મૂંઝવે મારી આંખને કાળાં
ધુમ્મસનાં વાદળ.

જીવન મારું સાધન હો: તવ ઇચ્છા પૂર્ણ ફળે:
સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે!

હું યાચું તવ ચરમ શાન્તિ:
ઝંખે છે જીવ પરમ કાન્તિ.

વસજો તમે વ્હાલમ મારે હૃદય-પદ્મ-દલે;
સકલ અહંકારને મારા ડૂબવો લોચનજલે!

—રવીન્દ્રનાથ ટાગોર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
આપણી અને ઈશ્વરની વચ્ચે જો કોઈ હોય તો તે આપણો અહંકાર છે. આ અહંકાર પર્વત જેટલો અવિચળ છે. આ અહંકાર આપણને પણ ખબર ન પડે એમ આપણી રગેરગમાં વ્યાપેલો છે. અહંકાર રાવણ છે. અહંકાર પાસે ફૂંફાડો પણ છે અને ઝેરી ડંખ પણ.

ટાગોરે રચેલી આ પ્રાર્થના છે. ઈશ્વર પાસે આપણે ભૌતિક સમૃદ્ધિ માગીએ છીએ, ત્યારે આપણા જેવા કોઈ ભિખારી નથી. ટાગોર અહીં એવું કશું માગતા નથી. એ તો માગે છે કે હે પ્રભુ! તારી ચરણધૂળમાં મારું માથું ઢળે. અહંકાર પણ ત્યારે જ ઓગળે જ્યારે ઈશ્વરની કૃપા અને કરુણા હોય. આંખનાં આંસુ જો સાચાં હોય તો એ ઓગળેલા અહંકારનું રૂપ છે. ઓગળે છે પછી અહંકાર રહેતો નથી. હૃદયનું દ્રવવું એટલે અહંકારનું આથમવું.

આખા દિવસમાં, કહો કે આખા જીવનમાં આપણેઆપણી જ વાતો કેટલી કરીએ છીએ! આપણે આપણાં જ બણગાં ફૂંકીએ છીએ. આપણે આપણી જ આરતી ઉતારીએ છીએ. આપણે આપણી જ પ્રદક્ષિણાઓ ફરીએ છીએ. આપણે આપણાં જ ગીતો ગાઈએ છીએ. આમ કરીને આપણે આપણું અપમાન કરીએ છીએ. દુનિયામાં દેખાતી રીતે જીવતા હોઈએ છીએ પણ અંદરથી પળે પળે મરતા હોઈએ છીએ. આપણા કોલાહલની અંદર જ આપણે ડૂબી મરીએ છીએ અને એટલે જ આપણને ઈશ્વરના ટહુકાઓ સંભળાતા નથી. આપણી આંખ સામે આપણા જ અહંનાં વિવિધ સ્વરૂપ જેવાં કાળાં ધુમ્મસી વાદળો છે. આપણી આંખને મોતિયો છે. આપણું જીવન એ ઈશ્વરનું સાધન બને એમાં જ ધન્ય છે. આપણે ટુકડે ટુકડે જીવીએ છીએ. ટુકડે ટુકડે મરીએ છીએ. કવિની પ્રાર્થના એ છે કે અહંને કારણે મારી બધી ઇચ્છાઓ અપૂર્ણ છે. કારણ કે મારી ઇચ્છા એ વાસના છે પણ પૂર્ણતા પરમેશ્વર પાસે છે. પરમેશ્વરની પૂર્ણ ઇચ્છા ત્યારે ફળે જ્યારે મારું જીવન તારું સાધન થઈ જાય. મારું જીવન તારી સાધના થઈ જાય. સકલ અહંકાર ઓગળવો જોઈએ. અહંકાર ડૂબે તો શાન્તિ ઊગે. કોઈક અલૌકિક ક્રાન્તિ સર્જાય અને આ સંસારની વચ્ચે હૃદય પદ્મદલ જેવું હોય તો જ આપણો વહાલમ એમાં વસી શકે. શ્વાસે શ્વાસે શ્વસી શકે.

૨૬-૫ ૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવાહ

નદીનો પ્રવાહ ગતિ કરે છે
મહાસાગરમાં સ્થિર થવા માટે.
નદીની સ્થિરતા જ મહાસાગર,
અને સાગરની સ્થિરતા તે
આકાશનું એક વાદળ.
વિશ્વના આ મહામેળામાં
ગતિ અને સ્થિતિનું જાયન્ટ વ્હીલ—
મેરી....ગો....રાઉન્ડ....

મારા ભગવાન માટે મેં એક મંદિર રચ્યું છે.
અગરબત્તીની સુવાસના સ્તંભો ઉપર
લીલી કેળનાં પાનનું છાપરું ગોઠવ્યું છે.
ફૂલોમાં 'તથાસ્તુ' શબ્દનું એક સરોવર
કમળ થઈને ઊઘડ્યું છે :
અને બિડાયેલી આંખો સામે ઊભા છે તથાગત;
કહે છે કે
સિદ્ધાર્થ તો ભિક્ષાપાત્ર થઈ ગયા.
વિગત, સાંપ્રત અને અનાગતની પાર
અજવાળાના આરસમાં
ઘીનો દીવો રણકે છે :
સુવાસના સ્તંભમાંથી પ્રકટે છે
નદીનો પ્રવાહ
મહાસાગરમાં સ્થિર થવા માટે!

—જગદીશ જોષી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગદીશ જોષીનું આ ગદ્યકાવ્ય છે. પણ ગદ્યકાવ્યનો પણ એક લય હોય છે. અને આ લયનો પ્રવાહ ગતિ કરે છે અને એ ગતિ સંભળાય — જો ભીતરનો કાન એના પર માંડો તો.

નદીની સાર્થકતા મહાસાગરમાં ભળે. ત્યારે મહાસાગરમાં ભળે ત્યારે નદી એ નદી નથી રહેતી. એનું અસ્તિત્વ વિલોપન પામે છે. અહંનું વિલોપન એ નરી ધન્યતા. અહં મનુષ્યને અસ્થિર કરે છે. અને અસ્થિર માણસ હંમેશાં ઘૂમતો હોય છે. ઘૂમવું એ ગતિનો આભાસ છે, પણ ગતિ નથી. ઘૂમવું એ જાયન્ટ વ્હીલ છે અથવા મેરી-ગો-રાઉન્ડ... છે. કવિએ એક કલ્પના કરી છે કે, નદી સ્થિરતા ધારણ કરે તોપણ એ મહાસાગરનું સ્વરૂપ પામી શકે. સાગરની સ્થિરતા એ આકાશનું વાદળ છે. સાગરનું પાણી વરાળ થાય છે ત્યારે જ એનું વાદળ બંધાય છે. એ રૂપ ભૂંસો તો જ અન્ય સ્વરૂપ પામી શકો.

નદી કે સાગરની વાતને નિમિત્તે છેવટે તો અહીં મનુષ્યના આધ્યાત્મિક પુરુષાર્થની વાત કાવ્યમય રીતે કહેવાય છે. પ્રત્યેક માણસે પોતાનો પરમાત્મા શોધવાનો હોય છે. આ પરમાત્મા માટેનું મંદિર એ કોઈ બાહ્ય સ્થળના નકશા પર નથી હોતું. કવિએ પોતાના મંદિરનો પરિચય આપ્યો છે. આ મંદિર એ ઈંટચૂનાનું નથી. મંદિર પર કોઈ સુવર્ણકળશો નથી. મંદિરમાં નકશીદાર થાંભલાઓ નથી. અહીં સ્તંભો છે પણ અગરબત્તીની સુવાસ નથી. અંતરબત્તીમાંથી જે સુવાસ પ્રગટે છે એ જ અગરબત્તી. આ મંદિરને છાપરું છે પણ લીલી કેળના પાનનું. અહીં એક સરોવર છે પણ એ સરોવર આખું રચાયું છે "તથાસ્તુ" શબ્દ દ્વારા. આખું સરોવર કમળ થઈને ઊભું રહ્યું છે આ પણ સૂચક છે. આપણે વિશ્વના આ મહામેળામાં જલકમલવત્ રહેવાનું. સરોવર ઊઘડ્યું છે પણ આંખો બિડાયેલી છે. આ બિડાયેલી આંખો સામે દેખાય છે તથાગત. સિદ્ધાર્થ જ્યારે સિદ્ધાર્થ મટી જાય ત્યારે જ એ બુદ્ધ થાય છે. રાજવી સિદ્ધાર્થ હવે ભિક્ષાપાત્ર થઈ ગયો છે. ભૂત, વર્તમાન અને ભવિષ્યની પાર નીકળી ગયો છે. કાળમાં સીમિત થાય એ બુદ્ધ નહીં. કાળની પાર જાય એ પ્રબુદ્ધ. મંદિરમાં આરસ છે, પણ એ અજવાળાનો આરસ છે. અને ઘીના દીવાનો રણકાર સંભળાય છે. અહીં ભીતર વહેતી નદીની વાત છે. આ નદી સુવાસના સ્તનમાંથી પ્રગટે છે. અને એ વહે છે ખરી પણ એ વહે છે તે અલૌકિકના મહાસાગરમાં સ્થિર થવા માટે.

૨૯-૫-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રેમીઓનું મૃત્યુ

આપણી પથારીઓ હશે મંદ સુગંધથી ભરીભરી,
મોટા ને કબર જેવા ઊંડા દીવાન હશે,
આકાશ સુંદર છે : ત્યાં આપણે માટે ખીલેલાં
વિરલ ને અતિ સુંદર ફૂલોની અમરાઈઓ હશે
અને જ્યારે આપણાં હૃદય પોતાની છેલ્લી ઉષ્મામાં આનંદતાં હશે,
ત્યારે તે બે વિશાળ મશાલ જેવાં હશે,
એ બંનેની ઉજ્જવળતા પ્રતિબિંબાશે
આપણા બે આત્મામાં જે જોડિયા અરીસા છે.

રહસ્યમય ગુલાબી, આછી ભૂરી આપણી સાંજે
આપણે વીજળીના એક ઝબકારાની આપલે કરશું
પ્રલંબ ડૂસકાં જેવા, બધા વિદાય સંદેશાથી ભારેખમ,
અને, પછી, દેવદૂત, બારણાં ઉઘાડતા,
આવશે, વફાદાર અને આનંદિત સંત્રીઓ,
અને ઝાંખા અરીસા મૃત અગ્નિને પૂર્વવત્ કરશે.

—બોદલેર

(અનુ૦ : જયા મહેતા)

ફ્રેંચ કવિતા વિશે વાત કરીએ તો બોદલેરનું નામ અવશ્ય યાદ આવે. આ કાવ્યમાં ચક્રવાકમિથુન જેવા ઉન્નત અને ઉત્કટ પ્રેમીઓની અને એમનાં મૃત્યુ વિશેની અને એ મૃત્યુ પછીની સાનુકૂળ પરિસ્થિતિની વાત છે. જગત પ્રેમીઓ માટે હંમેશા અનુકૂળ હોતું નથી. પ્રેમની નિયતિ પણ કઠોર હોય છે. પ્રેમ મૃત્યુ પામે એના કરતાં પ્રેમીઓ મૃત્યુ પામે એ વધારે સારું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકમેકના આશ્લેષ અને આલિંગનમાં પ્રેમીઓ માટે આખું વિશ્વ આવી જાય છે. ધરતી પર તો ચેનથી સૂવા ન મળે, પણ હવે એમના શયનખંડની પથારીમાં નરી અને નીતરી સુવાસ હશે. આ સુવાસ મંદ હશે. માથું ભમાવી મૂકે એવી તીવ્રતા સુવાસમાં નહીં હોય. આ સુવાસની પડખે અશરીરી સુવાસ પણ હશે. આ શયનખંડ એ કબર. કબર જેવા જ એમાં મોટા ને ઊંડા દીવાન હશે — પ્રેમના ઊંડાણ જેવા. પ્રેમીઓને ભલે કબરમાં દાટીએ પણ એમનો આત્મા આકાશમાં વિહરતો હશે. સૌંદર્યમય આકાશમાં ધરતી પર કદી ન જોયાં હોય એવાં વિરલ અને ખૂબસૂરત ફૂલો હશે. ફૂલોની અમરાઈમાં બંનેનાં હૃદય છેલ્લી ઉષ્માથી આનંદિત થતાં હશે. આ તો પવિત્ર થયેલો પ્રેમ છે. આ હૃદય કેવાં લાગતાં હશે? કવિ કહે છે કે વિશાળ મશાલ જેવાં હૃદય પ્રતિબિંબાશે આત્માના મુગ્મદર્પણમાં.

જતાં જતાં પણ આપણે હૃદયના ધબકારની વીજળીના ઝબકારે આપલે કરશું. એમાં પ્રલંબ ડૂસકાં પણ હશે અને વિદાયના ભારેખમ સંદેશાઓ. દેવદૂત દરવાજા ખોલશે. આ દેવદૂત આપણા આનંદિત સંત્રીઓ. જીવનની છેલ્લી ક્ષણે જે અરીસાઓ ઊજળા હતા, એ હવે ભલે ઝાંખા લાગે, પણ આ ઝાંખા અરીસાઓ મૃત અગ્નિને પહેલાંની જેમ વિશેષ સતેજ કરશે.

જયા મહેતા કેવળ મરાઠીમાંથી જ અનુવાદ નથી કરતાં, પણ અન્ય ભાષાની કવિતાઓ પણ અંગ્રેજીને આધારે અનૂદિત કરે છે. બોદલેરના આ સૉનેટનો અનુવાદ એમની અનુવાદ-સજ્જતાની સાક્ષી આપે એવો છે.

જીવનની છેલ્લી ક્ષણ અને મૃત્યુ પછીની પહેલી ક્ષણની ક્ષિતિજ પરનું આ કાવ્ય છે.

૫-૬-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

કાગડાઓ તેમની ચાંચ કશાયમાં પણ ખોસી દેશે.
વિરૂપતા એમનું રક્ષણ કરે છે : બાળકોને પડી નથી
એમને પંપાળવાની, અને જ્યારે તેઓ વૃક્ષ પર ઊતરે છે,
ગરુડો વિવેકપૂર્વક ચૂપકીથી કયાંક ચાલ્યાં જાય છે.

એ લોકો ઝરૂખા પર બેસશે અને દેખાવ કરશે
પસાર થતા વાહનવ્યવહાર પર ટીકાટિપ્પણ કરવાનો.
એમનો કાળો પોશાક વાણીના ખંજરને — તેમના કોમીશસ્ત્રને —
કદી ઢાંકી શકશે નહીં. તેઓ કર્યા કરશે વાત વાત વાત.

ઓચિંતી મોટી કા કા-થી એમને મેં સાંભળ્યા છે રાતના મૌનને ભાંગતા–
જાણે કે કોઈ ખરતા તારાથી ઉશ્કેરાઈ ગયા હોય,
અને ઝઘડી પડયા હોય
અને પછી તેઓ આકાશ ભણી ઊડતા હોય

જાણે કોઈ પુરાવાની શોધમાં ન હોય, વૈજ્ઞાનિકો જેવા ખંતીલા
પણ હકીકતમાં જો તમે જુઓ તો તેમનું જીવનકાર્ય એટલે
લગભગ મીંડું. તેઓ ઉત્કટતાથી સમર્પણ કરવા નીકળેલા
રાજકારણીઓ જેવા વધુ લાગે છે.

—ઝુલ્ફિકાર ઘોષ

કવિની કલમનું કામ 'કહીં પે નિગાહેં, કહીં પે નિશાના' એવું હોય છે. બ્રિટિશ કવિ ટેડ હ્યૂઝે પશુપ્રાણીપંખી વિશે કાવ્યો લખ્યાં છે. એમણે પોતાના એક કાવ્યસંગ્રહનું નામ 'ક્રો' આપ્યું છે. એક ઠેકાણે ટેડ હ્યૂઝ કાગડાને માટે કહે છે કે એ ઈશ્વરનો કાળો વાવટો છે. રમેશ પારેખની કૃતિ 'કાગડો મરી ગયો' જાણીતી છે.

ઝુલ્ફિકાર ઘોષ અહીં કાગડાને નિમિત્તો આપણા રાજકારણીઓ વિશે માર્મિક કટાક્ષ કરે છે. આ કટાક્ષમાં આપણી જીવનવ્યથા છે અને રાજ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કારણીઓની જીવનકથા છે. આ કથાના પાનેપાને ફેલાયેલો છે ભ્રષ્ટાચાર. રાજકારણીઓ બહારથી સુઘડ અને સફાઈદાર દેખાય છે, પણ અંદરથી સડેલા. એ લોકો પોતાની ચાંચ ગમે ત્યાં ખોસતા હોય છે. પ્રજાને ચૂંથે છે, મડદાંને ચૂંથતા હોય એમ. વિરૂપતા એ જ એમનું કવચ. લોકો રાજકારણીઓના સાન્નિધ્યમાં ઓછાઓછા થઈ જતા હોય છે. એમને કશાની તમા નથી. આપણા કરતાં બાળકો વધારે સમજુ છે. બાળકો નિર્દોષ કબૂતરને પંપાળશે, પણ વિરૂપ કાગડાને નહીં. બાળકોમાં કોડાસૂઝ છે અને વિવેક છે. રાજકારણમાં પડેલાઓ તીડનાં ટોળાં જેવા છે. લોકશાહીના વૃક્ષ પર ઊતરે છે ત્યારે સમાજના સમજદાર અને શાણા માણસો, જેમની પાસે ગરુડનું ગૌરવ છે, એ લોકો કાગડાની વચ્ચે બેસવાને બદલે ચુપચાપ ચાલી નીકળે છે.

આ કાગડાઓ કા કા કર્યા કરે છે, પ્રવચનોમાં વચનો આપ્યા કરે છે. દેખાડો કરવાનો એમનો સ્વભાવ છે. ટીકાટિપ્પણ કરવાનો એમનો જન્મસિદ્ધ અધિકાર છે. એમના કાળા પોશાક પાછળ વાણીનાં ખંજર છે. એમની પાસે એક બહુ મોટું શસ્ત્ર છે અને તે છે કોમી શસ્ત્ર. પોતાની ખુરશી સાચવવા માટે આ શસ્ત્રનો ઉપયોગ કરતાં પણ તે અચકાતા નથી. કામ નહીં, પણ કામની કેવળ વાતો. એમની જીભે ખરજવું હોય છે.

અભિનય-સમ્રાટો છે આ કાગડાઓ. આવેશ અને ઉશ્કેરાટ પણ દેખાવ પૂરતો. રાતના મૌનને ભાંગે છે. અશાંતિને સરજે છે. ધરતી પર પોતાની ખુરશી રોપીને આકાશમાં ઊડતા હોય એવો ચાળો કરે છે. વૈજ્ઞાનિક જેવી ખંત બતાવે છે. એમના જીવનકાર્યનું સ્ટૉક ટેકિંગ કરીએ તો સરવાળે મીંડું. આ કાગડાઓ રાજકારણીઓ જેવા લાગે છે અને રાજકારણીઓ કાગડા જેવા. કોઈ અગ્રલેખ જેટલું ન કહી શકે, એટલું આ કાવ્ય — વ્યગ્રલેખ જેવું, કહી શકે છે.

૫-૬-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

હરવા મળ્યું ફરવા મળ્યું
ચાલો થોડુંક ઠરવા મળ્યું.

ફોનની ઘંટડી રણકે નહીં
કોઈના પ્રશ્નો સણકે નહીં
વાતમાંથી વાત વણસે નહીં
વેદના કોઈ કણસે નહીં
એક અજાણ્યા તળાવમાં અહીં
સરવા મળ્યું તરવા મળ્યું.

શૂન્ય ચોકડીની રમત જેવી
મુલાકાતો હોતી નથી
અહીંયાં કોઈ ઝાકળ નથી :
અહીંયાં કોઈ મોતી નથી.
આમ તો અહીં ઊઘડવા મળ્યું
ચાલો થોડુંક ઠરવા મળ્યું.

શહેર માણસ જેવા માણસને ભરખી જાય છે એ અજાણી વાત નથી. માણસ શહેરથી દૂર જાય તોપણ અભાનપણે પોતાના મનમાં શહેરને ઊંચકીને ચાલતો હોય છે.

માણસે શહેરથી દૂર નીકળી જવું જોઈએ અને કૅલેન્ડરની તારીખની રજા નહીં પણ મનની રજાનો ઓચ્છવ મનાવવો જોઈએ. શહેરમાં બધાને અપૉઇન્ટમેન્ટ આપીએ છીએ. અને દરેક અપૉઇન્ટમેન્ટને અંતે વહેલી-મોડી ડિસ્-અપૉઇન્ટમેન્ટ જ હોય છે. આ બધાથી છૂટવું જોઈએ, છટકવું જોઈએ. એની અહીં વાત છે.

દૂર નીકળીએ છીએ ત્યારે જ નજીક આવી શકીએ છીએ. અહીં પોતાની નજીક આવેલા જીવનો ઉદ્‌ગાર છે. કાવ્યનાયક કચાંક દૂર દૂર

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીકળી ગયેા છે. સંબંધેાના બધા વાયર્સ કાપી નાખ્યા છે. કેાઈ પણ ભાર વિના એ કયાંક અજાણ્યા સ્થળે હરે છે, ફરે છે. મનની વેકેશન પણ લાંબી નથી હેાતી. એટલે જ કહે છે, "ચાલેા થેાડુંક ફરવા મળ્યું." ફ્રાન્તના સેાનેટમાં એક પંક્તિ છે તે યાદ આવે છે—

"હરી સ્થાને સ્થાને કુદરત બધીને અનુભવી." આ હરવું મહત્ત્વનું છે.

શહેરથી દૂર નીકળી જઈએ અને નિરાંતનેા ભાવ અનુભવીએ ત્યારે હરવાની સાર્થકતા સમજાય છે. ફેાનની ઘંટડીઓમાંથી બચી જવાય છે. કેાઈકના નાગની ફેણ જેવા પ્રશ્નો આપણને ડંખતા નથી. કેાઈ સાથે વાદવિવાદ થતેા નથી. માણસની ટેવ છે કે ડાયલેાગને ડિબેટમાં ફેરવે છે અને ડિબેટને ડિસ્પ્યૂટમાં. વાતમાંથી વાત વણસે નહીં તેનેા આનંદ છે કારણ કે વાત વણસે ત્યારે વેદના રહે. આ વેદનામાંથી છૂટવાની વાત છે. અને પેાતાની સંવેદના સાથે નાતેા બાંધવાનેા અવસર છે. જાણીતાં સ્થળેા અળખે પડે છે. એના કરતાં કેાઈક અજાણ્યા તળાવમાં તરવાની મજા જુદી છે.

આપણે આપણા જાણીતા સ્થળમાં હેાઈએ ત્યારે એના એ જ માણસેા, એના એ જ ચહેરા, એની એ જ વાતેા, એનું એ જ સાંકડું અને સલામતીનું વિશ્વ, એની એ જ મુલાકાતેા અને એ મુલાકાતેામાં રાખેતા મુજબની માણસને કાઠે પડી ગયેલી શૂન-ચેાકડીની રમતેા. માણસેાને પામવાના અમુક પ્રકારના સ્ટેટસના ખ્યાલેા. આ માણસ ઝાકળ જેવેા, આ માણસ મેાતી જેવેા. માણસને માપીએ છીએ, પૂરેપૂરેા પામતા નથી. અજાણ્યા સ્થળમાં અજાણ્યા ચહેરાઓ. એમાં કેાઈ ઝાકળ મેાતીના ભેદ નહીં, ન્યાય તેાળવાનેા નહીં. ભીની આંખ અને કેારી નજરથી બસ બધાને જોવાના. અને known worldમાંથી unknown worldને પામવાનું. અજાણ્યા વિશ્વમાં જ આપણા ભીતરનેા કેાઈ ઉઘાડ થતેા નથી. એ ઉઘાડ જળમાં ખૂલતા કમળ જેવેા. અને આ વિશ્વમાં જળકમળવત્ રહેવાનું.

૧૨-૬-૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

આ સવાર પડે કે હસવું નહીં
ને રાત પડે કે રડવું નહીં
કોઈને આપણે મળવું નહીં
ને જાતની સાથે લડવું નહીં.

આ પંથ વહે તો વહેવા દો
પણ આપણે પંથે ચડવું નહીં.
મોજાંની જેમ ઊછળવું નહીં
ને નાવની જેમ ઊપડવું નહીં.

ભડભડ ભડભડ બળવું નહીં
ને ઠીજી જવાય એમ ઠરવું નહીં :
વૃક્ષની જેમ જ ઊભા રહીને
ખુશ્બૂની જેમ સરવું નહીં.

હીંચકા પર બેસનાર બરાબર જાણે છે કે ઠેસ મારીએ અને હીંચકો જેટલો આઘો જાય એટલો જ પાછો આવે. હીંચકા પર બેસીએ અને ઝૂલીએ નહીં તો હીંચકા પર બેસવાનો અર્થ જ નથી એવું દુનિયાના વ્યવહારુ માણસો કહેશે. અને એમના કથનમાં સાવ ઔચિત્ય નથી એમ તો કેમ કહેવાય ? હીંચકાની વાત તો કંઈક સ્થૂળ છે. પણ આ જગતમાં જન્મીને જીવન વિતાવવું અને સ્વસ્થ રહેવું એ કદાચ સૌથી મોટી કળા છે. વાત-વાતમાં રાજી થઈ જનારા માણસો ઝડપથી નારાજ પણ થઈ જાય છે. રાજી અને નારાજી, સુખ અને દુઃખ, ગમા અને અણગમા આ બધા હીંચકાઓ છે. અને આ જ હીંચકાઓ આપણને ખબર ન પડે એમ આપણા અસ્તિત્વને હડકાયા કૂતરાની જેમ કરડે છે અને પછી આપણને હડકવા લાગ્યો હોય એમ આપણે ભટકચા કરીએ છીએ. આ રીતે આપણે આપણને પણ કરડીએ છીએ અને અન્યને પણ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સવાર ઊગે એને સહજપણે સ્વીકારી લઈએ. હસવા અને રડવાની પાર પણ કોઈક ભૂમિકા હોય છે. આ ભૂમિકા પર સતત રહેવું એ મુશ્કેલ છે. આ હસવું અને રડવું અને દુઃખી થવું અને કોઈને દુઃખી કરવા એ ગમતી વાત નથી. કોઈને આપણે મળીએ છીએ ત્યારે એ વ્યક્તિમાં અને આપણામાં અપેક્ષાઓ જાગે છે. અપેક્ષા ફળીભૂત ન થાય ત્યારે નિરાશાનો તકાજો તો હોય જ છે. અન્યને મળવામાં આપણે આપણને પણ મળતા નથી. અને કચારેક સ્વભાવશત્રુની જેમ આપણે આપણી જાત સાથે પણ લડતાઝઘડતા હોઈએ છીએ.

માણસની મહત્ત્વાકાંક્ષાઓને સીમા નથી. કેટલાક માણસો એવા હોય છે કે એમને રોજરોજ કોઈક પ્રકારનો રોમાંચ જોઈએ છે. દરેક ઘટના પોતાના જીવનમાં બનવી જોઈએ એવો એમનો આગ્રહ દુરાગ્રહની કક્ષાએ પહોંચે છે. મન જિદ્દી બાળક જેવું થઈ જાય છે. રોજ નવા રમકડે રમવું એ એની ઝંખના હોય છે. બધું જ આપણને મળવું જોઈએ. એ જિદ્દી એ રોગ છે. રસ્તો તો હોય જ છે પણ દરેક રસ્તે આપણાં જ પગલાં મૂકવાં એવી વાસના શા માટે? દરેક બાબતમાં દરિયાના મોજાની જેમ ઊછળતા હોઈએ અને દરેક બંદરેથી આપણી જ નાવ ઊપડવી જોઈએ એ હઠ છે. હઠીલા મનની પાછળ અહં આસન જમાવીને બેઠો છે.

અતિરેક માણસને મારે છે અને મધ્યમ માર્ગ માણસને તારે છે. દરેક માણસ અંદરથી કંઈક અંશે પ્રબુદ્ધ થાય તો સમાજ ગરવો થાય અને વરવો થવામાંથી બચી જાય. Hot love is soon cold. વહી જવું પણ તણાઈ ન જવું. અંદરથી એટલા ખરી પણ ન જવું કે જેથી કોઈને ઉષ્મા પણ ન આપી શકીએ.

વૃક્ષ મૂળિયાં નાખીને અડીખમ ઊભું રહે છે. આ એની સ્થિતિ છે, વૃક્ષના ફૂલની ખુશબૂ ચારે બાજુ પ્રસરે છે એ એની ગતિ છે: સ્થિતિ અને ગતિનો આવો સમન્વય સાધી શકાય તો.

આ કાવ્ય કોઈ અન્યને ઉદ્દેશીને નથી કહેવાયું. પણ આ કાવ્ય એ જાત સાથેનો સંવાદ – હાર્મની – ડાયલૉગ છે, કહો કે સ્વગતોક્તિ.

૧૨-૬-૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પક્ષી ગાતું નથી

પક્ષી ગાતું નથી
પોતાની સીમાઓની કક્ષાનો ઉદ્‌ઘોષ કરે છે.

સિંહ ત્રાડ પાડતો નથી
પોતાની હકૂમત કયાં કયાં છે તેનો આદેશ કરે છે.

હાથી વૃક્ષો સાથે અંગ ઘસતો નથી
પોતાના પ્રદેશની સીમા નક્કી કરે છે.

હું કવિતા કરતો નથી
મારા-તારા મનને પામું છું.

—પુ. શિ. રેગે

7874

સામાન્ય માણસ જે વાત કહે છે એ જ વાતને કવિ જુદી ભૂમિકાથી કહેતો હોય છે. આપણે એમ કહીએ છીએ કે પક્ષી ગાય છે, સિંહ ત્રાડ પાડે છે. મરાઠી કવિ પુ. શિ. રેગે આ વાતને જુદી ભૂમિકાથી કહે છે. પક્ષી ગાય છે ત્યારે એનો ટહુકો અમુક હદ સુધી ફેલાય છે. કવિ કહે છે કે પક્ષી ગાતું નથી પણ પોતાની સીમાની કક્ષાને પ્રગટ કરે છે. આમ પણ જે વ્યક્ત થાય છે એ કોઈક ને કોઈક સીમા હોય છે. જે અવ્યક્ત રહે છે એ અસીમ હોય છે.

સિંહ ત્રાડ પાડતો હોય છે ત્યારે એની ત્રાડ જ્યાં સુધી ફેલાય છે ત્યાં સુધી કહો કે એની હકૂમત કયાં કયાં છે એનો આદેશ વર્તાય છે. હાથી વૃક્ષો સાથે અંગ ઘસે છે એવું આપણે કહીએ છીએ પણ હાથી જ્યારે વૃક્ષો સાથે અંગ ઘસતો હોય છે ત્યારે એ પોતાના પ્રદેશની સીમા નક્કી કરતો હોય છે. પક્ષી, સિંહ કે હાથી દ્વારા કવિને જે કહેવું છે તે આટલું જ કે દરેક માણસ પોતાની એક સીમા, પોતાની એક માલિકી પ્રગટ કરે છે. દરેક માણસમાં એક પક્ષી, સિંહ અને હાથી હોય છે. એને કશુંક પ્રગટ કરવું છે, કયાંક હકૂમત ચલાવવી છે, કયાંક કોઈક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વૃક્ષની માલિકી ભોગવવી છે.

કાવ્યના અંતે કવિ એક અદ્‌ભુત વાત કહે છે. હું કવિતા કરતો નથી. કવિતા દ્વારા, શબ્દ દ્વારા મારો પ્રયત્ન અને પુરુષાર્થ, મારા અને તારા મનને પામવાનો છે. કવિતા તો આપણા પ્રેમના સાક્ષાત્કાર રૂપે નિમિત્ત છે. નકારથી શરૂ થયેલું કાવ્ય હકારમાં જ સમાપ્ત થાય છે. અથવા કહો કે સમાપ્ત નથી થતું પણ વ્યાપ્ત થાય છે. હદ અને અનહદની લીલા કવિએ જુદાં જુદાં કલ્પનો દ્વારા મૌલિકતાથી પ્રગટ કરી છે. આની સાથે એક કાવ્ય જોવા જેવું છે :

હું કવિતા લખતો નથી
તને લખું છું.
તને એટલે તને.
તું : મારા હોઠ પર
નામ થઈને રમે છે;
તું : ચંદ્ર થઈને ઊગે છે
અને સૂર્ય થઈને આથમે છે.

તું આકાશ છે :
એમાં કેટલાંય પંખી
મેં રમતાં મૂક્યાં છે.

તું પૃથ્વી છે :
એમાં કેટલાંયે વૃક્ષોને
મેં ભમતાં મૂક્યાં છે.

ધરતી અને આકાશ વચ્ચેનો
અવકાશ તું છે.
આ અવકાશ હું લખું છું.
હું કવિતા લખતો નથી
તને લખું છું.

૧૮-૬-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાધા

આ નીલ વ્યોમ તે હરિવર
ને આ એક તારલી રાધા—
બાવરી,
યુગયુગની મન-વળગાડ.
આ વિસ્તાર ધરાનો ગોવિંદ
ને આ ડાંગરનું ખેતર રાધા—
સ્વચ્છંદ
એ યુગયુગ પ્રિયંવદા.

નિશ્ચલ વહેતું જલ આ કૃષ્ણ,
તટ પર વન ઝૂકે તે રાધા—
વિપ્રશ્ન
યુગયુગની ચિર-તંદ્રા.

—પુ. શિ. રેગે

મરાઠી કવિ પુ. શિ. રેગેની કવિતા નવીનતા, તાજગી અને લાઘવ માટે તથા કંઈક અંશે દુર્બોધતા માટે જાણીતી છે. એમનાં કાવ્યોમાં કામનાના અને વાસનાના અનેક સંકેતો છે અને આપણા પ્રિયકાન્ત મણિયારની જેમ એમની કવિતા કચારેક શયનખંડના દર્પણ જેવી હોય છે. સાંકેતિક રીતે એમની કલમ ઘણું કહી શકે છે. દા. ત. આ નાનકડું કાવ્ય :

બીજો પ્રહર. બધું જ પ્રશાંત
થાકીને પલંગ પર
આડી પડેલી તું
બારી બહાર ઢાળે છે ચામર
અધીરા સરગવા આંગણનો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાધાકૃષ્ણના પ્રતીકનો કવિઓ દ્વારા પૂરતો ઉપયોગ પણ થયો છે દુરુપયોગ પણ. રેગેનું આ નાનકડું કાવ્ય રાધા અને કૃષ્ણના દ્વૈતને અને અદ્વૈતને પ્રગટ કરે છે. કૃષ્ણ એ બૃહત્ તત્ત્વ છે અને રાધા એ બૃહત્માં સમાઈ જતું તત્ત્વ છે. રાધાને કૃષ્ણનો આધાર છે અને કૃષ્ણ વિના રાધા નિરાધાર છે. કવિએ આવું કશુંક સ્પષ્ટ શબ્દોમાં લખ્યું નથી પણ સમન્વય એવું છે. આ નીલ આકાશ એ હરિવર છે અને એમાં એક તારલી તે રાધા છે. એ સનાતન બાવરી છે. એને યુગેયુગનું કૃષ્ણનું વળગણ છે. કવિ આ જ વાતને જુદાં જુદાં કલ્પન દ્વારા બહેલાવે છે, અને અંતે એક માર્મિક વળાંક આપે છે. આ વિશાળ ધરા એ ગોવિંદ છે અને આ ડાંગરનું ખેતર એ રાધા છે. રાધાને પોતાનો છંદ છે અને યુગયુગથી એ કૃષ્ણની તેમ જ કૃષ્ણભક્તની પ્રિયંવદા છે.

નિશ્ચલપણે વહેતું જલ તે કૃષ્ણ અને આ જલના તટ ઉપર ઝૂકતું આખું વન તે રાધા. નથી જાગૃતિ કે નથી બેહોશી. રાધા એ યુગેયુગની ચિરતંદ્રાનું સ્વરૂપ છે. કૃષ્ણની સાથે કે સામે કોઈ પ્રશ્ન રહેતો નથી. વિપ્રશ્નની અવસ્થા છે. આકાશ ન હોય તો તારલી ન હોઈ શકે, ધરા ન હોય તો ડાંગરનું ખેતર ન હોઈ શકે. કૃષ્ણનાં સ્વરૂપો વિરોધો પણ છે, અનેક વિરોધો છે. એ જલ છે. જલનો સ્વભાવ વહેવાનો છે પણ આ જલ રાધા પૂરતું ચંચળ નથી પણ નિશ્ચલ છે. જલની શોભા અને આભા વનને કારણે પણ છે પણ જલ ન હોય તો વનને ઝૂકવાનું મન કયાંથી થાય?

અન્ય કાવ્યના પ્રમાણમાં તો રેગેનું આ કાવ્ય પામી શકાય એવું છે બાકી એમનાં કાવ્યોને પામવાં એટલે ધુમ્મસને હાથમાં પકડવા જેવી વાત છે. રેગેએ પ્રિયકાન્તનું કાવ્ય વાંચ્યું નહીં હોય અને પ્રિયકાન્તે રેગેનું કાવ્ય વાંચ્યું નહીં હોય પણ બંનેનાં કાવ્યોમાં રહેલું અદ્‌ભુત સામ્ય અને કંઈક વૈષમ્ય તુલનાત્મક અભ્યાસ કરવા માટે પણ જોવા જેવું છે:

આ નભ ઝૂક્યું તે કાનજી
ને ચાંદની તે રાધા રે!
આ સરવરજલ તે કાનજી
ને પોયણી તે રાધા રે!
આ બાગ ખીલ્યો તે કાનજી
ને લ્હેરી જતી તે રાધા રે!
આ પરવત શિખર કાનજી
ને કેડી ચડે તે રાધા રે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ચાલ્યાં ચરણ તે કાનજી
ને પગલી પડે તે રાધા રે!
આ કેશ ગૂંથ્યા તે કાનજી
ને સેંથી પૂરી તે રાધા રે!
આ દીપ જલે તે કાનજી
ને આરતી તે રાધા રે!
આ લોચન મારાં કાનજી
ને નજરું જુએ તે રાધા રે!

૧૯-૬-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગભરાઉં છું ત્યારે

ગભરાઈ જઉં છું ત્યારે તારી જ પવિત્ર સોડમાં આવું છું
તારા મખમલી આશ્લેષમાં મારી જાતને આંસુઓ સાથે ઢાંકી લઉં છું

આખા દિવસની થાકેલી તોય તું ચૈત્રપલ્લવી થઈ જાય છે
ઊભરાતા દૂધ પર તું સ્નેહમયી મલાઈ બને છે

પાલવથી પરસેવો લૂછતાં નજરને નજર મળે છે
મારા વાળ પર તારી પાંચે આંગળીઓનું અમૃત ઝરે છે

'કેવા લેવાઈ ગયા છો!' તારી વ્યાકુળ નજર મને જ શોધે છે
એટલા એક જ વાકયથી મારું હૃદય પોલાદ બને છે

ભૂરા વાળ પાછળ આપણો નાનો ચંદ્ર સ્વપ્નમાં મસ્ત હોય છે
એક વાર એના પર અને ફરી મારા પર એક વાર
તારો રેશમી હાથ ફરે છે

જ્યારે તારી આંખ આંસુઓથી ભીની થાય છે ત્યારે મારા
હૃદય પરથી દુઃખનો મેઘ સરકે છે
મારા દેહની ઢાલ બને છે, મારો હાથ તલવાર થાય છે

બહાર પહો ફાટે છે, ભીનાં કિરણો ઓરડીમાં ફફડે છે
રથનાં પૈડાંની માફક પગ ફરી એક વાર કારખાના તરફ વળે છે

—નારાયણ સુર્વે
(અનુ. વસંત જોષી)

નારાયણ સુર્વે મરાઠી ભાષાના કવિ. એમના એક સંગ્રહનું નામ ઘણું સૂચક છે. એ નામ છે 'માઝે વિદ્યાપીઠ' (મારી યુનિવર્સિટી). ઝાઝું ભણ્યા નહીં — ભણી શકયા નહીં. પણ અનુભવની શાળામાં એટલું ભણ્યા કે શાળા કોલેજનું શિક્ષણ પાંગળું લાગે. પ્રાથમિક શાળાના શિક્ષક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણ ખરા. દલિતોની દુનિયામાં જીવ્યા છે. કાદવમાંથી કમળ પ્રગટ્યું છે. એક વરસની ઉંમરે તો એ માબાપ ગુમાવે છે. ગંગારામ નામના કામગાર એમને ઉછેરે છે. વિદ્યાપીઠનાં બારણાં એમને જોવા ન મળ્યાં પણ એમની કવિતા વિદ્યાપીઠોમાં શીખવાય છે.

મર્ઢેકર, કુસુમાગ્રજ, મુક્તિબોધ અને વિંદા કરંદીકરની કવિતા સાથે એમનો કંઈક તાર મળતો. ફૈઝ, મજરૂહ અને સરદાર જાફરીની કવિતા સાથે કંઈક અંશે તાલમેલ મળ્યો, પણ બધું અધૂરું લાગ્યું. એમને જે જોઈતું હતું એ તો એમની પાસેથી જ મળી શકે એવું હતું, એટલે જ એમણે કહ્યું છે :

"મારે કંઈક જુદું જ જોઈતું હતું. મારી ઇચ્છાઓ, મારા તરફડાટને વ્યક્ત કરવામાં આ કવિઓ કંઈક અધૂરા લાગતા. હવે હું પણ કાવ્યો લખું છું તોય હજી મારે ચોક્કસ શું જોઈએ છે, શું વ્યક્ત કરવાનું છે એ હું હંમેશા શોધતો રહું છું. મારી મહેનતના પરસેવાની વાસ જેમ મારી જ હોય છે, તેવી જ મારે મારાં કાવ્યોમાં જોઈતી હોય છે. પણ એ જડતું નથી. કવિતા રીતસર વાંચવી જોઈએ, સમજવી જોઈએ, એ બધું સાચું. એવી તક મને કોઈ દિવસ મળી નહીં. મારા બહુજનસમાજમાં એ હાલ તો અશક્ય છે. મારી જમાતમાંનો છોકરો કાં તો ઢોર સાચવે છે અથવા હોટેલમાં કપ-રકાબી ધોતો હોય છે. મેં પણ તેવું જ કર્યું છે. આજકાલ સદ્‌ભાગ્યે એ શહેરમાં હોય તો રાતની નિશાળમાં ભણે છે. તેથી કેશવસુત-પૂર્વકાલીન કવિઓ મેં બહુ વાંચ્યા જ નથી. પહેલાં રોટલો મેળવવા મહેનત અને પછી સમય મળે તો કવિતાનું વાચન, એમ જીવનમાં શીખ્યો છું."

એમની કવિતામાં રોજી અને રોટીની વાત છે, મજૂરીની વાત છે. શબ્દોના એક હાથમાં ફૂલ છે, બીજા હાથમાં તલવાર છે. આકાશનો ચંદ્ર નહીં, પણ રોટલાનો ચંદ્ર મહત્ત્વનો છે.

આ કાવ્ય પ્રસન્ન દાંપત્યનું છે. આ દાંપત્ય કર્મ તરફ પ્રેરે છે. જગત માણસને ભયભીત કરી મૂકે છે. સ્વ-જન – પત્ની નિર્ભય કરે છે. જગત તરછોડે છે, પત્ની પવિત્ર સોડ આપે છે. જગત આંસુ આપે છે, પત્ની મખમલી આશ્લેષ આપે છે. આંસુઓ ઢંકાઈ જાય છે. થાકેલી પત્ની પણ સ્પર્શમાં ચૈત્રપલ્લવી થઈને સ્હોરી ઊઠે છે. આ રોમાંચક કલ્પનની પડખે કવિએ ધરગથ્થુ કલ્પન પ્રયોજ્યું છે. ઊભરાતા દૂધ પર પત્ની સ્નેહમયી મલાઈ જેવી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝૂંપડપટ્ટીના વિસ્તારમાં રહેતા માણસો પાસે સિલક હોય તો પરસેવો. પાલવથી પરસેવો લુછાઈ જાય છે અને પત્નીની પાંચે આંગળીઓનું અમૃત ઝરે છે. થાકીને લોથપોથ થયેલા પતિને સંજીવની મળે છે. પત્નીની ઝીણી દરકાર ચીમળાઈ ગયેલા હૃદયને ફરી પાછું પોલાદી કરે છે, જેથી જગત સામે એ બખ્તર થઈને ફરી પાછું ઊભું રહી શકે.

પોતાના સંતાનની વાત પણ અહીં સાંકેતિક રીતે ઊતરી છે. 'આપણો નાનો ચંદ્ર' દ્વારા. પત્નીનો હાથ વારાફરતી બંને પર ફરે છે અને લાગણીના રેશમનો અનુભવ કરાવે છે. પત્ની પણ થાકેલી છે, એની પણ આંખો ભીની છે, પણ એક ક્ષણે કાવ્યનાયકના હૃદય પરથી દુઃખનો મેઘ સરકી જાય છે. જીવનના કુરુક્ષેત્રમાં હાથ તલવાર થાય છે. આ કોઈ રાજમહેલની કે શ્રીમંતની કે ફાઈવસ્ટાર હોટલની રોમેન્ટિક રાત નથી. સવાર પડે છે. ભીનાં કિરણો ઓરડીમાં ફફડે છે. કિરણો ભીનાં કોને કારણે છે? આંસુને કારણે કે નીચલા સ્તરના માણસોના રહેઠાણ પાસે સહેજ વરસાદ પડે અને ઓરડીમાં પાણી ભરાઈ જાય એને કારણે છે? આપણે તો કેવળ અટકળ કરવાની.

આજનો માણસ આધુનિક કર્ણ જેવો છે. રથનાં પૈડાંની માફક પગ ફરી પાછી ગતિ કરે છે એના કારખાના તરફ.

૨૦-૬ ૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

મેં કદી જોયું નથી કેવળ અંધારઘેર્યું
તારાખચિત આકાશ
મેં કદી જોઈ નથી સમુદ્રમાં વહી આવતી
વિશાળ હિમશિલાઓ
મેં કદી જોયો નથી અગ્નિજ્વાળાથી
ભભૂકતો ફ્યુજિયામા
મેં કદી સ્પર્શ્યાં નથી બરફછાયાં
હિમાલયનાં ઊર્ધ્વગામી શિખરો
મેં કદી શ્વાસ લીધા નથી મહામૂલી
સોનાની કે કોલસાની ખાણમાં
મેં કદી ચાખ્યાં નથી મંથન પછીનાં
અમૃત અને ઝેર
મેં કેવળ સાંભળી છે વાતો જ
હિટલરની, ઝારની, હિરોશીમાની
મેં કેવળ સાંભળી છે વાતો જ
આત્માની પરમાત્માની.

—જયા મહેતા

ઉછીના અનુભવથી કવિતા લખાતી નથી. અનુભવ અનેક સ્તરના હોઈ શકે. અનુભવ પ્રત્યક્ષ પણ હોય અથવા એમ કહી શકીએ કે જે પ્રત્યક્ષ હોય તે જ અનુભવ. પ્રત્યક્ષ અનુભવની ઉત્કટતા, એને અનુભૂતિ કહેવાય. અનુભવ માનસિક હોય, કાલ્પનિક હોય, વાચનના સંસ્કારમાંથી કે સાંભળેલી વાતોમાંથી ઉદ્‌ભવતો હોય.

કવિ અહીં પ્રામાણિકતાથી એક વાત છેડે છે. કવિતા લખવા માટે નર્યા અંધકારનો મુકાબલો કરવો જોઈએ, તો શબ્દમાંથી અજવાળું પ્રગટે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાત પ્રત્યેક સર્જક માટે સાચી છે.

કવિ કહે છે કે મેં કેવળ અંધારઘેર્યું તારાખચિત આકાશ જોયું નથી. શહેરમાં આવા આકાશનો કદીયે અનુભવ થાય નહિ. આ અનુભવ થતો નથી એની વેદના છે. સમુદ્ર જોયો છે, પણ એમાં વહેતી વિશાળ હિમશિલાઓનો અનુભવ નથી. જ્વાળામુખી વિશે સાંભળ્યું છે, પણ જ્વાળામુખી જોયો નથી. જે આગનો અનુભવ નથી તો બરફનો પણ કયાં છે? બરફછાયાં શિખરો પણ કયાં જોયાં છે? જે કાંઈ જોયું છે તે અંશમાં જોયું છે, અખિલાઈનો અનુભવ નથી. મહામૂલી સોનાની ખાણ હોય કે કોલસાની ખાણ હોય, ખાણનો અનુભવ જ કયાં છે? સપાટીના અનુભવો છે, ઊંડાણના અનુભવ નથી. મંથન પછીનાં અમૃત કે ઝેર કશાનો સ્વાદ માણ્યો નથી. હિટલર અને ઝારના જુલમ-સિતમો સહન નથી કર્યા. હિરોશીમાની વેદના અનુભવી નથી. જે કાંઈ અનુભવ્યું છે તે કેવળ સાંભળેલી વાતોને આધારે. આત્મા શું, પરમાત્મા શું, એ કશાની ખબર નથી. કેવળ વાતો સાંભળી છે. કવિએ અહીં મેં અને હુંને નિમિત્તે આપણો સર્જક કેટલી હદે અનુભવવિહોણો છે એની વાત કરી છે. સર્જક તરીકે સજ્જ થવા માટે અથવા મનુષ્ય તરીકે મનુષ્ય થવા માટે માણસે અનેક પ્રકારના વિરોધી અને વિચિત્ર અનુભવોમાંથી પસાર થવું જોઈએ. રિલ્કેની વાત યાદ આવે છે કે એક ઉત્તમ કાવ્યકૃતિ લખવા માટે પણ માણસે કેટલાંયે નગરો અને કેટલીયે પરિસ્થિતિઓનો મુકાબલો કરવો જોઈએ. અને મુકાબલો ન કરો ત્યાં સુધી સ્વયં આત્મા અને પરમાત્મા પણ માત્ર વાતોનો જ વિષય રહે છે.

૨-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

યાદ આવે છે.

દીવાનખાનાની બારી પાસે
સ્થિર ઊભી છું.
દીવાનખાનું છે,
બારી છે,
પણ
નવા ઘરમાં
નવા સંદર્ભમાં
મને યાદ આવે છે
જૂના ઘર સામેનાં
વૃક્ષ-મિત્રો
જેની સાથે
મેં કેટકેટલી
વાતો કરીને
મારું મન ઠાલવેલું.
હું જેમ એમને યાદ કરું છું
એમ
એ મને યાદ કરતાં હશે ?
કે
પછી
મને ભૂલીને
નવા વસનાર સાથે
એમણે
મૈત્રી-કરાર કર્યો હશે ?

—પન્ના નાયક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરમાં રહેવું એ એક અવિસ્મરણીય અનુભવ છે. જેમ વ્યક્તિ સાથે માયા લાગે છે, તેમ સ્થળ સાથે પણ. અને જે તમારું ઘર હોય એની સાથેની માયા છૂટી છૂટતી નથી. ઘર બદલવાનો અનુભવ પોતાનો જીવ છોડવા જેવો છે. ઘર બદલીએ છીએ, નવા ઘરમાં આવીએ છીએ, પણ જૂના ઘરની સ્મૃતિ ભૂંસી ભૂંસાતી નથી.

કવિ અહીં, નવા ઘરમાં પ્રવેશ્યા પછી, જૂના ઘરની સ્મૃતિને વાગોળે છે. નવા ઘરમાં જૂના ઘરની જેમ બધું જ છે; દીવાનખાનું, બારી...પણ જૂના ઘર સામેનાં વૃક્ષો સાથે જે વાતચીત કરેલી, જે વૃક્ષની ડાળીઓને ખભે મન ઢાલવેલું, એ વૃક્ષો નથી. પ્રારંભમાં કહે છે કે હું દીવાનખાનાની બારી પાસે સ્થિર ઊભી છું. પણ આ કહેવાની રીત થઈ. સ્મૃતિથી મન સહેજ અસ્થિર થઈ ગયું છે. મારા ઘર સામે વૃક્ષો હતાં, એમનો વૈભવ હતો, એમની મોસમ હતી. મારા મનની પણ એક મોસમ હતી. આ વૃક્ષો મારાં સુખદુઃખના સાથી હતાં. કહો કે મારાં સુખદુઃખના સાક્ષી હતાં. હું તો આ વૃક્ષોને યાદ કરું છું, પણ વૃક્ષો મને યાદ કરતાં હશે ખરાં? માણસનો સ્વભાવ છે કે એ જેને ઝંખે એની પાસેથી એવી ઝંખનાની અપેક્ષા રાખે. કાન્તની પંક્તિ યાદ આવે છે :

"તને હું જોઉં છું ચંદા! કહે, તે એ જુએ છે કે?
અને આ આંખની માફક કહે, તેની રુએ છે કે?"

કવિએ બીજી પણ વાત કરી છે કે મેં જે ઘર ખાલી કર્યું એ ઘરમાં બીજા નવા વસનાર આવ્યા છે. તો આ વૃક્ષોએ એમની સાથે કોઈ મૈત્રીકરાર કર્યો હશે? માણસ મૂળમાં, જેની સાથે જોડાય છે એ કાયમ પોતાના રહે એવી પણ એક ઊંડી ઝંખના સેવતો હોય છે. તે અહીં કેવળ પ્રશ્નરૂપે પ્રગટ થઈ છે.

આ સ્મૃતિનું કાવ્ય છે, પણ ઝંખના એક જ છે કે સ્મૃતિ બંને પક્ષે રહી હોવી જોઈએ.

૨-૬-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રુદ્દિયે રહેજો રે

હરિ, મારે રુદ્દિયે રહેજો રે
દખ જે હું દઉં તે સહેજો રે!

વારે વારે કરીશ કાલાવાલા
માગું તે દેવું જોશે વ્હાલા!
તમે વેદમંત્રોના સુણનારા,
વેણુ મારાં વેઠી લેજો કાલાં.

હરિ, મુંને કાંઈ ન કહેજો રે,
તમે મારી આંખથી વહેજો રે!....

હરિ, હવે આપણે સરખેસરખા
હરિ, તમે મેહ તો હુંયે ખરખા.
હરિ, તમે સૂરજ તો હું સોમ,
હરિ, તમે અક્ષર તો હું ૐ

હરિ, મુંને જીરવી લેજો રે
હરિ, મુંને દરશન દેજો રે!

—ભગવતીકુમાર શર્મા

આપણા કવિ, શાયર, નવલકથાકાર, પત્રકાર ભગવતીકુમાર શર્માને હમણાં હમણાં ભજનની લહેરખી આવી છે. એને પરિણામે આપણને થોડાંક ભજનો એમની કલમમાંથી મળ્યાં છે.

ઈશ્વરનું સ્થાન આપણી બહાર નથી પણ ઈશ્વરનું સ્થાન આપણી અંદર પણ કયાં છે? આપણી ભીતર ઈશ્વર વસે એવું આપણું ભીતર ચોખ્ખુંચણાક છે ખરું? આપણી ભીતર કેટલાયે કૌરવીભાવ આસન જમાવીને બેઠા છે. ઈશ્વર તો જ પ્રવેશ કરે જો આપણે દુન્યવી ભાવોને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આધા ને અળગા કરી શકીએ. કવિની પરમાત્માને વિનંતી છે કે તમે મારા હૃદયમાં રહો અને માની લો કે ઈશ્વર રહ્યા, તો પણ કેટલીક નાની-મોટી બાબતોમાં ઈશ્વરને સતત સંડોવીએ છીએ.

સહેજ દુઃખ પડ્યું એટલે તરત જ આપણે ઈશ્વરને હેરાન કરવાના. આપણી માણસજાત નખ ગયેા હેાય તેા આંગળી ગઈ હેાય એટલી બૂમ પાડે. વાતવાતમાં માનતા માનીએ. અજંપાના અવતાર જેવા આપણે ઈશ્વરને જંપવા જ ન દઈએ. આપણું પાત્ર હંમેશા ખાલીખમ રહેવાનું. આપણી કેાઈ પાત્રતા નથી, આપણું ખાલીખમ પાત્ર ભરાય એને માટે આપણે વારંવાર વિનંતી કરવાના અને ઈશ્વર જેટલી વાર ભરે અને પૂરતું ભરે તેાપણ આપણેા અસંતેાષ ઈશ્વરને પણ સંતેાષ નહીં આપી શકે.

આપણે ઈશ્વરની સાચા અર્થમાં નથી સ્તુતિ કરતા કે નથી ભક્તિ કરતા. આપણા દરેક કર્મ પાછળ આપણેા કેાઈ લેાભ કે લાભ હેાય છે. આપણી કેાઈક અપેક્ષા હેાય છે. આ એ જ ઈશ્વર છે જેમણે સદીઓ પહેલાં ઋષિઓના વેદમંત્ર સાંભળ્યા હતા. એ ઈશ્વરને આજે માણસ-જાતની કાકલૂદીઓ અને કાલાવાલા સાંભળવા મળે છે.

કવિ ઈશ્વરને કહે છે કે, તમે કાંઈ પણ કહ્યા વિના મારાં જે કેાઈ વેણ હેાય એને વેઠી લેજો. બહુ બહુ તેા મારી આંખમાંથી આંસુરૂપે વહેજો.

કવિ બીજા અંતરામાં ઈશ્વરની સાથે એક તંતુ જોડે છે, નાતેા જોડી આપે છે. કહે છે કે હવે આપણે સરખેસરખા છીએ. મારાતારામાં કશેા ભેદ નથી. ભેદ હેાય તેા માત્ર એટલેા જ છે કે તું વાદળ છે અને હું વર્ષા, તું સૂરજ અને હું સેામ. તમે અક્ષર તેા હું ૐ.

"હરિ, તમે મેહ તેા હુંયે બરખા."

આ પંક્તિ વાંચીએ છીએ ત્યારે સુન્દરમ્‌ની પંક્તિ યાદ આવે છે.

"મેરે પિયા, તુમ કિતને સુહાવન,
તુમ બરસેા જિમ મેહા સાવન,
મૈં તેા ચુપચુપ નાહ રહી."

છેવટે કવિ ભજનને આ રીતે સમજે છે કે હું જેવેા હેાઉં તેવેા પણ મને જીરવી લેજો અને મારી એક જ પ્રતીક્ષા અને તિતિક્ષા છે કે તમે મને દર્શન દેજો.

૩-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દઈ દે શણગાર મુંને !

તારા દીધેલા દીપક લઈને હું નીસર્યો છું,
નીસર્યો છું ઢૂંઢવા કિરતાર ! હે કિરતાર ! તુંને !

દુનિયાને દેખવાને પામર પ્રકાશ દીધો,
આશા દીધી, પ્યાસ દીધી, હરતોફરતો શ્વાસ દીધો;
તારી આંખી તો વ્હાલા ! થઈ ના લગાર મુંને :
નીસર્યો છું ઢૂંઢવા કિરતાર ! હે કિરતાર ! તુંને૦

દિવસે છે ઝળઝળા ને રાતે રતાંધળા રે,
આંખડીના દીવા એવા પ્રગટેલા પાંગળા રે,
ઘેરે છે અંધાર વારંવાર, વારંવાર મુંને :
નીસર્યો છું ઢૂંઢવા કિરતાર ! હે કિરતાર ! તુંને૦

તનને અજવાળે એવી આંખ છે હીરા ને મોતી,
મનને અજવાળે એવી માગું છું આત્મજ્યોતિ,
જીવનને અજવાળે એવો દઈ હે શણગાર મુંને :
નીસર્યો છું ઢૂંઢવા કિરતાર ! હે કિરતાર ! તુંને૦

—વેણીભાઈ પુરોહિત

એક વેણીભાઈમાં અનેક વેણીભાઈ હતા. કવિ વેણીભાઈ, પત્રકાર વેણીભાઈ, આખા ભગતના છપ્પા લખતા વેણીભાઈ, જોઈતારામની જડીબુટ્ટી લખતા વેણીભાઈ, ફિલ્મી પત્રકારત્વ કરતા વેણીભાઈ, ટૂંકી વાર્તાના લેખક વેણીભાઈ — આમ વેણીભાઈનાં અનેક સ્વરૂપ હતાં અને છતાં પણ વેણીભાઈ નામ દઈએ ત્યારે સૌથી પહેલા કવિ વેણીભાઈ જ યાદ આવે. વેણીભાઈની કવિતા સરળ છે પણ સિમ્પલ્ટન નથી. લય એમને સહજ છે. મને વહેમ છે કે એમનાં ગીતો કોરા કાગળ પર આવ્યાં હશે એ પહેલાં એનું ગુંજન મનમાં ને મનમાં થતું હશે. અને એ ગુંજન ઘૂંટાતું હશે પછી જ એ કોરા કાગળ પર અવતર્યાં હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આંખ એ પોતે જ દીપક છે. આંખના દીવા લઈને આ હરીભરી સૃષ્ટિમાં કાવ્યનાયક કિરતારને શોધવા નીકળે છે. આ દીવા એ મનુષ્યનો પુરુષાર્થ નથી પણ ઈશ્વરની જ દેણ છે. ઈશ્વરે જે આંખના દીવા આપ્યા છે એને આધારે જ એ કિરતારને શોધે છે. અને કિરતાર તો કયાં સંતાઈ ગયો છે. અથવા એમ પણ કહી શકીએ કે ઈશ્વરે આંખ આપી પણ ઈશ્વરને શોધવા માટેની દૃષ્ટિ માણસે પોતે મેળવવી કે કેળવવી પડે. ઉમાશંકરની બે પંક્તિ યાદ આવે છે :

દેનાર તો દે નયનો જ માત્ર
શું દેખવું તે કથવા ના પાત્ર.

ઈશ્વરે આપણને આંખ આપી પણ આપણી આંખનો પ્રકાશ પામર છે કારણ કે એ દુનિયા સિવાય કશાને દેખતો નથી. ઈશ્વરનું દર્શન ન થાય ત્યાં સુધી આંખનો પ્રકાશ પામર જ રહેવાનો. પરમને માટેની આશ હોય, પ્યાસ હોય. આપણી પાસે હરતોફરતો શ્વાસ પણ હોય પણ ઈશ્વરની ઝાંખી ન થાય ત્યાં સુધી આપણી આંખના દીવા દિવસે દૂબળા છે અને રાતે રતાંધળા છે. છતી આંખે આપણે આંધળા છીએ. આંખની આસપાસ ઘેરાયેલો અંધકાર છે. અને આંખ અંધકારને આરપાર વીંધી શકતી નથી.

હીરામોતી જેવી ભલે આંખો હોય પણ એ માત્ર શરીરનો શણગાર છે. બહારથી આંખો બહારનું બધું જ જોઈ શકે છે પણ ભીતરમાં અજવાળું પાથરે એવી કોઈ આતમજ્યોતિ નથી. એક જ ઝંખના છે કે ઈશ્વર જીવનને અજવાળે એવો શણગાર આપે અને આ શણગાર એટલે આંખની ભીતર જે આંખ છે એનો ઉઘાડ થાય એ. જર્મન કવિ રિલ્કેની એક પંક્તિ યાદ આવે છે. જેનો અનુવાદ હરીન્દ્રે આ પ્રમાણે કર્યો છે.

"ઠારી દે તું દીપ નયનના
તવ દર્શનને કાજ
મને એ કાચ નથી કંઈ ખપના."

૩-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

મારા પાલવને છેડલે રમતા
કે વાયરા વાયા વસન્તના.
હું ના જાણું કેમ હૈયાને ગમતા
કે વાયરા વાયા વસન્તના.

બેઠી'તી ભૂણી હું તો સ્વપ્નાંની કુંજમાં
આછો સંચાર થયો પલ્લવના પુંજમાં;
ક્યાંથી આવ્યા ભુવન ભુવન ભમતા
કે વાયરા વાયા વસન્તના.

સવળ્યાં લોચન, ધસે દિશ દિશની કેડીએ.
કોની એ વાટ જુએ ચઢી મન-મેડીએ?
રમે રંગેરંગ માંહીં રૂમઝૂમતા
કે વાયરા વાયા વસન્તના.

મારા હૈયાપાલવમાં ઘૂમતા
કે વાયરા વાયા વસન્તના.

—ઉમાશંકર જોશી

૨૧મી જુલાઈ. ઉમાશંકરનો જન્મદિવસ. કવિને મૃત્યુ હોય છે, કવિતાને નહીં. ઉમાશંકરનું આ રમતીલું વાસંતી ગીત છે, જે મને ગમે છે. કવિએ પોતાના એક સંગ્રહનું નામ 'વસંતવર્ષા' રાખ્યું હતું. આમ પણ કવિ મોટે ભાગે મનની મોસમનો જ હોય છે. પણ આ મોસમમાં પણ વર્ષા અને વસંત માટે સવિશેષ પક્ષપાત હોય છે. 'બારીબહાર'ના પ્રહ્લાદને વર્ષા આહ્લાદ આપતી અને ઉમાશંકરને વસંત. ન્હાનાલાલને પણ વસંતનાં ગીત અને ગીતની વસંત બેઠી હતી.

ગીત ઉમાશંકરનું છે, પણ ઉપાડ અને અંતની શૈલી ન્હાનાલાલીય છે. પ્રેમની અભિવ્યક્તિ કેટલી વિવિધ રીતે થઈ શકે છે એનું પણ આ એક ઉદાહરણ છે. અહીં વસંતના વાયરાની વાત છે; પણ કેવળ વસંતના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાયરાની વાત નથી. જે વાયરા પાલવને છેડલે રમતા હોય, જે વાયરા કારણ વિના પણ હૃદયને ગમતા હોય, જે પવનનું મૂળ કયાંય પણ મળે નહીં, જેના સ્પર્શે લોચન સળવળે, મનની મેડી પર ચડીને આંખ પ્રતીક્ષા કરે, રગેરગમાં જેનો લય વહેતો હોય — ત્યારે એ વસંતના જ વાયરા છે એમ કેમ કહી શકાય? અહીં પ્રેમની વસંતની વાત છે. સ્વપ્નની કુંજમાં જીવ સાવ મૂંગો મંતર બેઠો હોય અને વસંતના વાયરાના સ્પર્શે પલ્લવના પુંજમાં આછો સંચાર થાય—કોઈકના પ્રવેશે આખો સંસાર સળવળી ઊઠે એની અહીં વાત છેડાઈ છે. ખાલી પાલવ જ પૂરતો હતો. છેલ્લે હૈયાપાલવ કહીને કવિએ આ ગીતને આટલી હદે ખોલી આપ્યું છે, એ એક જ વાત જામતી નથી.

૧૭-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

ભીડ ભરેલો ભરચક છું હું
કોલાહલની છાલક છું હું
ઘડિયાળોની ટકટક છું હું
આ નગર વચાળે.
એકાંતે અટવાતો ચાલું
મારાથી અકડાતો ચાલું
હું જ મને અથડાતો ચાલું
આ સફર વચાળે.

—મનોજ ખંડેરિયા

મનોજ ખંડેરિયા ગઝલકાર વિશેષ જાણીતા તરીકે છે. એમણે ગીતો પણ લખ્યાં છે અને અછાંદસ પણ. છેલ્લા કેટલાક સમયથી એ અંજની-ગીતમાં કાવ્યો રચે છે. આ છંદને પ્રતિષ્ઠિત અને પ્રચલિત કર્યો કાન્તે. થોડાક સમય સુધી એનો ઉપયોગ થયો, પછી લગભગ વીસરાયો. એનું બંધારણ એવું કે સોળ માત્રાની ત્રણ પંક્તિ પ્રાસયુક્ત અને ચોથી પંક્તિ દશ માત્રાની. રામનારાયણ પાઠક તો એમ કહે છે કે "એ ગીત છે એ તરીકે તેની પદોમાં ગણના થાય, છતાં એનું માપ જાતિછંદના જેવું જ સુઘડ છે."

મનોજે આ અંજનીગીતમાં આજના માણસની અને એના જીવનની વિષમતાની વાત કરી છે. આજનો માણસ ભીતરથી એટલો ખાલી છે કે એ શૂન્યાવકાશને પૂરવા માટે ભીડથી ભરચક ભરાયેલો છે. એક ઠેકાણે એ કહે છે :

બહાર થકી બટકીને બેઠાં
અંદરને અડકીને બેઠાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાલીપો ખડકાને બેઠાં
કોઈ શું જાણે!

ભરચક ભીડ હોય, નર્યો કોલાહલ હોય, ઘડિયાળને અણસારે જીવવાનું હોય; માત્ર જીવવાનું જ નહીં, આ નગર વચ્ચે હું પોતે જ ઘડિયાળની ટક ટક છું.

આ શહેરમાં એકાંત અટવાઈ જાય છે. હું મને મળતો નથી, એની વાત કવિએ આમ કહી છે:

મારાથી અકળાતો ચાલું

હું બીજા કોઈને ઉવેખતો નથી, પણ મારા અક્કડપણાને કારણે હું મને જ ટાળતો હોઉં છું. જીવનની આ સફરમાં હું મારી સાથે જ અથડાઉં છું. આ સફર છે, પણ ગતિ નથી.

અન્યની કે પોતાની પરંપરા ઘૂંટવાને બદલે મનોજ જેવો કવિ આવા વીસરાયેલા છંદોને નવેસરથી લાવે એ નોંધવા જેવી વાત છે.

૧૮-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું નથી ઇચ્છતો

સડેલાં ફળોની પેટીઓની જેમ
બજારમાં એક ટોળાની વચ્ચે મરવા કરતાં
એકાન્તમાં કોઈ સૂના વૃક્ષની નીચે
પડીને સુકાઈ જવું બહેતર છે.

હું નથી ઇચ્છતો કે મને
સાફસૂફ કરીને દુકાન પર સજાવાય,
દિવસભરના મોલ-તોલ પછી
પાછા પેટીઓમાં મૂકી દેવાય,
અને એક ખરીદનાર પાસેથી
બીજા ખરીદનારની પ્રતીક્ષામાં
આ જીવન અર્થહીન થઈ જાય.

—સર્વેશ્વરદયાલ સક્સેના (અનુ૰ મુફ્તી દલાલ)

સર્વેશ્વરદયાલ સક્સેનાની કવિતા મને હંમેશા કોઈ ને કોઈ કારણસર સ્પર્શી છે. આ કારણોનું પૃથક્કરણ કરવું મને ગમે નહીં, પણ બ્લેકેન્ટ ટર્મમાં વાત કરવી હોય તો એક કારણ તે કવિતાનું કારણ. એ સામાજિક કવિતા લખે, પણ એ કેવળ સમકાલીન નથી થતી. એ અંગત કવિતા લખે તો એમાં ઘૂંટાયેલી ઊર્મિ હોય, પણ લાગણીના લીરા ન હોય. કંઈક એવું તત્ત્વ છે, જેનું હું નામ પાડી નથી શકતો પણ હું એની કોઈ પણ કવિતા વાંચું ત્યારે ખાલી હાથે પાછો નથી આવતો. એ દીર્ઘકાવ્યો લખે, તો એની પણ મજા છે અને એનાં ટૂંકાં કાવ્યોમાં પણ સાંકેતિક લાઘવ ગમી જાય, અર્થની અનેક શક્યતાઓ પણ ઊઘડતી આવે. છીછરી લાગણીમાંથી નહીં, પણ ઊંડી સંવેદનશીલતામાંથી એમની કવિતા પ્રગટે છે એવી પ્રતીતિ મને અવારનવાર થયા કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજની ગતિ વૃક્ષ છે. વૃક્ષની ગતિ ફળ છે. આ ફળની ગતિ ઉત્તમ પણ હોઈ શકે, અધમ પણ હોઈ શકે. અને કવિ જ્યારે ફળની વાત કરે છે ત્યારે એ કેવળ ફળની વાત નથી હોતી, કેવળ વૃક્ષની વાત નથી હોતી, પણ કયાંક ને કયાંક મનુષ્યનો સંકેત હોય છે. કાવ્યનાયકે — અથવા કવિએ એમ કહીએ તો પણ ચાલે — કવિએ પોતાની જીવન-ઇચ્છા કે મૃત્યુ-ઇચ્છા અહીં પ્રગટ કરી છે. આ સૃષ્ટિ, એનું આપણે બન્દરમાં પરિવર્તન કર્યું છે, સોદાબાજી અને ભ્રષ્ટાચાર કરી મૂકયો છે. આ બન્દરમાં આપણે માણસ તરીકે નહીં, પણ ટોળામાંના એક તરીકે જીવીએ છીએ. ફળ ખરીદવા જઈએ, બહારથી પેટી ઠીકઠીક લાગે, પણ અંદર સડેલાં ફળો હોય, તો આવા બન્દરમાં ટોળાની વચ્ચે મરવા કરતાં, ઝંખના તો એક જ છે કે કોઈક સૂના વૃક્ષની નીચે, જે નિષ્પર્ણ હોય અને નિષ્ફળ હોય — અને કોઈ પણ અને કોઈની પણ અપેક્ષા વિના એ પોતાનું એકાંત સાચવીને ઊભું હોય, ત્યાં પડીને સુકાઈ જવું બહેતર છે. ટોળાની એકલતા કરતાં કે મેળા કે બન્દરના કોલાહલ કરતાં એકાંતનો માહોલ જુદો જ હોય છે.

કવિ કહે છે કે હું વૃક્ષ પર હોઉં ફળ તરીકે, મને તોડવામાં આવે, મને સાફસૂફ કરવામાં આવે, મને દુકાનમાં મૂકવા માટે સજાવવામાં આવે, મારા ભાવતાલ થાય, લાકડાની પેટીમાં પુરાઉં અને કોઈ મને ખરીદે એની પ્રતીક્ષા કર્યા કરું અને બે ખરીદનારની વચ્ચે જીવન અર્થ-હીન થઈ જાય — આ પરિસ્થિતિ તો જોઈએ જ નહીં. આ પરિસ્થિતિ એટલે કઈ પરિસ્થિતિ? હું માણસ મટીને ચીજ થઈ જાઉં તે.

૨૧-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક ઘા

તે પંખીની ઉપર પથરો ફેંકતાં ફેંકી દીધો,
છૂટ્યો તે, ને અરરર ! પડી ફાળ હૈયા મહીં તો !
રે રે ! લાગ્યો દિલ પર અને શ્વાસ રૂંધાઈ જાતાં,
નીચે આવ્યું તરુ ઉપરથી પાંખ ઢીલી થતામાં.

મેં પાળ્યું તે તરફડી મરે હસ્ત મારા જ થી આ
પાણી છાંટ્યું દિલ ધડકતે, તોય ઊડી શકયું ના;
કયાંથી ઊઠે ? જખમ દિલનો ક્રૂર હસ્તે કરેલો !
કયાંથી ઊઠે ? હૃદય કુમળું છેક તેનું, અહોહો !

આહા ! કિન્તુ કળ ઊતરી ને આંખ તો ઊઘડી એ,
મૃત્યુ થાશે ? જીવ ઊગરશે ? કોણ જાણી શકે એ ?
જીવ્યું, આહા ! મધુર ગમતાં ગીત ગાવા ફરીને,
આ વાડીનાં મધુર ફલને ચાખવાને ફરીને.

રે રે ! કિન્તુ ફરી કદી હવે પાસ મારી ન આવે,
આવે તોયે ડરી ડરી અને ઇચ્છતું ઊડવાને;
રે રે ! શ્રદ્ધા ગત થઈ પછી કોઈ કાળે ન આવે;
લાગ્યા ઘાને વીસરી શકવા કાંઈ સામર્થ્ય ના છે.

—કલાપી

આપણો આજનો સર્જક નવું લખે છે, પણ એક પ્રાણપ્રશ્ન પૂછવાનું મન થાય છે કે એ જૂનું વાંચે છે ખરો ? નવી રીતે મૂલ્યાંકન કરે છે ખરો. જો સાહિત્ય સાહિત્ય હોય તો જૂના-નવાના ભેદ રહેતા નથી, કારણ કે સાહિત્યને તો શાશ્વતી જોડે સંબંધ છે. જૂનાનું પણ મૂલ્યાંકન કરીએ ત્યારે ઐતિહાસિક દૃષ્ટિને પણ ઉલેખી ન શકાય. સામાન્ય રીતે આપણને કલાપીના પ્રણયત્રિકોણમાં જેટલો રસ છે, એટલો કાવ્યપ્રયાગમાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંખીની વાત હોય તો આ પંખી કોણ ? શોભના કે રમા ?—આ બધાં-માંથી બહાર આવી જવું જોઈએ.

આ કાવ્ય પશ્ચાત્તાપનું કાવ્ય છે. નાની વયમાં કલાપી મણલક લખી ગયા. એમની કવિતામાં બધું જ છે, ઊર્મિ, ઊર્મિલતા, આવેશ, લગભગ વાસના કહી શકાય એવી લાગણી. એમના શબ્દો એટલે ઊર્મિનો ઘોધ. આ ઘોધ અહીં મંદાક્રાન્તા જેવા છંદના કાંઠામાં, બોલચાલની ભાષામાં ઝિલાયો છે. આજે આપણે કોઈ સિદ્ધહસ્ત કવિને કહીએ કે 'ફેંકતાં ફેંકી દીધો' જેવો પ્રયોગ છંદમાં કરી આપો, તો કોઈ આટલી અસરકારકતાપૂર્વક કદાચ ન પણ કરી શકે. 'થતાં થઈ ગયું' જેમ આપણે બોલીએ છીએ એમ આ પ્રયોગ થયો છે. અને આ કાવ્ય પણ એક રીતે જે થતાં થઈ ગયું એ વિશેના જ ઉદ્‌ગાર રૂપે થતાં થઈ ગયું છે.

કલાપીનું હૃદય પારાવાર કરુણાથી ધબકતું હોવું જોઈએ. જ્યારે ગાંધીજીનો આશ્રમ સ્થપાયો નહોતો, ત્યારે એમણે લખેલું, 'રહેવા દે, રહેવા દે, આ સંહાર જુવાન તું/વટે ના ક્રૂરતા આવી, વિશ્વ આશ્રમ સંતનું.' પંખી ઉપર પથરો ફેંકવો એટલે જાણે કે ગુલાબ ઉપર તેજાબ છાંટવા જેવી વાત છે. પથરો ફેંક્યો તો ખરો, પણ પછી એક જ નિયતિ રહી, પોતાના જ પાળેલા પંખીએ તરફડીને મરવાનું. જખમ કરવો જેટલો સહેલો છે એટલો ઉપચાર સહેલો નથી હોતો અને કેટલાક જખમ તો જીવલેણ હોય છે. માની લો કે પંખી ઊગરી ગયું, તોપણ શું ? આ પંખી કદી એની પાસે જશે ખરું ? અનુભવ-ઘાયલ પંખી કાયમને માટે વિશ્વાસ, શ્રદ્ધા, ભરોસો બધું જ ગુમાવી બેસશે. અને આવશે તો પણ એમાં ડર હશે, ભય હશે, પ્રેમ નહીં હોય. કેટલાક જખમ એવા હોય છે કે ભૂલ્યા ભુલાતા નથી. કાવ્યનાયકને સેન્સ ઑફ ગિલ્ટ પણ છે અને પશ્ચાત્તાપ પણ છે. કવિની વાતમાં સચ્ચાઈ એટલી છે કે કેટલાક શિથિલ પ્રયોગો છે, તો પણ એના તરફ આંખમીંચામણાં કરવાનું મન થાય. 'પાંખ ઢીલી થતામાં' એ પ્રયોગ થોડો શિથિલ લાગે, પણ અભિ-વ્યક્તિની સચ્ચાઈ આવી કેટલીક શિથિલતાને અતિક્રમી જાય છે.

૩૦-૭-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

રામની ભોંયમાં રામની ખેતરવાડીએ જી
આપણા નામની અલગ છાપ ન પાડીએ જી

જગને ચોક ચબૂતરે વેરી રામધણીની જુવાર,
તે પર પાથરી બેઠો તું તો ઝીણી પ્રપંચની જાળ;
ધર્માદાચણથી પંખી ન ઉડાડીએ જી : રામની૦

રામની વાડી ગામ આખાની, હોય ન એને વાડ,
બાંધ જો તારું ચાલતું હોય તો આભને આડી આડ;
વાડ કરી આ ક્ષિતિજ ના વણસાડીએ જી : રામની૦

રામની વાડી ભોગવવી ભાઈ, હકનાં પાઈ નીર,
સૌને વ્હેંચી ચાખવી આપણે રામના ફળની ચીર;
આપણા ભેગાં સૌનાં ભાણાં માંડીએ જી : રામની૦

—ઉશનસ્

ભજનના ઢાળમાં આ ગીત છે. મને યાદ છે ત્યાં સુધી વિનોબાની ભૂદાન-પ્રવૃત્તિ જ્યારે જોરમાં હતી ત્યારે લખાયેલું. એ ગાળામાં રાજેન્દ્ર શાહે પણ લખેલું : 'માગણનો લઈ વેશ પધારે, પ્રભુ તુજ કુટિર દુવારે/ મબલકનો દાતાર ભીખની ઘરઘર ટહેલ પુકારે.'

ગાંધીજી આશ્રમમાં એક બાબતમાં બહુ ધ્યાન રાખતા. માણસની પાસે પોતાની મિલકત ન હોવી જોઈએ. જેમના ભીતરમાં બરકત નથી, એ જ લોકો મિલકતની ચિંતા કરે છે. માણસને માલિક થવામાં રસ છે. સ્વઉદયમાં એ રાચે છે. સર્વોદય તો ત્યારે થાય, જ્યારે ચેતના જાગ્રત હોય, કરુણા વિકસિત હોય, મન અકુંઠિત હોય. કશું મારું નહીં, કશું તારું નહીં, બધું જ આપણું, મજિયારી સંપત્તિ. વહેંચીને ખાવાનું. ટૉલ્સ્ટૉયથી માંડીને બધા જ મોટા માણસોએ આ વાત ઘૂંટીઘૂંટીને કહી છે. How much land does a man require–માં પણ એ જ વાત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. માણસને બે પગ પર ઊભા રહેવું હોય તો કેટલી જમીન જોઈએ? એવી વાત નિરંજનના કાવ્યમાં પણ વહેતી થઈ છે. ઇંદિરા સંત કહે છે કે કમળના પાન જેટલી જ જમીન જોઈએ છે.

સૉનેટકાર ઉશનસે અહીં આપણને સર્વોદયની ભાવનાનું ગીત આપ્યું. સળ ભૂમિ ગોપાલકી. અહીં કવિ કહે છે કે રામની ભોંયમાં આપણે આપણા નામની અલગ છાપ શું કામ પાડવી? આખા જગતનો ચબૂતરો હોય અને બધાએ જ ચણવાનું હોય, ત્યારે પ્રપંચની જળ પાથરીને આપણે પંખીઓને ઉડાડી મૂકીએ અને આપણી એકલાની થાળી જુદી રાખીએ એ બરાબર નથી. રામધણીની જુવાર બધાએ ચણવાની હોય છે. માણસ-જાત એવી છે કે એણે આકાશના પણ ભાગલા પાડ્યા છે, તો જમીનને છોડે? ઈશ્વરની જ જમીન છે ને ઈશ્વર જ જમીન છે, પણ આ માને કોણ? આપણે આકાશને પણ — અનહદને પણ હદમાં પૂરીએ એવા છીએ. મનુષ્ય તરીકે આપણે આપણી ક્ષિતિજ વિસ્તારવી જોઈએ, પણ આપણે વિસ્તારતા નથી, પણ વણસાડીએ છીએ.

આપણું કશું જ નથી. રામની વાડી છે, આપણે એને ઉછેરવાની છે, ને એનાં જે ફળ આવે એમાં આપણો અધિકાર માત્ર ચાખવાનો. આખું ફળ નહીં પણ ફળની ચીર. જોકે અધિકાર શબ્દ પણ અહીં બહુ બેસતો નથી, ને પછી આપણે ભાગે આવે તે ચાખવાનું. સૌની સાથે આપણું ભાણું હોય, અથવા પંગતમાં આપણે છેલ્લા હોવા જોઈએ. ઉમાશંકરની બે પંક્તિ યાદ આવે છે:

> પ્રભો! આ પ્રેમની પૂંજી, ધરું છું આપને પદેપદે!'
> 'વહેંચ એ સર્વ જીવોમાં, વધે તો અહીં લાવજે.'

૩૦-૭-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

એક ભીલડીએ તપોવન સીંચ્યાં કે શબરી વનવાસી.
ડાળડાળે ફળફૂલ કંઈ હીંચ્યાં કે શબરી વનવાસી.
સર પંપાને કાંઠડે રહેતી કે શબરી વનવાસી.
એ તો વાયરાને વાત કહેતી કે શબરી વનવાસી.
મારા રામજી અયોધ્યાથી આવે કે શબરી વનવાસી.
એને કિયાં કિયાં ફળ બહુ ભાવે કે શબરી વનવાસી.
એણે તરુ તરુ ભમી ફળ ચાખ્યાં કે શબરી વનવાસી.
મધમીઠાં તે વીણી વીણી રાખ્યાં કે શબરી વનવાસી.
નીર પંપાનાં કેવાં તો ડહેકયાં કે શબરી વનવાસી.
બધા ધરતીના કણ કણ મહેકયા કે શબરી વનવાસી.
ડાળ ઝાલીને દૂર દૂર જોયું કે શબરી વનવાસી.
પછી હરખનું આંસુ એક લોહ્યું કે શબરી વનવાસી.

—અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ

રામાયણમાં શબરી એ પ્રતીક્ષા અને તિતિક્ષાનો પર્યાય છે. એ શ્રદ્ધાનું મૂર્તિમંત સ્વરૂપ છે. કૃષ્ણનું નામ દઈએ ત્યારે આસપાસ અનેક સ્ત્રીઓના ચહેરા દેખાય. રામનું નામ દઈએ ત્યારે કેવળ સીતાનો ચહેરો દેખાય. શબરીનો ચહેરો દૂર દૂર ક્ષિતિજમાં ક્યારેક દેખાઈ જાય. શલ્યામાંથી થયેલી અહલ્યા. શબરી ભીલડી છે, પણ એનું તપ, રામ માટેનો એનો જપ કોઈ પણ ભક્તને અદેખાઈ આવે એવાં છે. શબરી વનવાસી છે, પણ તપને કારણે એણે વનને ઉપવન થતું અટકાવ્યું છે અને વનનું તપોવનમાં રૂપાંતર કર્યું છે. આંખનાં આંસુથી, ભક્તિની આર્દ્રતાથી શબરીએ તપોવનને સીંચ્યાં છે. આ ડાળ ડાળ ને ફૂલ ફૂલ જે હીંચ્યાં છે એમાં શબરીનો પુરુષાર્થ છે. પંપાને કાંઠે રહેતી શબરી હકીકતમાં તો સ્વ-સ્થ અજંપાને કાંઠે રહી છે. એની વાત આસપાસ વહેતા વાયરા સિવાય કોઈ જાણતું નથી. એનો રામજી અયોધ્યાથી આવે ને એનાં ફળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચાખે — એનાં ચાખેલાં ફળ ચાખે એ જ એક ઝંખના એક જ ઝુરાપો રામ માટે. ફળ તો નિમિત્ત છે, પણ જીવનની ક્ષણને વીણી વીણીને રાખી છે. શબરીની પ્રતીક્ષાને કવિએ લોકગીતના લયમાં ઝીલી છે. આખો અવતાર મહેકી ઊઠે એવી ધરતી જેવી પ્રતીક્ષા છે. કાવ્યને અંતે કવિએ એક ચિત્ર આપ્યું છે. શબરી ડાળ ઝાલીને દૂર દૂર જોયા કરે છે. અને કચારેક તો રામ આવશે જ, એ શ્રદ્ધામાં હરણનાં આંસુ લૂછચા કરે છે. કવિએ સંયમપૂર્વક 'આંસુ એક લોહ્યું' એમ કહ્યું છે.

અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ અકાળે અવસાન પામેલા સર્જક. આપણા એમની કલમ પાસેથી કેટલું બધું મળી શકયું હોત! જેમણે કોઈએ અનિરુદ્ધને સાંભળ્યા છે એ આ વાતમાં સંમતિનો સૂર પુરાવશે કે અનિરુદ્ધ ઉત્તમ વક્તા પણ હતા. આ કાવ્યની સાથે એક બીજું મારું કાવ્ય પણ મૂકું છું:

ભવફેરો

નહીં નકામો ફેરો ભવનો!
તારું મુજ પર વ્હાલ અનર્ગલ
એ જ વિષય ગૌરવનો!

આ અંતરને પાગલ કરવા
બસ છે તારી પ્રીતિ;
તને પામીને સાર્થ થઈ ગઈ
જે કંઈ મુજ પર વીતી,
વિયોગના કટુ વિષનો પ્યાલો
સ્વાદ દિયે આસવનો!

પલપલનું જલબિંદુ નિરાળું
મનને મીઠો અજંપો;
આખા આ આયુષનો મ્હેકે
મઘમઘ સોનાચંપો.
આ શબરીને સ્પર્શ મળે છે
સીતાપ્રિય રાઘવનો!

૩૧-૭-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

તમે ટહુકયાં ને આભ મને ઓછું પડયું....
ટહુકારે એક એક ફૂટી પાંખો ને હવે
આખું ગગન મારું ઝોલે ચડયું....

લીલી તે કુંજમાંથી આવ્યા બે બોલ
જેમ ઊજળી કો સારસની જોડ,
પાંખનો હેલાર લઈ પાંપણિયે, ઉર મારું
વાંસળીને જોડ માંડે દોડ.

તરસ્યાં હરણાંની તમે પારખી આરત
ગીત છેડયું કે કુંજમાંથી ઝરણું દડયું....
મોરનાં તે પીંછાંમાં વગડાની આંખ લઈ
નીરખું નીરખું ન કોઈ કળાય,

એવી વનરાઈ હવે ફાલી
સોનલ કળાય તડકાની લાય નહીં ઝાંય.
રમતીલી લહેરખીને મારગ ન કળાં....ય
વન આખું રે લીલેરે ઓલે મઢયું....

—ભીખુ કથેડિયા

પ્રેમની પ્રસન્નતાનું ગીત છે. જીવનમાં કોઈ પ્રવેશે છે, ત્યારે હૃદય નાનું પડે એટલો આનંદ છલકાય છે. પ્રિય વ્યક્તિની વાણી ટહુકો થઈને રેલાય છે. આ ટહુકો એવો છે કે આકાશ જેવું આકાશ પણ નાનું લાગે ને ઓછું પડે. ટહુકે ટહુકે અસ્તિત્વને પાંખો ફૂટે અને આજ લગી માથે તોળાતું આભ કોઈક ગમતીલા સૂરમાં ઝોલે ચડે. પ્રેમની ધન્યતાનો અનુભવ અહીં શબ્દ અને લયમાં વહેતો થયો છે. હરિયાળી કુંજમાંથી કોઈકના બે શબ્દો આવ્યા છે; જાણે કે કોઈક સારસની જોડ ન હોય! સારસની જોડ જેવા શબ્દો તો આવ્યા, પણ એ શબ્દોને કારણે મારું હૃદય પણ વાંસળીમાં વહેવા માંડયું. એક મીઠી હોડ રચાઈ. અને શબ્દ ને સૂરની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુગલબંધી થઈ. આજ લગી તરસ્યા હરણની જેમ ભટકતું હૃદય, એની આરતને કોઈક સમજી શકયું, કોઈક પામી શકયું, કોઈક ગીત થઈને જીવનમાં પ્રવેશી શકયું અને તરસ્યા હરણને માટે, એની કાયમની તૃષા છિપાય એને માટે ઝરણું દડયું.

પછી મોરપીંછની વાત આવે છે. પણ મોરપીંછની વાત એટલે રાધાકૃષ્ણનો સંકેત; પણ રાધાકૃષ્ણનું કાવ્ય નહીં. કોઈક જો મોરપીંછને ધારી ધારીને જુએ તો એનો મધ્યભાગ આંખ જેવો છે. આ મોરના પીંછામાં વગડાની આંખ છે. આ આંખ, આ દૃષ્ટિ, કોઈક એવી સૃષ્ટિ રચી આપે છે કે જેથી જોઉં છું છતાંયે કોઈ દેખાતું નથી. અથવા એમ પણ કહી શકીએ કે માત્ર તું જ દેખાય છે અને બીજું કોઈ જ દેખાતું નથી. હવે વગડો છે જ નહીં. વન અને લીલીછમ વનરાઈ છે. ઘટાદાર વૃક્ષોમાંથી તડકો આવે છે, પણ એનો તાપ નથી, ઉકળાટ નથી, લૂ કે લાય નથી. નરી એની સોનલ ઝાંય છે. ('સોનલ' શબ્દ આવે એટલે ભોળો માણસ એને સોનલ-કાવ્ય તરીકે ન લઈ લે તો સારું.) લહેરખીને હવે ચાલવાનો રસ્તો નથી અને રમવાનો રસ્તો છે અને આખું વન લીલા શબ્દોથી છવાઈ ગયું છે. ધરતી અને આકાશની વચ્ચે જે કંઈ વિસ્તરીને, વેરાઈને પડયું છે તે લીલુંછમ...વહાલુંછમ.

૩૧-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

મળી એવી નિરાંત : કશું કરવું નથી.
મૃગજળથી મનને આ ભરવું નથી.

તરસ્યા તરસ્યા થઈ દોડવાનું નહીં.
કામનું નકામું કંઈ બોલવાનું નહીં.
ટોળામાં ટોળું થઈ ટળવું નથી.
મળી એવી નિરાંત : કશું કરવું નથી.

આપણે ભલા ને ભલો આપણો આ ખંડ
શાંતિની ઝાલર અહીં રણકે અખંડ
અહીં ફોનના ડાયલમાં ફરવું નથી.
મળી એવી નિરાંત : કશું કરવું નથી.

જગતથી આપણે છૂટીએ છીએ ત્યારે જ આપણી જાત સાથે વાત કરી શકીએ છીએ. ભવનું ભોંયતળિયું તો અંધારું ઘોર છે, પણ જાત સાથે વાત કરીએ ત્યારે એમાં એક અજવાળી રાત ઊગે છે. મન મરજીવો થઈ શકે છે. આપણાથી અળગી રહેલી આપણી જ મિરાત આપણી પાસે ખુલ્લી થાય છે. લિફ્ટ, કાર, ટૅક્સી, ઘડિયાળ, એપૉઇન્ટ-મેન્ટ્સ... આ બધું ખરી પડે છે અને આપણા અસ્તિત્વની આસપાસ એક સરોવર રચાય છે. ઝાડ અને પંખી પ્રગટે છે. આભનો ઉઘાડ થાય છે અને અણુઅણુમાં કોઈક વિરાટની ઝાંખી થાય છે.

આવી ઝાંખી થઈ શકે એવી કચારેક નિરાંત મળે છે. આ એવી નિરાંત છે કે જ્યાં કોઈ ઉધામા નથી હોતા, કોઈ મહેચ્છાઓ નથી હોતી, કોઈ દોડધામ નથી હોતી, કશું કરવાનું હોતું નથી, કશું થવાની ઝંખના નથી, મૃગજળથી મનને ભરવાની વાત નથી, જીવલેણ તરસ નથી, લોકોને રાજી રાખવા માટે કામનું-નકામું કશું બોલવાનું નથી, ટોળામાં ટળવાનું નથી. મન પોતે જ જાણે કે એક ધ્યાનખંડ થઈ જાય છે. એ પરિસ્થિતિમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાંતિની ઝાલર અખંડ રણકચા કરે છે. દુનિયાના કૉન્ટેક્ટ વાયર્સ કપાઈ જાય, પછી ફોનના ડાયલમાં ફરવાનું હોતું નથી. આ કાવ્ય સાથે નિરંજન ભગતનું એક કાવ્ય મૂકું છું :

ફરવા આવ્યો છું

હું તો બસ ફરવા આવ્યો છું!
હું કયાં એકે કામ તમારું કે મારું કરવા આવ્યો છું?

અહીં પથ પર શી મધુર હવા
ને ચહેરા ચમકે નવા નવા!
—રે ચહું ન પાછો ઘરે જવા!
હું ડગ સાત સુખે ભરવા અહીં સ્વપ્નમહીં સરવા આવ્યો છું!

જાદુ એવો જાય જડી
કે ચાહી શકું બે ચાર ઘડી
ને ગાઈ શકું બે ચાર કડી
તો ગીત પ્રેમનું આ પૃથ્વીના કર્ણપટે ધરવા આવ્યો છું!
હું તો બસ ફરવા આવ્યો છું!

૩૧-૭-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગણી

લાગણીને પાણીમાં પલાળીને ફૂલગાવી શકાય
લાગણીને વાટી શકાય
ચીરી શકાય
નિચોવી શકાય
લાગણીને કચડી-મચડીને તોડી શકાય.
લાગણીને વાવી શકાય ને વેચી શકાય.
લાગણીને ગટરમાં પધરાવી શકાય.
ને બાળી પણ શકાય.
લાગણીનું બધું જ થઈ શકે
એનું કાવ્ય બનાવીને કાન પર લગાડી શકાય
ને બામ બનાવીને કપાળ પર લગાડી શકાય.
એનો જામ બનાવીને દારૂ ભરી શકાય
ને રામ બનાવીને દામ પામી શકાય.
એનો કાન બનાવીને આમળી શકાય.
ને પાન બનાવીને ચાવી શકાય.
એ ધીરજ પણ છે અને ધરતિંગ પણ છે
એ આખી પણ છે અને રાખી પણ છે
એ બાદી પણ છે અને બબડે પણ છે
એનો હાથ લંબાય તો હિમાલય જકડાય બથોબથ
અને ઓગળવા માંડે ઉષ્માથી–
અને આંખ તરડાય તો....બાંગ્લાદેશ
એ વેશ કાઢે વિચિત્ર મનની લકડિયા રંગભૂમિ પર ઠિચુકઠંગ
એ અડે તો ફૂલની જેમ ને પડે તો ઉલ્કાની જેમ–
એમ લાગે જાણે આપણા હાથમાં પીંછી
ને તેમ લાગે જાણે સાથળ પર વીંછી–

7874

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ને રૂંવે રૂંવે એના ઝેરથી બળું બળું થયાંનાં સ્મરણ....
ને આમ ને આમ લાગણીની લપછીપમાં આવવાનાં મરણ.
અરેરે
આપણે પાણીમાં પલળીને ફણગવું નથી, ચિરાવું નથી, નિચોવાવું નથી
નથી આપણે કચડાવું કે નથી આપણે મચડાવું
આપણે વવાવું પણ નથી ને વેચાવું પણ નથી.
અને છતાં ભરબજારમાં બેઠા છીએ હારબંધ વેચાવા માટે
લાગણીનું કૂંડું બનીને–
થાય છે ગબડી જઈએ, તૂટી જઈએ, ફૂટી જઈએ–
પણ કોણ ધક્કો મારે ?
અંદર જે છે તેને તો હાથ જ નથી, પગ જ નથી,
કોણ ધક્કો મારે–
અને ગબડી જઈએ ?

—લાભશંકર ઠાકર

લાભશંકર ઠાકર એ આપણા સજાગ અને અજાગ કવિ છે. કવિતાના શબ્દ પ્રત્યે સભાન છે એટલે સજાગ; પણ એમની કવિતા વાંચતાં એક પ્રતીતિ સતત થયા કરે કે આ માણસ જાણે અજાગ મનના તળિયેથી વાણીને પ્રગટાવતો ન હોય ! 'લાગણી' શબ્દ બોલીએ એટલે એની સાથે એના જેવા અને છતાંયે કોઈક ને કોઈક રીતે જુદા એવા કેટલાયે શબ્દો આવે. ઊર્મિ, પ્રેમ, ભાવ, સંવેદના, સ્નેહ, પ્રણય, વાસના, કામના, શૃંગાર ઇત્યાદિ. આપણે, એટલે કે માણસજાતે આ શબ્દોનો ઉપયોગ અને દુરુપયોગ કરીને લગભગ નકામા કરી દીધા છે. આ કાવ્ય વાંચું છું ત્યારે મને સાંભળેલા શબ્દો યાદ આવે છે. I have seen much evil committed in the name of love. લાગણીની લીલા અને લાગણીનો લલકાર, આ બંનેને કવિ ઓળખી ગયા છે. બે વ્યક્તિ વચ્ચેની લાગણી અને એ લાગણીને નામે જે થતું હોય તે, ધર્મને કેન્દ્રમાં રાખીને રાજકારણના માણસો ધાર્મિક લાગણીને નામે જે કરતા હોય તે, લાગણીને નામે થતું બ્લૅક મેઇલિંગ...કવિ આ તમામ પરિસ્થિતિને પારખી ગયા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડુંક સમજણું બાળક હઠ કરીને, જિદ્ કરીને લાગણીને વટાવતું થઈ જાય છે. માબાપ મોંમાગ્યું આપીને તાત્કાલિક શાંતિ ખરીદે છે. લાગણી અનેક પ્રસંગોમાં સોદાબાજી થઈ જાય છે. શયનખંડમાં પણ લાગણીને નામે શતરંજ રમાતી હોય છે. લાગણીને પલાળવાની, વાટવાની, ચીરવાની, નિચોવવાની, કચડવાની, મચડવાની, પધરાવવાની, બાળવાની — આપણી પાસે અપરંપાર શકયતાઓ છે. લાગણી જે મન ભરીને માણવાની છે, એને આપણે વાપરીએ છીએ અને એમ કરીને એને આપણે ચીજવસ્તુ બનાવી દીધી છે. મનની રંગભૂમિ પર આવી લાગણી અનેક વેશ કાઢીને આવે છે, પણ ભીતરમાં પ્રવેશ કરવાની એની તાકાત નથી હોતી. એનો ખખડાટ ઘણો છે અને ધતિંગ ઝાઝું છે. લાગણી ફૂલ પણ છે અને ઉલ્કા પણ. સાથળ પર વીંછી છે. યુગોયુગના પ્રેમની વાત ભલે થતી હોય, પણ છેવટે રહે છે ઝેર જેવાં સ્મરણો અને આમ ને આમ લાગણીનું મરણ નિશ્ચિત છે. આપણા બધા જ નિશ્ચયો તૂટી જાય છે. આપણે ભરબજારમાં વેચાવા માટે બેઠા છીએ, લાગણીનું ફૂંડું થઈને. ફૂટી જવાની, તૂટી જવાની ઇચ્છા થાય છે, પણ અંદરનું કોઈ તત્ત્વ ધક્કો મારે છે. કવિતાની પરાકાષ્ઠા 'પણ કોણ ધક્કો મારે?' એ પ્રશ્નમાં છે. જે ધક્કો મારતું તત્ત્વ છે એ તો અવયવ વિનાનું છે અને નિરુત્તર પ્રશ્ન આગળ આ કાવ્ય સમાપ્ત થાય છે અને સમાપ્ત થતું નથી એની તો મજા છે.

૧-૮-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

તું મને ખૂબ પ્રિય છે
છતાંય
મારા એકાન્તની ભીતર
હું તને નહીં પ્રવેશવા દઉં.

તું મને ખૂબ પ્રિય છે
એટલે જ
મારા એકાન્તની ભીતર
હું તને નહીં પ્રવેશવા દઉં.

તું મને ખૂબ પ્રિય છે
મારા એકાન્તથીયે વિશેષ
એટલે
તને બહાર પણ નહીં નીકળવા દઉં.

કદાચ
તું જ મારું એકાન્ત છે
અને તું જ છે
મારી એકલતા

દરેક માણસના હૃદયમાં એક ખૂણો એવો હોય છે કે જ્યાં કોઈને પણ પ્રવેશવાનો અધિકાર નથી—કદાચ કચારેક તો પોતાને પણ. એમાં એવું હંમેશાં નથી હોતું કે કશુંક ખાનગી કે રહસ્યમય હોય. કચારેક એવું પણ હોઈ શકે કે કશુંક વાણીની પાર પવિત્ર હોય. આ પવિત્રતા પણ સાપેક્ષ છે. કોઈક વ્યક્તિ પ્રિય હોય એનો અર્થ એવો નથી કે જીવનના તમામ અંશો પર તેની માલિકી હોય. સાચો પ્રેમ એક-મેકની — એકમેઠના એકાંતની ઇજ્જત કરે છે. કોઈક વ્યક્તિ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકાંતમાં કોઈને ન લઈ જાય, એ પ્રેમની ઊણપ નથી, કચારેક તો એવી ઘટના હોય કે માણસે એકલા સહન કરવાની હોય. સામી વ્યક્તિને એનું દુઃખ કે એની ઈજા ન પહોંચે એટલા માટે પણ આપણે એને આપણા એકાંતની ભીતર એને લઈ જતા નથી. કાવ્યની પ્રારંભની કડીમાં એક ઠેકાણે 'છતાંય' છે અને એક ઠેકાણે 'એટલે જ' છે. સહૃદયો 'છતાંય' અને 'એટલે જ'નો ભેદ સમજી શકશે.

ત્રીજી કડીમાં ચતુરાઈ લાગે પણ ચતુરાઈ નથી. અને બે વ્યક્તિનો સંબંધ ઘનિષ્ઠ હોય, તો ચતુરાઈ દ્વારા પણ સ્નેહ પ્રગટ થતો હોય છે. ખરેખર તો પ્રિય વ્યક્તિ એકાંતની ભીતર સ્થપાયેલી હોય જ છે. એમાં સ્થાપના અને ઉથાપનાનો ભાવ હોતો જ નથી. અહીં એમ કહેવાયું કે 'હું તને બહાર નીકળવા નહીં દઉં.' આખું કાવ્ય આમ જોવા જઈએ તો પ્રિય વ્યક્તિ વિશેનો, પ્રિય વ્યક્તિની અનુપસ્થિતિમાં થયેલો જાત જોડેનો વાર્તાલાપ છે. પ્રિય વ્યક્તિ અત્યારે પડખે નથી. આ વ્યક્તિ પોતે જ એકાંત પણ છે અને એકલતા પણ છે. આ સાથે આ કાવ્ય જોવું :

વિનંતી

મારે એકાંતને વન
તમે નહીં આવો, હે સ્વજન!
મૌનની આ ચુકામણી
નહીં કશું સૂઝે :
ટેવાયેલા મારા આ ચરણ :
ધીર થવા ઝૂઝે :
હવાનુંય લાગે છે વજન;
તમે નહીં આવો, હે સ્વજન!
મારા રે આ અંધારાની પાર
વસી એક ઝલમલ જ્યોત :
દિશા કેરી ડાળીએ નીરવ
નીરખું છું કાળનું કપોત.
ચણે છે એ ક્ષણ : કણેકણ;
તમે નહીં આવો, હે સ્વજન!
મને એક લાગી રે લગન :
તમે નહીં આવો! હે સ્વજન!

૩-૮-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

કયાંક ઠરીને ઠામ થવું છે : સ્હેલું કયાં છે ?
મારે રમતા રામ થવું છે : સ્હેલું કયાં છે ?

દર મહિને આ ઘરનાં ભાડાં : સ્હેલું કયાં છે ?
પગારમાંથી થાય ઉપાડા : સ્હેલું કયાં છે ?

દૂધવાળો ને દાણાવાળો : સ્હેલું કયાં છે ?
અહીંયાં ફાવે નાણાંવાળો : સ્હેલું કયાં છે ?

લક્ષ્મી–સરસ્વતીનું લેણું : સ્હેલું કયાં છે ?
કોણ કોને મારે છે મ્હેણું : સ્હેલું કયાં છે ?

કોઈ પણ મોટું શહેર એ માણસને અને સમયને ગળી જાય છે. દોડધામ એ આદત છે, અથવા અનિવાર્યતા છે. આસાએશ અને નિરાંત આકાશકુસુમવત્ છે. પલાંઠી વાળીને બેસવું લગભગ અશક્ય છે. અહીં મરીને રામ થઈ શકાય પણ ઠરીને ઠામ ન થઈ શકાય. પ્રત્યેક માણસની અંદર મોટે ભાગે એક જિપ્સી વસતો હોય છે, એને એની યાંત્રિકતામાંથી છૂટવું છે, એની સ્થિતિ પીંજરામાં પુરાયેલા પંખી જેવી છે. પીંજરાના સળિયાના અવકાશની વચ્ચેથી જેટલું દેખાય તેટલું જ આકાશ, એટલો જ અવકાશ, એટલી જ સ્વતંત્રતા.

વર્ષો પહેલાં 'તારીખનું ઘર' નામનો સંગ્રહ લખ્યો હતો. આ સંગ્રહને તારીખનું ઘર એટલા માટે કહેલો કે માણસ ઈંટ અને ચૂનાના મકાનમાં જ રહેતો નથી કે રહે છે પણ એકથી ત્રીસ–એકત્રીસ તારીખના ઘરમાં. એક અઠવાડિયામાં જ એની આવક હતી ન હતી થઈ જાય છે. ઘણાંય કુટુંબોમાં હિસાબની ડાયરી રાખવાનો રિવાજ છે, શિરસ્તો છે. એ ડાયરીઓ જો જોઈએ તો એમાં આ આવક કયાં જાય છે એનો અંદાજ મળી રહે. દૂધવાળો, દાણાવાળો, ટેલિફોનનાં બિલ, ઇત્યાદિ... ઇત્યાદિ... ઇત્યાદિ. ખરેખર તો આવી ડાયરી લખવાનો અર્થ જ નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શહેરમાં જે ફાવે છે તો નાણાંવાળો ફાવે છે — Money is power and power is moneyનું વિષચક્ર ચાલે છે. નિષ્ફળ માણસ માટે આ વિષચક્ર છે અને સફળ માણસ માટે આ અમૃતચક્ર છે.

આ સમાજમાં કોઈ પણ કલાકાર કેવળ કલાના જોર પર ટકી શકે ખરો? કેવળ કલમ પર જીવી શકે ખરો? અશકય નથી પણ ખૂબ અઘરું છે, મુશ્કેલ છે; એટલું મુશ્કેલ છે કે આપણે એમ કહેવું પડે કે એ અશકય છે. શ્રી અને સરસ્વતી સામાન્ય રીતે સાથે રહેતાં નથી. અને સરસ્વતી લક્ષ્મીની દાસી ન થાય એ જ મહત્ત્વનું છે. બંનેનો સંબંધ આગ-બરફ અને મહેણાંટોણાંનો છે. આ સાથે આ કાવ્ય રજૂ કરું છું:

મધ્યમવર્ગી આકાશ

ગઈ કાલનો આથમેલો સૂર્ય
ઘરના હિસાબની ડાયરીમાં
શાહીનું ટપકું થઈને પડયો છે.

આજનો સૂર્ય
મારા ગજવામાં રૂમાલનું ઓશીકું કરીને
ટૂંટિયું વાળીને પડયો છે.

આવતી કાલનો સૂર્ય
મહિનાની પહેલી તારીખના પગારના પારાવારમાં
ખંખોળિયું કરી ન કરી
લેન્ડલોર્ડ મોહી દૂધવાળો છાપાવાળો ધી કપડાંલત્તાં
અને
કેટલાંયની વચ્ચે
ફેરકુદરડી ફરતો ફરતો
ફરી પાછો
શાહીનું ટપકું થઈને
પડી રહેશે
ઘરના હિસાબની ડાયરીમાં.

૩-૮-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

ભરબપોરે
વરસાદે ધોઈ ધોઈને
ચોખ્ખા કરેલા
લાઇબ્રેરીના મકાનની બારીના કાચમાંથી
મારા ડેસ્ક પર
પ્રતિબિંબાય છે
સામેના મકાનની છત પર
ચાંચમાં ચાંચ પરોવી
હિલોળા લેતાં
બે પારેવાં....

ડેસ્ક પરનું
ફિલસૂફીનું પુસ્તક બંધ કરી
હું મથું છું
એમની વાતોની લિપિ ઉકેલવા....

—પ.ના. નાયક

આ એક અકસ્માત છે. કાવ્ય ગદ્યમાં લખાયું છે. પંક્તિ ચૌદ છે. ચૌદ પંક્તિ છે એટલે નહીં પણ એનું પ્રાણતત્ત્વ જાણે કે સૉનેટનું છે. સૉનેટમાં આવે એવો વળાંક છે. આ કાવ્યને અછાંદસ સૉનેટ કહેતાં હું અચકાઉં નહીં. માછલી એ તો માછલી છે જ પણ એ માછલીને સરોવર કે નદીમાં કે એના વાતાવરણમાં જોઈએ તો આ કયા જળની માછલી છે એ તરત ખબર પડે. સર્જક ગમે એટલો બિનઅંગત હોય તોપણ કયાંકથી એનો વ્યવસાય ખબર પડી જાય. જોકે આપણે કાવ્ય એના સર્જકના વ્યવસાયને જાણવા માટે નથી વાંચતા. આ બધી વાતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આડપેદાશ હોય તો પણ ટાળવા જેવી નથી. અખો સોની હતો, ટંકશાળ સાથે પણ સંકળાયેલો હતો. એની વાત એના છપ્પાઓમાં છૂપી રહેતી નથી. જયન્ત પાઠક પ્રાધ્યાપક છે એટલે જ એમના એકાદ કાવ્યમાં "પવનના પ્રવચન"ની વાત છે. પન્ના નાયક લાઇબ્રેરિયન છે. ફિલાડેલ્ફિયામાં વસે છે. પુસ્તકોનો સતત સહવાસ એ કોઈ સદ્‌ભાગીને જ મળે. પણ જીવતો સર્જક કેવળ પુસ્તકને નહીં પણ પ્રકૃતિના પુસ્તકને પણ વાંચતો હોય છે એની સંવેદના મનની મોસમની પણ નોંધ લે છે. પરદેશમાં વરસાદ વરસે એ આપણા ચોમાસા જેવી વાત નથી. ભરબપોરે તડકો હોય અને વરસાદ પડે અને વરસાદ બંધ થાય અને પાછો તડકો ખૂલે એવી તેજ-ભીનાશની સંતાકૂકડી ચાલ્યા કરે. જળનું કામ જ નિર્મળ કરવાનું. ભરબપોરે વરસાદ પડ્યો. બાળગીતની બે પંક્તિઓ યાદ આવે છે :

હે જી તડકામાં તડ પડી
આવ્યો વરસાદ
ઝાડ થયાં ગુલછડી
આવ્યો વરસાદ

પરદેશમાં તો ગુલછડી હોય નહીં પણ મનમાં સ્વદેશ હોય તો ગુલમહોર, ગુલછડી, પારિજાત આંખ સામે હોઈ શકે. જોકે આ સહેજ આડવાત છે. પણ કાવ્યને સમગ્રમાં માણવું હોય તો આવી આડવાત કયારેક ઉપકારક થઈ શકે. કવયિત્રીએ અહીં એક ચિત્ર ઉતાર્યું છે. પણ એ ચિત્ર સંવેદનાના શ્રાવણથી ભીનું છે. ડેસ્ક ઉપર સામેના મકાનની છત પરનું પ્રતિબિંબ પડે છે. એ પ્રતિબિંબમાં દેખાય છે ચાંચમાં ચાંચ પરોવી હિલોળા લેતાં બે પારેવાં. બે તો આપણે કહીએ છીએ બાકી ચાંચમાં ચાંચ પરોવી હિલોળાં લેતાં આ પારેવાં બે છતાં એક જ લાગે છે. આ ચિત્ર પ્રસન્નતાનું છે. કવયિત્રીને આ ચિત્ર સ્પર્શી જાય છે એમાં એની માનસિક ભૂમિકાનો પણ ખ્યાલ આવે છે. દેવજી મોઢાએ એક એવું કાવ્ય કર્યું છે કે ઝાડની છાયામાં કોઈ કિશોર કિશોરી બેઠાં હોય એ મને ગમે છે. આવાં દૃશ્યો ગમતાં હોય એની પાછળ કાં તો પોતાના જીવનની પ્રસન્નતાનો તાળો મળતો હોય અથવા તો આપણા જીવનમાં જે ઘટે છે એની પૂર્તિ આવાં દૃશ્યો દ્વારા થતી હોય છે. અથવા તો બસ એમ જ અમસ્તા અમસ્તા ગમે છે. કવયિત્રીએ પછી જે અવકાશ રાખ્યો છે એમાં જ આ કાવ્યનો અર્થ છે. આવું દૃશ્ય જોઈએ પછી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડેસ્ક પરનું સુફિયાણી વાતો કરતું ફિલસૂફીનું પુસ્તક — એનો કોઈ અર્થ છે ખરો ?? જાણે કે આ પારેવાંઓ કહેતાં હોય don't discuss life, live it. "ગ્રંથ ગરબડ કરે" ત્યારે ગ્રંથને મૂગા કરવા જોઈએ અને જીવનનો પંથ લઈ લેવો જોઈએ. કવયિત્રી જ્યારે ફિલસૂફીનું પુસ્તક બંધ કરે છે ત્યારે આંખ સામે રમે છે આદિ કવિ નરસિંહ મહેતાની બે પંક્તિ :

પ્રેમરસ પાને તું મોરના પિચ્છધર
તત્ત્વનું ટૂંપણું તુચ્છ લાગે.

૨૮-૮-૧૯૬૦

"Forwarded Free of Cost, And With The Compliments of The Department of Education Government of India, New Delhi."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝેન તત્ત્વજ્ઞાનીને ચોમાસામાં પ્રણામ

તમે રંગ વગરનાં ચશ્માં પહેરો
તો જોઈ શકો
આવું દૃશ્ય !
પોપટના પીંછાનો લીલો રંગ
વરસાદમાં લીમડાના ઝાડના
લીલા રંગ જેવો છે.
પણ તમારાં ચશ્માં
રંગ વગરનાં હોવાં જોઈએ
અને હોવો જોઈએ
ચોમાસાનો વરસાદ.
અને તમે
બહાર જોતા હોવા જોઈએ
અને ફક્ત
તેની જ તરફ.

માર્ગારેટ ચેટરજી (અનુ. જયા મહેતા)

માર્ગારેટ ચેટરજી અંગ્રેજીમાં લખતાં ભારતીય કવયિત્રી છે. ઝેન શબ્દનું મૂળ આપણા 'ધ્યાન' શબ્દમાં છે. તમે ધ્યાન ધરવા બેસો એ પ્રયત્ન છે. પ્રયત્નથી ધ્યાન થાય નહીં; ધ્યાન પણ સહજપણે, અનાયાસ થઈ જવું જોઈએ. ધ્યાન એટલે એકાગ્રતા. એકાગ્રતાનો અર્થ જ એવો કે આપણું મન ઇધરઉધર ભટકે નહીં. અને મનનો સ્વભાવ ભટકવાનો છે. કયાંક એક ઠેકાણે ઠરીઠામ બેસવાનો નથી, કયાંય અટકવાનો નથી, ધ્યાન ત્યારે જ શકય છે, જ્યારે ફોડિયારાની જેમ ઊભરાતા વિચારો મનની બહાર નીકળી જાય. ધ્યાન એટલે વિચારોનું ખાલીખમ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પણું. ધ્યાન એક અવસ્થા છે, મનમાંથી અ-મન થવાની અને થવા માટેના યત્ન-પ્રયત્ન વિનાની.

આપણે પ્રકૃતિને જોઈએ છીએ ત્યારે પણ આપણાં રંગીન ચશ્માં-માંથી જોઈએ છીએ. એનો અર્થ એવો થયો કે પ્રકૃતિમાં આપણે આપણને જોઈએ છીએ, પ્રકૃતિને નહીં. આપણાં રંગીન ચશ્માં એટલે આપણા પૂર્વગ્રહો અને પક્ષપાત, આપણો ભૂતકાળ અને ભવિષ્ય. આપણી પાસે હોય એ માહિતી અને કહેવાતું જ્ઞાન. એટલે તો આપણે પ્રકૃતિને પૂર્ણપણે પામી શકતા નથી. પહેલાં તો આપણે આ રંગીન ચશ્માં ઉતારવાં જોઈએ. પછી જ પ્રકૃતિના દૃશ્યને દૃશ્યરૂપે માણી શકીએ. આપણે જાણીએ છીએ, પણ માણતા નથી. આપણે સરખામણીમાં પડી જઈએ છીએ, જોઈએ છીએ ત્યારે. કવયિત્રીએ કહ્યું કે ધારીધારીને જુઓ, પોપટનાં પીંછાંનો લીલો રંગ. આ લીલા રંગની લીલા માણવા જેવી છે, પણ માણતાં માણતાં આપણે કચાંક સરખામણી કરી બેસીએ છીએ કે આ પોપટનાં પીંછાંનો લીલો રંગ વરસાદમાં લીમડાના ઝાડના લીલા રંગ જેવો છે. આ સરખામણી કરવી એ પણ એક પ્રકારનાં ચશ્માં છે. અને એટલે જ કવયિત્રી ભારપૂર્વક કહે છે કે ચશ્માં રંગ વગરનાં હોવાં જોઈએ. રંગને નિતાન્ત પામવો હોય તો એની પ્રથમ શરત એ છે કે આપણે રંગ વિનાના હોવા જોઈએ. આ રંગની સૃષ્ટિ પર આપણે એકાગ્ર થઈએ અને ચોમાસાનો વરસાદ વરસતો હોય તો રંગમાંથી પણ કેટલાયે રંગો ઊઘડચા કરે; રંગનો આ ઉઘાડ તો જ પામી શકો, જો તમે બહાર જોતા હો. અંદર જોઈને બહારનું જોશો તો તમારા ગમાઅણગમા, રાગ-દ્વેષ બધું જ પ્રગટ થશે; પણ કેવળ દ્રષ્ટા તરીકે દૃશ્યને એકાગ્રતાથી જોયા કરશો તો એ જોયેલું પૂર્ણ અને સાર્થક હશે. અહીં એક જ અર્થ છે જોવાનો. જોવું એટલે હોવું.

૩૦-૮-૧૯૯૰

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંતરપટ

અંતરપટ આ અદ્દીઠ ! અરેરે ! આડું અંતરપટ આ અદ્દીઠ !

અહીં મેં માંડી, તહીં તેં માંડી, આંખની આતુર મીટ;
પળ ઊપડી પટ પુનઃ બિડાયું, વા વાયો વિપરીત.
અરેરે !....

તું મારાં – હું તારાં ઝીલું વિરહે વ્યાકુળ ગીત;
રાગ સુણ્યો પણ રંગ ન રેલ્યો, વસમું એ સંગીત.
અરેરે !....

આ પા ઊછળે, તે પા ઊછળે, હૃદયો ભરી ભરી પ્રીત;
આકર્ષણ, પણ સ્પર્શ નહીં ક્ષણ, ચેન પડે નહિ ચિત્ત.
અરેરે !....

ખીણ કે ખાડી. નદી નથી આડી, વંડી વાડ કે ભીંત;
હાથ ચડે નહિ તોય નડે, આ આકળઝીણું ચીર.

—જુગતરામ દવે

જુગતરામ દવેનું ધ્યેય કયારેય સાહિત્ય નહોતું. એમનું ધ્યેય તો હતું સમાજસેવા. એ આજે પણ ઓળખાય છે 'વેડછીના વડલા' તરીકે. એમનું આ જન્મશતાબ્દીવર્ષ. એમની પાસેથી આપણને થોડુંક સાહિત્ય પણ મળ્યું છે. આ એમનું કોઈને પણ ગમી જાય એવું પદ છે; આકરા વિવેચકોની કસોટીમાંથી પણ પાર પડી શકે.

આપણી અને ઈશ્વરની વચ્ચે એક પટ છે, પડદો છે, ઘૂંઘટ છે, નકાબ છે. એક ન થવા માટે આટલો અંતરાય પૂરતો છે. આ પડદો દેખાતો નથી, પણ પડદો છે એ હકીકત છે ને એની વેદના છે, જે વેદના ઉપાડની પંક્તિમાં 'અરેરે' દ્વારા વ્યક્ત થઈ છે. ઈશ્વરને પામવા માટે મીટ તો ચારે બાજુએ માંડીએ; એકાદ ક્ષણ માંડ પટ ઊપડ્યો,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાછો બિડાયો, વિપરીત પવન વાયો, ઝાંખી સાક્ષાત્કારમાં પરિણમી નહીં. ક્ષણનો પણ સાક્ષાત્કાર થાય અને એનું સાતત્ય જળવાય તો આંખના ઉપવાસ–વ્રત પૂરાં થાય. જેવો મને ઈશ્વરના વિરહનો અનુભવ છે, એવો ઈશ્વરને પણ હોઈ શકે. આ વિરહનાં વ્યાકુળ ગીત કયાંક તો ઝિલાતાં હશે. રાગ સંભળાય છે, પણ એ રાગને અંતે આનંદનો રંગ રેલાતો નથી, એની વ્યથા છે અને રાગ અને અનુરાગ હોવા છતાંયે અનુબંધ બંધાતો નથી, એટલે સંગીત વસમું લાગે છે. આમ તો હૃદયમાં ઊછળે છે પ્રેમનો પારાવાર. પૂરતું આકર્ષણ છે, ક્ષણભરનું પણ ચેન નથી, પણ આભાસ છે – સાક્ષાત્કારનો સ્પર્શ નથી. એક લોકગીતમાં આવે છે કે "રામા, કાશીના લોકોને પૂછયું અહીંથી ભાગીરથી કેટલે દૂર ?/ધરમીને મન ઢૂંકડું ને પાપીને પગલેથી દૂર." ઈશ્વરને પામવામાં શું આડે આવે છે ? બે જણની વચ્ચે નથી ખીણ કે નથી ખાડી, નથી આડી નદી, નથી વંડીવાડ કે ભીંત; તોપણ જેમ આવતો લાગે છે તેમ દૂર સરી જાય છે, એટલે હાથમાં તો આવતો જ નથી. કશું મૂઠીમાં પકડાતું નથી. તો નડે છે શું ? બંનેની વચ્ચે એક ઝાકળઝીણું ચીર છે. આ ચીર તે કદાચ આપણને દગો દેતો આપણો જ સ્થૂળ કે સૂક્ષ્મ અહમ જ હોઈ શકે અને અહમ્ હોય તો સોહમ્ સંભળાય નહીં. આ ગીતની સરળતા સચ્ચાઈના રણકારને કારણે અને પ્રારંભથી અંત લગીના એક જ પ્રાસને કારણે સ્પર્શે છે. છેલ્લી પંક્તિમાં અભિવ્યક્તિની રીતિને વ્યાકુળતાનો પણ અનુભવ થાય છે.

૧૩-૯-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જળ રે યમુનાનાં ઝીલતાં

"જળ રે યમુનાનાં ઝીલતાં, સૂણો શામળિયા!
મને મોતીડું લાગ્યું હાથ, નંદજીના નાનડિયા!

ગાડે કરીને મોતી આણિયું, સૂણો શામળિયા!
માતા! પાડો મોતીડાંના ભાગ, નંદજીના નાનડિયા!

એક મોતીમાં શું વહેંચીએ? સૂણો શામળિયા!
મોતી વાગ્યે ઘણેરાં થાય, નંદજીના નાનડિયા!

યમુનાને કાંઠે કથારો રોપિયો, સૂણો શામળિયા!
માંહી વાગ્યો મોતીડાંનો છોડ, નંદજીના નાનડિયા!

એક મોતીને બબ્બે પાંદડાં, સૂણો શામળિયા!
મોતી ફાલ્યાં છે લચકાલોળ, નંદજીના નાનડિયા!

એક ડાળ્યને બીજી ડાળખી, સૂણો શામળિયા!
વચલી ડાળ્યે મોતીડાંની લૂમ, નંદજીના નાનડિયા!

થાળ ભરીને મોતી વેડિયાં, સૂણો શામળિયા!
માતા! પાડો મોતીડાંનો ભાગ, નંદજીના નાનડિયા!

કોઈને ચપટી, કોઈને ચાંગવું, સૂણો શામળિયા!
રાણી રાધાજીને નવસર હાર, નંદજીના નાનડિયા!"

(લોકગીત)

ગુજરાત સાહિત્ય અકાદમીએ હમણાં એક સરસ ગ્રંથ પ્રગટ કર્યો છે, જેના મુખ્ય સંપાદક હરિવલ્લભ ભાયાણી છે અને સંપાદક હસુ યાજ્ઞિક છે. આ ગ્રંથનું નામ છે, 'લોકગીતોમાં કૃષ્ણચરિત'. બાળપણથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માંડીને અનેક સ્તરની કૃષ્ણલીલાનાં લોકગીતોનો આ સંચય છે. કૃષ્ણ કવિઓનો તો પ્રિય વિષય રહ્યો જ છે, પણ જનસમાજે કૃષ્ણનું વ્યક્તિત્વ કઈ રીતે લયમાં ઝીલ્યું છે, એની અનેક છબીઓ આ લોકગીતના સંચયમાં પ્રગટ થાય છે. અહીં મનમોઠો કોયડો પણ છે અને ગમી જાય એવો ઉકેલ પણ છે. આ કોયડા અને ઉકેલની વચ્ચે જે પ્રગટ થાય છે, તે કૃષ્ણપ્રીતિ. સંબોધન સીધું શામળિયાને છે. દરેક પંક્તિનો અર્થ ઝીલવાનો ન હોય, પણ એની આબોહવા માણવાની હોય. કૃષ્ણ પ્રત્યેનું વહાલ ગોપી બે વિવિધ સંબોધનોથી વ્યક્ત કરે છે; પ્રિય વ્યક્તિને તો જેટલાં નામ આપીએ એટલાં ઓછાં. એક કાવ્યમાં આવે છે એમ 'હરિ તારાં છે હજાર નામ, કયે નામે લખવી કંકોતરી.' જમનાનાં જળ ઝીલતાં એક મોતી જડી આવ્યું. (આ મોતી કશું એ હોડની છીપ ખોલીને બતાવવાની વસ્તુ નથી.) આ મોતીનાં માનપાન તો એટલાં કે એ જડ્યું પછી એને ગમેતેમ લવાય નહીં. એટલે તો 'ગાડે કરીને મોતી આણિયું' એવી અતિશયોક્તિ કવિતામાં ગમે છે, કારણ કે વિકૃત કર્યા વિના એ લાગણીને એન્લાર્જ કરે છે. આ મોતીના ભાગ કેમ પાડવા? કદાચ જશોદા આગળ જ આવો કપરો પ્રશ્ન મુકાયો છે. એક મોતી વહેંચાય પણ કેવી રીતે? અહીં કવિની કલ્પનાશક્તિ છે. મોતી વાવો તો અઢળક મોતી ઊતરે. ભક્તિ પણ વાવવાની જ વાત છે ને? આ મોતીનો કચારો રોપ્યો કયાં? તો યમુનાને કાંઠે. અને પછી તો મોતીડાનો છોડ થયો, પાંદડે પાંદડે મોતી પ્રગટ્યાં, ડાળીએ ડાળીએ લૂમ લાગી ને દરેકને એના ભાગ્ય પ્રમાણે કે ભક્તિ પ્રમાણે, કોઈને ચપટી તો કોઈને ચાંગળું મોતી મળ્યાં. આમાં એક વ્યક્તિ અપવાદ રહી, એને કેવળ મોતી નહીં પણ 'રાણી રાધાજીને નવસર હાર' મળ્યો. આ બધાંને જે કાંઈ મળ્યું તે, પણ આપણને તો આ લોકગીત દ્વારા નર્યું કાવ્ય મળ્યું.

આની સાથે આવા જ મિજાજનું બીજું લોકગીત પણ મૂકું છું:

મોતી વાવિયું

તુલસી કયારે તે મોતી વાવિયું, સુણો શામળિયા;
એનો ઝીણો ઝીણો ઊગ્યો રોપ, નંદજીના નાનડિયા.

કોઈ ડારેં ને કોઈ પાંદડે, સુણો શામળિયા;
એની ત્રીજલી ડાળ્યે લૂમ, નંદજીના નાનડિયા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થાળ ભરીને મોતી વીણિયાં, સુણો શામળિયા;
એને કોઈ ન દેખે હાથ, નંદજીના નાનડિયા.

મોટાં મોતીનો મુગટ ચૂંથ્યો, સુણો શામળિયા;
ઝીણાં મોતીનો ચૂંથ્યો હાર, નંદજીના નાનડિયા.

મુગટ પ્રભુજીને માથે શોયે, સુણો શામળિયા;
હાર રાધાજીની ડોક, નંદજીના નાનડિયા.

૨૯-૬-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

આજ હું એકલડી, અગાશીએ બેઠી
ચંદ્રને જોઉં છતાં નવ જોઉં
આંખ નહીં ઉપવાસી, નહીં એંઠી

શ્યામ વિના શું ચંદ્રને જોવો, શ્યામ વિના શું રાત !
શ્યામ વિના તો કોની સાથે કરવી મનની વાત !
આજ હું એકલડી, ઉદાસીએ બેઠી
ચંદ્રને જોઉં છતાં નવ જોઉં
આંખ નહીં ઉપવાસી, નહીં એંઠી

ચંદ્રનાં કિરણ, શીતળ સમીરણ
હું સાવ અભાગી બેઠી બિરહણ
ચિરપિયાસી દુલ્હન હું તો
ઊતરી આવી હેઠી
આજ હું એકલડી, અગાશીએ બેઠી !

પ્રથમ પંક્તિ નરસિંહ મહેતાની છે. આ પંક્તિની પાછળ કઈ કઈ પંક્તિ આવે છે એનો મને ખ્યાલ નથી. પણ એ પંક્તિની આંગળી પકડીને લયને રસ્તે નીકળવાની પણ એક મજા છે. મધ્યકાલીન કવિતા એટલે ગોપીભાવની કવિતા. ગોપી એકલી છે એટલે કે ગોપી પાસે એકાંત નથી, પણ નરી એકલતા છે. આ એકલતાને ટાળવા માટે એ અગાશીએ જઈને બેસે છે. નરસિંહની પંક્તિનો મને આટલો જ આધાર છે. જોકે આ આધાર પણ જેવોતેવો નથી. ગોપી ચંદ્રને જુએ છે છતાં નથી જોતી. આ પરિસ્થિતિમાં એની આંખ પૂરેપૂરી ઉપવાસી પણ નથી અને એંઠી પણ નથી.

શ્યામ વિના ચંદ્રને જોવાની મનમાં કોઈ લિજ્જત નથી. શ્યામ વિનાની રાત એકલતાને ઘેરી કરી મૂકે છે. માણસો તો ઘણા મળે પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મનની વાત શ્યામ વિના કહેવી પણ કોને ? અગાશી ઉન્નત છે. અથવા ઊંચી છે એટલે તો એને અગાશી કહીએ છીએ. અગાશી દ્વારા જ આકાશ પામી શકાય. હૃદયનો વિષાદ ભીતરના ભોંયતળિયામાં છે. એટલે જ ગોપી પોતાની વાતને સુધારીને કહે છે કે હું અગાશીએ નહીં; ઉદાસીએ બેઠી છું. જોકે વાતને સુધારીને કહેવાથી વિષય, પરિસ્થિતિ પલટાતી નથી.

કશાયનો અર્થ નથી, પછી ચંદ્રનાં કિરણો હોય કે શીતળ સમીરણો હોય. ચિરપિયાસી દુલ્હન જેવી ગોપી એટલે જ અગાશી પરથી નીચે ઊતરી આવે છે.

૨૪-૯-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

અજ્ઞાની તારા, અંતરમાં દેખ વિચારી.
તું માને છે તું જ્ઞાની છે : પણ ભીતરમાં દેખ–તો ભિખારી.

પંડમાં તારા જ્ઞાનનો ઘમંડ છે,
અહમ્‌નાં ફાંકો-ફિશિયારી;
ટોળાં ઊમટ્યાં છે કામ–ક્રોધ–મોહનાં
ને લાલચની દુનિયા બિચારી.
માને મનાવે તું તો બુદ્ધિથી ભર્યો ભર્યો,
પણ બુદ્ધિ તો વેશ્યા વિહારી.

જ્ઞાનની ગઠરિયા દાટી દે દરિયામાં,
થઈ જા ફૂલોની જેવો હળવો;
ટોળું વિખેરી તારા રસ્તાને ઝાલી લે તું,
કે હરિવરને થાય તને મળવા ઉમળકો.
છોડ્યો મેવાડ અને છોડ્યો રાણાને ત્યારે
મીરાં પોતે થઈ ગઈ ગિરિધારી.

પ્રથમ પંક્તિ આપણા મધ્યકાલીન કવિ દેવાનંદની છે. આપણે જાણીએ છીએ કે મધ્યકાલીન કવિતાનું કેન્દ્રબિંદુ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય છે. પ્રથમ પંક્તિ જ દેવાનંદની છે. પછીની પંક્તિઓનો આનંદ મારો છે. એ પંક્તિને આધારે નકશીકામ કરવાનો પ્રયત્ન છે. આ નકશીકામ છે કે બદનક્ષીકામ છે એનો નિર્ણય કરવાનું કાળ સિવાય સોંપી પણ કોને શકાય ?

મૂળ કાવ્ય પછીથી કઈ રીતે વિકસે છે એનાથી હું સાવ અજાણ્યો છું. એટલે જાણીતામાં ડૂબકી મારવાને બદલે અજાણ્યા કુંડમાં પડતું મૂકું છું. જો માણસ જાણે કે હું અજ્ઞાની છું તો ત્યાંથી જ જ્ઞાનનો પ્રારંભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થઈ શકે. આ અંતર્મુખી થવાની વાત છે. અંતરમાં જોવાનું છે અને વિચારવાનું છે. અને વિચારી વિચારીને જોવાનું છે. આપણે જ્ઞાની છીએ એ તો ભ્રમણા છે એટલે જ પ્રથમ સંબોધન અજ્ઞાનીને છે. ભીતરમાં જોઈશું તો ભિખારી જ દેખાશે. ભીતરમાં પણ એક દેખ–તો ભિખારી છે. જ્ઞાન સારું પણ જ્ઞાનનો ઘમંડ ખોટો. આ ઘમંડ જ જ્ઞાનીને અજ્ઞાની બનાવે છે. આપણી પ્રકૃતિમાં અને પ્રવૃત્તિમાં અહમ્‌નો આવિષ્કાર થાય છે. ફાંકા અને ફિશિયારી એ ધુમાડો છે પણ અગ્નિ નથી. કામ, ક્રોધ, મોહથી આપણો કિલ્લો ઘેરાઈ ગયો છે અને એમાં લાલચ નામની કદરૂપી કુંવરી ઓશિયાળી થઈને જીવ્યા કરે છે. બુદ્ધિ એ તો પ્રપંચ માટે જાણીતી છે. અને એનું કામ તો વેશ્યા જેવું છે. બુદ્ધિથી આપણે આપણને જ છેતરીએ છીએ. માનીએ છીએ કે તરીએ છીએ પણ હકીકતમાં આપણે જ પાપે ડૂબીએ છીએ. બુદ્ધિનું પ્રજ્ઞામાં રૂપાંતર થાય ત્યારે થાય.

આ કહેવાનું જ્ઞાન આપણા અસ્તિત્વને ઢંઢોળી નાખે છે. જે જ્ઞાન બીજાને થાય અને એ બીજાને પોતે જ ઉપાડવો પડે કે બીજા પાસે ઊંચકાવવો પડે તો એ જ્ઞાનનો કોઈ અર્થ નથી. આવી જ્ઞાનગઠરિયાને દાટી દેવી જોઈએ. શાણો માણસ સીસા જેવો ભારે નથી હોતો પણ ફૂલ જેવો હળવો હોય છે. અને એ જ માણસ હળવો હોય કે જે અહમ્ અને રાગદ્વેષથી વીંટળાયેલો ન હોય. આપણા રસ્તામાં આ રાગદ્વેષની ભીડ છે. એક વાર આ ભીડને વિખેરી દઈએ તો આપણને આપણો રસ્તો મળી જાય અને એ રસ્તા પર હરિવરને પણ મળવાનો ઉમળકો થાય એવો આ પંથ છે. છોડ્યા વિના કશુંયે મળતું નથી. મીરાંએ મેવાડ અને રાણાને છોડ્યા ત્યારે તો એની ભક્તિની ઉત્કટતાને કારણે મીરાં સ્વયં ગિરિધારી થઈ. ભક્તિ વિનાનું જ્ઞાન વાંઝિયું છે.

૨૪–૬–૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઈ કાલના પાગલ પવને જાહેર કર્યું છે....

ગઈ કાલના પાગલ પવને જાહેર કર્યું છે :
વૃક્ષની સાથે પ્રેમ કરવો એ એનો મૂલ-સિદ્ધ અધિકાર છે.

ભલે વૃક્ષના હજાર હજાર બાહુ છેદાયા,
ભલે વૃક્ષનાં લાખ લાખ સપનાં ખીલતાં પૂર્વે જ ખરી ગયાં,
ભલે એની છાયાઓ છિન્નવિચ્છિન્ન થઈ ગઈ,
પણ એ બધું સાચું હતું, માત્ર ગઈ કાલ માટે જ !

આજે તો પેલો અલગારી પવન આવી લાગ્યો છે,
મીઠો મીઠો તડકો અને મીઠી મીઠી ઝરમર લઈને !
આજે તો પવન અને પ્રકાશ
– બંનેય પ્રતિબદ્ધ છે વૃક્ષના લીલાછમ ભવિષ્ય માટે !

વૃક્ષની પ્રત્યેક પાંદડીની આંખમાં ચમકે છે સ્વપ્નિલ આકાશ !
એના પ્રત્યેક પુષ્પમાં મઘમઘે છે પવનના સુરભિત શ્વાસ !

સમયની ગતિ હવે કેવી તો રંગીન રીતે વિસ્તરે છે
વૃક્ષની રોમાંચિત શાખા-પ્રશાખાઓ દ્વારા !

પવને ગઈ કાલે ઉન્મૂલિત કર્યાં હતાં કંઈક વૃક્ષો,
પરંતુ એ તો બનેલું સ્વયં ઉન્મૂલિત થયા પછી જ !

આજે તો એ પવન પ્રેમથી ઠર્યો છે,
કોઈ કૂંપળની સુકુમાર ટોચ પર !
આજે તો એ પવન કોઈ ફૂટતી કળીના કેસરમાં
ઊતર્યો છે હળવેકથી !
આજે તો એ પવન જ વિશ્વાસપૂર્વક જાહેર કરે છે :
એક એક પ્રસૂનમાં વનનાં વન તૈયાર થતાં હોવાનું !
વૃક્ષનું મર્મરગાન પણ એનો જ પ્રતિઘોષ કરે છે !

—ચંદ્રકાન્ત શેઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્રકાન્ત શેઠનો પોતીકો અવાજ છે. આ અવાજ પાછળ કોઈ ધાંધલ-ધમાલ, શોરબકોર, કોલાહલ કે ઊહાપોહ નથી. કોઈ ક્રાન્તિ કરવી છે, એવી સભાનતા નથી. પડઘાઓથી રમવાનો બ્રામિક આનંદ નથી. 'પડઘાની પેલે પાર' એવું એમના કાવ્યસંગ્રહનું નામ સૂચક નથી. વાદ કે વિવાદના વાવટા ફરકાવવાનો મોહ નથી. આંદોલનો જગાડવાની સ્પૃહા નથી. પોતાના નામની પેઢી ચાલે એવી ઝંખના નથી. આ બાબતમાં એ રામનારાયણ પાઠક જેવા છે.

પવનનો ને વૃક્ષનો નાતો જન્મસિદ્ધ નહીં પણ મૂલસિદ્ધ છે. પવન નિરાકાર છે, વૃક્ષને આકાર છે. વૃક્ષનાં મૂળિયાં છે અને પવનને મૂળથી ફળ સુધી વૃક્ષ સાથેની પ્રીતિ છે. વૃક્ષો કપાય છે. કાગળ માટે, ફર્નિચર માટે, ઈંધણ માટે, ઇમારતો માટે... કપાયેલાં વૃક્ષો એ ગઈ કાલની વાત છે. એક વૃક્ષ કપાતાં કેટલાંયે સપનાંઓ સરી જાય છે, કેટલીયે છાયાઓ છિન્નભિન્ન થઈ જાય છે, પણ પવન છે અલગારી ફકીર. આવારા મસીહા. એ તો વૃક્ષ વિના જીવી ન શકે. એ જીવે છે અને જિવાડે છે. એની પાસે મુલાયમ તડકો છે અને ભીની ઝરમર છે. વૃક્ષ પાંદડીમાં આકાશ મૂકે છે, પુષ્પના શ્વાસને સુરભિત કરે છે, એની શાખાઓને રોમાંચિત કરે છે. પવન કયારેક ઉન્મૂલનમાં નિમિત્ત બને છે, પણ એ તો જાણે કે ગઈ કાલની વાત. પવનને તો વૃક્ષ સાથે જન્મોજન્મની પ્રીતિ. કવિએ પવનને પાગલ કહ્યો છે. આ પાગલપન પ્રેમનું છે. ગઈ કાલનો પાગલ પવન આજે કંઈક શાણો થયો છે. હવે એ વાવાઝોડું નથી થતો, પણ ફૂંપળની ટોચ પર પ્રેમથી ઠર્યો છે. કળીમાં હળવેથી સર્યો છે. હવે એ આત્મ-વિશ્વાસથી કહે છે કે હવે એક એક ફૂલમાં વનનાં વન તૈયાર કરીશ. ગઈ કાલનો પાગલ પવન આજે ધાયલ થઈને જાહેર કરે છે અને એની વાતને વૃક્ષનું મર્મરગાન દોહરાવે છે.

૨૫-૯-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

એક જ જવાબ દે મારો એક જ સવાલ છે,
આ મારા પ્રેમ વિશે તારો શું ખ્યાલ છે.

વર્તમાનમાંથી નીકળી ભાવિ તરફ જવું,
બાકી કશી જીવનની ગતિ છે ન ચાલ છે.

આ આજના ભરોસે મને માન આપ ના,
કોને ખબર કે શું મારી આગામી કાલ છે.

પૂરાં કરો વચન જે દીધાં આજકાલનાં,
મારીય જિંદગાની હવે આજકાલ છે.

બસ એક નજર સચેત – તો વૈભવ બધા મળે,
બસ એક નજર ચૂકો તો બધું પાયમાલ છે.

એવા કોઈ વિરાટની સંગત મળે તો વાહ,
જે પોતે દીન હોવા છતાં પણ દયાલ છે.

—મરીઝ

ગુજરાતી ગઝલની વાત કરીએ અને મરીઝનું નામ દઈએ ત્યાં તો આપણું મોઢું ભરાઈ જાય એટલું મોટું એનું કામ છે. ગુજરાતી ગઝલમાં આટલી સ્ફટિક-નિર્મળ સરળતા અને ગૌરવ અને છતાંયે એનો ધ્વન્યર્થ જળવાઈ રહ્યો હોય એવું ભાગ્યે જ બને. મરીઝ આવો ચમત્કાર કરી શકે છે. કોઈ પણ વ્યક્તિ ગળાબૂડ પ્રેમમાં હોય, ત્યારે એને એક જ ઝંખના હોય કે સામી વ્યક્તિ પણ પોતાને એટલી ઉત્કટતાથી ચાહે છે કે નહીં; અથવા તો પોતે જેને પ્રેમ કરે છે એ વ્યક્તિને આ પ્રેમ વિશે શો ખ્યાલ છે? એક જિદ્દી બાળક જેમ વહાલથી અને હઠથી અને અધિકારથી કશુંક માગે એમ કવિ કહે છે: 'એક જ જવાબ દે, મારો એક જ સવાલ છે; આ મારા પ્રેમ વિશે તારો શો ખ્યાલ છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગઝલની મજા એ છે કે એનો પ્રત્યેક શેર જાણે કે આપણે એક પછી એક ગલી વટાવતા હોઈએ અને પ્રત્યેક શેર આગળ જાણે કે રાજમાર્ગ ઊઘડતો હોય એવો અનુભવ સમર્થ શાયર આપ્યા વિના રહેતો નથી. ગઝલ એ કમનીય સ્વરૂપ છે. એમાં કશું પણ થઈ શકે, એમાં ચિંતા હોય, ચિંતન હોય, ઇશ્કની મુલાયમ વાતો હોય, વેદનાના પહાડો હોય, ઈશ્વરના અણસારા હોય. કંઈ પણ હોઈ શકે. દરેક શેર સ્વતંત્ર. એનું તંત્ર બંધાયેલું હોય, કેવળ રદીફ-કાફિયાથી.

આપણે એમ કહીએ છીએ કે જીવનની ગતિ છે કે ચાલ છે. જીવનની ગતિ કે ચાલ હોય કે ન હોય પણ કાળ તો વહેતો જ હોય છે. કાળના આપણે ટુકડા પાડ્યા. કાળની ગતિ એટલે શું? વર્તમાનમાંથી ભાવિ તરફનું પ્રયાણ. આજનો પણ ભરોસો કરવા જેવો નથી. આ પળ પછીની પળ કઈ હશે એ કોઈને ખબર નથી. આજે તું મને માન આપે અને જે કારણસર માન આપે એ હું આવતી કાલે હોઉં પણ ખરો અને ન પણ હોઉં. આન્દ્રે જિદનું એક વાકય છે: Call no man happy till he dies. એક વાર વચન આપ્યાં છે એ તો પૂરાં કરો. આ વચન આજકાલનાં છે અને મારી પોતાની જિંદગી પણ આજકાલ પૂરતી જ છે. પૂરા ચૈતન્યથી જીવે છે કોણ? સચેત નજર હોય તો જ વૈભવ પ્રાપ્ત થાય. જો એક નજર ચૂકી ગયા તો નરી પાયમાલી. શેકસપિયરે કહ્યું છે કે દરેક મનુષ્યના જીવનમાં એક વિરાટ મોજું આવે છે. જો માણસની સચેત નજર હોય અને એ દ્વિધામાં ન અટવાય અને એ મોજા પર અસવાર થઈ જાય તો એ સદ્‌ભાગ્યના શિખરે પહોંચી જાય. મોટા ભાગના માણસો પરિસ્થિતિને ચર્ચાથી ચોળે છે, પણ નિર્ણય કરી શકતા નથી. આ બધા અવસર ચૂકયા મેહુલા છે, જીવનની કરુણતા એ છે કે આપણો પનારો મામૂલી સાથે, મીડિયોકર સાથે પડ્યો છે. કોઈ વિરાટની સંગત મળતી નથી. વિરાટ એ ચૈતન્યનો વિસ્તાર છે. કોઈ ઓલિયા ફકીર જેવો માણસ દુનિયાદારીની રીતે ભલે દીન હોય, પણ ભીતર કરુણાની ગંગા વહેતી હોય અને એની કૃપા, એનું દયાળુપણું જો મળી જાય તો 'વાહ' ઉદ્‌ગાર સર્યા વિના રહે નહીં.

૧-૧૦-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

અવગતની એંધાણી,
એ સંતો, અવગતની એંધાણી
કે ચાતક પીએ એહું પાણી.

રાજના રાજ એવા મેઘરાજાને ઘર
એની પરબ મંડાણી,
સોનેરી દોરથી ને હેમલા હેલથી
રૂપેરી ધાર રેલાણી :

હે સંતો, તો ય તરસ ન છિપાણી
કે ચાતક પીએ એહું પાણી !

માનસર છોડીને આવ્યો શું હંસલો
માછલીએ મન આણી !
ચતુર ચકોરની ચૂકીને ચાંદની
આગિયે આંખ ખેંચાણી !
હે સંતો, આતમજ્યોતિ ઓલવાણી
કે ચાતક પીએ એહું પાણી !

કળિયુગ કેરો વ્યાપ્યો મહિમા,
સંતની નિષ્ફળ વાણી;
દાસી ય નો'તી મનમોલમાં એ થઈ
માયા આજ મહારાણી !

હે સંતો, આવે પ્રલય લો જાણી,
કે ચાતક પીએ એહું પાણી.

—મનુભાઈ ત્રિવેદી 'સરોદ'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વીસમી સદી હોય કે એકવીસમી સદી હોય, ધર્મની ગ્લાનિ થાય અને અધર્મનો ઉદય થાય એટલે કલિયુગ કહેવાય. કળિયુગ આવે છે અને એનાં એંધાણ મળતાં રહે છે. મનુભાઈ ત્રિવેદીએ 'સરોદ'ને નામે ગીત-ભજન લખ્યાં અને 'ગાફિલ'ને નામે ગઝલો લખી. કળિયુગ એટલે શેતાનનું વર્ચસ્વ, ઇન્સાનની અધોગતિ, ભગવાનને દેશવટો; સવળું બધું સરી જાય અને અવળું માનીતું થાય. મેઘરાજાને ઘેર પરબ મંડાઈ હોય અને ચાતક એનું પાણી પીએ, એના એને ઓરતા હોય. તરસ ન છિપાતી હોય છતાંય એ રૂપેરી ધારની અવહેલના કરે એ કળિયુગનો જ પ્રભાવ અને પ્રતાપ.

આની આ જ વાતને કવિ જુદી જુદી રીતે દોહરાવીને, ભજનની પરંપરા સાચવીને આપણને આધુનિક ભજન આપે છે. હંસ જ્યારે માનસર છોડી દે અને મોતીને બદલે માછલીમાં એનું મન ભરાઈ જાય, ચકોર અને ચંદ્રનો સંબંધ દંતકથા થઈ જાય અને એ ચકોરનો જીવ આગિયામાં અટવાય એ આતમજ્યોતિ ઓલવાઈ છે એની જ સાક્ષી પૂરે છે. કળિયુગમાં સંતની વાણીનાં કોઈ ફળ હોતાં નથી. કહેવાતા સંતોનું ફાડિયારું ઊભરાય છે. દાસી મહારાણીનું પદ પામે છે. સંવાદને સ્થાને વિસંવાદો સર્જાય છે અને આવા પ્રલયનાં પૂર આવતાં હોય ત્યારે કળિયુગના જ ડંકા વાગતા હોય છે.

ભજનની સરળતા, સોંસરવાપણું, તીર જેવી સીધી ગતિ અને એકની એક વાતને ચતુરાઈ કે ચબરાકી વિના મલાવો કરીને મૂકવાની ત્રેવડ કવિના કવિકર્મનો ખ્યાલ આપે છે.

૧-૧૦-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હથોડી

જૂના પુરાણા દેવોને
મેં જતા જોયા છે
અને નવા દેવોને આવતા.

પ્રત્યેક દિવસે
અને વરસે વરસે
મૂર્તિઓ પડે છે
અને પ્રતિમાઓ ઊભી થાય છે.

આજે
હું હથોડીની ભક્તિ કરું છું.

—કાર્લ સૅન્ડબર્ગ

કાર્લ સૅન્ડબર્ગ અમેરિકાનો કવિ. આ નાનકડા કાવ્યમાં એક રીતે જોઈએ તો સમગ્ર માનવજાતનો ઇતિહાસ અને એની વૃત્તિ-પ્રવૃત્તિ તથા ઉત્થાનની વાત છે. કશુંક નવું પામવું હોય, તો જૂનાને જતા કરવાની તૈયારી હોવી જોઈએ. સુરેશ જોષીએ આ વાતને ધર્મના સંદર્ભમાં સરસ રીતે કહી છે: પરંપરાથી મારા ખભા પર એટલાં દેવદેવીઓ બેઠાં છે કે એ ઊતરે પછી હું મારો ભગવાન શોધી શકું. નવા બંગાળી કવિઓ ટાગોરને મનોમન ચાહતા હતા, પણ ટાગોરની પ્રતિમા એવી હતી કે જ્યાં સુધી એ પ્રતિમાનું ખંડન ન કરે ત્યાં સુધી નવા કવિઓની પ્રતિમા ઊપસે નહીં. કયારેક આવી બાબતમાં સમયનો તકાજો હોય છે, પણ ગમે એટલું કરો તોપણ કાળે ટાગોરની પ્રતિમા અખંડ રાખી છે. આડ વાત છે. તો પણ આ વાત કાવ્યના સંદર્ભમાં જોવા જેવી હતી એટલે કરી.

મધ્યકાલીન કવિતામાં અખાએ ક્રિયાકાંડી ધર્મની પ્રતિમા તોડી. આ અનિવાર્ય હતું. આવી પ્રવૃત્તિ સમાજના અનેક સ્તર પર થતી રહે છે અને થતી રહેવી જોઈએ. આપણા કવિ સુન્દરમે એક કાવ્યમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જ વાત કહી છે : 'ઘણું કે ઘણું ભાંગવું, ઘણુ ઉઘાવ મારી ભુજા.' સંહારમાંથી નવસર્જન કરવાની વાત છે. દાયકે બે દાયકે નવા નવા નાયકો રાજકારણની રંગભૂમિ પર આવે છે અને જાય છે અને પોતે મોટા દેવતા હોય એવી વ્યક્તિપૂજા પામે છે. નાયક અને પ્રજાની આ મનોવૃત્તિ રહેવાની. સમય સમયનું કામ કરે છે. પુરાણા દેવો વિદાય થાય છે, ભક્તિ જરી-પુરાણી થાય છે. નવા દેવો આવે છે. એની વાહવા અને આરતીપૂજા થાય છે. આ પૂર પણ ઓસરે છે. આજે જે નવું છે તે આવતી કાલે જૂનું થાય છે. જૂનું અળખે પડે છે અને નવાનો મોહ જાગે છે. આ મોહને કારણે જૂના પ્રત્યે દ્રોહ જાગે છે. આ દ્રોહ કયારેક વિદ્રોહમાં તો કયારેક ક્રાન્તિમાં પરિણમે છે. મૂર્તિઓ પડતી જાય છે, પ્રતિમાઓ ઊભી થતી જાય છે. મૂર્તિઓ ભાંગેલાં પૂતળાં થાય છે. પ્રજામાં ભક્તિની સ્ફૂર્તિ રહેતી નથી. કવિને પડતી મૂર્તિઓ અને ઊપસતી પ્રતિમાઓ માટે વિરોધ છે અને એટલે જ અન્ડરલાઇન કરી છેલ્લે કહે છે : 'આજે હું હથોડીની ભક્તિ કરું છું.'

૮-૧૦-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવી કસૂર

કળીને કહેવું કે મ્હેક દૂર વહી જાય નહીં,
જીવ મારા! આવી કસૂર કદી થાય નહીં!

ચાંદાની ચાંદનીને ન્યાળીને ઊછળે છે
સાગરનાં ફાળ ભરી પાણી;
આભમાં છવાયેલી ઘેઘૂર ઘટાને જોઈ
થનગનતી મોરલાની વાણી.

પંચમી વસંતની ત્યાં કહેવું કોકિલને
કે કંઠની કટોરી છલકાય નહીં
જીવ મારા! આવી કસૂર કદી થાય નહીં!

સ્હેજે ના જાય સરી છેડલો, રે એમ કરી
અંગ અંગ ચપોચપ વ્હેરિયું;
પણ વ્હેતા આ વાયરામાં ઊડ્યા વિના તે રહે
કેમ કરી ભાતીગળ લ્હેરિયું?

પંખીની આંખમહીં આખુંયે આભ
ત્યાં કહેવું કે ઊંચે ઉડાય નહીં;
જીવ મારા! આવી કસૂર કદી થાય નહીં!

મહેકવું એ કળી–ફૂલનો સ્વભાવ છે, એની પ્રકૃતિ છે. કોઈની પ્રકૃતિની આસપાસ આપણી ઇચ્છા કે અનિચ્છાના સળિયા મુકાય નહીં. મૂકવા જઈએ તો એ ભૂલ કહેવાય. જે સ્વાભાવિક છે, એને એની રીતે વહેવા દેવું જોઈએ, રહેવા દેવું જોઈએ. આકાશમાં ચંદ્ર ઊગે, ચાંદની પથરાય, તો સાગર જેવો સાગર ઊછળ્યા વિના કેમ રહી શકે? ન ઊછળે તો જ વિકૃતિ. આકાશમાં ઘેઘૂર ઘટા છવાઈ હોય, તો મોરલાની વાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થનગન્યા વિના કઈ રીતે રહી શકે? આવા વાતાવરણમાં મોરલાને ગહેકવાની મનાઈ કરવી એ એની ડોક મરડવા જેવું ક્રૂર અને ઘાતકી કામ છે. વસંતપંચમી હોય ત્યારે કોકિલને કહી તો જુઓ કે તારી કંઠની કટોરી ન છલકાવ! મનુષ્યો અંદર અંદર તો પોતાના રાગદ્વેષ અને અહંકારને કારણે એકમેકની ગતિને રૂંધતા આવે છે. પોતાની ઇચ્છા પ્રમાણે જ વિકાસ કે વિનાશ થવો જોઈએ, એવો આગ્રહ – દુરાગ્રહ રાખતા આવે છે અને અંતે વ્યક્તિત્વને મૂઠ મારેલા ઝાડ જેવું કરી મૂકે છે.

ગીતના મુખ્ય ભાવને જુદાં જુદાં પ્રતિરૂપ દ્વારા વર્તુળાકાર ગતિએ વિકસાવવાનો પ્રયત્ન કર્યો છે. પહેલા અંતરામાં કેવળ પ્રકૃતિની વાત છે. બીજા અંતરામાં પ્રકૃતિ અને માનવ-પ્રકૃતિની વાત છે. કોઈક સ્ત્રીએ પોતાનો છેડલો સહેજ પણ ન સરી જાય એમ પૂરેપૂરી સાવધાનીથી ચપોચપ વસ્ત્રો પહેર્યાં હોય, પણ જ્યારે વહેતા વાયરાનો મુકાબલો કરવાનો આવે ત્યારે ભાતીગળ લહેરિયું ઊડ્યા વિના તો કેમ રહે? કોઈક પંખી પોતાની આંખમાં આખ્ખું આકાશ સમાવીને પાંખનો પહેલો ફફડાટ કરે ત્યારે એ પંખીને ઊડવાની મના કરવી એ એની અપેક્ષા પર અજગર વીંટવા જેવી વાત છે.

૮-૧૦-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમણું

ફૂલ અને ઝાકળની વચ્ચે સમણું મારું બેસે જી,
ચાંદરણાનો ગ્રહી છેડલો સરવર જલે પ્રવેશે જી.

ગગન ઊઘડે, કળી ઊઘડે, દ્વાર ઊઘડે મનનાં જી,
હળવે હળવે નેણ ખોલતાં ઊઘડે મારાં સમણાં જી.

કોઈ છીપને ભેટી મોતી બહાર અર્ધાં ટમકે જી,
મનની ડાળે ડાળે સમણાં લૂમખે ઝૂમખે ચમકે જી.

એક આંસુમાં ડૂબે એવું સમણું નાનું નમણું જી,
એક ફૂલમાં ફાગણ માણે રૂપ ધરી પલ પલનું જી.

ફૂલ અને ઝાકળની વચ્ચે સમણું મારું રમતું જી,
ચાંદરણાંને ભરી ભરીને મનમાં હળવું ઝમતું જી.

—ચંદ્રકાન્ત શેઠ

કેટલાંક ઊર્મિગીતો વાંચીએ ત્યારે મનમાં રહી રહીને પ્રશ્ન થાય કે કવિને આ પંક્તિ કઈ રીતે સૂઝી હશે? વિસ્મય અને લયનો સમન્વય કઈ રીતે થયો હશે? ફૂલ પર ઝાકળ બેસે એ તો પ્રકૃતિની જાણીતી વાત. આ જાણીતી વાતની વચ્ચે કવિ કોઈ અજાણ્યો પ્રદેશ આપણને શોધી આપે છે. ફૂલનું આયુષ્ય ઝાઝું નથી હોતું અને ઝાકળનું આયુષ્ય તો એનાથીયે ઓછું હોય છે. મનુષ્યનું આયુષ્ય પણ મર્યાદિત હોય છે; પણ મનુષ્યનાં સમણાંઓનું આયુષ્ય જાણે કે અનંત હોય છે. કવિએ ફૂલ અને ઝાકળની વચ્ચે સમણાને ક્ષણના બાજઠ પર બેસાડ્યું છે અને પછી એની ગતિલીલા આંકી છે. આ સમણું બેસે ન બેસે ત્યાં તો બાળક જેમ માનો છેડો પકડીને આગળ વધે એમ ચાંદરણાનો છેડો લઈને ઝાકળ સરોવરના જળમાં પ્રવેશે છે. જ્યોતમાં જ્યોત મળે એમ જળમાં જળ મળી જાય છે. સમણાની સાથે કેટલું બધું ખૂલતું આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે : ગગન કળી અને મનનાં દ્વાર. આંખને પણ હવે ઉંઘના આગળા ખપતા નથી. માણસ પાસે પોતાનું કહી શકાય એવું એક જગત છે અને એ જગત સપનાનું. છીપને ભેદીને મોતી બહાર આવે એમ સપનાંઓ ઘૂમખે–ઝૂમખે ચમકે છે.

સપનાં સફળ પણ થાય, સપનાં નિષ્ફળ પણ જાય. સફળ થાય પછી સપનાં સપનાં રહેતાં નથી. આપણાં સપનાંનું ગજું અલ્પ પણ છે અને અનલ્પ પણ છે. આપણું નાનું અમથું સમણું આંસુમાં ડૂબી જાય છે અને સપનાં સાકાર થાય છે ત્યારે જાણે કે એક ફૂલમાં ફાગણનો ફાલ આવ્યો હોય એવી પળેપળ મળે છે. ફૂલ અને ઝાકળની વચ્ચે સમણું રમ્યા કરે છે અને આપણા જ ચિત્તમાં ચાંદરણાને ભરીને ઝમ્યા કરે છે. આ સાથે એક બીજું કાવ્ય પણ જોવા જેવું છે :

સપનાંને હોય નહીં માઝા !
રે તોય મારાં સપનાં ઓછાં છે ! નથી ઝાઝાં !

મળે નાનકડી કેડી
લઉં શિશુસમ તેડી;
આપણું જ રાજ અને આપણે જ રાજા !

પ્રાણભરી પ્રીત મળે
ગાવાને ગીત મળે;
હોઠ પરે સ્મિતતણાં ફૂલ ખીલે તાજાં !

૧૯-૧૦-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સર્જનનો ચમત્કાર

ફૂલ ફૂલમાં બીજ વસે છે : બીજમાં મ્હોરે ઝાડ.
વૃક્ષ વૃક્ષમાં અહો વિસ્તરે કાષ્ઠતણો ઉઘાડ.

અને લાકડે બળતો અગ્નિ : અગ્નિમાં પીગળે પાષાણ.
પથ્થરમાં લોખંડનું વર્તુળ ઘૂમી રહ્યું એ જાણ.

વર્તુળમાં તો વસી રહ્યો છે એક જ અક્ષર ૐ
અને ૐમાં આંખ : આંખમાં દરિયો તરતો પૂરે જોમ.

દરિયામાં આકાશ અને આકાશે સૂરજ ઝળકે
અને સૂરજમાં સોનાનું પંખી પીંછેપીંછે મલકે

પંખી ભીતર ધબકે હૈયું : વહે હૃદયથી ગીત
અને ગીતમાં એક જ શબ્દ : વહી રહે સંગીત.

અને શબ્દમાં બોલે દુનિયા : ખૂલે શબ્દ આનંદ :
વિશ્વતણી આ વ્યથા કથામાં પ્રેમ તણો આક્રંદ.

હે મારા પ્રિય, મારા પ્રિયતમ એમાં દુનિયા મ્હોરે
અને સૃષ્ટિ પર સૂરજનાં કિરણ મન ભરીને ફોરે

અને સૂરજમાં બળતો અગ્નિ : હૈયું મારું બાળે
અને ભીતરમાં પંખી જાગે આંખોને અજવાળે

અને આંખમાં પૃથ્વી પોઢી : દરિયો ને આકાશ,
પૃથ્વી, આકાશ અને દરિયામાં વસ્યો ૐનો શ્વાસ,
જેમ હોય છે ફૂલફૂલમાં બીજનો અનંત નિવાસ.

—કેથેલિન રેઇન.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેથેલિન રેઇન બ્રિટિશ કવયિત્રી, પણ એના સંસ્કાર ભારતીય હોય એવી પ્રતીતિ મને અવારનવાર થતી રહી છે. આ કાવ્ય એનું સાક્ષી છે. કવિને તો સર્જન એ જ ચમત્કાર લાગે, પણ કવિ આ ચમત્કારને માત્ર શબ્દમાં જોતાં નથી, પણ સમગ્ર સૃષ્ટિની જે અનંત લીલા વિસ્તરે છે એમાં અનુભવે છે ને એને શબ્દ દ્વારા પ્રગટ કરે છે.

સૃષ્ટિના લયબદ્ધ અમૃતચક્રને કવયિત્રીએ કેવી આબાદ રીતે પ્રગટ કર્યું છે તે જોઈએ : ફૂલમાં બીજ, બીજમાં ઝાડ, ઝાડમાં લાકડું, લાકડામાં અગ્નિ, અગ્નિમાં પાષાણ અને લોખંડને પિગળાવવાની તાકાત, લોખંડના વર્તુળમાં ઓમ્, ઓમ્માં આંખ, આંખમાં દરિયો, દરિયામાં આકાશ, આકાશમાં સૂરજ, સૂરજમાં પંખી, પંખીમાં ધબકતું હૃદય, હૃદયમાં ગીત, ગીતમાં શબ્દ, શબ્દમાં સંગીત, શબ્દ દ્વારા સૃષ્ટિને મળતી વાચા, આ શબ્દમાં આનંદ, આ શબ્દમાં પ્રેમની વ્યથા, કથા અને આક્રન્દ. આ શાપિત પ્રેમમાં પણ મહોરતી દુનિયા, એના પર ફોરતાં સૂરજનાં કિરણ, હૃદયને બાળતો સૂરજનો અગ્નિ અને છતાંયે ભીતરમાં જાગતું પંખી, આંખમાં પોઢેલી પૃથ્વી, દરિયો અને આકાશ, દરિયામાં ઓમ્નો શ્વાસ અને શ્વાસમાં ફૂલ અને બીજનો શાશ્વત નિવાસ. બિનઅંગતનું એક વર્તુળ અને એ વર્તુળની સાથે અંગત લાગણીનું વર્તુળ અને અમૃતચક્ર ને વિષચક્ર એકમેક સાથે છેદાતાં ભેદાતાં રહે તો પણ, હૃદની વાત હોય તો પણ અનહદનો સંકેત એ આ કાવ્યની રિદ્ધિસિદ્ધિ છે.

૬-૧૧-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાગર અને શશી

આજ, મહારાજ! જલ પર ઉદય જોઈને
ચંદ્રનો હૃદયમાં હર્ષ ન માયે,
સ્નેહઘન કુસુમવન વિમલ પરિમલ ગહન,
નિજ ગગનમાંહી ઉત્કર્ષ પામે;
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

નવલ રસ ધવલ તવ નેત્ર સામે!
પિતા! કાલના સર્વ સંતાપ શામે!

જલધિજલદલ ઉપર દામિની દમકતી
યામિની વ્યોમસર માંહી સરતી;
કામિની કોકિલા કેલિ કૂજન કરે,
સાગરે ભાસતી ભવ્ય ભરતી;
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!
તરલ તરણી સમી સરલ તરતી,
પિતા! સૃષ્ટિ સારી સમુલ્લાસ ધરતી!

—કાન્ત

કાન્તે 'ઉપહાર' નામના સૉનેટમાં એક પંક્તિ લખી છે: 'ઠરી સ્થાને સ્થાને કુદરત બધીને અનુભવી.' આ પંક્તિ કાન્તની કાવ્યકળાને સમજવા માટે ઉપકારક થઈ પડે એવી છે. કાન્ત સાચા અર્થમાં ઠરેલ કવિ છે, કુદરતના અંશને નહીં પણ એની અખિલાઈને અનુભવે છે. 'સાગર અને શશી' એક એવું ઊર્મિકાવ્ય છે કે સમગ્ર ગુજરાતી સાહિત્યમાંથી જો પાંચદસ ઊર્મિકાવ્યો પસંદ કરવાનાં હોય તો આ કાવ્ય વિના ચાલે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચંદ્ર સાગર જેવા સાગરને ખળભળાવી શકવાની ક્ષમતા ધરાવે છે. સંવેદનશીલ કવિ આમ પણ ચંદ્રની અસર તળે તો હોય જ છે, પણ સાગર અને શશીનું આ દૃશ્ય કવિ પાસે એક વૈશ્વિક કાવ્ય રચાવે છે. જળ પર ચંદ્રનો ઉદય અને કવિના ગગનમાં 'સ્નેહઘન' અને 'કુસુમવન' — આકારની બે સૃષ્ટિ વચ્ચે 'વિમલ પરિમલ ગહન' — નિરાકારનો ઉદય નિરૂપ્યો છે. અહીં પણ કવિએ 'હર્ષ જન્મે' એ શબ્દપ્રયોગ કર્યો છે. આ 'જન્મે' શબ્દ પણ 'ઠરી' જેવો શબ્દ છે. કાન્તમાં સ્વસ્થતા અને સંયમ દેખાઈ આવે એવાં છે. ગઈ કાલના બધા સંતાપ શમે એવું વાતાવરણ છે. ચાંદનીને કારણે બાહ્ય સૃષ્ટિનો તાપ શમે છે અને નિજગગનમાં ઉદય થયો છે એને કારણે ગઈ કાલના અને આવતી કાલના સંતાપ શમી ગયા છે. સ્મરણનો ઓથાર નથી અને ચિંતાનો ચકરાવો નથી. ચંદ્ર ઈશ્વરના ધવલ નેત્ર જેવો — સ્વચ્છ નેત્ર જેવો છે.

કાવ્યને વૈશ્વિક એટલા માટે કહ્યું કે આખો જલધિ કોઈ પુષ્પદલ જેવો છે. એના ઉપર દામિનીનું તેજ છે. વ્યથા હતી, ત્યારે રાત કેમેય વીતતી નહોતી, હવે યામિની વ્યોમસરમાં સરે છે. સાગરનો અનંત ધુધ-વાટ, એની પડખે કામિની કોકિલા કેલિકૂજન નરવા અને સરવા ઠાનની પ્રતીતિ કરાવે છે. અહીં સમગ્ર સૃષ્ટિની વાત છે. અને વ્યષ્ટિ અને સમષ્ટિના સંવાદની વાત છે. આખી સૃષ્ટિ તરલ તરણી જેવી સરલ રીતે અનાયાસે, આ કાવ્યની [જેમ જ સરી રહી છે. સંબોધન ઈશ્વરને છે, પણ એમ કહેવું જોઈએ કે કવિએ ઈશ્વરની સાક્ષીએ પોતાની આંતરસૃષ્ટિ પ્રગટ કરી છે. આના વિરોધમાં, આજનો કવિ કેવી રચના કરે એ એક ઉદાહરણ રૂપે —

સાગર અને શશી ?

આ આંખો તે કોને છેતરતી આવી?
ચંદ્ર ઊગ્યો ને મૃગજળમાં ભરતી આવી!

તૂટેલી ડાળ પર ટહુકી કોયલ
એને સાંભળવા કાગડાઓ ભેગા થયા,
પ્લાસ્ટિકના સિંહ હવે તાળીઓ પાડે
ને ઘાસના કોળિયાઓ એંઠા થયા;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે બકરીઓ બહાદુરી કરતી આવી,
આ આંખો તે કોને છેતરતી આવી ?

ઈશ્વર પણ રેતીમાં રમતો ચોપાટ
અને માણસની જેમ પીએ દારૂ,
દામિની દમકે છે મીણબત્તી જેમ
તોય વરસે અંધારું એકધારું.
સૃષ્ટિ મચ્છીની જેમ તરફડતી આવી;
ચંદ્ર ઊગ્યો ને મૃગજળમાં ભરતી આવી.

૬-૧૧-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એલિયટ

યુરોપની એ ઊષર ભૂમિ : ઉજ્જડ પટ બેફામ
સ્થિર કલમ ત્યાં ઠરી : જેનું ટી. એસ. એલિયટ નામ.

અરાજકતા યાંત્રિકતાને વીણી વીણીને વણી
જંગલી આ સંસ્કૃતિ : એને નહીં ધાર નહીં અણી.

ઇંગ્લેન્ડ કે ન્યૂ ઇંગ્લેન્ડ એ તો કહેવા પૂરતા દેશ
તમે લીધો છે વિશ્વની સાથે હર્યોભર્યો આશ્લેષ.

અને છતાં એકાકી : નહીં હળવું નહીં ભળવું
અંતરના આ નિર્જન વનમાં, એકલપણે રઝળવું.

સાધ્વી જેવી સાંજ નહીં : આ સાંજ હવે બેભાન
રોમેન્ટિક કોઈ રાત નહીં
ચમચીઓના માપે માપે આયુષ્યો અણજાણ

માણસ દોડે, ટૅક્સી હાંફે કયાંથી આવે ને કયાં કયાં જાય ?
પરિઘ ઉપર ફરનારા વિશે કશુંય નહીં કહેવાય.

કવિતા લખવી સાહસ એમાં નહીં હસાહસ હોય
ટી. એસ. એલિયટ જેવા કવિ સૈકે પાકે કોય.

કવિતાનીય સૃષ્ટિમાં છે કોયલ, બુલબુલ, બાજ
તમે બધુંયે પરહરી, શોધ્યો ત્રીજો અવાજ.

રેઢિયાળ દલીલો જેવી ગલીઓ : એમાં કલમ ન ઘૂમે
પાતાળને સ્પર્શીને એ તો આસમાનને ચૂમે.

આકાશમાં તો યુદ્ધ ધુમાડા, એમાં શોધ્યો પાવક
તમે કવિ છો : તમે મહર્ષિ : નવ્ય કાવ્ય વિધાયક.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યક્તિ વિશે કાવ્યો લખવાં એ ઘણું મુશ્કેલ કામ છે. મુશ્કેલ છે એટલે જ કરવા જેવું છે. પ્રેરણાથી કવિતા પ્રગટે છે, એ સ્વીકારી લઈએ તો પણ કેવળ પ્રેરણાથી કવિતા પ્રગટ થતી નથી, એ પણ સ્વીકારવું જોઈએ. ભીતરની સજ્જતા એ કદાચ સૌથી મોટી વસ્તુ છે. સજ્જતા એટલે કેવળ કસબ નહીં. કોઈ કે કહ્યું છે કે કસબ એ એના ઊંચામાં ઊંચા અર્થમાં સચ્ચાઈનો પર્યાય છે — સંનિષ્ઠાનો પર્યાય છે. કાવ્યનો અનુવાદ કરીએ ત્યારે જેમ કાવ્યને આત્મસાત્ કર્યું હોય ને પછી અનુવાદ કરીએ, તો એ અનુવાદ કેવળ તરજુમો ન રહે. વ્યક્તિ વિશે કાવ્ય લખવું એટલે એના આંતરબાહ્ય વ્યક્તિત્વને — એની કર્મભૂમિને આત્મસાત્ કરવા જેવું કામ છે. કવિતાના તંત્રી તરીકે જ્યારે જ્યારે કોઈ વિશેષ અંકો પ્રગટ કર્યા છે ત્યારે મેં મારી સજ્જતાને કામે લગાડી છે, એનાં ઉત્તમમધ્યમ પરિણામ પણ આવ્યાં હશે. પણ પરિણામના ભયે કામ કરવાનું ટાળ્યું નથી.

ટી. એસ. એલિયટ એટલે વીસમી સદીનો મહાન કવિ. નોબેલ પારિતોષિક મળ્યું એટલે મહાન નહીં, પણ મહાન હતો એટલે નોબેલ પારિતોષિક મળ્યું. આખી સંસ્કૃતિ ઊપર ભૂમિ છે એનો સંકેત એના ધ વેસ્ટલેન્ડ કાવ્યમાં મળે છે. એલિયટનો આક્રોશ આવેશમાંથી નહીં, પણ ઠરેલપણામાંથી પ્રગટે છે. યાંત્રિકતાને કારણે અરાજકતા છે, અને આ સંસ્કૃતિ કહેવાતી સંસ્કૃતિ છે, જંગલી છે; પણ જંગલી સંસ્કૃતિમાં જે ધારદારપણું હતું એ પણ એમાં નથી. આપણી સંસ્કૃતિ તો ખુટ્ટી સંસ્કૃતિ છે. એલિયટ ઇંગ્લેન્ડના કે અમેરિકાના? એવા વિવાદને સ્થાન નથી. મહાન કવિ સમગ્ર વિશ્વના હોય છે. એલિયટના સંદર્ભમાં વિશેષ સાચું એટલા માટે છે કે જગતની અદ્યતન કવિતા પર કયાંક ને કયાંક એની પ્રતિભાના છાયાપડછાયા પડ્યા છે.

લંડન જવાનું થયું ત્યારે અનેક કવિઓને મળવાનું થયું હતું. હું ઘણાને પૂછતો હતો કે એલિયટ સાથેનાં કોઈ સંસ્મરણો છે? મોટા ભાગના કવિઓ કહેતા, He was a private person. કદાચ એ ખૂબ જ એકલવાયા હોવા જોઈએ. વર્ડ્ઝવર્થની કવિતામાં 'સાંજ સાધ્વી જેવી છે.' એલિયટની કવિતામાં 'સાંજ દરદીની જેમ બેજાન છે.' એલિયટ કવિતામાં વીસમી સદીના મનુષ્યોને માપી લે છે. મનુષ્યની જિંદગી કૉફીની ચમચીથી માપી શકાય એવી છે. માણસો દોડતા હોય છે. ટૅક્સી હાંફતી હોય છે. માણસોના આ ધોધ કયાંથી આવે છે ને કયાં જાય છે એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ ખબર નથી. કેન્દ્રબિંદુ વિનાના માણસો પરિઘ પર ફરે છે. એલિયટે કવિતામાં ત્રીજા અવાજની વાત કરી છે. એટલે કે નાટકની વાત કરી છે. અમુક તબક્કે કવિએ લિરિકને છોડી દેવાં જોઈએ. આપણે ત્યાં પણ કહેવાયું છે કે નાટક એ કાવ્યની પરાકાષ્ઠા છે. યુદ્ધના ધુમાડાઓની વચ્ચે રહીને પણ આ કવિએ કવિતા દ્વારા, વિવેચન દ્વારા પ્યોર ફાયર — પાવકને તલાશ્યો હતો. ઋષિની કક્ષાના આ કવિ નવ્ય કાવ્યસૃષ્ટિના વિધાયક છે.

૧૨-૧૧-૧૯૯૦

"Forwarded Free of Cost, And With The Compliments of the Department of Education Government of India, New Delhi."

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મોસમ

મારે માટે જીવ
પવને કહ્યું
મારે માટે જીવ
વરસાદે કહ્યું
મારે માટે જીવ
રાત્રિએ કહ્યું.
મેં માથું નમાવ્યું
ને કૉલર ઊંચો કર્યો.

— ડેવિડ ઇગ્નાતો

ડેવિડ ઇગ્નાતો અમેરિકન કવિ છે. કયારેક દીર્ઘકાવ્ય લખે છે, પણ એનાં નાનાં કાવ્યો પણ દીર્ઘજીવી હોય છે. ઓછામાં ઘણું કહેવાની આવડત આ કવિના શબ્દ પાસે છે. કવિના શબ્દનું કામ સંવેદનાને ઝંકૃત કરવાનું અને સંકેતો આપવાનું છે. એક રીતે જોઈએ તો કવિતા એ બીજું કશું જ નથી, પણ સંકેતની ભાષા છે. આ ભાષા પાસે કલ્પનાગર્ભ પ્રતિરૂપ અને પ્રતીકો હોય છે. કયારેક એવું પણ બને કે કવિ આ પ્રતિરૂપ, પ્રતીકને આઘાં ને અળગાં કરી, કેવળ નિવેદન કરે અને એ નિવેદન કાવ્ય થઈને ઊભું રહે.

આપણી જિંદગી એવી છે કે મરવા માટે પૂરતાં કારણો છે અને જીવવા માટે બહાનાં શોધવાં પડે. કાવ્યમાં આસપાસનો સંદર્ભ કોઈ નથી, પણ આપણે અટકળ કરી શકીએ કે કાવ્યનાયકને જીવન અબખે પડયું છે. જીવવામાંથી જીવ ઊડી ગયો છે. મનમાં આવી મોસમ આવતી પણ હોય છે. આત્મહત્યાના પણ વિચાર આવતા હશે. આવી કોઈ પરિસ્થિતિમાં પવન આવીને કહે છે કે તું મારે માટે જીવ. જીવવા માટે જીવનનું પ્રયોજન જોઈતું હોય ને કોઈક તત્ત્વ એમ કહે કે તું મારે માટે જીવ, તો એમાંથી પણ ફરી પાછો ઉત્સાહ પ્રગટે ને વિષાદ ખસી જાય. આપણા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્વાસનો આધાર જ પવન પર છે. અને એ પવન પોતે જ પ્રેરણા આપે છે. આપણા જીવનનો આધાર જળ પર છે. જીવનનો એક અર્થ જળ પણ થાય છે. વરસાદ કહે છે, મારે માટે જીવ. ખુદ અંધારઘેરી રાત પણ કહે છે, મારે માટે જીવ. વિષાદમાંથી જ પ્રસાદ પ્રગટે છે. વિષાદયોગ મોક્ષયોગ તરફ લઈ જાય છે, પણ એ મોક્ષ તે વિષાદમોક્ષ છે. કાવ્યનો અંત સૂચક છે. કાવ્યનાયક માથું નમાવે છે અને કૉલર ઊંચો કરે છે, જાણે કે જીવવા માટે ટટ્ટાર થતો હોય ને તૈયાર થતો હોય એમ. આ સાથે ગ્રીક કવિ યાનિસ રિત્સોસનું નાનકડું કાવ્ય જોવા જેવું છે.

સવાર

એણે શટર્સ ખોલ્યાં. ચાદરને બારી પર લટકાવી. દિવસને જોયો.
પંખીએ સીધું એની આંખમાં જોયું. 'હું એકલી છું'
એણે ધીમે સાદે કહ્યું
'હું જીવું છું.' તે રૂમમાં પ્રવેશી. અરીસો પોતે પણ બારી છે.
જો હું એમાંથી કૂદી પડું તો મારા જ હાથમાં પડીશ.

૧૨-૧૧-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાથી

ફક્ત એક વાર હું તારી સાથે સૂતી હતી;
કદીય જાણ્યાં નથી એવાં શયન અને પ્રેમ

માધુર્યથી ભર્યાંભર્યાં; પાછળથી સ્હેજે કડવાશ વિનાનાં.
મારે માટે તે પહેલો જ અનુભવ હતો; અને આટલી સુંવાળપથી
કોઈ ફૂલની પાંખડીઓને ઉઘાડી શકયું ન હોત,
ફૂલ ખીલી ન શકયું હોત
તારા હાથ મારા પર દૃઢ હતા : નિર્ભય
હું પડી હતી ઘેરાયેલી શાંત આનંદમાં—
ત્યાં એકાએક મારામાં કુવારો જાગ્યો.
મારા પ્રિય, વર્ષો વીત્યાં છે, આપણે પ્રૌઢ બન્યાં છીએ
ઝડપથી, પોતપોતાની રીતે, પોતપોતાના પ્રયત્ને.
હું તને જોઉં છું ત્યારે જોઉં છું એક વૃદ્ધ પુરુષ,
સ્વપ્નો વિનાનો, રોજીરોટી વિનાનો, ઓવરકોટ વિનાનો :
પણ એક જ સંઘર્ષમાં જકડાયેલાં આપણે આવ્યાં છીએ
નિકટ ને નિકટ
આપણા દેહ હજી એકમેકના આલિંગનમાં હોત તેથી વિશેષ.

—ડોરથી લાઈવસેઈ

કવિતા સિવાયનું જે કંઈ લખું છું તે ઠીક છે. પણ જ્યાં સુધી કવિતા વિષે નથી લખતો ત્યાં સુધી કરાર વળતો નથી. કવિતા હંમેશાં મારી નજદીક છે અને નજદીક વિષે લખવું મુશ્કેલ હોય છે અને છતાં પણ આ નજદીક વિષે લખું છું. દૂરથી એટલે કે તટસ્થતાથી અને છતાંય પૂરેપૂરો સંપૃક્ત થઈને.

આજે તમારી સાથે એક કવિતાની વાત કરવી છે. આ કવિતા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કનેડિયન કવયિત્રી ડોરથી લાઈવસેઈની કવિતા છે. સ્વરૂપ સોનેટનું છે. ડોરથીની કવિતામાં મને જે કોઈ તત્ત્વ ગમતું હોય તો તે પ્રસન્નતા અને પરિપક્વતાનું. કાવ્યનું શીર્ષક 'સાથી' છે. કાવ્ય વાંચીએ છીએ ત્યારે આ જીવનસાથીની વાત છે એનો ખ્યાલ સહેજે આવે. જીવનસાથી એટલે કુંઠિતવૃત્તિથી આ પતિપત્ની છે એમ જોડી ન દેવાય. કેટલાંય દંપતીઓ એવાં છે કે જે સાથે રહે છે એટલું જ બાકી એ તો સુવાસ વિનાનો સહવાસ છે. જીવન વિનાનું સહજીવન છે. આ કાવ્યમાં પ્રેમનું સંજીવન છે. બંને વચ્ચે એક જ વારનું સહશયન છે પણ ઉત્કટતા અને પ્રેમમાં અને એની પરાકાષ્ઠામાં કશોય ફેર પડ્યો નથી. મોટા ભાગના માણસો કેવળ આદતના જોરે 'repeated performances' માગતા હોય છે. અહીં એવી કોઈ વાત નથી. એક વાર જે સ્પર્શ મળ્યો છે, એક વાર જે માધુર્ય મળ્યું છે તે અમૃતકુંભ અખૂટ છે. કચાંય ઝેરની કડવાશ નથી. એક જ અનુભવ જિંદગીભર ચાલે એવો છે. આ અનુભવ કેવો તો વિરલ છે કે પ્રિય વ્યક્તિ ભરીભરી સુંવાળપથી હૃદયની પાંખડીઓને ઉઘાડી શકે છે, ફૂલને ખીલવી શકે છે. આ નજાકત પોલી કે પોકળ નથી કે પામર નથી. આ નજાકતની સાથે એક દૃઢતા પણ છે. પણ આ દૃઢતામાં માલિકીનો ભાવ નથી. પ્રેમ હોય તો ફફડાટ ન હોય. પ્રિય વ્યક્તિ નિર્ભય કરી મૂકે છે. આ વરદાન છે. ઉમાશંકરની પંક્તિ યાદ આવે છે :

"કોના સાન્નિધ્યમાં હૈયું એવું તો ખૂલી જાય છે
જેવું એકાંતમાં ખૂલે પોતાની પણ પાસ ના."

આ આનંદનું કાવ્ય છે પણ ઠરેલા આનંદનું કાવ્ય છે. શાંત આનંદનું કાવ્ય છે. પરિપક્વતાએ પહોંચેલી મુગ્ધતાનું કાવ્ય છે. પ્રસન્ન અવસ્થાનું કાવ્ય છે. આ શાંત આનંદમાંથી જ એક ફુવારો જાગે છે.

આ ફુવારો કદીયે સુકાયો નથી. સમય પણ એને સૂકવી શકયો નથી. અલબત્ત સમયે પોતાનું કામ કર્યું છે. વર્ષો વીતે છે. સમય ઝડપથી પ્રૌઢ કરી મૂકે છે માણસને. પણ કવયિત્રીએ સરસ રીતે વાત કરી છે. "આપણે પ્રૌઢ બન્યાં છીએ, પણ પોતાપોતાની રીતે, પોતપોતાના પ્રયત્ને."

આ અદ્‌ભુત નિરીક્ષણ છે. કોઈ કોઈને પ્રૌઢ કે પરિપક્વ બનાવી ન શકે. માણસે પોતે જ પોતાના પ્રયત્ને પરિપક્વ થવાનું રહે છે. એક-વારનો અનુભવ છે પણ અનેક વર્ષો સુધી ચાલે એવો. મરીઝનો પ્રસિદ્ધ શેર યાદ આવે છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

"બધો આધાર છે એનો જતી વેળાના તેવા પર
મિલનમાંથી નથી મળતા મહોબ્બતના પુરાવાઓ."

કાળ માણસને ગમે તે કરી શકે પણ પ્રેમને નહીં. કાવ્યનાયિકા કહે છે :

"હું તને જોઉં છું, તું વૃદ્ધ પુરુષ. હવે સ્વપ્નો નથી, કશું જ નથી. તું તેને ઢાંકી શકે એવો ઓવરકોટ પણ નથી, રોજીરોટી પણ નથી."

આ બધાં નથીની વચ્ચે જો કંઈ છે તો તે પ્રેમ છે. તારો અને મારો સંઘર્ષ એકજ છે. જુદો નથી. પણ આ સંઘર્ષને કારણે આપણે એકમેકથી દૂર નથી ગયાં, પણ વધુ ને વધુ નિકટ ને નિકટ આવ્યાં છીએ. નિકટતા નિકટતાને વધારે દૃઢ કરે છે. અને છેલ્લી ટોચની પંક્તિમાં કહે છે કે, "આપણે દૈહિક રીતે એકમેકના આલિંગનમાં હોઈએ એનાથી પણ વિશેષ નિકટ છીએ." અનુભૂતિની સચ્ચાઈ પરખાય અને પમાય એવું આ કાવ્ય છે. શરીરની બાદબાકી નથી કરી કે નથી કર્યો શરીરનો સરવાળો. પણ અશરીર પ્રેમનો મહિમા કર્યો છે.

ડોરથી એમનાં કાવ્યો વિષે કહે છે કે પ્રેમ અને વૈયક્તિક માનસિક સંબંધો; પછી પ્રેમીઓના હોય કે માબાપ અને સંતાનોના હોય, એ એમની કવિતાનો વિષય રહ્યો છે. પ્રેમ જ નિરામય સમાજ આપી શકે એવી એમને શ્રદ્ધા છે. યુદ્ધો કઈ રીતે અટકાવવાં જોઈએ એ એમની કવિતાની નિસ્બત છે. નવાં નવાં સ્વરૂપોના પ્રયોગો કરવામાં એ માને છે. કવિતા વાણી છે અને પ્રલાયન માટે છે. એટલે કવિતા જાહેરમાં વંચાવી જોઈએ. એમણે દસથી વિશેષ સંગ્રહો આપ્યા છે. વાર્તાઓ પણ આપી છે.

આ કવયિત્રીનું એક નાનકડું કાવ્ય પણ જોઈએ. જેમાં સમય પ્રેમને કશું જ કરી શકતો નથી.

"તારું સ્મરણ છે જાણે હાથમોજું
ખાનામાં સંતારેલું :
ફરી કાઢીને પહેરું છું
વર્ષો પહેલાં હતું એટલું ચપોચપ."

આ કાવ્યોનાં અનુવાદિકા છે શીરીન કુડચેડકર.

૧૪-૧૧-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

રાતનાં આક્રંદો

રાતે થતું એ ક્રંદન છે. શું કોઈ પશુને ચાબુકે ચાબુકે
મારવામાં આવે છે કે બે પ્રેમીઓ, અરસપરસ
કોઈ પરાકાષ્ઠાએ પહોંચ્યાં છે? જે હોય તે, છેવટે
તો એ ક્રંદન છે, પણ એ આનંદનું કે વેદનાનું,
હજી લગી એના વિશે કૈં કહેવું કે બોલવું અશક્ય છે.

— માઇકલ બેનેડિક્ટ

માઇકલ બેનેડિક્ટ અમેરિકન કવિ છે. ગદ્યમાં કાવ્યો લખે છે અને છાપે છે પણ ગદ્યની જેમ જ. અમેરિકામાં 'પોએટ્રી પ્રોગ્રામ' ઉત્તમ રીતે ચાલે છે. આ યોજના હેઠળ અનેક નવા, માતબર કવિના કાવ્ય-સંગ્રહો પ્રગટતા જાય છે. માઇકલના સંગ્રહનું નામ પણ 'નાઇટ ક્રાઇઝ' છે. સંગ્રહમાં આ પહેલું કાવ્ય છે. આ કાવ્ય છે નાનકડું પણ એમાં અર્થ અને અર્થઘટનના પૂરતા સંકેત મળી રહે છે.

દિવસનું અજવાળું એટલે મોટા ભાગના માણસો માટે ધાંધલ અને ધમાલ, ઘોંઘાટ અને કોલાહલ. રાત જાણે કે શાંતિ માટે છે પણ રાતના શાંતિ છે ખરી? દિવસના મનુષ્ય પશુની જેમ ભરણપોષણ માટે શિકારે નીકળે છે — ગુફામાંથી નીકળતા હિંસક પશુની જેમ. માણસ પશુ કરતાં જુદો છે અને નથી. એની પ્રવૃત્તિ અને પ્રકૃતિને બારીકાઈથી તપાસીએ તો જાણે કે માણસ અને પશુ વચ્ચે નામનો જ ભેદ રહે છે.

રાત છે. નીરવતા છે. પણ આ નીરવતાને ચીરતું કોઈક ક્રંદન સંભળાય છે. કવિ નક્કી નથી કરી શકતા કે આ ક્રંદન કોનું છે. ઊંડે ઊંડે એને પ્રતીતિ ક્રંદન વિશેની છે. પણ કવિ એને અટકળની ભૂમિકાએ રાખે છે. આ અટકળની ભૂમિકા એ કવિનો કસબ પણ છે અને આ અટકળ દ્વારા કવિને કંઈક સૂચવવું પણ છે. માણસનું બધું બદલાય પણ એનો અવાજ બદલાતો નથી. આ ક્રંદન પરથી કવિની પહેલી અટકળ એ છે કે શું આ પશુનું ક્રંદન છે? અને પશુનું ક્રંદન હોય તો શા માટે?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું કોઈ પશુને ચાબુકે ચાબુકે વીંઝે છે ? બીજી અટકળ એ તદ્દન વિરોધી છે. પહેલી અટકળમાં ક્રૂરતા છે. બીજી અટકળમાં કવિએ પ્રેમીઓની પરાકાષ્ઠા બતાવી છે. જાપાનના એક નાટકમાં દૃશ્ય વાંચ્યું'તું તે યાદ આવે છે કે બે પ્રેમીઓ પરાકાષ્ઠાએ પહોંચે છે ત્યારે બંનેની આંખો મીંચાયેલી હોય છે અને ત્યારે એક સંવાદ છે કે આંખો મીંચીને પ્રેમ કરતાં પ્રેમીઓ કોઈ બે શબ પ્રેમ કરતાં હોય એના જેવાં નથી લાગતાં ? પ્રેમીઓ પણ પરાકાષ્ઠાનો નશો ઊતરે પછી પ્રેમને નામે એકમેકને પીડતા જ હોય છે. અને આ પાશવી પીડાનું ક્રંદન કવિ સાંભળે છે. બંને ક્રંદનોને અડખે-પડખે મૂકીને કવિએ અહીં અભિવ્યક્તિની ધાર કાઢી છે. પણ છેવટે એમણે કાવ્યને પણ પરાકાષ્ઠાએ મૂકયું છે. નિર્ણય નથી થઈ શકતો કે આ ક્રંદન શાનું છે : આનંદનું કે વેદનાનું ? આંગળી મૂકીને કંઈ પણ કહી શકાય એવું નથી. આજનો આનંદ કાલની વેદના પણ હોઈ શકે. અને આમ પણ જીવનમાં સવિશેષ વેઠવાની હોય છે વેદના જ. આનંદનું એક ટીપું કઈ ક્ષણે વેદનાનો ખારો મહાસાગર થઈ જશે એ આનંદ સ્વયં પણ કોઈને કહી શકે એમ નથી.

૧૫-૧૧-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુખિયારાજી

દુઃખની દવા શોધવા નીકળ્યા રે દુખિયારાજી,
પરસેવામાં ઊભી બજારે પીગળ્યા રે દુખિયારાજી;
હર હાટડીએ કાગળિયો બતલાવે રે દુખિયારાજી,
વાંચીને વેપારી ડોક ધુણાવે રે દુખિયારાજી;
કોઈ વળી કૂણો તે સામું જોવે રે દુખિયારાજી,
લાખોમાં આ રોગ એકને હોવે રે દુખિયારાજી;
દવા ન એની ચોરે-ચૌટે મળતી રે દુખિયારાજી,
મળે તોય તે ભાગ્યે લાગુ પડતી રે દુખિયારાજી;
હતાશ હૈયે હાટ સોંસરા હાલ્યા રે દુખિયારાજી,
કાગળિયાની કરચ ઉડાડી ચાલ્યા રે દુખિયારાજી;
ગામસીમાડે ઝાડ, મજાની છાયા રે દુખિયારાજી,
હોલાજીની ધૂન, ઢાળી ત્યાં કાયા રે દુખિયારાજી;
સમણે આયા સંત, બાત બતલાયા રે દુખિયારાજી,
બિના દુઃખકે કૌન મનુષ કહલાયા રે દુખિયારાજી ?

— જયન્ત પાઠક

જયન્ત પાઠકની કવિતા વિશેની મારી એક છાપ મનમાં દિનપ્રતિદિન દૃઢ થાય છે કે એમની કવિતા સંગ્રહે સંગ્રહે વધુ ને વધુ પરિપક્વ અને સરળ થતી જાય છે. સરળતા છે, પણ અતિસરલીકરણ નથી. કાવ્યનો ધ્વનિ તો સચવાય જ છે. કવિતા ઉઘાડી થતી નથી. ઢાંકપિછોડાથી દુર્બોધ પણ થતી નથી, પણ વધુ ને વધુ પારદર્શક થતી જાય છે.

લોકગીતના લયમાં લખાયું હોય એવો અણસારો આપતું આ ગીત, માત્ર આજના માણસનું નથી, પણ સૈકાઓથી મનુષ્યજન્મ સાથે સનાતન દુઃખ સંકળાયું છે એની વાતને વહેતી કરે છે. કિસા ગૌતમીના જાણીતા પ્રસંગની યાદ આપે છે. જેમ કોઈ ઘરમાં મરણ ન થયું એવું ઘર મળી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શકે—એ અશકય વાત છે, એમ જ દુઃખ વિનાનો મનુષ્ય કે માનવ-જાત હોય એ અશકય વાત છે.

આપણે માંદા પડીએ અને ડૉકટર પ્રિસ્ક્રિપ્શન આપે અને પછી આપણે કે આપણા વતી કોઈ બજારમાં દવા લેવા નીકળે એમ કાવ્ય-નાયક દુખિયારાજી દુઃખની દવા શોધવા નીકળ્યા છે. કયાંય દવા મળતી નથી. દવા શોધતાં પરસેવો વળે છે. દુઃખમાં દુઃખ ઉમેરાતું જાય છે. કોઈક કાગળિયાને જુએ છે, નથી જોતું, કોઈક કૂણો માણસ સહાનુભૂતિ બતાવે છે અને કહે છે કે આ તો રોગ લાખોમાં એકને હોય. (હકીકતમાં તો પ્રત્યેકને હોય છે.) આ એક જ દુઃખ એવું છે કે જેની દવા ચોરેચૌટે મળતી નથી. અને જે કોઈકને મળે તો ફળતી નથી. કાવ્યનાયક બજાર-માંથી નીકળીને ઝાડની છાયા તળે હોલાજીની ધૂન સાંભળે છે. ત્યાં કદાચ કંઈક સાંત્વન મળતું હશે. આંખ મળે છે, સમણે સંત આવે છે. એ બધી વાતોમાંથી એક પરમ વાત કહે છે કે દુઃખ વિના કોઈ માણસ માણસ જ કયાં કહેવાય છે? દુઃખ એ તો મનુષ્ય સાથે તાણાવાણાની જેમ વણાયેલું છે. આ સાથે આ જ કવિનું બીજું પણ આવા ભાવનું કાવ્ય જોવા જેવું છે.

ભાઈ, આપણે ભલા ને આપણાં દુઃખ ભલાં!
—અહીંતહીં કહેતાં ફરે તે વેચલાં—
હોઠ ભીડી લીધા
સણકાને સંમત દમારી દીધા
આડું જોઈ સંતાડી બે આંખ છલાંછલાં!

વેદનાના પારાવારે
આપણે તો છબનારાં માછલાં
મોજમાં રે'લીએ
કુમળી કાયાથી પ્હાડ જેવા લોઢ ઠેલીએ
પાણીમાં રહેવું ને વળી
પાણીથી તે વેર કેવાં આંધળાં!

મટે કયાંથી દુઃખ, મારી સાથે જે રચાયાં
સહુને મળેલ એકમેકથી સવાયાં!
આશ્વાસન કોઈનાં શું કામ આવે—વેખલાં!
ભાઈ, આપણે ભલા ને આપણાં દુઃખ ભલાં!

૧૬-૧૧-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વરસાદ નીચે

ઓહ ! વરસાદ જો વરસી રહે તો, વરસી રહે તો !
આ હળવી ટાઢક
નિષ્ક્રિય અને મુલાયમ
બિડાયેલી દુનિયા ઉપર વરસી રહે તો !

વરસાદ વરસાદ
હળુ હળુ વરસાદ
આ સૂતી છે તેના પર વરસતો
કોઈ નાજુક વહેતી ચાદરની જેમ
તે પોતાના શરીર પર પારદર્શક ઊંઘને ખેંચી રહી છે.

વરસાદ નીચે
એક અર્ધ-છુપાયેલો વિસામો
એક ગુપ્ત ચોક છાનોછપનો
જ્યાં વેદનાની છટા છે જાણે
કંપતા અને નિર્મળ જળમાં
પડેલાં પ્રતિબિંબ.

અજવાળાનાં બધાંય બિંદુઓ
ટપકી રહ્યાં છે આ નિખિલ પર
એના હૃદયે રચેલા અજવાળાની પાર
આપણને ઝાંખી થાય છે એના હૃદયની

પોતાની વેદના ઢાંકવા
આ અજવાળું એ ઓઢી લે છે
જાણે કે જળની ઓઢણી.

— આન એબેર (અનુ. શીરીન કુલચેડકર)

આન એબેર ફ્રેન્ચ-કનેડિયન કવયિત્રી છે. એમની કવિતામાં જળ-તત્ત્વના સંકેતો વિવિધ રૂપે આવે છે. એમનો શબ્દ મનુષ્યનાં શરીરની અને એ દ્વારા મનની બારાખડી પણ ઉકેલે છે. આકાશ ઘેરાયું હોય અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
વરસાદ વરસતો ન હોય તો એક ઝંખના રહ્યા કરે કે વરસાદ વરસે તો કેવું સારું! રાતનો સમય છે એનો સંકેત કવયિત્રીએ નિષ્ક્રિય અને ભિડાયેલી દુનિયાની વાત કરીને આપ્યો છે.

ખુલ્લી દુનિયામાં પણ તાપ-સંતાપ છે. અને જ્યારે આપણે નિદ્રાને શરણે જઈએ છીએ ત્યારે ભિડાયેલી દુનિયામાં પણ તાપ અને સંતાપનું વર્ચસ્વ દેખાતું નહિ હોય પણ હશે તો ખરું જ. કવયિત્રીએ પ્રારંભમાં શબ્દનો કેમેરો દુનિયા ઉપર ગોઠવ્યો છે પણ પછી એનું ફોકસ એક વ્યક્તિ પર ઠેરવ્યું છે.

જળનો સ્વભાવ વહેતા રહેવાનો અને શાતા આપવાનો છે. સ્ત્રી સૂતી છે. એની ઊંઘ પારદર્શક છે એટલે કે એ ગાઢ નિદ્રામાં છે. નિદ્રાની સૃષ્ટિમાં એના મનની આપણને કોઈ જાણ નથી પણ આવા વાતાવરણમાં જો વરસાદ હળુહળુ વરસે તો એ વરસાદ નાજુક વહેતી ચાદરનું કામ કરી શકે.

વ્યક્તિ ભલે સૂતી હોય, નિદ્રા એ એનો વિસામો છે, ગુપ્ત ચોક છે. બધી વેદના ઉઘાડવાની પણ નથી હોતી અને કોઈને કહેવાની પણ નથી હોતી. આપણે જ સહન કરવાની હોય છે. નિદ્રા અને વરસાદ જો બંને ભેગાં મળે તો થોડોઘ વિસામો પણ મળે. જેમ વેદના કહેવાની નથી હોતી એ વાત સાચી છે તેમ વેદના ઢંકાયેલી પણ નથી રહેતી એ વાત પણ સાચી છે. વરસાદના નિર્મળ જળમાં વેદનાની છટાનાં પ્રતિબિંબો પડેલાં છે.

રાત હોય એટલે અંધકાર તો હોય જ. પણ તારાઓ કે ચાંદનીનો પ્રકાશ પણ હોઈ શકે. અથવા અંદરના અજવાળાનો પણ ધ્વનિ હોય. બાહ્ય ઉજાસ જે હોય તે પણ માણસે પોતાના રચેલા અજવાળાની પાર જવાનું હોય છે અને ત્યાં જ સૂતેલી વ્યક્તિના હૃદયની ઝાંખી થાય છે.

કવયિત્રીએ સ્પષ્ટપણે સમય કર્યો છે એ ઉઘાડીને કહ્યું નથી. શકય છે કે પોહ ફૂટતા પ્રકાશની પણ વાત હોય અને આ વરસતા વરસાદમાં— વરસાદનાં બધાં જ બિંદુઓ અજવાળાનાં બિંદુઓ થઈ ગયાં હોય. જે થોડાંક વેદનાનાં પ્રતિબિંબો પડ્યાં છે એ પણ સંતાડી દેવાં છે અને એટલે જ કાવ્યને અંતે પેલી સૂતેલી સ્ત્રી અજવાળાને એ રીતે ઓઢી લે છે કે જાણે કે એ ઓઢી લેતી હોય જળની ઓઢણી. જળની ચાદર અને જળની ઓઢણીની વચ્ચે એક સ્ત્રીની સુપ્ત વેદનાની સૃષ્ટિને ઢાંકીને પ્રગટ કરી છે અને પ્રગટ કરીને ઢાંકી છે.

૨૩-૧૧-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

ફૂલનો પવન લોચન મારે વાયો,
આકાશ ભરાય એટલી સુગંધ લાવ્યો.

કોઈ તરુ ના, કોઈ ના ડાળી કોઈ ના ડાળખી, પાન,
ફૂલનો કુવાર એકલો ફૂટે જેમ કવિનાં ગાન :
ફૂલનો સૂરજ હૃદયે વાવ્યો, ફૂલનો વળી, છાંયડો છાયો.

ફૂલની નદી, ફૂલનું તળાવ, ફૂલનું નાનું ગામ,
ફૂલનો દીવો, ફૂલહિંડોળો ફૂલમાં ફોર્યા રામ;
કાળને સાગર બ્રાત ડૂબી ત્યાં તરતાં ફૂલથી ફાવ્યો,
ફૂલનો પવન લોચન મારે વાયો.

— પ્રિયકાન્ત મણિયાર

પ્રિયકાન્ત મણિયારનાં ગીત વાંચીએ ત્યારે એક પ્રતીતિ થાય કે પ્રિયકાન્ત એટલે લયનો ફૂલહિંડોળ. આ ફૂલોમાં મોટે ભાગે તો રતિ અને કામદેવની મહેક હોય છે. પ્રિયકાન્તનું આ ગીત કંઈક જુદા પ્રકારનું છે.

આ ગીત કૌમુદીને કંઠે સાંભળવું એ એક લહાવો છે. વાંચીએ ત્યારે ગીતને કાવ્ય તરીકે પણ માણી શકીએ. શબ્દનું પણ એક સંગીત હોય છે. આ શબ્દો સૂરને સથવારે જુદી રીતે ઊઘડતા હોય છે. ગીત વાંચીએ છીએ ત્યારે જે આનંદ મળે છે અને ગવાતા ગીતને સાંભળીએ છીએ ત્યારે જે આનંદ મળે છે એ આનંદ મહત્ત્વનો છે. આવા આનંદનું ઐશિકી પૃથક્કરણ મહત્ત્વનું નથી. ફૂલને આકાર છે અને પવન અને સુગંધ નિરાકાર છે. અહીં નિરાકારની સૃષ્ટિમાં કવિએ આકારની સૃષ્ટિ ને નજાકતના દબદબાથી હરીભરી સૃષ્ટિની સ્થાપના કરી છે.

ફૂલનો પવન લોચનમાં વાય છે. દૃષ્ટિ ફૂલમય થઈ હોય પછી સૃષ્ટિ પણ ફૂલમય હોય અને સુગંધમય. સુગંધ પણ આકાશ ભરાય એટલી.

ફૂલ હંમેશા બાગમાં ઊગે છે એવું નથી. કેટલાંક વૃક્ષ દેખાતાં નથી હોતાં પણ હોય છે. આવાં વૃક્ષોથી જ હૃદયનો બગીચો રચાતો હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આમ તો કોઈ વૃક્ષ કે ડાળી કે પાન કશું દેખાતું નથી અને છતાં કવિના ગીત જેવા ફૂલના ફુવારા ઊડે છે. આકાશના સૂરજ પાસે તો તાપ અને પરિતાપ હોય છે. પણ હૃદયમાં જે સૂરજ વવાયો છે એ તો સુગંધભીનો જ રહેવાનો. આ સૂરજનો છાંયડો પણ પુષ્પિત.

જ્યાં જ્યાં નજર મારી ફરે એમ કવિને બધું જ ફૂલફૂલમય લાગે છે. ટાગોરનું એક ગીત યાદ આવે છે:

આજિ વસંત જાગ્રત દ્વારે, આજિ ખુલિયો હૃદયદલ ખુલિયો,
આજિ ભુલિયો આપન પર ભુલિયો.

ફૂલની નદી, ફૂલનું તળાવ ને ફૂલનું નાનું ગામ છે. ફૂલમાં જે ફેરે છે તે રામ. કવિએ આડકતરી રીતે કહ્યું છે કે કાળનો સાગર તરવો હોય તો હળવા ફૂલ થવું જોઈએ. પથ્થર જળમાં ડૂબી જાય છે પણ ફૂલ તો તરતું જ રહે છે.

અહમ્‌ને કારણે કાળને સાગરતળિયે કેટલાયે માણસો ડૂબતા હોય છે પણ ફૂલ જેવા હળવા થઈએ તો આપણે તરીને પાર ઊતરીએ. આની સાથે રણછોડ ભક્તની પણ આવી પંક્તિઓ મળે છે:

(આ) ફૂલના તકિયા ને ફૂલની ગાદીઓ
ફૂલનાં કાજિયે બિછામણાં રે.
મારે પ્રભુજી પધારિયા.

*

ફૂલના ચરણા ફૂલની ઓઢણી, ફૂલના સૌ શણગાર;
પુષ્પની ચોળિયે શોભતી, શોભા બનિ રે અપાર.

૨૬-૧૧-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નવી કવિતા

એ દરિયા જેવી નહીં દેખાય.
એના બરછટ હાથ પર ગંદકી નહીં હોય.

એ મોસમનો અંશ નહીં હોય.

એ પોતાનું નામ નહીં પ્રગટ કરે.
જેનાં તમે લેખાં લઈ શકો એવાં સ્વપ્નો એની પાસે નહીં હોય.

એ તસ્વીરશીલ નહીં હોય.

આપણી ગમગીનીની એ માવજત નહીં કરે.
આપણાં સંતાનોને એ સાંત્વન નહીં આપે.
એ આપણને મદદ નહીં કરી શકે.

—ચાર્લ્સ રાઇટ

ચાર્લ્સ રાઇટ. અમેરિકન કવિ. ઈ. સ. ૧૯૩૫માં જન્મ્યા. મિલિટરીમાં કામ કર્યું. રોમમાં પણ ભણ્યા; એ પહેલાં આયોવા યુનિવર્સિટીમાં પણ શિક્ષણ લીધું; કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં શીખવ્યું. અત્યારે વર્જિનિયા યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રાધ્યાપક છે. અનેક પારિતોષિકો મળ્યાં છે. પાઉન્ડ અને સ્ટીવન્સથી પ્રભાવિત થયા છે.

કવિતા લખવી મુશ્કેલ છે. નવી કવિતા લખવી એથી પણ વિશેષ મુશ્કેલ છે. ઘણી વાર નવું દેખાતું હોય, પણ નવું ન પણ હોય. 'નવી' અને 'કવિતા' એ બંનેનો સમન્વય સહજ નથી. કશુંક નવું કરો ત્યારે નવા માટેનાં રસ અને રુચિ પણ ઉત્પન્ન કરવાં જોઈએ. કવિ-વિવેચક કોલરિજે એક જમાનામાં આવું કામ કરેલું. નવી કવિતા વિશેના આ કાવ્યમાં કવિએ પહેલી વાત એ કહી છે કે એ દરિયા જેવી નહીં દેખાય. કવિને આ વાત દ્વારા નવી કવિતાની વિશિષ્ટતા અને મર્યાદા બંને તરફ આંગળી ચીંધવી છે. નવી કવિતા સર્જનારા આ નવા નવા કવિઓ મહાકાવ્ય નહીં લખે. મહાકાવ્યનો વિષય નથી કે મહાકાવ્ય લખવા માટેનું ગજું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૃષ્ણ, ઈશુ, મહમ્મદ, રામ આ બધાને કેન્દ્રમાં રાખીને રામાયણ, મહાભારત, બાઇબલ, પુરાણ લખાયાં છે. ગાંધીજી મૃત્યુ પામ્યા ત્યારે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ કહ્યું, "હું કવિને સ્મરણ કરાવું છું કે આ સો વર્ષનો ભારતનો ઇતિહાસ તો દસ મહાભારત લખાવે એવડો છે. આ ગાંધીજીનું ભવ્ય મૃત્યુ નગાધિરાજ હોલે ને સાત સમુદ્ર ગાય એવું કવિતાભર્યું છે. બીભત્સતા, ભીષણતા, ભયાનકતા, ક્રૂરતા, નીચતા, સ્વાર્થ અને વિનાશ સામે ઉચ્ચ માનવતા; સત્ય ને સંયમ ઝઝૂમી રહ્યાં છે. એક ક્રૌંચયુગલના વધ નિમિત્તે રામાયણ પ્રગટ્યું. લાખ લાખ કુટુંબો દાઝી રહ્યાં છે, તો કોઈ મહાકવિનો કંઠ નહીં ખૂલે?"

નવી કવિતાના હાથ ભરાવદાર અને બરછટ હશે, એટલે નવી કવિતા સુંવાળી નહીં હોય. ફૂલોને જોઈને પાગલ થવાના અવસર વહી ગયા. એમાં ગંદકી કે કચરો પણ નહીં હોય. નવી કવિતા એટલે આઘાતપ્રેરક અને અશ્લીલ, એવું માની લેવાને પણ કોઈ કારણ નથી. નવી કવિતા એટલે મોસમનાં મિજાજી ગીતો નહીં. એ નામ પાડીને કશું નહીં કહે. ધ્વનિની ભાષામાં એ વાત કરશે. એ સ્વપ્નિલ અને રોમેન્ટિક નહીં હોય. એ તસવીરશીલ નહીં હોય, એનો અર્થ આપણે એવો કરી શકીએ કે એમાં વ્યક્તિ કે પ્રકૃતિનાં વર્ણનો નહીં હોય. શું હશે એ કવિ કહેતા નથી, પણ નકાર દ્વારા કવિતા કે નવી કવિતાની વાત થઈ શકે એમ છે. કવિતા દ્વારા ઉદાસીને ઊજવવાના દિવસો વહી ગયા. જૂની કવિતામાં આવું બધું ઘણું થઈ ગયું. ટાગોર મૃત્યુ પામ્યા ત્યારે એક અણુધ લખપતિએ એવો સવાલ પૂછ્યો'તો કે ટાગોર કેટલું મૂકતા ગયા?

નવી કવિતા આપણા વંશવારસોને આશ્વાસન આપશે, એમ માની લેવું ભૂલભરેલું છે. શક્ય છે કે કવિને એમ પણ કદાચ કહેવું હોય કે નવી કવિતા અમરતાની શત્રુ હશે. કવિતા કોઈની મદદે કચારેય આવી નથી અને કવિતા જ્યારે જ્યારે મદદે આવી છે ત્યારે ત્યારે કવિતાનું આત્મવિલોપન થયું છે અને પ્રચાર ને પ્રસારરૂપે રહી છે. આ કાવ્યના સંદર્ભમાં, નવી કવિતાના વિધાયક બળવંતરાય ઠાકોરનું 'નવ્ય કવિતા' કાવ્ય જોવા જેવું છે.

મહને ચહાશો? ના હું લલિત લલકારાવલિ તરલ;
નહીં ચહાશો? હું તો હૃદય ઉતરું તે પછિ સરલ.
મહને ચહાશો? ના હું પરિચિત પદાલંકૃત પટલ;
નહીં ચહાશો? હું તો મરમ સમઝાયે દ્યુતિ વિમલ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહને ચહાશો ? ના હૂં પ્રભુ ભજું ચમત્કાર ગજબે;
નહીં ચહાશો ? હૂં તો કુદરત નહૂં મોહિ અજબે.
મહને ચહાશો ? ના હૂં દ્રવું સુરવિલાસાદ્‌ભુત રસે;
નહીં ચહાશો ? હૂં તો પિગળું જગના અંધ હવસે.
મહને ચહાશો ? ના હૂં જડબલજયાલેખન કરું;
નહીં ચહાશો ? હૂં તો મૃદુલ રતિરંગે દગ હરું.
મહને ચહાશો ? ના હૂં ગત સમય જન્યવલ્યથિ હસું,
નહીં ચહાશો ? હૂં તો ઉડિ ઉડિ જ ભાવિ પ્રતિ ધસું.
મહાકાવ્યો જૂનાં કવિયન અને વંદું સહુને,
નવે કાળે તોયે કવન નવલાં સર્જિ દઉં ને ?

૨૯-૧૧-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વય

એક માણસ છે. હું એને આછો અમથો ઓળખું છું. એ મારી બુરસીમાં બેસે છે, પહેરે છે મારો ચહેરો અને વસ્ત્રો, બરેબર તો મારી આબેહૂબ આકૃતિ. એને કહેવાય છે નાગરિક. વાસ્તવમાં તો એ છે કઠપૂતળી, જેને હું નિયંત્રું છું. જ્યારે એ બોલે છે ત્યારે કોઈને દેખાતું નથી, પણ હોઠ તો મારા હલે છે.

—વર્ન રુત્સલા

અમેરિકામાં પોએટ્રી પ્રોગ્રામ હેઠળ અનેક કવિઓનાં અનેક પ્રકારનાં કાવ્યપુસ્તકોની એક પ્રકાશનશ્રેણી તૈયાર થઈ છે. એમાં વર્ન રુત્સલાનો એક કાવ્યસંગ્રહ પ્રગટ થયો છે. જેનું શીર્ષક છે, 'પેરેગ્રાફ્સ'.

કવિ પોતાનાં આ ગદ્યકાવ્યોને 'પેરેગ્રાફ્સ' તરીકે ઓળખાવે છે. અલબત્ત આ ગદ્યકાવ્યો વિવિધ શીર્ષકો હેઠળ પ્રગટ થયાં છે પણ એને બાંધનારું એક સૂત્ર પણ છે. કવિનો પોતાનો કવિતા પ્રત્યેનો અને જીવન પ્રત્યેનો અભિગમ એમણે ટાંકેલાં કેટલાંક અવતરણો પરથી પણ આવે છે. પ્રારંભમાં નિત્શેનું એક અવતરણ છે. "તમે બરેબર સાચા છો? એટલે કે જે હોવા જોઈએ એ જ છો કે પછી કેવળ માત્ર અભિનેતા કે પ્રતિનિધિ છો? તમે અસલ છો કે અભિનેતાની પણ નકલ છો?" કવિતામાં તાજગી મહત્ત્વની છે અને એટલે જ એક બીજું અવતરણ પણ એમણે ટાંકયું છે કે "અનુભવ એ એક પ્રકારનો લકવો છે." આડકતરી રીતે એ કહેવા માગે છે કે અનુભવ ગમે એટલો મહત્ત્વનો હોય તોપણ અનુભવથી કુંઠિત થઈએ તો કુંવારી ભાષા ન લખાય. ચીલાચાલુ, બીબાઢાળ ભાષાથી કવિતા ન લખાય.

આ કાવ્ય દેખાય છે એટલું સાદું નથી. અહીં માત્ર એક માણસની વાત નથી પણ બીબામાં ઢળાયેલા અનેક માણસની વાત છે. આ માણસ છે પણ એ એની અસલિયત ગુમાવી બેઠો છે. એટલી હદે કે અસલ અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નકલનો પણ એને ભેદ નથી. એ પોતે પોતાને પૂરેપૂરી રીતે ઓળખતો નથી. એને પોતાનો ચહેરો નથી પણ મહોરો છે. જેમ એ વસ્ત્રો પહેરે છે તેમ એ મહોરો પહેરે છે. નકલમાં એ ઉસ્તાદ છે. અને આ માણસ, કરુણતા તો એ છે કે, નાગરિક કહેવાય છે. આ કહેવાતી નાગરિકતા માણસને માણસ મટાડી દે છે. એની આદ્રિમતાનું બલિદાન અપાય છે, એનો એને ખ્યાલ પણ નથી કે રંજ પણ નથી. એ કૂપમંડૂક છે. કૂપમંડૂકમાં પોતાના વ્યક્તિત્વનો તો અભાવ હોય છે પણ પોતાનું ચલણ પણ નથી હોતું. પોતા પર પોતાનું વર્ચસ્વ પણ નથી હોતું. પોતા પર પોતાની માલિકી પણ નથી. તેનું બધું જ ઉછીનું છે. એના શબ્દો પણ ઉછીના છે, અનુભવો પણ ઉછીના છે. કૂપમંડૂક જેવો માણસ કોઈનો બોલાવ્યો બોલે છે. ભલે અન્યને દેખાતું ન હોય પણ એની પાછળ તો કોઈકના હોઠ હલતા હોય છે. એ ખુરશીમાં બેસે છે એટલું જ પણ એ વ્યક્તિ નથી, વસ્તુ છે. વસ્તુને પણ પોતાનું કદ, પોતાનો આકાર હોય છે. પોતાના ઘાટઘૂટ હોય છે, પોતાનું સૌંદર્ય હોય છે, પોતાની વિશિષ્ટતા હોય છે. અહીં શિષ્ટતા છે તે નગરની અને નાગરિકની, ખુરશીની, વસ્ત્રોની પણ વિશિષ્ટતા નથી.

વર્ન રુત્સલાએ નાનકડાં પણ નક્કર કાવ્યો લખ્યાં છે. આ સાથે જ એમનું બીજું એક કાવ્ય પણ જોઈ લઈએ :

વસ્તુઓ

વસ્તુઓમાં હોય છે નીરવ આગ્રહ, જેની
આપણે સામાન્ય રીતે ઉપેક્ષા
કરીએ છીએ. દા.ત. પ્રલંબ ઠંડા પાટા
ટ્રેનોને લઈ જતા અથવા
પડેલા એવા ને એવા થીજેલા
લાંબી પાનખરની ઠંડીગાર રાતોમાં

૪-૧૨-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સફરનામું

ગંગાજળથી વોડકા સુધી,
એક સફરનામું છે મારી પ્યાસનું....
સાદા પવિત્ર જન્મનો, સાદા અપવિત્ર કર્મનો, એક સાદો ઇલાજ
અને કોઈ પ્રિય ચહેરાને કોઈ એક છલકાતા
પ્યાલામાં જોવાનો પ્રયત્ન
અને પોતાના શરીરના એક બિલકુલ અજાણ્યા
જખમને ભૂલવાની જરૂરિયાત—
આ કેટલા ત્રિકોણ પથ્થરો
કોઈ પાણીને ઘૂંટડે ઘૂંટડે ગળે ઉતાર્યા છે
કેટલાંયે ભવિષ્યોને વર્તમાનથી બચાવ્યાં છે
અને કદાચ સાંપ્રત પણ — મેં સાંપ્રતથી બચાવ્યો છે....
ફક્ત એક વિચાર આવ્યો છે
કેટલીયે વાર આવે છે
જેમ કેટલીયે વાર એક સારંગીનો ગજ—
અચાનક કોઈ રાગની છાતીમાં ભોંકાય છે,
કે ચુપચાપ એક પિયાનો—
કાળા અને સફેદ દાંતમાં સંગીત ચાવે છે.
એક ખ્યાલ આવે છે—
પણ જેમ કોઈ મોતનો એક ઘૂંટડો ભરે
ડરે, અને પછી તરત એ ખ્યાલને ઓકી નાખે....
પણ મરેલી છાતીઓમાં પણ કંઈક શ્વાસ ચાલતો હોય છે
અને અટકેલા શ્વાસ સાથે આજે હું કહી શકું છું....
કે દરેક સફર ફક્ત ત્યાંથી જ શરૂ થાય છે.
—જ્યાં આ સફરનામાનો અંત આવે છે.

અમૃતા પ્રીતમ (અનુ. જયા મહેતા)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમૃતા પ્રીતમ એ નામ બોલીએ અને તરત જ ભારતભરમાં અને ભારતની બહાર વ્યાપેલી કવયિત્રીનો ખ્યાલ આવે. પંજાબીમાં લખે છે પણ સાચી કવિતાને ભાષાની વાડ કદીયે નડતી નથી કારણ કે કવિતા એ આંસુ અને સ્મિતની ભાષા છે. ખલિલ જિબ્રાનની આ વાતની સાથે ઉમાશંકરની પણ પંક્તિ યાદ આવે છે કે કવિતા એ આત્માની માતૃભાષા છે.

અમૃતા પ્રીતમની કવિતા એટલે સચ્ચાઈનો પર્યાય. આત્મકથા અને આત્મવ્યથાનો અંશ અને વંશ. લખે ત્યારે છોછ વિના લખે. કોઈ ઢાંકપિછોડો નહીં. એનો અર્થ એવો નથી કે અમૃતા આત્મકથાની અવેજીમાં કવિતા લખે છે. પવિત્ર અને અપવિત્રના ખ્યાલ તો આપણે વિચિત્ર માણસોએ ઊભા કર્યા. એક રીતે જોઈએ તો આ ચિરંતન પ્યાસનું કાવ્ય છે. આ પ્યાસને છિપાવવાનો પ્રારંભ ગંગાજળથી થાય છે. આ પ્યાસની યાત્રા એટલે ગંગાજળથી વોડકા સુધીની યાત્રા છે. આ ગંગાજળ ને વોડકાની વચ્ચે અશ્રુજળ છે અને એનો ઉલ્લેખ ન કરીને કવયિત્રીએ ઉલ્લેખ કર્યો છે. કવયિત્રીની કલમનો આ સંયમ છે. અશ્રુજળ એ વિધાતાનો લેખ છે. એ અફરનામું છે અને સફરનામું છે. પ્યાલામાં પ્રિય વ્યક્તિના ચહેરાને જોવાનો પ્રયત્ન...મથામણ. એની સાથે ઊઘડતો જખમ, એ જખમને ભૂલવાની અનિવાર્યતા. કાળ અનેક રીતે કનડે છે. આપણે જીવીએ છીએ વર્તમાનમાં અને આપણી આસપાસ હોય છે ભૂતકાળ અને ભવિષ્યકાળના આ ત્રિકોણિયા પથરો પાણીના ઘૂંટડે ઘૂંટડે ગળે ઉતારવા પડે છે. પથરોના ઘૂંટડા પીવાની વાતમાં કેટલી વેદના ને કેટલા જખમો છે એ કહેવાની ભાગ્યે જ જરૂર. આપણી આખી જિંદગી તો વર્તમાનને વર્તમાનથી બચાવવામાં પણ જાય છે. અને આપણો આ પ્રયાસ પણ વેદનાનું એક કારણ થઈ જાય છે.

કેટલીક વાર એકનો એક વિચાર રહી રહીને આવે છે. જેમ સારંગીનો ગજ તાર પર આવનજાવન કર્યા કરતો હોય અને એ ગજ જ કોઈક રાગની છાતીમાં ભોંકાય છે. રાગ અને અનુરાગ સંવાદ માટે છે પણ જેનાથી સંવાદ સર્જાય છે એ જ ગજ રાગની છાતીમાં પણ ભોંકાય છે. કવયિત્રીએ વિષમ વેદનાને વ્યક્ત કરવા માટે એક બીજું કલ્પન પણ સંગીતની સૃષ્ટિમાંથી લીધું છે. ખૂણે ચૂપચાપ પડ્યો રહેલો એક પિયાનો કાળા અને સફેદ દાંતમાં સંગીત ચાવે છે. શેક્સ્પિયરે કહ્યું'તું કે music

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

is the food of lover. પણ પિયાનો પોતે જ સંગીત ચાવી જતો હોય તો ?

વેદના જ્યારે હદ વટાવે છે ત્યારે અનહદ થાય છે. અને આ અનહદ વેદના અસહ્ય હોય છે. પ્રેમનું મૃત્યુ થાય ત્યારે જીવનમાં કોઈ રસ રહેતો નથી અને મોતનો ઘૂંટડો ભરવાનું મન થાય છે. આત્મહત્યાનો વિચાર આવે અને આત્મહત્યા ન કરીએ એ એક વાત છે, પણ આ વિચાર આવે એ પણ જીવલેણ પરિસ્થિતિનું જ પરિણામ છે. માણસ મરતો નથી એટલું જ. મરેલી છાતીમાં શ્વાસ ચાલતો હોય છે એટલું જ. પણ શ્વાસ ચાલે છે એટલે આપણે કહીએ કે વ્યક્તિ જીવે છે, પણ આ જીવ વિનાનું જીવન છે. મરણતોલ જીવન છે. કહેવાતું જીવન છે. અટકેલા શ્વાસ સાથે ફરી પાછી સફર શરૂ થાય છે. પણ જ્યાં પ્રારંભ છે ત્યાં જ સફર-નામાનો અંત આવે છે. વિફળ પ્રેમની વેદનાનું આ કાવ્ય છે. આ કાવ્યની વેદના પારદર્શક છે. પણ self pityનું આ કાવ્ય નથી. જીવદયાનું આ કાવ્ય નથી. પરિસ્થિતિનો સ્વીકાર અને એનો મુકાબલો કરવાની જે યાતના છે એની છબી આ કાવ્યમાં ઝિલાય છે.

૬-૧૨-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

આજ રે કાનુડે વા'લે અમશું અંતર દીધો રે,
રાધિકાનો હાર હરિએ રુકિમણિને દીધો રે.

શેરીએ શેરીએ સાદ પડાવું, ઘેર ઘેર હીંડું જોતી રે,
રુકિમણિની કોટે મેં તો ઓળખ્યાં મારાં મોતી રે.

જાગતી તો લેવા ના દેતી, કરમસંજોગે સૂતી રે,
વેરણ નિદ્રા મુને આવી, 'હરિ હરિ' કરીને ઊઠી રે.

રાધાજી અતિ રોષે ભરાણાં, નયણે નીર ન માય રે,
"આપો રે હરિ! હાર અમારો, નહિતર જીવડો જાયે રે."

થાળ ભરી શગ મોતી મંગાવ્યાં, અણવીંધ્યાં પરોવ્યાં રે,
ભલે મળ્યો નરસૈંનો સ્વામી, રૂઠ્યાં રાધાજી મનાવ્યાં રે.

—નરસિંહ મહેતા

હરીન્દ્ર દવેએ ગઝલમાં એક પંક્તિ લખી છે કે 'પ્રણય પણ કચાં હોય છે, જે પળે શંકા નથી હોતી.' નરસિંહનું પદ રાધાની રીસને વ્યક્ત કરે છે. રાધાને રીસ ભરાઈ છે એ અકારણ નથી, સકારણ છે.

રાધા અને કૃષ્ણ જેમનું યુગલ શોધ્યું ન જડે એવું છે. દ્વૈત છે પણ અદ્વૈત છે. કૃષ્ણ એ રુકિમણિનો પતિ છે પણ રાધાનો પ્રિયતમ છે. રાધાને માઠું લાગ્યું છે. એને ઊંડે ઊંડે એમ થાય છે કે કૃષ્ણએ મારી સાથે વહેરો-વંચો કર્યો.

કૃષ્ણે એવું તે શું કર્યું છે કે રાધા આટલી રીસે ભરાઈ? જેને પ્રેમ હોય એને રોષે અને રીસે ભરાવાનો અધિકાર છે. કૃષ્ણએ રાધાનો હાર રુકિમણિને આપી દીધો. રાધાને મહત્ત્વ હારનું નથી પણ રુકિમણિ પાસે એનો હાર છે એની વેદના છે. કૃષ્ણ પ્રત્યેનું મમત્વ આ વેદનાનું કારણ છે. કૃષ્ણ પ્રત્યેની માલિકી છે. રાધાનો હાર રુકિમણિને કૃષ્ણ આપી દે એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સહન ન થાય એવી વાત છે. જો રાધિકા જાગતી હોત – જાગ્રત હોત તો આવું ન થવા દેત, પણ એ કરમસંજોગે સૂતી હતી. અને જાગી ત્યારે હરિ હરિ કરીને ઊઠી. જેના હૃદયમાં આટલી રટણા હોય એનો પ્રિયતમ આવું પગલું ભરે તો એ ઈર્ષાથી સળગી ઊઠે. રીસ અને રોષનું રૂપાંતર આંસુમાં થાય છે. કાવ્યના અંતમાં રાધા માની જાય છે. ચતુર કૃષ્ણ અણવીંધ્યા મોતીના થાળ મગાવે છે અને રૂઠેલાં રાધાજીને મનાવે છે. પ્રેમમાં કંઈ કાવ્ય ન હોય. આંસુ આંસુ રૂપે રહેતાં જ નથી, એનું પણ મોતીમાં રૂપાંતર થતું હોય છે. રાજુલ મહેતાને કંઠે આ પદ સાંભળવા જેવું છે. આ સાથે બીજું એક કાવ્ય પણ જોવા જેવું છે :

શ્યામના ચરણમાં મૂકયું રાધાએ ફૂલ
એ તો રુક્મિણિને અંબોડે મ્હેકે;
રાધાની વેદનાના મોરલાઓ સ્હેજે શું
માધવના કાળજમાં ગ્હેકે?

રાધાની આંખની ઉદાસી આ આભમાં
કે સાંજ હવે થઈ ગઈ સૂમસામ;
વહેતી યમુનામાં કહો કેમ કરી ચીતરવું
પારકા એ પ્રિયતમનું નામ?
શ્વાસમાં સમાઈને હરિવર આ લાગણીની
લીલાને દૂરથી ઉવેખે!

વૃક્ષોની છાતીમાં લ્હેરખી લપાય
અને લ્હેરખીની ગોદમાં સુગંધ;
બાવરી આ રાધાનો માધવ વિનાનો અહીં
ઝૂરે છે એકલો સંબંધ,
રુક્મિણિની સોડ મહીં સૂતા છે શ્યામ:
જાગે રાધા કદંબને ઝરૂખે!

૬-૧૨-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભક્તિ

ઝૂંટી કૃષ્ણની મોરલી હઠ કરી રાધા કદંબે ચડી,
આનંદે અધરે ધરી સ્વરસુધા વ્હેતી કરી ના કરી :
ત્યાં તો એ સ્વર કૃષ્ણવાદિત ગણી ધ્યાનસ્થ જાતે થઈ
એ જોતાં ગળતા ગયા પ્રણયની સંતૃપ્તિમાં શ્રીહરિ.

—મુકુન્દરાય પારાશર્ય

રાધા અને કૃષ્ણ જેવાં પ્રતીક જગતની ભાષામાં ભાગ્યે જ જડે એવાં છે. પ્રેમ અને ભક્તિને વ્યક્ત કરવા માટે આ પ્રતીકો જેટલાં અપમાં આવ્યાં છે, એટલાં બીજાં કોઈ પ્રતીક આવ્યાં નથી. એવું પણ કબૂલ કરવું જોઈએ કે આ પ્રતીકોનો દુરુપયોગ કહી શકાય એટલો અતિઉપયોગ થયો છે. આપણને નિસબત છે આમાંથી સારું શું ઊપજ્યું એમાં. મુકુન્દરાય પારાશર્યે વાંચતાંની સાથે વસી જાય એવાં ભજનો લખ્યાં છે. આપણે હજી સુધી એમની કાવ્યસૃષ્ટિને પૂરેપૂરી મૂલવી નથી. કવિ હોવા માટે આધુનિકતાના ચોકઠામાં બેસવું અનિવાર્ય નથી. આજે જેને આધુનિક ગણીએ છીએ, એ કદાચ આવતી કાલે જૂનુંપુરાણું પણ લાગે.

ચાર પંક્તિના આ શ્લોકમાં કેવળ કાવ્યચમત્કૃતિ નથી પણ ભક્તિનો પણ ચમત્કાર છે. કવિએ એક સરસ પ્રસંગ કલ્પ્યો છે. રાધાએ હઠ કરીને કૃષ્ણના હાથમાંથી મુરલી ઝૂંટવી લીધી. પછી જે કૃષ્ણ કરતા હતા એ કામ કર્યું. મોરલી લઈને રાધા કદમ્બ પર ચડી ગઈ. કદમ્બનું વૃક્ષ હોય, હાથમાં કૃષ્ણની મુરલી હોય, હૃદયમાં આનંદ હોય, એ આનંદ હોઠથી સ્વરસુધારૂપે વહેતો હોય — આ તલ્લીનતામાંથી એક અદ્‌ભુત વાતાવરણ સર્જાય. હજી મોરલીને હોઠે અડાડી ન અડાડી અને સ્વરસુધા વહેવા માંડી, ને એ સ્વરનો જે જાદુ પથરાયો, જે મોહિની છવાઈ ગઈ, તે એથી તો હતી કે કૃષ્ણ પોતે જ જાણે કે આ સ્વર કૃષ્ણવાદિત છે એમ માનીને ધ્યાનમાં લીન થઈ ગયા અને પ્રણયની પરમ સંતૃપ્તિ અનુભવતા અનુભવતા સ્વરમાં ગળતા ગયા, ઓગળતા ગયા. શાર્દૂલ છંદમાં લખાયેલા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ શ્લોકમાં આનંદલોકની ઝલક મળે છે. આ સાથે મકરંદ દવેએ કરેલા એક સંસ્કૃત શ્લોકનો અનુવાદ જોઈએ અને એક ગીત પણ જોઈએ. બંને શ્લોક શાર્દૂલમાં છે ને કૃષ્ણ વિશે છે:

ના જાઓ! વચનો અમંગળ, ન હેતાળ 'લ્યો, આવજો!'
રોકયે મોટપ, ને 'ગમે ત્યમ કરો!' એમાં ઉદાસીનતા;
'જો જો હો! નહિ જીવશું તમ વિના' – એ તો બને ના બને
તેથી કૃષ્ણ, ખરાં વિદાયવચનો જાતાં મને શીખવો.

*

તવ મંદિરનો ઝળહળ દીવો: હું જ ઝરૂખો, બારી!
મને તમારા મોરપિચ્છથી શણગારો, ગિરિધારી!

મને તમારી દિયો મોરલી, હોઠે જરી અડાડું;
મીરાંનો આ શ્વાસ શ્યામની મુરલી મહીં લગાડું;
હુંય તમારા મોરપિચ્છથી ગિરિધારી, ગિરિધારી!
મને તમારા મોરપિચ્છથી શણગારો, ગિરિધારી!

ચૂંદડી, કંકુ, અક્ષત મૂક્યાં શ્યામ તમારે શરણે;
આ મારાં ઝાંઝરિયાં ઝણકે સાંવરિયા તવ ચરણે.
હું રહું કદંબનું વૃક્ષ: તમે તો જમુના-જળની ઝારી;
ગિરિધર નાગરની આ મીરાં અલગારી અલગારી!

૧૧-૧૨-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શ્યામસુંવાળું અંધારું

શ્યામસુંવાળું
સીસમ જેવું અંધારું
કિરણની કરવતથી વહેરાય

રજ રજ અજવાળું થૈ અરે
પવનમાં ઊડે
પાંદડે બેસીને ફરફરે !
પતંગિયાંની પાંખો ઉપર તરે,
પાણીમાં બૂડે
રેતકણોમાં તળિયે ચળકે
મીન થઈને સળકે
આભ થઈ પથરાય
કીકીના કાજળમાં કલવાય
ટપકું થૈને ઝળકે !

—જયન્ત પાઠક

પ્રહ્લાદ પારેખે એક કાવ્ય કર્યું, 'આજ અંધાર ખુશ્બોભર્યો લાગતો', મણિલાલ દેસાઈનું એક કાવ્ય છે, એની પંક્તિ પણ યાદ આવે છે. 'અંધારું કાળું ગુલાબ મારા બાલમા.' બીજી પણ બે પંક્તિ યાદ આવે છે, 'તારી સંગાથે અંધારું સુંવાળું હોય, કાળું કાળું ને તોય રૂપાળું હોય.' કવિએ અહીં અંધકારના શ્યામ રંગનો અને એની સુંવાળપનો મહિમા કર્યો છે. હજી આટલી વાત કરું છું ત્યાં બારી-બીતરના પ્રહ્લાદ બોલે છે, 'હે જી અમે અંધારું શણગાર્યું', હે જી અમે શ્યામલને શોભાવ્યું', તો રાજેન્દ્ર શુકલ કહે છે, 'ઊંટ ભરીને આવ્યું રે, અંધારું લો; અમને ભોર થતાં લગ ભાવ્યું રે, અંધારું લો.' સુરેશ જોષીએ કયાંક કહ્યું છે કે અંધારું રૂપને ચૂપ કરે છે. કવિએ અહીં અંધકારનું વર્તુળ દોર્યું છે, છેદ્યું છે અને પૂર્ણ કર્યું છે. અંધકાર શ્યામ જેટલો ને રેશમ જેવો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સુંવાળો હોય જ છે. અંધકાર ઘટ્ટ થાય છે, ઘેરો થાય છે ત્યારે એ સીસમ જેવો. આ સીસમ જેવો અંધકાર કિરણની કરવતથી વહેરાય છે. જાણે કે વ્હેર પડતો હોય એમ, પછી અજવાળાની રજકણ ખરે છે. આ રજકણ પવનમાં ઊડે છે, પાંદડે પાંદડે ફરફરે છે, પતંગિયાંની પાંખો પર તરે છે, પાણીમાં ખૂડે છે, તળિયે રેતકણોમાં ચળકે છે, માછલી થઈને સળકે છે, કવિએ જળમાં અને સ્થળમાં પવન જેવા વ્યાપક તત્ત્વમાં અને પતંગિયાંની નાજુક પાંખો પર જાણે કે અંધકારના વિશેષને પ્રગટ કરવા માટે અજવાળાની યાત્રાલિપિ ક્રિયાપદોથી આંકી છે. આ યાત્રા લયથી ધબકે છે. પ્રારંભમાં અંધકારનું વર્તુળબિન્દુ, પછી એમાંથી વિસ્તરતું અજવાળાનું વર્તુળ અને અંતે આભ થઈને પથરાતું અજવાળું, છેવટે તો ફીકીના કાજળમાં કલવાય છે. વર્તુળ સંકોચાય છે, સંકોચાઈને ફરી પાછું વર્તુળબિંદુ રચાય છે. છપાયેલાં કાવ્યો પહેલી વાર વાંચીએ છીએ ત્યારે આપણે વાંચીએ જ છીએ ને એક મુદ્રા લઈને આઘા ખસી જઈએ છીએ. પણ એ કાવ્ય વિશે લખીએ છીએ ત્યારે જે પહેલા વાચને અનુભવ થયો હોય એના કરતાં મનોમુદ્રાને વાચા આપીએ છીએ ત્યારે કોઈ જુદો અનુભવ થાય છે. કવિની યુક્તિ–પ્રયુક્તિ–કસબ પણ આપણી સહૃદયતામાં કલવાય છે. આ સાથે એક બીજું કાવ્ય પણ જોઈએ :

સમી સાંજની વેળા ઢળતી
આંખો બે આંખોને મળતી.
ગુનગુન ગુનગુન રહેજે કરતો
ફૂલની સેજે ભમરો ઢળતો !
રાતરાણીની સુરભિ દેતી
ચુંબન, વન વન ઉર અધીરે;
યામિનીની યમુના વ્હેતી
ધીરે ધીરે મંદ સમીરે !

મીંચાયેલાં લોચનિયે સમણાં
ભીતર એને પાંખ પ્રકટતી;
ઊંડે ઊંડે ઊંડે ઊડવા
ઊજળી ઊજળી વાટ ઊઘડતી !

અંધારાનો કાળો આરસ;
ચમકે તારાં નેણ નિખાલસ !

૧૩–૧૨–૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘાસ

ઘાસની જિન્દગી લીલવરણી અને
ઘાસનું મૃત્યુ તો સોનવરણું

આવ, આ ઝૂલતા ઘાસની મેડીએ
સર્વ દીવા બુઝાયા, છતાં તેડીએ
કોઈ લીલી સળી, કેડીએ કેડીએ
વાળ સોનેરી વીખરાઈ ચોગમ પડ્યા
કયાંક મુખ ઢાંકી લાજળ, નમાણું—

ત્યાં, પણે, ટેકરીને મથાળે ચડી
જોઈએ, વાય હેમંતી વાયુ, અડી
જાય આ ભીડની કયાંક સોનાછડી,
હરણના જૂથમાં આજ આ ઘાસ પણ
સાથ ચરતું બની જાય હરણું—

ખડ તણો ખાલી વિસ્તાર, કેવો ઝગે !
ઊતરી આમ ઢોળાય, ઘરમારગે.
ચાલતાં ચાલતાં પ્રિય, કદી ડગમગે
આપણા પાય, ત્યાં અંધકારે બને
દીપ, જો દીપ, એકેક તરણું.—

—મકરન્દ દવે

વૉલ્ટ વ્હિટમને પોતાના એક કાવ્યસંગ્રહનું નામ 'લિવ્ઝ ઑફ ગ્રાસ' રાખ્યું. ઉશનસના કાવ્યસંગ્રહનું નામ 'તૃણનો ગ્રહ'. પ્રહ્લાદ પારેખનું એક કાવ્ય છે, એનું શીર્ષક છે 'ઘાસ અને હું'. મકરન્દ દવેનું આ કાવ્ય એના અનેક અર્થસંકેતોને કારણે માણવા જેવું છે. ઘાસ જેવી નજીવી ચીજમાં પણ કેટલું બધું જીવન છે અને એમાં પણ જીવનનું કેટલું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આદર્શ વ્યાકરણ છે, એનો ધ્વનિ કાવ્યમાં સ્ફુર્યા કરે છે. ઘાસના જીવનના મુખ્ય બે રંગ, લીલો અને પીળા. પ્રારંભમાં એ હરિયાળું જીવન જીવે છે, પણ એનું મૃત્યુ સોનવરણું છે. કવિએ જાણે કે નિજી દૃષ્ટિથી ઘાસને ભરીભરીને પીધું છે. ઘાસની મેડીએ આસન જમાવવાની વાત છે; ખુરસી પર તો બધા બેસે. આ ઘાસની મેડી પર કોઈક લીલેરી સળી મળે છે, તો પીળા પડી ગયેલા ઘાસમાં જાણે કે કોઈકના સોનેરી વાળ દેખાય છે અને આ સોનેરી વાળમાં કોઈક ચહેરો સંતાયો છે : કદાચ એ પ્રિયતમાનો પણ હોય, કદાચ એ ઈશ્વરનો પણ હોય. ટેકરીને મથાળે પણ ઘાસ છે. હેમંતી વાયુ છે. બીડની સોનાછડી છે. આ ઘાસ ચરવા આવતું હરણનું ટોળું, ટોળામાં ઘાસ પોતે પણ જાણે કે એક હરણું બની જાય છે.

ઘાસ સુકાઈ જાય ત્યારે ખડ કહેવાય. એ ખડનો ખાલી વિસ્તાર પણે કેવો ઝગારા મારે છે. કચારેક આવી ઉજ્જડતામાંથી પ્રસાર થતાં થતાં પણ આપણા પાય ડગમગી ઊઠે તો ઘાસનું એક એક તરણું દીવાની ગરજ સારે છે. ઘાસ જીવે છે ત્યારે તો જીવે જ છે, પણ મૃત્યુ પામે છે ત્યારે પણ મૃત્યુ પામતું નથી; જુદી રીતે જીવે છે. આ કાવ્ય દ્વારા કવિ અનેક તર્જનીસંકેતો આપે છે. આ સાથે પ્રહ્લાદ પારેખનું કાવ્ય પણ જોવું જોઈએ :

જ્યાં સુધી પહોંચે નજર
ત્યાં સુધી બસ ઘાસનો વિસ્તાર છે,
ને પછી આકાશ કેરી
નીલરંગી ક્ષિતિજ કેરી ધાર છે.

પૃથ્વીના આનંદનાં સ્પંદન સમાં
તરણાં હલે છે વારવાર;
ના ખબર કે શા સંબંધે
સર્વ સંગે એહ, મારો પ્યાર છે.
એ હલે છે આવતાં ધીમો પવન,
થાય છે એવું જ મારા ચિત્તમાંહીયે ચલન.
જોઉં છું વહેલી સવારે એમને,
ને ખુશીથી મ્હેક મ્હેકે છે મને.
ઝાકળેથી એ બધાંયે શોભતાં,
જોઈ આંસુ હર્ષ કેરાં આંખમાં આવી જતાં!

થાય છે મારી નજર જાણે હરણ,
ને રહે છે ઠેકતી એ ઘાસમાં;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ના છળે છે એક પળ એનાં ચરણ.
સ્પર્શતો એને નહીં
ને નજીકત તોય એની
અનુભવું હું મન મહીં !
ને બપોરે કેમ શા તડકા તપ્યું
ને હરિત એવા ઘાસનું થાયે મિલન :
આભનું, ધરતી તણું, એ ભેઉ માંહી,
લાગતું કે, મન મળ્યું;
જોઈને એ કયાંકથી મુજ દિલ મહીં
આનંદ કેરું મધ ગળ્યું !

સાંજ વેળા તેજ, છાયા, ઘાસ, સૌ
સાથે મળીને ખેલતાં :
સાદ પાડી ચિત્તને મારાય, સંગે લઈ જતાં !
એમના એ ખેલને જોઈ રહું,
ને હર્ષપુલકિત થઈ જઉં.
પુલકને એ જોઈને લાગે મને
કે ઘાસ જુદે રંગ મારે અંગ
નાનું રૂપ લઈ વ્યાપી રહું !
કેવી અહો આ મન તણી છે સાધના,
(વા નહીં એને કહું આરાધના ?)
કે જોઉં જેને બા'ર
તેને અંગમાં ને અંતરે હું અનુભવું !
રે સ્વપ્નમાંયે ઘાસનું એ ચહુ દિશે,
સુખદ એવું જોઉં છું હું ફરકતું.

૧૮-૧૨-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકલવાયો માણસ લખે છે

"પ્રિય— :

હું સિગારેટ લઈને ફરું છું કેવળ એટલા માટે કે તને કદાચ કોઈક દિવસ જોઈએ અને મારાં ખિસ્સાં પણ દીવાસળીઓથી ભરેલાં છે. કલાકો સુધી હું પીઠામાં બેસી રહું છું એટલા માટે કે કોઈક સાંજે તું ટપકી પડે, નક્કી કરે કે ચિક્કાર પીવું છે અને તને કોઈક પિયાઉ અનુભવી સાથી જોઈતો હોય. આ કાગળની ઉપરની જગ્યા હું ખાલીખમ્મ રાખું છું, અલબત્ત, જેથી તું ત્યાં તારું નામ ભરી શકે.

—વર્ન રુત્સલા

વર્ન રુત્સલા અમેરિકન કવિ છે. ગદ્યકાવ્યને એ પૅરેગ્રાફ્સ તરીકે ઓળખાવે છે. આ સંગ્રહમાં આવા અનેક પૅરેગ્રાફ્સ છે. એક પૅરેગ્રાફ એટલે એક ગદ્યકાવ્ય. સર્જક અંદરથી એકલો જ હોય છે, એકલવાયો હોય છે. અહીં કાવ્ય છે, પત્રના સ્વરૂપે. પ્રિય વ્યક્તિનું નામ નથી, પણ 'પ્રિય' સંબોધન છે. નામની જગા ખાલી છે. માણસમાત્ર કોઈકના સહવાસને ઝંખે છે. સહવાસની આ ઝંખના પણ એકલતાનું મૂળ હોઈ શકે અને સહવાસ પછી પણ ઘણી વાર એવું બને છે કે માણસ વધુ ને વધુ એકલો થતો જાય છે. આપણે એકલા સિગારેટ પીએ, અને આપણી સાથે કોઈક સિગારેટ પીએ, એમાં અભાગી આનંદ નહીં, પણ સહભાગી આનંદ હોય છે. જીવન હંમેશાં નાના નાના આનંદ અને એની વહેંચણીમાં જ જીવન બનતું હોય છે. કાવ્યનાયક કહે છે કે હું સિગારેટ લઈને ફરું છું. કદાચ તું મળી જાય ને તને સિગારેટ જોઈએ. તારે માટે દીવાસળી પણ ખીસામાં ભરી રાખી છે. સિગારેટ છે, દીવાસળી છે, પણ તું નથી. અને સિગારેટ ને દીવાસળી અલગ હોય એનો કોઈ અર્થ નથી. મયખાનામાં જઉં છું, અપેક્ષા સાથે કે કદાચ તું ત્યાં ટપકી પડે. ચિક્કાર નશો કરું છું, કદાચ તારી પણ મારા જેવી કોઈ વ્યક્તિની ઝંખના હોય. મારી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપેક્ષાનું જે થાય તે થાય, પણ તારી અપેક્ષા હું ભોંઠી નહીં પાડું. તું કોણ છે એની મને ખબર નથી. તું આવશે કે નહીં એનો મને ખ્યાલ નથી. આ મારું ખુલ્લું સંબોધન છે, ઉઘાડું આમંત્રણ છે. તને લખાયેલો સરનામા વિનાનો પત્ર છે. આ પત્રની ઉપરની જગ્યા ખાલીખમ છે; મારા ભીતરની જેવી. તારું નામ ભરવાની તને છૂટ છે.

૧૮-૧૨-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુખડાની માયા

મુખડાની માયા લાગી રે, મોહન પ્યારા !
મુખડું મેં જોયું તારું, સર્વ જગ થયું ખારું,
મન મારું રહ્યું ન્યારું.

સંસારીનું સુખ એવું, ઝાંઝવાના નીર જેવું,
તેને તુચ્છ કરી ફરીએ રે.
પરણું તો પ્રીતમ પ્યારો, અખંડ સૌભાગ્ય મારો,
રાંડવાનો ભય ટાળ્યો.

મીરાંબાઈ બલિહારી, આશા મને એક તારી,
હવે હું તો બડભાગી.

—મીરાંબાઈ

આંખમાં આંખ મેળવીને વાત કરવી સહેલી નથી હોતી. જેની પાસે સચ્ચાઈ હોય, એની જ પાસે આવી રીતે વાત કરવાની ત્રેવડ હોય. મીરાંએ જે કાંઈ વાત કરી છે તે આમ આંખમાં આંખ મેળવીને કરી છે. એ આંખ શ્યામની હોય, શબ્દની હોય, લયની હોય કે શબ્દબ્રહ્મની હોય. મીરાંની કવિતા એટલે નર્યું આત્મનિવેદન. કોઈ ઢાંકપિછોડો નહીં. ભીતરથી જ એટલી સભર કે કળાકસબ એને અનુસરે. મીરાં જે કાંઈ બોલે, એમાં કળાકસબ જે કાંઈ કહો, તેની અનુમતિ હોય જ. અને જેને શ્યામની સંમતિ મળી હોય એને આવી અનુમતિની પણ પરવા ન હોય. કૃષ્ણ એટલે જ આકર્ષણ. મીરાંએ જ કયાંક કહ્યું છે, 'જેમ બોલે તેમ તેમની રે'. તણાઈ જવાનો પણ એક આનંદ હોય છે. પૂર તો સૌને તાણી જાય, પણ કૃષ્ણ વહેણરૂપે આવે તોયે તણાઈ જવાય. ખુલ્લેખુલ્લી રીતે મીરાં એકરાર કરે છે કે મને મોહનના મુખડાની માયા લાગી છે. 'મુખડાની માયા લાગી છે' એટલું કહ્યા પછી પણ એને ધરપત કે સંતોષ નથી, એટલે 'પ્યારા'નું સીધું સંબોધન છે. કોઈ આંટીઘૂંટી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બુદ્ધિનો કોઈ પ્રપંચ નથી. કેવળ લાગણીની લીલા છે. જગત જગતની રીતે બરાબર છે, પણ હવે તો મોહન એ જ જગત. એનો ચહેરો જોયા પછી જગતના ચહેરાનો સ્વાદ નથી. આખું જગત બેસ્વાદ લાગે છે. એનું મન સામાન્ય માણસના મન કરતાં ન્યારું છે. જીવનનો અભિગમ જ બદલાઈ ગયો છે. સંસારમાં જીવ નથી. લોકો જેને સુખ કહે છે એને મીરાં મૃગજળ કહે છે. લોકોને માટે જે મૂલ્યવાન છે, એને મીરાં તુચ્છ ગણે છે. એના જ એક પદમાં પંક્તિ છે, 'અખંડ વરને વરી.' પરણીને રંડાવાનું હોય એ મીરાંને ખપે નહીં. વૈધવ્ય કરતાં એને અખંડ સૌભાગ્યમાં રસ છે. મીરાંને રાણી થવામાં કે રહેવામાં રસ નથી. એની બલિહારી તો એ છે કે એણે રાણીપદને ભૂંસી નાખ્યું છે. શ્યામથી મોટું કોઈ સદ્‌ભાગ્ય નથી.

૨૨-૧૨-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

પકડો કલમ ને કોઈ પળે એમ પણ બને
આ હાથ આખેઆખો બળે એમ પણ બને.

જ્યાં પ્હોંચવાની ઝંખના વરસોથી હોય ત્યાં—
મન પ્હોંચતાં જ પાછું વળે એમ પણ બને.

એવું છે થોડું છેતરે રસ્તા કે ભોમિયા ?
એક પગ બીજા પગને છળે એમ પણ બને.

જે શોધવામાં જિંદગી આખી પસાર થાય
ને એ જ હોય પગની તળે એમ પણ બને.

તું ઢાળ ઢોલિયો; હું ગઝલનો દીવો કરું,
અંધારું ઘરને ઘેરી વળે એમ પણ બને.

—મનોજ ખંડેરિયા

કોરા કાગળનો મુકાબલો કરીએ અને કવિતા આવે જ એની બાંહ-ધરી તો કોણ આપે ? હાથમાં કલમ લઈએ અને કવિતાનો ઇલમ થાય, એવું તો બને તો બને, અર્થાત્, કચારેક ન પણ બને. કાગળ અને કલમની વચ્ચે કવિનો અશબ્દ શબ્દ છે. અથવા કવિનું મૌન છે. આ મૌન મૂર્ત પણ થાય અને એમાંથી કવિતાની મૂર્તિ પણ ઘડાય.

મનોજ ખંડેરિયા આપણા ઉત્તમ ગઝલકાર છે. એ લખે છે ઓછું, પણ લખે છે ત્યારે કશુંક નીપજે છે. પ્રારંભના શેરમાં એમણે કાવ્ય-સર્જનપ્રક્રિયાની વાત છેડી છે. કવિતા એમ ને એમ નથી લખાતી. નરસિંહ મહેતાના ગામ જૂનાગઢમાં રહેતો આ શાયર એમ કહે છે કે કલમ ને કાગળની વચ્ચે આખો હાથ નરસિંહની મશાલ થઈને બળવો જોઈએ. ગઝલના સ્વરૂપની મજા એ છે કે આપણે એક બાગમાં હોઈએ ને બાગમાં જુદાં જુદાં ઝાડ હોય ને પ્રત્યેક વૃક્ષને પોતીકું વ્યક્તિત્વ અને સૌંદર્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હોય અને વળી પાછી પ્રત્યેક વૃક્ષની છટાઘટા અને છાયામાયા જુદી હોય. બીજા શેરમાં કવિએ વેદનની વાત છેડી છે. કયાંક પહોંચવાની ઝંખના વર્ષોથી હોય અને માનો કે આપણે ત્યાં પહોંચી પણ ગયા ને પહોંચ્યા પછી તમને પાછા વળવાનું મન થાય એવું પણ બને. જરાક જુદા સંદર્ભમાં એક મરાઠી કવિના બાળગીતના ભાવની યાદ આવે છે. બનતાં લગી આ બાળગીત વિંદા કરંદીકરનું છે. માએ છોકરાને એક દિવસ કહ્યું છે કે હું તને પૂના લઈ જઈશ. મુંબઈથી એક દિવસ મા ને દીકરો પૂના જવા માટે ટ્રેનમાં બેસે છે. થોડી વાર થાય છે. સ્ટેશન પર સ્ટેશન આવતાં જાય છે. પ્રત્યેક સ્ટેશને બાળક પૂછે છે, મા પૂના આવ્યું? અને જ્યારે પૂના આવે છે ત્યારે મા કહે છે કે બેટા પૂના આવ્યું. ને બાળક કહે છે કે હવે મુંબઈ કયારે જઈશું?

ગઝલમાં આપણે ત્યાં આત્મનિરીક્ષણ અને એને પરિણામે ચિંતન કાવ્યમય રીતે પ્રગટે છે એટલે એનો ભાર લાગતો નથી. મનોજની ગઝલની આ લાક્ષણિકતા છે. મનુષ્યમાત્રનો સ્વભાવ છે કે પોતાનો દોષ બીજા પર ઢોળવો. આપણે કયાંક ખોટે રસ્તે વળી ગયા હોઈએ તો રસ્તાનો કે ભોમિયાનો વાંક કાઢીએ, પણ આપણને છળનારાં તત્ત્વો કેવળ બાહ્ય નથી, આપણું મન જ આપણા મનને છળતું હોય છે; પણ કવિએ આ વાતને બહુ સરસ રીતે મૂકી છે. આપણો એક પગ બીજા પગને છળતો જાય છે. કશું અશકય નથી. આપણી સ્થિતિ પણ કસ્તૂરી મૃગ જેવી છે. કેડે છોકરું ને ગામમાં શોધીએ એમ જે આપણા પગની તળે હોય એની જ આપણે તલાશ કરતા હોઈએ છીએ. અંતે મક્તામાં ગઝલનો મહિમા અને પ્રણયનો મહિમા બંનેને ગાયા છે. તાળીઓની વચ્ચે ગઝલ ભીંસાઈ જતી હતી ત્યારે મનોજ જેવા કવિએ ગઝલના દીવા પ્રગટાવ્યા છે.

૨૨-૧૨-૧૯૯૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

એક આંખમાં ધરતી અને એક આંખમાં આભ
આપણી એવી દૃષ્ટિ કે અહીં વસતા શુભ ને લાભ
ફૂલને કેવળ જોયા કરે
વાદળ ઉપર મોહ્યા કરે
કોઈકના સુખમાં હરખ હરખ
ને કોઈકના દુઃખથી રોયા કરો

આટલું સહજ સહજ થતું હોય તો હૃદય સાફ
આપણી એવી દૃષ્ટિ કે અહીં વસતા શુભ ને લાભ
કોરી કોરી ભાવનાઓથી
કોઈનું કદી ચાલશે નહીં
ધન ઉછીનું ચાલશે
પણ અહીં મન ઉછીનું ચાલશે નહીં
મન-ટૂંકા આ માનવીઓને કરજો પ્રભુ માફ
આપણી એવી દૃષ્ટિ કે અહીં વસતા શુભ ને લાભ

આપણે એકમેક સાથે બંધાયા ત્યારે તો એવી લાગણી હતી કે જાણે આ બંધનમાં જ મુક્તિ છે. પછી ધીમે ધીમે તને આ બંધનનો ભાર લાગ્યો. આવી બંધનમુક્તિમાં સાર ન લાગ્યો. રોજ-બ-રોજની જિંદગીમાં પ્યાર ન લાગ્યો. સામસામા અત્યાચાર થવા લાગ્યા – આ અત્યાચાર છે એની જાણ વિના. વાણી, મૌન, કાર્ય – છુપાવવું, જૂઠું બોલવું – આ બધાં હથિયારનો ઉપયોગ – આપણા જ છાપરા તળે. સોનાનાં નળિયાં માટીના થઈ ગયાં તારી કે કાળની મુક્તિ-પ્રમુક્તિથી. મનથી આપણે આઘા ને અળગા થવા માંડ્યા. એકમેકની સાથે રહેવાના અભરખા તો ઓગળી ગયા કચારના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અત્યારનો તો તારું મન બીજે ગૂંથાયેલું. તારી ઉત્કટતા એને માટેની છૂપી રહેતી નથી અને મારી આંખ તારી આવનજાવનને, એની સાથેની ફોન પરની વાતચીત થતી હોય ત્યારે તારા અવાજના આરોહઅવરોહને નોંધે છે. એમ તો નહીં કહી શકું કે આ બધું સાક્ષીભાવે હું જોઉં છું.

હવે તારી પ્રિય વ્યક્તિનો તારે માટેનો ઉભળકો થીજી ગયો છે. હવે એ અન્યને ચાહે છે. તારે માટે હતી એવી જ ઉત્કટતા. એ જ પગલાંઈ, એ જ અધીરાઈ. હવે તું જ આ બધું જોયા કરે છે. સાક્ષીભાવે ન જુએ તો જીવી ન શકાય એવી તારી સ્થિતિ છે.

પ્રેમ હવે નામ નથી. વારે વારે અર્થ બદલાય એવું એ વિશેષણ છે. વફાદારીનું વર્તુળ કયાંક પૂરું થાય છે અને બેવફાઈનું વર્તુળ ત્યાંથી શરૂ થાય છે. આંખમાં ઘેરાય છે આંસુનાં કૂંડાળાંઓ. આ કૂંડાળાંમાં જ પ્રેમનો પગ પડ્યો છે. હવે બહુ મોડું થયું છે. અહીંથી આગળ જવા માટે કે પાછા વળવા માટે. આ ક્ષણ ભૂતકાળ અને ભવિષ્યથી વહેરાઈ રહી છે. આંખ હવે આંસુને પણ ઊંચકવા તૈયાર નથી અને આંસુને આંખ અળખામણી લાગે છે.

સગવડ પ્રમાણે તું મારા આ અક્ષરને ઉકેલજે. આ કાગળ પણ હોઈ શકે અથવા આ કવિતા પણ હોઈ શકે, આ આરોપનામું પણ હોઈ શકે, આ બચાવનામું પણ હોઈ શકે, આ નિરીક્ષણ પણ હોઈ શકે, વાસ્તવિકતા પણ હોઈ શકે. અહીં કલ્પનાને કોઈ સ્થાન નથી, સંવેદનનું હવે કોઈ કામ નથી, નિવેદનનો કોઈ અર્થ નથી, આખી જિંદગી વેસ્ટપેપર બાસ્કેટ—

જે થાય તે સારા માટે
સાગર ધખતો હોય તે જલધારા માટે
તાપ અને સંતાપ એ તો
મનની એક અવસ્થા
આવવું હોય તે આવે: એને
લઈશું હસતા હસતા
સાચ અમસ્થા રસ્તાઓ ઊઘડતા આવે વણઝારા માટે
સાગર ધખતો હોય તે જલધારા માટે
રેતીમાં મૂકેલાં પગલાં
આજ હશે ને કાલ નહીં
આકાશમાં પગલાં મૂકવાનો
પંખીને કોઈ સવાલ નહીં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શાને માટે ખૂણાખાંચા ? આ મારા માટે કે તારા માટે
સાગર ધખતો હોય તે જલધારા માટે

□

લયની કેડી લપાઈ ગઈ છે સાવ કોરા આ કાગળમાં
વીજળી જાણે લપાઈ ગઈ છે આભના ઘેરા વાદળમાં
પતંગિયાની પાંખો પહેરી
શબ્દો ઊઘડે ફૂલની જેમ
ભમરાના ગુંજનમાં મ્હેકે
બાગ માટે છાનેરો પ્રેમ
કેમ બધું આ થાય એને બાંધો નહીં કોઈ સાંકળમાં
લયની કેડી લપાઈ ગઈ છે સાવ કોરા આ કાગળમાં
કેમ ઊછળે દરિયાનાં મોજાં
કેમ સરોવર શાંત ?
કોલાહલની વચ્ચે મારું
અકબંધ છે એકાન્ત
સૂરજ જેવા સૂરજનો પણ જીવ ઠરે છે ઝાકળમાં
લયની કેડી લપાઈ ગઈ છે સાવ કોરા આ કાગળમાં.

□

મારે તો
ગુલાબને કશુંક કાનમાં કહેવું હતું
પણ કાંટાઓ સાંભળી ગયા

મારે તો
પંખીને કશુંક કાનમાં કહેવું હતું
પણ શિકારી સમજી ગયા

મારા હાથમાં ગુલાબની એક પાંદડી
અને પંખીનું એક પીંછું છે.
હવે મારે કોઈને
કશું જ કહેવું નથી.

૩૦-૧૨-૧૯૬૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

મારી માડીના બારણે મોગરો, હું તો ફૂલડાં વીણતી રમું રે;
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

મારી સાસુના બારણે બાવળિયો, હું તો કાંટા વીણતી રડું રે;
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

મારી માતાને બારણે હીંચકો, હું તો હીંચકા ખાતી રમું રે;
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

મારા સાસરાના બારણે ખાંડણિયો, હું તો ચોખા ખાંડતી રડું રે,
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

મારી બે'નીના વાળ્યા ચોટલા રે, તેમાં પાંચ પાંચ ફૂલડાં ઘાલ્યાં રે;
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

મારી નણંદના વાળ્યા ચોટલા રે, એમાં પાંચ પાંચ વીંછુડા ઘાલ્યા રે;
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

મારી માતાએ શીરો શેકયો રે, તેમાં ઘી રેલમછેલ રે;
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

મારી સાસુએ શીરો શેકયો રે, તેમાં દિવેલની રેલમછેલ રે;
રાજ, મારી માડીનાં ઘર કેમ વીસરું ?

(લોકગીત)

લોકગીતમાં સંવેદન વ્યક્તિનું હોય છે, પણ ઘણી વાર વ્યક્તિને નિમિત્તે સામૂહિક સંવેદન પણ પ્રગટ થતું હોય છે. અહીં, આકરો સાસરવાસ વેઠતી એક સ્ત્રીની વાત છે, પણ એક જ સ્ત્રીની વાત નથી. આવી અનેક સ્ત્રીઓની સામૂહિક વ્યથા આલેખાઈ છે. આજનો તો જમાનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જુદો છે. લગ્ન પહેલાં બે વ્યક્તિઓ એકમેકને મળી પણ શકે છે; પણ એવો જમાનો હતો કે જ્યારે છોકરી સાસરે જતી ત્યારે સાવ અંધારા ને અજાણ્યા કૂવામાં ઊતરતી હોય એ પરિસ્થિતિ હતી. સ્ત્રીનું સાસરામાં રહેવું એ ફૂલાવરવાઝમાં ફૂલ ગોઠવવા જેવી વાત નથી, પણ આખું ને આખું ઝાડ એક ભૂમિમાંથી ઊખડીને બીજી ભૂમિમાં રોપાતું હોય એના જેવી વાત છે.

પિયરમાં એક પ્રકારની લાપરવાહી હોય છે, મુક્તિનો અનુભવ હોય છે, માતા અને પિતાની છત્રછાયા હોય છે, ભાઈ અને બહેનની હૂંફ હોય છે, સહિયરોનો સાથ હોય છે. આસપાસ સંબંધોની ફૂલવાડી હોય છે. આ વાતને અનામી કવિએ આ રીતે વહેતી કરી છે. માડીના બારણે તો મોગરો છે, ફૂલડાં વીણવાનાં છે અને રમવાનું છે. સાસરે આવ્યા પછી પિયર ભૂલ્યું ભુલાતું નથી. આ ગીતમાં પિયર અને સાસરાનો તફાવત — આસમાન-જમીન જેવો તફાવત — બતાવ્યો છે. સાસરામાં તો બાવળ છે, કાંટા વીણવાના છે, રડવાનું છે અને માડીના ઘરને યાદ કરવાનું છે. રમવામાંથી રડવા તરફની અધોગતિ છે. આ વિરોધને કવિએ ભિન્ન-ભિન્ન કલ્પન દ્વારા વિકસાવ્યો છે. આ ભિન્નભિન્ન કલ્પનો તે હીંચકો ને ખાંડણિયો, ફૂલડાં અને વીંછુડા, ઘી અને દિવેલ...સાસરિયામાં જે ત્રાસ પડ્યો હોય એ આવા આક્રોશ દ્વારા પણ પ્રગટ થાય છે. આજે કદાચ કોઈકને આ ગીત—ખાસ કરીને શહેરમાં સુસંગત ન લાગે; પણ સમાજની ત્વચા સહેજ ઉખેડીને જુઓ તો કદાચ દુઃખ આપવાની પદ્ધતિ-ઓ બદલાઈ હશે, પણ પરિસ્થિતિ સમૂળગી બદલાઈ નથી. અલબત્ત, માત્રામાં ફરક પડ્યો હશે, પણ પ્રકારમાં ફરક ન પડ્યો હોય. સામાજિક પરિવર્તન એ ધીમી પ્રક્રિયા છે એટલે ઝટ ન પણ દેખાય. સમાજ અને સમજનો તાળો આમ પણ જલદી મળે એવો નથી.

૧-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અષાઢે

અષાઢે તણખલું ના તોડીએ જી,
એ જી, એ તો ફૂટતું રે ઘાસ,
એમાં ધરતીનો શ્વાસ,
એની પત્તીની પીમળમાં પોઢીએ જી.

પ્રભાતે પછેડિયું ના ઓઢીએ જી,
એ જી, આવ્યાં અજવાળાં જાય,
આવ્યા વાયુયે વળી જાય,
આવ્યા રે અતિથિ ના તરછોડીએ જી.

તારે આંગણિયે ઊગ્યું એ પરોઢિયે જી
એ જી, એ તો ફાગણ કેરું ફૂલ,
એમાં એવી તે કઈ ભૂલ?
પરથમ મળિયા શું મુખ ના મોડીએ જી.

—ઉશનસ

ઉશનસ્ જેટલા સૉનેટવીર છે, એટલા ગીતપ્રવીણ નથી, ને છતાંયે કયારેક કયારેક એમની પાસેથી ગમી જાય એવી ગેય કૃતિઓ નથી મળી એમ નહીં. ભજનના ઢાળમાં આ તો જાણે કે પોતે પોતાને કહેવાની વાત છે; એટલે સીધો ઉપદેશ અહીં વરતાતો નથી.

કેટલીક વસ્તુ માણસે કરવી ન જોઈએ. કશુંક ઊગતું હોય ત્યાં આગળા ભીડવા ન જોઈએ. અષાઢ મહિનો હોય, તણખલું માંડ ફૂટયું હોય, એ તરણું થઈને ટટ્ટાર ઊભું રહેવા માગતું હોય, એના અસ્તિત્વમાં ધરતીનો શ્વાસ ઘૂંટાતો હોય, ત્યારે એને તોડાય નહીં. એની પત્તીની પીમળમાં પોઢવું જોઈએ. પત્તીની પીમળનું કલ્પન સ્પર્શી જાય એવું છે.

કવિતામાં વાત દોહરાય એની પણ એક મજા છે. મૂળ વાત લયમાં ઘૂંટાતી આવે એનો આનંદ છે. સવારનો સમય હોય, કિરણો આપણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નજીક આવવાનો પ્રયત્ન કરતાં હોય, પવન આપણને સ્પર્શવા મથતો હોય, આવી વરદાનભરી સવાર હોય અને એ સવારે આપણે પછેડી ઓઢીને પોઢી જઈએ અને કિરણ ને પવન આપણાં અતિથિ તરીકે આવ્યાં હોય એને પાછાં વાળીએ તો આપણા જેવો શાપિત આત્મા કોઈ નહીં. અજવાળાને ઉવેખીએ અને અંધારાના ભોંયતળિયામાં રહીએ, એનો અર્થ એવો, આપણા જેવા અભાગી કોઈ નહીં.

આંગણામાં પરોઢ ઊગ્યું હોય અને પરોઢની સાથે ફાગણનું ફૂલ મહોર્યું હોય ને આપણી નજર એના પર ન ઠરે તો આપણે માટે કોઈએ 'અરે !' ઉદ્‌ગાર જ કાઢવો જોઈએ. જે પ્રથમ મળે છે એની જ સાથે દૃષ્ટિ મેળવવાને બદલે જો મોઢું ફેરવી લઈએ તો કશુંક અમૂલ્ય ગુમાવીએ છીએ. જીવન મોટી મોટી ઘટનાઓથી નથી બનતું, પણ નાના નાના આનંદોથી સભર થાય છે.

૧-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્યાં લગી ?

ક્યાં લગી ?
આમ ને આમ આ વહી જશે જિંદગી....ક્યાં લગી ?

દંભના દોર પર નાચતા નટ અમે,
સંતના સ્વાંગમાં શોભતા શઠ અમે;
આ બધાંનો કદી હોય ના અંત શું ?
રે અમે માનવી ના, અમે તો પશુ....
....એથી પણ અધમ હા;
તે છતાં મુખ ઉપર લેશ પણ શરમ ના,
ભય નહીં પાપનો.
(વિશ્વના તાતનું મૂલ્ય પણ ના કશું.)
કોકના જોર પર વૈભવોને ભરી
આમ ને આમ હ્યાં રાચશું ક્યાં લગી ?

ક્યાં લગી ?
આમ ને આમ આ વહી જશે જિંદગી....ક્યાં લગી ?

ઠેઠ ૧૯૫૪માં લખાયેલી આ કૃતિ છે. મને કોઈ પૂછે કે આ કૃતિનાં મૂળ ક્યાં છે તો મારે પ્રામાણિકપણે કહેવું જોઈએ કે મને કશી ખબર નથી. લગભગ ૨૭ વર્ષ પહેલાં લખાયેલી આ કૃતિમાં જીવનનો થાક છે. જીવનનો થાક ત્યારે જ લાગે જ્યારે જે જીવન જીવવું છે એ જીવન જીવવા ન મળે ત્યારે. જીવનનો થાક ત્યારે જ લાગે કે જ્યારે આપણું પોતાનું જીવન લાચારીથી જીવવું પડે ત્યારે.

એ જમાનો હતો જ્યારે હું રાજેન્દ્રનાં ગીતોથી અને નિરંજનના પરંપરિતથી વશ થયો હતો. આ પંક્તિ એ કદાચ નિરંજનના પરંપરિતના વશીકરણનું પરિણામ હોઈ શકે. સમૂહ હોય એ સમાજ કહેવાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અને સમાજ એટલે દંભ, શિષ્ટાચાર, કહેવાતી સભ્યતા – આ બધાનું સરકસ અને સરઘસ, સમાજના તાલ સાથે તાલ મિલાવો અને સમજના લય-તાલને છોડી દો. કિરતારની કરતાલને છોડી દો તો દુન્યવી દૃષ્ટિએ આપણે સફળ માણસ કહેવાઈએ. સફળ માણસો ઈશ્વરની દૃષ્ટિએ જોઈએ તો નિષ્ફળ જ લાગવાના. માણસ પાસે સંસ્કારો સડેલા પાન પરના વરખ જેવા જ હોય છે કે વરખને ઉખેડો તો હરખ નહીં પણ આંસુ આવે એવી સ્થિતિ હોય છે.

આપણે દંભના દોર પર નાચતા નટ જેવા કે સંતના સ્વાંગમાં શોભતા શઠ જેવા છીએ. એક વાર પગથિયું ઊતર્યા પછી અધઃપતનનો અંત નથી. આપણે ચાલીએ છીએ બે પગે. એટલે આપણે ચોપગા નથી એટલું જ. પણ આપણા વર્તનમાં અને પશુના વર્તનમાં કાંઈ કશો ફેર નથી. આપણે પ્રેમને નામે શિકાર કરીએ છીએ. સેવાને નામે શિકાર કરીએ છીએ. પશુઓ પ્રામાણિક છે. એ જે કાંઈ કરે છે એ કોઈને નામે નથી કરતા. એમની પાસે શબ્દો નથી એટલે એ શબ્દોથી છેતરપિંડી પણ નથી કરતા. આજનું જગત એવું છે કે પશુને આપણે માણસ કહીએ તો પશુને પણ માણસ શબ્દ ગાળ જેવો લાગશે. આપણે માટે પુણ્ય એ વરદાન નથી, પાપ એ શાપ નથી. આપણને આપણો પણ ભય નથી અને ઈશ્વરનો પણ ભય નથી. કોઠકના જોર ઉપર વૈભવોને ભરીભરીને આપણે અશ્લીલ તમાશો કરી રહ્યા છીએ. અને સોનાની ખાણ સમજીને કાદવમાં આળોટી રહ્યા છીએ. એટલે જ અહીં પ્રશ્ન છે : કયાં લગી... ? કયાં લગી... ?

૪-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારી સુવાસ

તારી સુવાસ અંગ થકી ઓસરી નથી,
આશ્લેષથી તું જાણે કદીયે સરી નથી.

ફૂલોએ કેમ જાણી હશે આપણી કથા?
મેં તો ચમનમાં વાત કોઈને કરી નથી.

આ રસ્તે આવવાની ઉતાવળ કરો નહીં,
આંખો મેં આખે રસ્તે હજી પાથરી નથી.

શમાયું છે એ કહો છો, તો માની લઈશ હું,
મેં તો હજી બે પાંપણો ભેગી કરી નથી.

એને કશું ન કહેશો ભલા, એનો વાંક કયાં?
એ લોકોએ કદીય મહોબ્બત કરી નથી.

—હરીન્દ્ર દવે

સંખ્યાની દૃષ્ટિએ ગઝલ તો આપણે ત્યાં વધતી જ રહી છે. પણ આ સૂક્ષ્મ અને નાજુક પ્રકારની જે રીતે ઊંડાણથી માવજત થવી જોઈએ એ રીતે થતી નથી. કયારેક કોઈક સારી ગઝલ વાંચીએ ત્યારે દિલ બહેલે છે અને એના વિશે લખવાનું કલમને મન થાય છે.

કોઈ પણ પ્રકારનો ઘોંઘાટ કે કોલાહલ કર્યા વિના હરીન્દ્રએ થોડીક ઉત્તમ ગઝલો લખી છે. જે પંક્તિઓ લખાઈ છે એ તો દેખાય છે પણ ઘણી વાર કવિતા જે નથી લખાતું એમાં પણ રહી હોય છે. એક ચિત્રકારે કહ્યું હતું કે, 'I Paint what I don't see.' કેટલીક કૃતિઓમાં વચ્ચે જે અવકાશ છે એમાંથી અર્થ શોધવાનો હોય છે.

તાજા જન્મેલા બાળકને સૂંઘ્યું છે? એની એક સુવાસ છે. નવાં ખરીદેલાં પુસ્તકની પણ એક સુગંધ છે. પહેલો વરસાદ પડે છે ત્યારે માટીની સોડમ અચાનક આપણા અસ્તિત્વમાં અંગડાઈ લે છે. શરીરને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri
પણ એક સુવાસ છે. અહીં સહવાસની સુવાસની વાત છે. ગાઢ આશ્લેષ અને આલિંગન પછી વિખૂટા પડ્યા પછી કાવ્યનાયકને પ્રતીતિ થાય છે કે હજીયે મારું શરીર તારા આશ્લેષને અને તારી સુગંધને સાચવી બેઠું છે. આ સુગંધનો પણ એક નશો છે. અસ્તિત્વમાં આ પરિમલની પરબ મંડાઈ છે.

આપણે એમ માનતા હોઈએ કે આપણા પ્રેમની વાત આપણે જ જાણીએ છીએ. પ્રેમ છૂપો કે છાનો રહેતો જ નથી. હોઠને બીડી શકશું પણ બોલતી આંખોને કેમ મૂગી કરશું? આમ તો આપણા પ્રેમની વાત આપણા સિવાય કોઈ જાણતું નથી. કવિએ વિસ્મયને ઘૂંટ્યો છે. મેં તો ફૂલોને પણ વાત નહોતી કરી. ચમનને પણ કોઈ ખ્યાલ નથી અને છતાં પણ એ લોકો આપણી રહસ્યકથા કઈ રીતે જાણી ગયા?

ઉત્કટતાનું બીજું નામ પ્રેમ છે. હજી હમણાં તો છૂટા પડ્યા અને ત્યાં તો તમે અહીં પાછા આ રસ્તે આવવાની ઉતાવળ કરો છો. તમે આટલી ઉતાવળ ના કરો. હું તમારી પ્રતીક્ષા કરું અને એ પ્રતીક્ષા કરતાં કરતાં મારી આંખને તમારે રસ્તે પાથરું પછી આવો.

તમે તમારા સ્વપ્નની વાત કરો છો, તમે જે કહેશો તે હું માની લઈશ પણ તમે તો સદ્નસીબ તમને નીંદ આવી. તમને શમણું આવ્યું, તમે જાગી ગયા. તમારી સપનાની વાત કહેવા માટે પણ તમે તત્પર થયા પણ મારો તો ખ્યાલ કરો, મારી બે પાંપણ હજી ભેગી જ નથી થઈ.

પ્રેમમાં પડેલા માણસની સ્થિતિનો ખ્યાલ દુનિયાને ન આવે એ સ્વાભાવિક છે. એટલે એ લોકો આડીતેડી, અવળી-સવળી, સાચી-ખોટી વાત કર્યા કરે એમાં એમનો વાંક નથી. જે વાતો કરે છે એ કદી પ્રેમ કરી શકતા નથી. અને જે લોકો પ્રેમ કરે છે તે લોકો પ્રેમ જ કરે છે, વાતો કરતા નથી.

આ ગઝલની વિશિષ્ટતા એ છે કે અહીં ચીલાચાલુ વિરહની વાત નથી પણ બંને પક્ષે જે ઉત્કટતા છે, એ ઉત્કટતાની પ્રસન્ન અભિવ્યક્તિનો આનંદ છે. આ સાથે એક ગીત પણ જોઈશું :

મારા અંગથી સુવાસ તારી નીતરી રહી :
એ જ સૌરભથી નામ તારું ચીતરી રહી.
મારી હથેળીમાં મૂક્યું તો નામ તારું
ઊગતા પરોઢિયાનો તારો;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આછા અંધારમાં ઝીણું ઝીણું મરકે ને
અંજવાળે આવ્યો જનમારો.

એક તારલાને જોતાં આભ વીસરી ગઈ;
મારા અંગથી સુવાસ તારી નીતરી રહી.

નામને મેં હોઠથી અળગું કર્યું તો
મને થઈને પવન વીંટળાય;
મારા એકાન્તની કુંજમાં આ નામ તારું
લગનીની ડાળે લહેરાય.

હું તો આલીંયાં ઊભી ને ક્યાંક નીસરી રહી.
મારા અંગથી સુવાસ તારી નીતરી રહી.

૫-૧-૧૯૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે

મેં એની પાસે
ગોવર્ધન જેટલું સુખ
અને
ટચલી આંગળી જેટલું દુઃખ માગ્યું
મારા કહેવામાં
કે
એના સમજવામાં
કદાચ ભૂલ થઈ હોય
મેં કહ્યું તેનાથી અવળું જ થયું
હવે
હું નથી ભાર ઉપાડી શકતો
કે
નથી આંગળી કાપી શકતો.

—કિશોર શાહ

માણસ અસહાય થાય છે ત્યારે આકાશ તરફ જુએ છે, ઝંખે છે કે કચાંકથી કોઈકની કૃપા વરસે તો કેવું? કેટલીક વાર એવી પરિસ્થિતિ સર્જાય છે જ્યારે ધરતી ઉજ્જડ હોય છે અને આકાશ શૂન્ય. કોઈ પણ મનુષ્યની જિંદગી કેવળ સુખમય કે કેવળ દુઃખમય નથી હોતી. જિંદગીના પોતનો વણાટ સુખ અને દુઃખના તાણાવાણાથી વણાતો હોય છે. અનુભવીઓ એમ કહે છે કે જિંદગીમાં દુઃખની માત્રા વધારે હોય છે, સુખની ઓછી. દુઃખ અને સુખ વચ્ચે કોઈ સમતુલા કે પ્રમાણભાન જળવાતું નથી. ઝીણી નજરે જોઈએ તો સુખની પાછળ દુઃખ અને દુઃખની પાછળ સુખ... આવી કોઈક સંતાકૂકડી સનાતન ચાલતી હોય છે. સુખ અને દુઃખથી જે પર થાય એ તો સંતની અવસ્થા. સંતની અવસ્થાનું સદ્‌ભાગ્ય સૌને સાંપડતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાવ્ય મને ગમે છે કારણ કે કવિએ આમાંથી કોઈ તત્ત્વજ્ઞાનનો નિચોડ નથી કાઢ્યો પણ વાસ્તવિક પરિસ્થિતિને યથાર્થ રીતે પ્રગટ કરી છે. માણસમાત્રનો સ્વભાવ છે કે એ કશુંક માગતાં માગી બેસે છે, કયારેક આપણી માગણીમાં પણ આપણું પ્રમાણભાન નથી હોતું; આપણી, આપણા પાસેની કે દૈવી તત્ત્વ પાસેની અપેક્ષા વધુ હોય તો નિરાશા તો આપણી આંખ સામે એના બધા જ ભાવ ભજવવાની. કાવ્યનાયકે સચ્ચાઈથી એકરાર કર્યો છે. પણ આ એકરારમાં જુદા પ્રકારની સમતુલા સાચવી છે અને એ સમતુલા તે કેવળ સુખ નથી માગ્યું, દુઃખ પણ માગ્યું છે. આપણે માગીએ એવું ને એટલું જ મળે એવું ઓછું છે. કવિએ કૃષ્ણની મિથનો અહીં ઉપયોગ કર્યો છે. ગોવર્ધન જેટલું સુખ અને ટચલી આંગળી જેટલું દુઃખ.

એક માણસ બીજા માણસ સાથે પણ પૂરેપૂરું કમ્યૂનિકેટ નથી કરી શકતો અને એને પરિણામે સંબંધોમાં પણ ગેરસમજણ સર્જાતી હોય છે તો દૈવી તત્ત્વ જે અપ્રત્યક્ષ છે એની સાથે તો તમે ગમે એટલા પ્રગટ થાઓ તોપણ કયાંક ગેરસમજણનો શિકાર થઈ જાઓ.

કવિએ દોષનો ટોપલો કોઈના પર ઢોળ્યો નથી. આંતરનિરીક્ષણથી એ પોતે જ પોતાના મનોગતને પોતાની સમક્ષ પ્રગટ કરે છે. માણસમાત્રનો સ્વભાવ છે કે સહેજ પણ પ્રતિકૂળ થાય તો બીજાને દોષ દેવાનો. અહીં એવી વાત નથી. એ તો કહે છે, કાં તો મારા કહેવામાં, કાં તો એના સમજવામાં કોઈક ગોસમોટાળો થયો છે. જે કાંઈ પણ થયું હોય તોપણ પરિણામ તો ભોગવવું જ રહ્યું. કંઈક અવળું થયું છે. સવળું થતાં થતાં રહી ગયું છે એવું પણ નથી.

કાવ્યના અંતમાં નરી લાચારી છે. અને છતાંય આ કાવ્ય આત્મદયાનું નથી થતું. એક ન ઊકલે એવી વિષમ વિમાસણ છે. ભાર ઉપાડી શકાતો નથી. અને આંગળી કાપી શકાતી નથી. જિંદગી જિવાતી નથી અને મરણનો મુકાબલો થતો નથી. વેદનાની વાસ્તવિકતાની કવિએ નિવેદન દ્વારા સંવેદનની ભૂમિકા રચી છે.

ઝેન ધર્મનું કેન્દ્રબિંદુ 'નો માઇન્ડ' છે. આ 'નો માઇન્ડ'ની અવસ્થા પ્રાપ્ત થાય તો કાવ્ય લખવાનો પ્રશ્ન જ ન થાય વિ-પ્રશ્નની ભૂમિકા વિપિન પરીખનું એક મુક્તક આના સંદર્ભમાં યાદ આવે છે.

માગવાનું કહે છે તો માગી રહું છું આ, પ્રભુ!
દઈ દે મન એવું કે માગે એ કશુંયે નહીં.

૫-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હુંકારી જા

મારી બંસીમાં બોલ બે વગાડી તું જા,
મારી વીણાની વાણી જગાડી તું જા.

ઝંઝાનાં ઝાંઝરને પહેરી પધાર પિયા,
કાનનાં કમાડ મારાં ઢંઢોળી જા,
પોઢેલી પાંપણના પડદા ઉપાડી જરા
સોનેરી સોણલું બતાડી તું જા.

સૂની સરિતાને તીર પહેરી પીતાંબરી,
દિલનો દડૂલો રમાડી તું જા,
ભૂખી શબરીનાં બોર બેએક આરોગી
જનમભૂખીને જમાડી તું જા.

ઘાટે બંધાણી મારી હોડી વછોડી જા,
સાગરની સેરે ઉતારી તું જા,
મનના માલિક તારી મોજના હલેસે
ફાવે ત્યાં એને હંકારી તું જા.

—સુન્દરમ્

સુન્દરમ્‌ની કવિતા એટલે છંદોલયની છાકમછોળ. ગીતની પ્રથમ પંક્તિ ઘણીયે વાર કોઈક અણજાણ્યા પ્રદેશમાંથી આવતી હોય એવી પ્રતીતિ આપે. પછી શબ્દો લયને રસ્તે આપમેળે નીકળી પડે. કશુંક કહેવાનું હોય છે ત્યારે ગીત લખાતું નથી, પણ કશુંક લખાયા પછી એનો અર્થ એના લયમાં મહોરતો હોય છે, ફોરતો હોય છે.

પ્રતીક્ષા અને ઝંખનાનું આ કાવ્ય છે. નાની અમથી, પણ મહામૂલી અપેક્ષા છે. વાદક વિના વાદ્યનો કોઈ અર્થ નથી. વાંસળી હોય, પણ ફૂંક ન હોય, તો વાંસળી એ લાકડાનો ટુકડો છે. વીણા હોય પણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એની વાણી પ્રગટાવી શકે એવો વીણાવાદક ન હોય તો વીણા એ ફર્નિચરનો ભાગ છે. અસ્તિત્વ છે, પણ અસ્તિત્વને અર્થ આપનાર કોઈ પરમ તત્ત્વ નથી, તો એક શૂન્યતા સર્જાય છે. કોઈ અલૌકિક તત્ત્વ રમ્યરૂપે કે ભવ્યરૂપે, લાસ્યરૂપે કે તાંડવરૂપે આવે એની અપેક્ષા છે. આ તાંડવરૂપે આવે તોપણ સંહાર નહીં કરે, કારણ કે એની મૂળભૂત ભૂમિકા પ્રેમની છે. ઈશ્વર એ ઈશ્વર નથી, પણ પ્રિયતમ છે. ભલેને એ ઝંઝાનાં ઝાંઝર પહેરીને આવે. ઝંઝામાં તોફાન છે અને ઝાંઝરમાં મસ્તી છે. આ પ્રિયતમ કાનનાં કમાડને ઢંઢોળે અને નિંદને ઉડાડે એનો જ મહિમા છે. 'નયણાંની આળસ'ને કારણે હરિદર્શન કયાં થયાં છે? પાંપણના પડદા ઉપાડે અને સાક્ષાત્કારનું સોનેરી શમણું બતાવે તો આંખના ઉપવાસ છૂટે.

સરિતા છે, પણ સૂની છે. સૂનકારના આ તીર પર કોઈક પીતાંબર પહેરીને આવે અને દિલનો દડૂલો રમાડે. જન્મભૂખી શબરીનાં બોર ચાખીને શબરીને જમાડે તો પ્રતીક્ષા અને તિતિક્ષાનો અંત આવે અને અસ્તિત્વની અમરાઈમાં ચૈતન્ય મહોરી ઊઠે.

સંસારનાં કેટલાં બંધનો આપણને વળગ્યાં છે? આપણી હોડી આપણી જ કુંઠિતતાના ઘાટ ઉપર બંધાઈ છે. સાગરના મઝધારનો અનુભવ નથી, કોઈક આવે, હોડીને છોડાવે; એ કોઈક તે મનનો માલિક. એની ઇચ્છા–આનંદનાં હલેસે મનફાવે ત્યાં એને હાંકી જાય, તો જ્યાં જ્યાં જઈએ ત્યાં ત્યાં મનગમતાના સાથની સાથે મનગમતી મંજિલ જ મળે.

સુન્દરમ્‌ની આ કવિતામાં આદિથી અંતની પ્રાસની જે સાહજિકતા છે તે અપૂર્વ છે. ગીતના દેહ અને પ્રાણમાં જો કશુંક ધબકતું હોય તો તે હૃદયની આરત અને લયનું લાવણ્ય.

૨૨-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

મેં એક અચંબો દીઠો,
દીઠો મેં ઘર વર કૃષ્ણ કનૈયો,
હૃદય હૃદય મેં રાધા દીઠી
હું બન્યો મુગ્ધ નરસૈંયો.

મેં વન વન વૃંદાવન દીઠાં,
મેં તરુ તરુ દીઠી વૃંદા,
મેં પર્ણ પર્ણમાં વૃંદા કેરાં
દીઠાં નંદજશોદા. મેં એક૦

મેં નદી નદીમાં દીઠી યમુના,
મેં દ્રહ દ્રહ દીઠો કાલિ,
મેં પળપળ દીઠી કાલિ દહંતી
કાલી મહાકરાળી. મેં એક૦

મેં નયન નયનમાં ઉદ્ધવ દીઠા,
શયન શયન હરિ પોઢ્યા,
મેં અખિલ વ્યોમ પયસાગર દીઠો
મેં અંગ અંગ હરિ ઓઢ્યા. મેં એક૦

—સુન્દરમ્

કવિ પાસે જે કોઈ પણ ઐશ્વર્ય હોય તો એ ઐશ્વર્ય અચરજનું. કવિ રહે છે વિસ્મયના વૃંદાવનમાં. યથાદૃષ્ટિ તથાસૃષ્ટિ એ ન્યાયે સમગ્ર વિશ્વ કૃષ્ણમય છે. જ્યાં જ્યાં નજર ઠરે છે, ત્યાં બીજું કોઈ નહીં, પણ શ્યામ તરવરે છે. આ શ્યામમયતા કવિને નરમાંથી નરસૈયો બનાવે છે. નરસિંહની દૃષ્ટિએ અખિલ બ્રહ્માંડ જોવા જેવું છે. કવિ એમ નથી કહેતા કે વિસ્મય થયો, નજરોનજર સગી આંખે અચંબાને જોયો; ઘરે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘરે કૃષ્ણ અને હૃદયે હૃદયે રાધાનો સાક્ષાત્કાર થયો. કવિએ વિસ્મયના દ્વીવાઓને લયના પ્રવાહમાં વહેતા કર્યા છે. વાત એક જ છે, પણ પ્રત્યેક વહેણનું સૌંદર્ય જુદું છે. આખી ભાગવતી સૃષ્ટિને કવિએ અહીં સજીવ કરી છે. વનમાં વૃંદાવન જોયું છે ને તરુ તરુમાં વૃંદા. તુળસીના પાને પાને દેખાય છે નંદ અને જશોદા. કોઈ પણ નદી એ નકશાની નદી નથી, દરેક નદીમાં યમુના છે. દરેક ધરામાં કાલીનાગ અને પ્રત્યેક પળમાં મહાકાળીને જોઈ છે. આ પંક્તિ તો પ્રાસથી પ્રેરાઈને જ આવી હશે. પ્રત્યેક નયનમાં ઉદ્ધવ અને શયનમાં હરિવર, વ્યોમમાં પયસાગર અને આ સાગરની શય્યા પર મેં અંગે અંગે હરિને ઓઢ્યા છે.

તલ્લીનતાનું આ ગીત છે. રાજેન્દ્ર શાહના એક ગીતમાં આવી પંક્તિઓ આવે છે, તે પણ સાંકળી લઉં :

વંન વંન ન્હોરી વનરાઈ રે :
આંખને ગમે ને મારું અંતર હરખાય એવી
રંગ-સુગંધ-ઘટા છાઈ રે...

*

આખુંયે વિશ્વ એક રંગમાં જણાય, જેમ
રાધાની આંખમાં કનૈયાઈ રે...

૨૨-૧-૧૯૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંગમાં રાજી રાજી

સંગમાં રાજી રાજી,
આપણુ
એકબીજાના સંગમાં રાજી રાજી;
બોલવા ટાણે હોઠ ખૂલે નહિ,
નેણ તો રહે લાજી,
લેવાને જાય, ત્યાં જીવન
આખું'ય તે ઠલવાય!
દેવાને જાય, છલોછલ
ભરિયું શું છલકાય!
એવા એ
આપલેને અવસરિયે પાગલ
કોણ રૂહે કહે પાજી?
વીતેલી વેળની કોઈ
આવતી ઘેરી યાદ,
ભાવિનાં સોણલાંનોચે
રણુકે ઓરો સાદ;
આષાઢી
આભનાં વાદળ વીજ શાં વારિ
ઝરતાં રે જાય ગાજી!

—રાજેન્દ્ર શાહ

પ્રણયની પ્રસન્નતાના કે દામ્પત્યજીવનની પ્રસન્નતાનાં કાવ્યો ઝાઝેરાં મળતાં નથી, આ ગીત પ્રસન્ન ધન્યતાનું છે. બે વ્યક્તિને એકમેકનો સંગ જ પૂરતો છે. અરસપરસ આવું અનોખું સાન્નિધ્ય હોય ત્યારે શબ્દોની જરૂરત રહેતી નથી. હૃદય લાગણીથી એટલું છલોછલ હોય છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કે શબ્દને પ્રગટવાનો રસ્તો પણ નથી. બોલવું છે પણ બોલાતું નથી. લજ્જાવાઈ જતી આંખ પ્રણયને જ પ્રગટ કરે છે. સુન્દરમ્‌ની પંક્તિ છે: 'બધું છૂપે, છૂપે નહિ નયન કચારે પ્રણયનાં'. શેખાદમનો શેર યાદ આવે છે:

'મળે એકાન્ત તો બોલું, મિલનમાં જ્યાં ના બોલું;
મને મારા હૃદયના ભાર પર આવી ગયું હસવું.'

પ્રેમ એ સોદાબાજી નથી, સક્રિય સમજણ છે. એમાં કશુંક લેવા જઈએ છીએ તો આખું જીવન ત્યાં ઠલવાઈ જાય છે. ઠલવાઈ જતા જીવનનો જ આનંદ છે. પ્રણયમાં કશું અપૂર્ણ આપવાનું નથી હોતું. સંપૂર્ણ આપવાનું હોય છે. અને સંપૂર્ણ આપીએ છીએ ત્યારે પરિપૂર્ણતાનો અનુભવ થાય છે. અહીં અરસપરસની ખુશીની વાત છે. એટલે તો કવિએ આવો શબ્દપ્રયોગ કર્યો; આપ લઈને અવસરીએ. આ અવસર છે. એકમેકના સાન્નિધ્યમાં ગાળેલી વેળાની કોઈક ઘેરી યાદ પણ છે. તો ભવિષ્યના સપનાની સોડમાં સરતો સાદ પણ છે. અહીં વાદળ ગાજે પણ છે અને વરસે પણ છે. હૃદયની તપ્ત ધરાનું નહીં પણ તૃપ્ત ધરાનું આ ગીત છે.

આ સાથે આ જ કવિનું એક ગીત માણવા જેવું છે:

શિયાળુ સાંજની વેળ છે થોડી
હાલ્યને વાલમ! આંચને આધાર ઓલિયે આપણ
નીંદરું આવશે મોડી.
ચીતરી મેડી ચોસર,
મ્હોરાં સોહ્ય છે રૂડે રંગ,
ઘોળિયો પાસો ઢાળિયે
જ્યે કોણ રે જીતે જંગ;
આળસ જેવી આણજે થાપણ, ગઠરીની મેંય ગાંઠને છોડી;
હાલ્યને વાલમ! ઓલિયે આપણ, નીંદરું આવશે મોડી.
નેણથી તો નેણ રીઝતાં
ને કાન—વેણની એને ટેવ,
વાત કીજે એલા
કેમ રે ભેટ્યાં ભીલડી ને મા'દેવ;
કોણ ભોળું કોણ ભોળવાયું, જે કાળનું રહ્યાં વ્હાલથી જોડી!
હાલ્યને વાલમ! ઓલિયે આપણ, નીંદરું આવશે મોડી.
આપણી કને હોય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે બધું હોડમાં મૂકી દઈ,
હાર કે જીત વધાવીએ
આપણ એકબીજાનાં થઈ;
અરધી રાતનું ઘેન ઘેરાતાં ઓઢશું ભેળાં એક પિછોડી;
હાલ્યને વાલમ! ખેલિયે આપણ, નીંદરું આવશે મોડી.

૨૫-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રીતનું વર્ણન

પ્રીત તો બે જ પ્રકારે વરતે;
પ્રિયસંમુખ એ ભજે સમાધિ
અથવા થનગન નરતે.

પ્રીત તો બે જ પ્રકારે બોલે;
ગહન મૌનથી થાય મુખર વા
છલકે ગીત કલ્લોલે.

—ઉસનસ

પ્રણયકાવ્ય અને પ્રણય વિશેનું કાવ્ય એ બેમાં ભેદ છે. આ પ્રણય વિશેનું કાવ્ય છે. પ્રણયનો સ્વભાવ છે કે એકાન્તમાં એ મનોમન અઢળક વાત કરે પણ પ્રિય વ્યક્તિના સાન્નિધ્યમાં મૂગુંમંતર બની જાય. ઘણું-બધું કહેવું છે અને કશું જ કહેવું નથી એની વચ્ચે લાગણી મીઠી મૂંઝવણ સાથે ભમ્યા કરે, જોકે ઉમાશંકરનું એક મુક્તક જુદી જ વાત કહે છે :

કોના સાન્નિધ્યમાં હૈયું એવું તો ખૂલી જાય છે
જેવું એકાન્તમાં ખૂલે પોતાની પણ પાસ ના.

પ્રણય કચારેક પ્રિય વ્યક્તિના સાન્નિધ્યમાં સમાધિસ્થ થઈ જાય છે તો કચારેક થનગન નર્તે છે. આ નર્તન બોલકું હોય છે છતાંય મૂગું હોય છે. જેટલું આંખમાં હોય છે એટલું હોઠ પર નથી હોતું. શબ્દો છે છતાંય નથી. શબ્દો મૂગા હોય છે, મૌન વાચાળ હોય છે. આ મૌનમાંથી જ ગીત, સંગીત પ્રગટે છે. લયનો ઉદય થાય છે. પ્રણયની ભાષા જ જુદી.

આ સાથે રાજેન્દ્રનું કાવ્ય પણ જોવા જેવું છે :

રે મુજ પ્રીતિ !

રે મુજ પ્રીતિ !
મંનમાની તારી ચાલ નિરાળી,
ન કોઈ રીતિ, કોઈ નીતિ !

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેજ મહીં તું શી લાજભીરુ!
તને રાતની છે નહિ ભીતિ!

મિલનવેળ મૂંગી વહી જાય
ને વિરહની ગાય ગીતિ!

આકુલ તું પલ કાજ, પલેપલ
કાલ શો જાય રે વીતી!

હાર પામી તોય હોંશ ઘણી
જાણે તું જ ગઈ ભવ જીતી!

—રાજેન્દ્ર શાહ

૨૫-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હાથનો જ અવિશ્વાસ હાથને

હાથનો જ અવિશ્વાસ હાથને,
અજવાળાની જ અદેખાઈ આંખને.
ચાલવું છે પણ શુષ્ક ફરજ રૂપે.
ને તેથી જ અટકી પડાયું છે અધવચ્ચ મનમાં.

બધા રસ્તાઓ સાફ હોઈ શકે છે સાફ દાનતમાં,
ને બધા રસ્તાઓ મોકળા હોઈ શકે છે ચિત્તની મોકળાશમાં,
શબ્દો વધુ તાજા હોય છે ભીતરના ઉજાસમાં
પણ
જળમાં તરતી સોનેરી માછલીને
જળમાં જ રહેવા દેવાની તૈયારી હોવી જોઈએ.

અરે!
આ તો લોભી આંખ ને અનુદાર હાથ!
જલમાંથી માછલીને તોડીને મુઠ્ઠીમાં જકડી દેવાય છે,
ને માછલી સડવા લાગે છે સમય સાથે.
એની દુર્ગંધથી ટૂંકા થાય છે શ્વાસ
ને લાંબા થતા જાય છે ઉચ્છ્વાસ.
સડતા મનની બળવાન બનતી જાય છે કચ્છપતા.
અપંગ થતી ભાવના સાથે સંકોચાતા જાય છે હાથપગ,
ને ઝંખવાતી જાય છે શિશુદૃગ.

સડેલી માછલીથી ગંધાય છે આખુંય જલાશય.
સડવા લાગે છે હવાય ધીમે ધીમે.
શું સડેલી માછલીને હજુય છોડી નહીં શકાય?
પરંતુ....
દિમાગનો જ અવિશ્વાસ જ્યાં હાથને ત્યાં....

—ચંદ્રકાન્ત શેઠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશ્વાસને બદલે જ્યારે અવિશ્વાસથી જીવતા હોઈએ છીએ ત્યારે જગત જગત જેવું નથી અને જીવન જીવન જેવું નથી રહેતું. રજનીશજીએ કયાંક એવું કહ્યું છે કે આ માનવજાત બે પગે ચાલે છે પણ એનો એક પગ યુદ્ધનો છે અને એક પગ શાંતિનો છે. માણસ જ માણસને છળતો આવ્યો છે. માણસ જ પોતાને છળતો આવ્યો છે. માણસ પોતે જ સ્વભાવશત્રુ છે. એક હાથને બીજા હાથનો વિશ્વાસ નથી. આંખને અંજવાળાની અદેખાઈ છે. ચાલવું છે એટલે ચાલે છે એમાં ફરજ છે. પ્રેમ નથી. પ્રેમ નથી એટલે જ અધવચ્ચે અટવાય છે.

જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ. આપણી દાનત સાફ હોય તો રસ્તાઓ સાફ છે. મનમાં મોકળાશ હોય તો મોકળાશનો અનુભવ થાય. નરફટ અજવાળામાં બોલાયેલા શબ્દો વાસી લાગે છે. શબ્દો તાજા હોય છે ભીતરના ઉજાસમાં. પણ બધું આપણે આપણું કરી લેવું છે. આપણે માલિક થવું છે. મૌલિક થવામાં રસ નથી. જળમાં તરતી માછલીને જોઈને રાજી નથી થતા પણ માછલીને પકડવી છે, મુઠ્ઠીમાં જકડવી છે. જીવંતને જો પકડીએ તો એ સડવા માંડે ને એની દુર્ગંધ અસ્તિત્વની આસપાસ ફેલાવા લાગે. વસ્તુઓને ઊંચકીને ચાલીએ એટલે આપણી ગતિ કાચબાની થઈ જાય. જીવંતને જકડીએ તો એ ચીજ થઈ જાય, વસ્તુ થઈ જાય. આપણું અસ્તિત્વ જ સંકોચાતું જાય. આંખમાંથી બાળકની નિર્દોષતા જતી રહે અને આંખનું જલાશય ગંધાવા માંડે. હજી પણ આપણી પાસે સમય છે; પકડેલી માછલીને ફરી પાછી જળમાં છોડી દઈએ તો જળ અને માછલી બંને વહેવા માંડે. દુર્ગંધને સ્થાને સુગંધ ફેલાવા માંડે. આપણે એમ માનીએ છીએ કે આપણા હાથમાં કંઈક હોય તો જ સલામત છીએ. હાથને હાથનો વિશ્વાસ નથી. હાથને મનનો વિશ્વાસ નથી અને અવિશ્વાસથી મરણતોલ જીવીએ છીએ અને જીવનને જીવલેણ બનાવીએ છીએ.

૫-૨-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

તું મીંઢળ જેવો કહુણ
ને હું નમણી નાડાછડી,
તું શિલાલેખનો અક્ષર
ને હું જળની બારાખડી.....

એક આસોપાલવ રોપ્યો —
તેં આસોપાલવ ફળિયે રોપ્યો તોરણમાં હું ઝૂલી,
તું અત્તરની શીશી લઈ આવ્યો પોયણમાં હું ખૂલી;

તું આળસ મરડી ઊભો
ને હું પડછાયામાં પડી.....

એક પાનેતરમાં ટાંકયું —
મેં પાનેતરમાં મોતી ટાંકયું તેં પૂજ્યાં પરવાળાં,
મેં શ્રીફળ ઉપર કંકુ છાંટયું તેં પૂછ્યા સરવાળા;
તું સેંથીમાં જઈ બેઠો
ને હું પાંપણ પરથી દડી.....

—વિનોદ જોષી

કેટલાક કવિઓ ઊર્મિગીતના પર્યાય જેવા હોય છે. વિનોદ જોશી આવું જ એક લાડકું નામ છે. ભાવ અને લયના લાલનપાલન વિનોદની કલમને સહજ છે. નારીના હૃદયને, ચંચળ ઊર્મિઓને એ ઝાલી શકે છે અને ઝીલી શકે છે અને એમાં એનો શબ્દ પૂરેપૂરો ખૂલી શકે છે. સ્ત્રી અને પુરુષના ભેદ નિસર્ગદત્ત છે. આ ભેદ અદ્વૈત છે એટલે તો અભેદ અને અદ્વૈતની ઝંખના છે. જગત અને જીવન પ્રત્યેનો સ્ત્રી અને પુરુષનો અભિગમ જુદો જુદો ભલે હોય પણ છેવટે તો બંને મનુષ્ય છે. એટલે ક્યાંક જુદા જુદા રસ્તાઓ એક થયા વિના રહે નહીં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નાયિકાની ઉક્તિરૂપે આ ગીત છે. નાયિકા કહે છે કે, 'તું મીંઢળ જેવો કઠણ છે.' હું સમજું છું ત્યાં સુધી મીંઢળ શબ્દ મદનફળ પરથી આવ્યો છે. કવિએ લગભગ લગ્નની પરિભાષાને અને લગનીની ભાષામાં આ ગીત કંડાર્યું છે. તું કઠણ છે તો હું નમણી નાડાછડી છું. તું શિલાલેખના અક્ષર જેવો અચળ અને અવિચળ સઘન છે તો હું જળની બારાખડી. હું વહેતી છું, તું સ્થિર છે. હું વહીને પણ સ્થિર રહી શકું છું. તારું કામ આસોપાલવ રોપવાનું. મારું કામ તારા ફળિયામાં આસોપાલવના તોરણમાં ઝૂલવાનું. તું અત્તરની શીશી લાવે, સુગંધ તારે લાવવી પડે. હું તો ફૂલ જેમ ખૂલું, મારા રોમેરોમમાં સુગંધ. રતિક્રીડામાં આનંદ પણ છે અને એનો થાક પણ. આ ગમતીલો થાક છે. તું આળસ મરડી ઊભો થાય પણ હું તો તારા પડછાયામાં પડી રહું એવો લાગણીનો છાક છે.

પાનેતર ઉપર હું મોતી ટાંકું. આ મોતી હૃદયની છીપમાં હોય છે અને પાનેતર પર દેખાય છે. તું પરવાળાનો પૂજક છે. મારું સૌભાગ્ય તું જ છે. આ સૌભાગ્ય શ્રીફળ ઉપરના કંકુમાં છે, મારી સેંથીમાં છે. સ્ત્રીને માટે પ્રેમ એ સર્વસમર્પણ છે. તારી પાસે તારા સરવાળા-બાદબાકી છે, મારો પ્રેમ મારી આંખમાંથી પણ દડી જાય છે અને જે આંસુઓ દડતાં નથી તે મોતી થઈ જાય છે અને એને હું મારા પાનેતર પર ટાંકું છું. આવાં ગીતો વિવેચકનો તાપ ન સહન કરી શકે પણ સહૃદયની ઉક્તિ વિશેષ અને વિશેષ ઊઘડે.

૧૨-૨-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિલીન ગત થાવ

વિલીન ગત થાવ, ભાવિ! મુજ માર્ગ ખુલ્લો કરો,
હતું યદપિ શાપરૂપ ગત જેહ, ડૂબી ગયું.

અરે! નિયતિ અંધ, નેત્ર તુજ ખોલ ને સ્હાય દે,
સુસ્પષ્ટ કર માર્ગ ભાવિ પથ જોઉં તે કાપવા.

રહસ્યમય ગૂઢ આછી સહુ રેખ વિતરો, અને
અદૃષ્ટ અવ દૃષ્ટ થાય શિખરોની ઝાંખી થવા.

પ્રભો–નિયતિ! સાથ દે, કર મહીં તું સંકલ્પ લે,
હવે નિયતિ! ભાવિ મારું, વિધિ મારું મારા મહીં.

—હરિશ્ચન્દ્ર ભટ્ટ

નિરંજન ભગત અને સુરેશ જોષી આવ્યા પહેલાં જે કોઈએ પણ ગુજરાતી સાહિત્યને અને ગુજરાતના સાહિત્યકારને યુરોપીય સાહિત્યનો પરિચય કરાવ્યો હોય તો તે હરિશ્ચન્દ્ર ભટ્ટે. પૃથ્વી છંદમાં લખાયેલું આ કાવ્ય સૉનેટની પ્રથમ આઠ પંક્તિ જેવું છે અને છતાંય તે અપૂર્ણ સૉનેટ છે એમ કહેવાનું મન નથી થતું. બાકીની છ પંક્તિ જે દેખાતી નથી એ એમના અકાળ આયુષ્ય જેવી અદૃશ્ય છે.

અત્યંત નાટ્યાત્મક રીતે કાવ્યનો ઉપાડ છે. જે ભૂતકાળ છે એ વિલીન થઈ જાય એ જ મહત્ત્વનું છે. જે ભૂતકાળમાં તલ્લીન હોય છે એનું ભવિષ્ય ખૂલતું નથી. ગત જાય તો સાંપ્રત મહોરે અને અનાગત આવે. પડકારની ભાષામાં વાત છે. આ પડકાર ભવિષ્યને છે. ભૂતકાળ શાપરૂપ હોય તોપણ એમાં આળોટવાનો કોઈ અર્થ નથી. વેદનાને વાગોળવાનો ને એમાંથી આનંદ મેળવવાનો રસ્તો એ યોગ્ય રસ્તો નથી. આ બધું વિલીન થવું જ જોઈએ, ડૂબવું જ જોઈએ. વિધાતા તો આંધળી છે. આ વિધાતાને પડકાર છે. આંધળી ભલે હોય પણ તારે તારી આંખ ખોલવી જ પડશે. તારે તારો હાથ લંબાવવો જ પડશે. તારે મારો માર્ગ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્પષ્ટ — સુસ્પષ્ટ કરવો જ પડશે. માર્ગ સ્પષ્ટ તું જ કરજે. રસ્તો હું કાપીશ. ભવિષ્ય સાથે જે રહસ્ય સંકળાયું છે એની તમામ રેખાઓ વેરવિખેર થઈ જાય, જે અદૃષ્ટ છે તે દૃષ્ટિમાં આવે અને આંખને શિખરોની ઝાંખી થાય.

ભવિષ્ય કહો, ઈશ્વર કહો, નિયતિ કહો જે નામ આપવું હોય તે આપો પણ હવે નિયતિએ સાથ આપવો જ પડશે. મારો સંકલ્પ હવે એનો સંકલ્પ છે. એ વિધાતા છે તો હું ભાગ્યવિધાતા છું. મારું ભાવિ હવે એના હાથમાં નથી, મારા હાથમાં છે. આત્મપ્રભારીનું આ કાવ્ય પૃથ્વી પરનો માણસ પૃથ્વી છંદમાં જ લખે. એમાં સ્વાભાવિકતા છે અને વાસ્તવિકતા છે.

૧૨-૨-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સઘળું જાય ભુલાઈ

આમ તો ગમે ગલગોટો ને ગમતાં કરેણ જાઈ,
નીલ સરોવર કમલ જોતાં સઘળું જાય ભુલાઈ.

કોઈની મીઠી મ્હેક ને
ગમે કોઈનું મધુર ગાન,
કોઈનો વળી ઝલમલ કંઈ
ગમતો રૂડો વાન;
ભમતો ભ્રમર સઘળે સતત નિજનું ગાણું ગાઈ.
તેજની છોળે ખેલવા મળે
અહીં, ને નયન અંધ,
મુગતિ કેરી મોજ મળે કોઈ
દલને કોમલ બંધ;
મધને અમલ ઘૂંટડે પીધી જાય રે અખિલાઈ.

—રાજેન્દ્ર શાહ

જીવનમાં કચાંય અણગમો નથી. કોઈક ને કોઈક, કશુંક ને કશુંક સ્પર્શે છે. જે આવે છે તેને અપનાવું છું. અસ્વીકાર એ દ્વંદ્વ છે. સ્વીકાર એટલે જ દ્વંદ્વનું શમન. હોય તો પક્ષપાત છે. પૂર્વગ્રહ સાથે કોઈ લેવાદેવા નથી. મોકળા મને ચાલીએ તો મહાલીએ છીએ એવું લાગે. જોકે એવું લાગે માટે ચાલતા નથી. ચાલવું છે એટલે ચાલીએ છીએ.

વન કે જીવન — એમાં બધું જ હોય. ગલગોટો કે કરેણ. સુવાસિત ક્ષણ હોય કે સુવાસિત ન પણ હોય. જે હોય તે — આપણને બધું જ આંખમાથા પર. ફૂલોની પરિભાષામાં જીવનના અભિગમની વાત અહીં થઈ છે. નીલ સરોવરમાં કમલ જોઉં છું અને બધું જ ભુલાઈ જાય છે. ગમા પણ એક ક્ષણ સરી જાય છે અથવા બધો જ ગમો કમળ સાથે સંકળાઈ જાય છે. કમળ સાથે જ શા માટે? આમ તો સ્પષ્ટ છે. કમળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જલકમલવત્ છે. કવિતા અભિગમનો તાળો કમળ સાથે વિશેષ મળે છે.

ખુલ્લી આંખે, ખુલ્લા કાને અને ખુલ્લા મને જીવીએ તો આપણી છાબડીમાં પ્રત્યેક પળે પારિજાત ઝરતાં હોય છે. કોઈકની મહેક, કોઈકનું ગીત, કોઈકનો ઝલમલતો વાન, કોઈકનું રૂપ, કોઈકનો સ્વભાવ, કોઈકની વાતચીત કરવાની છટા — બધું જ સ્પર્શે છે. આત્મરતિમાં પડેલો ભ્રમર પણ ગમે અને બધાથી પર થયેલો યતિ પણ ગમે.

તેજની છોળે કેવળ ખેલવાનું. આ ખેલવું એ જ લીલા. કયારેક આ તેજની છોળને કારણે પણ નયન અંધ થઈ જાય. થોડીક ક્ષણ અંધકારનો પણ પરિચય થાય. એનો પણ આનંદ. તે જ જોઈએ ને બસ એ જ જોઈએ એવી કોઈ મમત નહીં. માત્ર રમત. માત્ર લીલા. કોઈકના કોમલ બંધનમાં કયારેક મુક્તિનો અનુભવ થાય છે. તેજમાં જેમ અંધકારનો તેમ બંધનમાં મુક્તિનો અનુભવ.

ફૂલની આ રંગસુગંધની સૃષ્ટિમાં મધનો અમલ છે. અને ઘૂંટડે ઘૂંટડે અંશને નહીં પણ અખિલાઈને પીઉં છું. આ અખિલાઈનું પાન તો જ થઈ શકે જો મનમાં સ્વસ્થતા હોય, મોકળાશ હોય.

પહેલા અંતરામાં રાજેન્દ્રના પ્રસિદ્ધ કાવ્ય 'નિરુદ્દેશે'ના ભણકારા વાગે છે :

કયારેક મને આલિંગે છે
કુસુમ કેરી ગંધ
કયારેક મને સાદ કરે છે
કોકિલ મધુર-કંઠ,
નેણ તો ઘેલાં થાય નિહાળી
નિખિલના સહુ રંગ,
મન મારું લઈ જાય ત્યાં જાવું
પ્રેમને સન્નિવેશે.

રાજેન્દ્ર શાહની જીવનદૃષ્ટિનો પરિચય આપતું, લખાઈ ગયેલું — અને ફરી લખાયેલું આ ગીત એક વાત એ પણ કહે છે કે કવિની દૃષ્ટિ નિશ્ચિત થઈ ગઈ હોય તો એકની એક વાત જુદી જુદી રીતે ઘૂંટાય — અને એનો પણ આનંદ.

૫-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભજન કરે તે જીતે

વજન કરે તે હારે રે મનવા!
ભજન કરે તે જીતે.
તુલસીદલથી તોલ કરો તે
બને પવન-પરપોટો,
અને હિમાલય મૂકો હેમનો
તો મેરુથી મોટો.
આ ભારે હળવા હરિવરને
મૂલવવા શી રીતે?

એક ઘડી તને માંડ મળી છે
આ જીવતરને ઘાટે,
સાચ-ખોટનાં ખાતાં પાડી
એમાં તું નહીં આટે:
સહેલીશ તું સાગરમોજે કે
પડચો રહીશ પછીતે?
રે મનવા, ભજન કરે તે જીતે.

આવ, હવે તારા ગજ મૂકી,
વજન મૂકીને વરવાં,
નવલખ તારા નીચે બેઠો
કયા ત્રાજવડે તરવા?
ચૌદ ભુવનનો સ્વામી આવે
ચપટી ધૂળની પ્રીતે,
રે મનવા, ભજન કરે તે જીતે.

—મકરંદ દવે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માપીને કોઈ પામી શકતું નથી. જે પામતો હોય છે તે માપતો નથી હોતો ને જે માપતો હોય છે તે પામતો નથી. દરેક વસ્તુનાં તોલમાપ ન હોય. અથવા એમ કહીએ કે તોલમાપ કરીએ ત્યારે ભલભલી લાગણી કે વ્યક્તિ કે ખુદ પરમાત્મા પણ વસ્તુ થઈ જાય. સ્વજન હોય તે પ્રેમ કરે, ન્યાય ન તોળે.

જે ભક્તિ કરે છે, ભજન કરે છે તે જીતે છે. ભજન કરનારો જીતતો લાગે — પણ જીતે નહીં. અંતે તો ભજનનો જ મહિમા.

આપણાં કાટલાંયે ખોટાં ને તોલમાપ પણ ખોટાં. તુલસીદલ લાવો કે હેમનો હિમાલય લાવો, નહિવત્ હોય કે ભારે હોય — હરિવરને મૂલવાય નહીં. એ તો હવાથીયે હળવો છે. એને પામવાની એક જ રીત — અને તે નામસ્મરણ, ભજન.

આપણે મળેલી ક્ષણને વેડફી નાખીએ છીએ. કુંવારી ક્ષણ મળે કેટલી ? ખંડિત ક્ષણો મળે છે — અથવા મળેલી ક્ષણને આપણે અખંડિત રહેવા દેતા નથી. આપણે કોરા કાગળ પર હાંસિયા જ દોરીએ છીએ. આ સારું, આ ખોટું, આ પુણ્ય, આ પાપ — આમ ને આમ જ બધું ગુમાવીએ છીએ. સાગરનાં મોજાં પર સહેલવાને બદલે પછીતે પડી રહીએ છીએ. વહેવાને બદલે સ્થગિત થઈએ છીએ.

આપણા ગજ ખોટા અને ટૂંકા. આપણાં વજન વરવાં. રાતરાણીની મહેક માણવાને બદલે એ મહેકનું પૃથક્કરણ કરીએ તો આનંદ અળપાઈ જાય. પ્રત્યેક વસ્તુ તર્કની લૅબોરેટરીમાં ન લઈ જવાની હોય. પૃથક્કરણનો નશો નહીં — પણ સંયોજનનો આનંદ હોવો જોઈએ. ગણિત કે ગણતરી નહીં — પણ અગણિતનો અર્થ હોવો જોઈએ. નવલખ તારાની નીચે આપણું વેપારી મન ત્રાજવું લઈને બેઠું હોય — તો આપણે ભિખારી જ પુરવાર થવાના. અને અલગારી ઈશ્વર તો આપણાથી આઘો ને આઘો જ રહેવાનો.

ચૌદ ભુવનનો સ્વામી છે તે બહારના વૈભવથી નહીં આવે પણ અંદરના ઐશ્વર્યથી આવશે. ચપટી ધૂળની પ્રીત હોય — પણ એ પૂર્ણ અને સાચી હોય — તો ખુદ ખુદા પણ આવ્યા વિના રહેશે નહીં.

આપણી કવિતામાં મકરંદી મિજાજ એ નોખી, અનોખી વાત છે.

૫-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંની રીત

અમને તમારી સંગ
કાંઈ નહિ રીસ રાણા,
અમને અમારી એક રીત, એક પ્રીત, રાણા.
અમને તમારી૦

અમને મીરાંને રાણા રાજ અને પાટ નહિ,
અમારે ના હિંડોળાની ખાટ,
અમે રે ઝૂલતાં મારા હરિને હઈયે, અમને
હરિની વ્હાલુડી એક વાટ, રાણા.
અમને તમારી૦

અમે રે તમારી સંગ કરશું'ય પ્રીત, રાણા,
તમને જો હરિ સંગ પ્રીત,
અમે રે તમારી સંગ ગાઈશું નાચીશું, રાણા,
તમે જો ગાઓ હરિનું ગીત, રાણા.
અમને તમારી૦

અમોયે તમારા પહેરું રતનના હાર, રાણા,
તમે જો અમારી તુલસીમાળ,
અમોયે તમારી ભોમે વસશું આવીને, રાણા,
આવો જો આ અમ અંતરિયાળ.
અમને તમારી૦

અમોયે તમારે કાજ સેજને બિછાવું, રાણા,
તમે જો આરોહો આ વિમાન,
મીરાંની મિરાત, રાણા, તમને બધીયે દેશું,
તમને અમારું સદા અભેદાન, રાણા.
અમને તમારી૦

૬-૮-૫૧ —ચુ૦દ૨મ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મીરાંની ઉક્તિરૂપે આ ગીત છે. આમાં કચાંય 'હું'ની વાત નથી, 'અમે'ની વાત છે. જે કોઈ સર્વસમર્પણ કરે એ મીરાં. જેને કૃષ્ણનું આકર્ષણ હોય અને જેની બધી જ ગતિ કૃષ્ણની શરણાગતિમાં વિરમતી હોય, એ વ્યક્તિનું મીરાં-હૃદય — એને કોઈ માટે હોય તો રાગ હોય, દ્વેષ ન હોય. ઝેરના કટોરા મોકલનાર રાણાને પણ આ મીરાં તો જાણે કે અમૃતકટોરો મોકલે છે. રાણાની સાથે રીસ નથી ને રોષ નથી; રાણાનો દ્વેષ હોય તોપણ એ એના પર બ્લૅકઆઉટ કરે છે. કાળો કામળો મીરાંએ ભલે ઓઢ્યો હોય, પણ એ જાણે કે 'દૂજા ડાઘ ન લાગે' એવી કાળી શાલ રાણાને પહેરાવે છે. હરિને હૈયે ઝૂલવાનું હોય એને રાજપાટ કે હિંડોળાખાટ નથી જોઈતાં. હરિનો પંથ લે તો રાણો સ્વીકાર્ય છે. કશુંયે અસ્વીકાર્ય નથી. મમત અને શરત માત્ર આટલી કે રાણો જો હરિને પ્રીત કરે તો અમે પણ રાણાને પ્રીત કરીએ. રતનના હાર પહેરવાનોયે વાંધો નથી. પણ રાણાએ તુળસીની માળા પહેરવી જોઈએ. રાણાને માટે પણ સેજ બિછાવવા માટે તૈયાર છે, પણ એણે પહેલાં લૌકિકને છોડીને અલૌકિક વિમાનમાં આરોહણ કરવું જોઈએ. અધોગતિ નહીં, પણ ઊર્ધ્વગતિ અભિપ્રેત છે, અને મીરાંની મિરાત તો 'શામળો વરેણું મારે સાચું રે.' આ મીરાં રાણાને પોતાની તમામ મિરાત આપવા તૈયાર છે; અને મોટામાં મોટી મિરાત આટલી જ — અભયદાન. અભયદાન જેવું કોઈ વરદાન નથી ને એના જેવી કોઈ મિરાત નથી.

૬-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બરફનાં પંખી

અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.

લૂમાં તરતો ઘોર ઉનાળો
અમે ઉઘાડે ડિલે,
ઓગળતી કાયાનાં ટીપાં
કમળપાંદડી ઝીલે,
બરતા પીંછે પડછાતી બપ્પોર મૂકીને નીકળ્યા !
અમે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.

લીલા-સૂકા જંગલ વચ્ચે
કાબરચીતરા રહીએ,
નભમાં ઊડતાં સાંજ પડે તો
સોનલવરણાં થઈએ,
રાત પડે ને ડાળ ઉપરથી કોયલ થઈને ટહુકયાં
અગે બરફનાં પંખી રે ભાઈ, ટહુકે ટહુકે પીગળ્યાં.

—અનિલ જોશી

અનિલ જોશીએ એમના એક કાવ્યસંગ્રહનું નામ 'બરફનાં પંખી' આપ્યું છે. વર્ષો પહેલાં એક કાવ્ય વાંચ્યું હતું એની શરૂઆત આવી હતી :

We are the music makers
And we are the dreamers of dream.

અમે સંગીત સર્જનારા,
અને અમે સ્વપ્નીલો સ્વપ્નનાં.

એ કાવ્યમાં પણ કલાકારો વિશેની વાત છે. મને એમ લાગે છે આ કાવ્ય પણ કલાકારોની વાત કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એક કૃતિ સર્જ્યા એટલે ટહુકે ટહુકે પીગળવું જોઈએ. અમે બરફનાં પંખીઓ છીએ. કશું આવેશની આગથી લખાય નહીં. આવેશ અને જુસ્સો કલામાં આવે ત્યારે એ ઠરીને આવે તો જ એની સાર્થકતા. કયાંક વાંચ્યું હતું કે you should seat down to write when you fell as cold as ice. અનુભવ ગમે તેટલો ઉત્કટ હોય પણ લખો ત્યારે aesthetic distance સચવાવું જોઈએ. કલાકૃતિના મૂળમાં ભલે subjectivity હોય પણ એ દેખાવી ન જોઈએ. ઝાડનાં ફળ ભલે દેખાય પણ એનાં મૂળ તો અદૃશ્ય જ રહે. અમે બરફનાં પંખી છીએ. અને એક એક કૃતિએ પીગળતાં હોઈએ છીએ. અનુભવ આંતરઉનાળાનો હોય કે બાહ્યઉનાળાનો હોય, અમે તો ઉઘાડે ડિલે ખુલ્લી કિતાબ જેવા ઢાંક-પિછોડા વિના બસ છીએ એટલું જ પૂરતું છે. તાપ અને સંતાપ ઝરવી લઈશું. કાયા ભલે ઓગળી જાય, પણ પસીનો નહીં. કમળપાંદડી ઝીલે એવાં ટીપાં જ આપશું. કમળપાંદડી પણ સૂચક છે. કમળ જલકમલવત્ હોય જ છે અને એમાં જ એની સાર્થકતા છે. અમે ટહુકે ટહુકે પીગળીએ છીએ. પીંછાં ભલે ખરતાં હોય પણ એ પીંછાંમાં બખ્ખોર પડછાતી હોય છે. અને એને પણ અમે અળગી કરીને, આઘી ઠરીને નીકળી પડીએ છીએ. કયાંય બંધાતા નથી, કોઈને બાંધતા નથી.

કલાકાર પાસે એક જ અનુભવ ન હોવો જોઈએ. અનુભવનું વૈવિધ્ય પણ હોવું જોઈએ. સામસામા વિરોધી અનુભવો પણ હોવા જોઈએ અને અનુભવને ઝીલવાની તાકાત પણ હોવી જોઈએ. લીલા અને સૂકા જંગલ વચ્ચે કાબરચીતરા થઈને રહેવાની કળા હોવી જોઈએ. કોઈક એક રંગમાં કે કોઈક એક પરિસ્થિતિમાં બંધાઈ ન જવાય. કેવળ ધરતીના ન હોઈએ એમ કેવળ આકાશના પણ ન હોઈએ. જંગલ વચ્ચે પણ રહીએ અને આકાશમાં પણ. સાંજ પડે તો સોનલવર્ણા થઈ શકીએ એવું દૈવત હોવું જોઈએ. અજવાળાનો અને અંધકારનો અનુભવ હોવો જોઈએ. રાત પડે ત્યારે પણ એ અંધકારમાં કોયલ થઈને ટહુકવાની કળા કલાકાર પાસે ન હોય તો કોની પાસે હોય.

આની સાથે રોબર્ટ ફ્રોસ્ટનું અને વાચેલ લિંડસેનાં કાવ્યો સામ્ય-વૈષમ્ય પૂરતાં પણ જોવા જેવાં છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આગ અને હિમ

કોઈ કહે : દુનિયાનો થાશે પ્રલય આગ થકી
કોઈ કહે હિમથી.
મને કાંઈ જે સ્વાદ કામના તણો મળ્યો તે પરથી
સાચા લાગે આગપક્ષના નકી.
પણ બે વાર પ્રલય દુનિયાનો થાવો હોય કહી,
તો મુજને થતું, પરિચય દ્વેષનો મને એટલો છે
કે કહી શકું : લાવવા અંત
હિમ પણ છે પ્રતાપવંત
ને પૂરતું નીવડશે.

—રોબર્ટ ફ્રોસ્ટ (અનુ. ઉમાશંકર જોશી)

નવા બરફનું પારેવું

હું તને આપું છું બરફનું ઘર.
હું તને આપું છું એના પર મૂકવા માટે પવનની પતાકા.
હું તને આપું છું બરફની પ્રલંબ ઝાડીઓ.
હું તને આપું છું બરફનું પારેવું.
અને તને કહું છું
કે તું એને પ્રેમ કર.
બરફનું પારેવું ઊડે છે
બરફના ઘરની બારી તરફ.
તે પ્રેત છે
અને એનો કોઈ પડછાયો પડતો નથી.
ભેતરમાંથી આવતો
એનો ચિત્કાર પ્રેમનો ચિત્કાર છે.
જ્યાં એ આત્માથી ચાલ્યું હતું
એ બરફનું ભેતર
ચળકતું, દૈવી ભેતર!

—વાચેલ લિંડસે (અનુ. સુરેશ દલાલ)

૮-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દિન થાય અસ્ત

દિન થાય અસ્ત.
વિદાયની આ ક્ષણ મૌનગ્રસ્ત.

કરુણ નેત્ર નમે, ઢળતી રતિ;
મલિન કાંતિ મુખે ગળતી જતી,
શિથિલ છેવટ આ રવિની ગતિ,
છૂટી જતો અવ પ્રિયા થકી સ્પર્શ, હસ્ત.

કુસુમની કલિ ધૂલિ વિશે ખરી,
વિહગ મૂક, ગભીર હવા સરી,
ક્ષિતિજ સૌ સૂનકાર થકી ભરી,
સંસાર આ તિમિરમાં તરતો સમસ્ત.

—નિરંજન ભગત

નિરંજન ભગત ફરી ફરીને વાંચવા જેવા હોય છે. એમની ઘૂંટાયેલી કલમમાં છંદની છટા છે અને લયની લીલા છે. અભિવ્યક્તિની મૌલિકતા છે અને એમના પ્રયોગમાં પણ યોગ છે. આ કાવ્યનો બાહ્ય દેહ જાણે કે ગીતનો છે. ઉપેન્દ્રવજ્રા, દ્રુતવિલંબિત અને વસંતતિલકાનો અહીં વિનિયોગ છે. કાવ્યમાં વાત વિદાયની છે પણ આ વાત સંયમથી કહેવાઈ છે. અસ્ત થતો દિવસ અસ્ત થતાં મિલનની વાત કરે છે. વિદાયની ક્ષણે કહેવાનું ઘણું હોય પણ કહેવાતું કશું જ નથી. હોઠ જાણે કે કદી ન ખૂલવાના હોય એમ બિડાઈ જાય છે. આ કાવ્યનો છાપેલા અક્ષરમાં જેટલો અર્થ છે એના કરતાં વિશેષ અર્થ કાવ્યની આસપાસ કાગળ પર જે કોરો અવકાશ છે એમાં સમાયો છે.

નેત્રમાં ભરી છે વિદાયની કરુણતા. પ્રિયતમાનાં નેત્ર ઢળતી રતિ જેવાં છે. મુખ પરની કાંતિ ઝાંખી થઈ ગઈ છે. સંધ્યાટાણે જેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૂર્યની ગતિ થોડી શિથિલ થાય એવી શિથિલતા છે. બંને જણ સાથે છે પણ છેવટે તો છૂટા પડવાનું છે. મિલન પર વિરહનો પડછાયો છે. એકમેકનો હાથ એકમેકના હાથમાં છે. હવે હાથ અને સ્પર્શ—છૂટા પડ્યા વિના છૂટકો નથી.

કવિએ ભાવ-સંવેદનની વાત પ્રકૃતિનાં તત્ત્વો દ્વારા કરી છે. લાગણી છે, પણ અત્યંત સંયમિત રીતે એને વ્યક્ત કરી છે. આંસુઓ જાણે આંખમાં ને આંખમાં ખડક થઈ ગયાં હોય એ રીતે કવિએ વાત કરી છે. સાંજ પડે ને ફૂલ બિડાય કે ખરે, પણ અહીં ફૂલ નહિ પણ કુસુમની કળી ધૂળ વિશે ખરે છે. અકાળ વિરહની વાત છે. કુસુમની કળી ખરે છે ત્યારે આસપાસનું વાતાવરણ કેવું છે—પંખી મૂંગું છે, અવાક્ છે. હવા ગંભીર છે. ક્ષિતિજમાં સૂનકાર સિવાય કાંઈ જ નથી. માહોલ ગમગીન છે. એક વ્યક્તિના વિરહને કારણે આખો સંસાર અંધકારમાં તરતો હોય એની નીરવ વ્યથા-કથા છે.

આ સાથે વેણીભાઈ પુરોહિતનું ગીત પણ જોઈએ :

સાંજનો શમિયાણો

સમીસાંજના શમિયાણામાં
ધીમો ધીમો ધૂપ જલે છે !
તગતગ તારક અંગારા પર
ભભરાવેલો
પ્રીતવિરહનો ધૂપ જલે છે !
સમીસાંજના શમિયાણામાં
ધીમો ધીમો ધૂપ જલે છે !

મંદ મરુત ને ધૂમ્રસેર નિજ અંગ મરોડે...
આશાભંગ બની અટવાતી ઊંચે દોડે—
સુગંધ એની સર્યા કરે છે સોડે સોડે :

વહાલાં જેને જાય વછોડી
તે હૈયું ગુપચુપ જલે છે :
સમીસાંજના શમિયાણામાં...

તેજ-તિમિરની આછી આછી રંગબિછાતે,
મોતી વચકી જાય નયનથી વાતે વાતે—
ધબકારાના પડે હથોડા દિવસે-રાતે :

યૌવનનું ઉપવન છે સૂનું,
ને કામણના કૂપ જલે છે !
સમીસાંજના શમિયાણામાં...

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊની ઊની આવનજાવન કરે નિસાસા,
સપનાંઓના કંઠ રહ્યા છે પ્યાસા પ્યાસા :
દિલને ગમતા નથી હવે તો કોઈ દિલાસા :

ઘેરી ઘેરી હસે ઉદાસી,
લીલું લીલું રૂપ જલે છે :
સમીસાંજના શમિયાણામાં...

૧૨-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિકારીને

રહેવા દે ! રહેવા દે આ સંહાર, યુવાન ! તું,
ઘટે ના ક્રૂરતા આવી : વિશ્વ આશ્રમ સન્તનું.

પંખીડાં, ફૂલડાં રૂડાં, લતા આ, ઝરણાં, તરુ;
ઘટે ના ક્રૂર દૃષ્ટિ ત્યાં : વિશ્વ સૌન્દર્ય કુમળું.

તીરથી પામવા પક્ષી વ્યર્થ આ ક્રૂરતા મથે;
તીરથી પક્ષી તો ના ના, કિન્તુ સ્થૂલ મળી શકે.

પક્ષીને પામવાને તો છાનો તું સુણ ગીતને;
પક્ષી તેના પ્રભુ સાથે હૈયામાં મળશે તને.

સૌન્દર્યો વેડફી દેતાં ના ના સુન્દરતા મળે;
સૌન્દર્યો પામતાં પ્હેલાં સૌન્દર્ય બનવું પડે.

સૌન્દર્યે ખેલવું એ તો પ્રભુનો ઉપયોગ છે;
પોષવું, પૂજવું એને, એ એનો ઉપભોગ છે.

રહેવા દે ! રહેવા દે આ સંહાર, યુવાન ! તું;
બધે છે આર્દ્રતા છાઈ તેમાં કેં ભળવું ભલું !

—કલાપી

કલાપીનું આ પ્રસિદ્ધ કાવ્ય છે. હું એવા પણ કેટલાક ભાવકો કલ્પી શકું છું કે જેમણે આ આખું કાવ્ય ન વાંચ્યું હોય પણ એમને આ કાવ્યની કેટલીક પંક્તિઓનો પરિચય હોય. આ કાવ્યની કેટલીક પંક્તિઓમાં ગજબની અવતરણક્ષમતા છે. અનુષ્ટુપમાં આ કાવ્ય લખાયું છે. આ એ જ અનુષ્ટુપ છે જે 'ક્રૌંચવધ' વખતે વાલ્મીકિને સ્ફુર્યું હતું. કાવ્યનું શીર્ષક 'શિકારીને' છે. આખા કાવ્યમાં વિનંતી છે, આર્દ્રતા છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અનુકંપા છે, સહાનુભૂતિ છે. એક સંવેદનશીલ હૃદયની પ્રાર્થના છે: 'રહેવા દે! રહેવા દે' એમ પ્રારંભમાં અને અંતે બેવડાવીને કવિ ભારપૂર્વક અને ભાવપૂર્વક કહેવા માગે છે કે આવું તો ન જ થાય! યૌવન સંવર્ધન કરે તો સાર્થક થાય, સંહાર કરે તો નહીં. કશુંક તું અઘટિત કરી રહ્યો છે. આ નરી ક્રૂરતા છે. કવિએ આખા વિશ્વની એક અદ્‌ભુત કલ્પના કરી છે. સમગ્ર વિશ્વ એ સંતનો આશ્રમ છે. ગાંધીજીને કારણે જે અહિંસા શબ્દ પ્રચલિત થયો એ શબ્દનો મહિમા કવિએ અહીં એ શબ્દ વાપર્યા વિના કર્યો છે.

આ જગત! એ જ્યાં જુઓ ત્યાં નાજુક, નમણાં, સોહામણાં સૌંદર્યથી વિકસિત અને વિલસિત છે. કલરવ કરતાં પંખીઓ, રંગ-સુગંધે મહેકતાં પુષ્પો, લતા, પથ્થરમાંથી પ્રગટતાં ઝરણાં, ધરતીમાંથી ઊગતાં વૃક્ષો... સમગ્ર વિશ્વ સૌંદર્યથી સ્પંદિત છે ત્યારે એના તરફ ક્રૂર દૃષ્ટિ કરવી એ ઘટનાની પણ દુર્ઘટના છે. દુર્ઘટના હોવી ન જોઈએ.

માની લે કે તું તીર મારે, અને તને પક્ષી મળે, પણ આ પણ તારો ભ્રમ છે. પક્ષીનો દેહ મળશે, એનું શબ મળશે, પક્ષી નહીં મળે. તારી ક્રૂરતા સાવ વ્યર્થ છે. પક્ષીનો પ્રાણ એના ટહુકામાં છે. એની બે પાંખના પ્રસારમાં છે. એના ઉડ્ડયનની ગતિમાં છે. પક્ષીનું આ સૂક્ષ્મ તત્ત્વ તું ગુમાવશે અને તને મળશે તે નરી સ્થૂળતા.

પક્ષીને પામવાના અનેક રસ્તા છે. હણવાથી કોઈ કોઈને પામી શકતું નથી. પક્ષીનું પક્ષીત્વ એના ગીતમાં પ્રગટ થાય છે. એ ગીતને તું ચુપચાપ, છાનોમાનો, ઘોંઘાટ કે કોલાહલ કર્યા વગર તું શાંતિથી સાંભળશે તો તને પક્ષી પણ મળશે, પક્ષીત્વ પણ મળશે અને પક્ષીમાં રહેલું પ્રભુત્વ પણ મળશે. અને આમ પક્ષીમાં રહેલું પ્રભુનું તત્ત્વ, સૌંદર્યનું તત્ત્વ, શુભનું તત્ત્વ તને કચાંય બીજેથી નહિ પણ તને તારા હૃદયમાંથી જ મળશે. પછીની ચાર પંક્તિઓ 'ગુજરાતી કવિતા-સાહિત્ય'ની અમર પંક્તિઓ છે. એમાં જીવનનું સત્ય ધબકે છે. એને શાશ્વતીનો સંસ્પર્શ મળે છે. સુંદરતાને પામવાનો એક જ રસ્તો છે અને એ રસ્તો એ એનું જતન કરવાનું. સંહાર કરવાથી સૌંદર્ય મળતું નથી. સંહાર કરવાથી શબ મળે છે. નિર્જીવ શબ્દ મળે છે. સૌંદર્યને પામવું હોય તો આપણે પહેલાં સુંદર થવું જોઈએ. જગતના ઉત્તમ તત્ત્વ સાથે જે માણસ વિકસિત ચૈતન્યથી તાલ મેળવી શકે, સંવાદ સાધી શકે તે સ્વયં સુંદર થઈ શકે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સૌંદર્ય સાથે લીલા હોય, ખેલ હોય, ક્રીડા હોય, એને પોષવા અને પૂજવાની વૃત્તિ હોય, આનંદ હોય પણ પીડા ન હોય. કાઠીને પીડા આપવી એ ગુલાબના ફૂલ પર તેજાબ રેડવા જેવું કામ છે.

આ જગતમાં જીવવું હોય તો સહૃદયતાથી જિવાય; આર્દ્રતાથી જિવાય. નિર્દયતાથી નહિ. આશ્રમની આસપાસ હવામાં કંકુના થાપા હોય, લોહીના થાપા નહીં.

૧૨-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

'જુઠા જગમાં ઘણી ઝખ મારી, પાજી મન નવ લાજ્યો રે'
કયાંયે કદીયે વરસ્યો નહીં ને અમથો અમથો ગાજ્યો રે.

જગત જૂઠું ને હું પણ જૂઠો, હું જૂઠાનો અંશ રે,
વહે કાફલો જૂઠાઓનો, જૂઠાઓનો વંશ રે;

સતનો તો શણગાર કરીને, બાજઠ ઉપર બિરાજ્યો રે,
જૂઠા જગમાં ઘણી ઝખ મારી, પાજી મન નવ લાજ્યો રે;

મન નકટું છે, મન કપટી છે, મનને કોઈ અહેસાન નથી,
મન તો જપતું ધનદોલતને, મનમાં હરિનું ધ્યાન નથી;

મન પર જૂઠા ચંદનના લેપ, ચંદનથી હું દાઝ્યો રે,
જૂઠા જગમાં ઘણી ઝખ મારી, પાજી મન નવ લાજ્યો રે.

આ પદની પ્રથમ પંક્તિ ડુંગર બારોટની છે. જ્ઞાનીને માટે જગત મિથ્યા છે. અજ્ઞાનીઓ માટે જગત સત્ય છે. પણ ખરેખર આપણે જે જગતમાં રહીએ છીએ એ જગત છે શું? નથી આપણે જ્ઞાની કે નથી આપણે અજ્ઞાની. આપણે છીછરા અને અધકચરા છીએ. આપણે જગતને માટે મનફાવે તેવાં સર્ટિફિકેટ ફાડીએ છીએ. જગત જે કંઈ છે તેમાં આપણો જ અંશ અને આપણો જ વંશ છે. છળકપટ અને કાવાદાવા કરતું આપણું અહંકારી અને પાજી, લુચ્ચું મન જવાબદાર છે. અને જાણે કે આપણો એમાં કોઈ હાથ નથી એમ કહીને, કાજી થઈને આપણે નિરાંતે ન્યાય તોળીએ છીએ. અને એમ કરીને આપણે આપણને અને જગતને અન્યાય કરીએ છીએ.

આપણું મન વકીલ જેવું છે. તર્કને આપણે તરકડાની જેમ નચાવીએ છીએ. વરસવાની વાતો કરીએ અને વરસીએ નહીં અને છતાંયે વરસવાના છીએ એમ કહી ગાજીએ છીએ. આના સંદર્ભમાં એક પ્રસંગ યાદ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે. એક ભાઈ એના મિત્રને અવારનવાર કહેતા કે 'મુશ્કેલીમાં તું જરાય ગભરાતો નહીં. હું તો તારી પડખે જ છું.' પણ મિત્ર જ્યારે ખરેખર મુશ્કેલીમાં મુકાયો ત્યારે કોઈક બહાના જેવું નજીવું કારણ આપીને બહારગામ ચાલી ગયો.

આ જગત દોષિત અને દૂષિત હોય તો મારે પહેલો એ વિચાર કરવો જોઈએ કે કમમાં કમ હું તો એવો ન હોઉં કે જેથી એટલું તો જગત ઓછું દોષિત થાય. આપણે આસપાસ, ચારે બાજુ જોઈએ છીએ તો ખ્યાલ આવે છે કે જુઠ્ઠાઓનો કાફલો વધી રહ્યો છે. એ કાફલો સગવડ પ્રમાણે તાલ મિલાવતો હોય અને બીજાને માટે અગવડો ઊભી કરતો વહે જાય છે. આપણે પણ એ જ કાફલાના એક ભાગ છીએ. કરુણતા એ છે કે જુઠ્ઠાણાના પિત્તળ ઉપર આપણે સત્યના શણગાર સજીએ છીએ. સત્ય એ પહેરવાનો શણગાર નથી પણ મનુષ્યની ત્વચા છે. પણ લોકોને જેટલો શણગારમાં રસ છે એટલો માણસ કે સત્યમાં રસ નથી. સત્યની વેશભૂષા સાથે જુઠ્ઠાણું આપણા સમાજના બાજઠ ઉપર બિરાજે છે. આવા 'સત્ય અને જૂઠ'ને શતરંજના પ્યાદા તરીકે વાપરે છે. આપણું જ મન નકટું પણ છે. સ્વાર્થ સરતો હોય તો સ્વમાનની એને પડી નથી. મન નગુણું છે, કપટી છે. આપણા પર કોઈએ કરેલા ઉપકારને કેટલી સહેલાઈથી ભૂલી જતાં હોઈએ છીએ. મન ઝંખે છે અને જપે છે ધન-દોલત. દોલત જેવી કોઈ લત નથી. આ લતને હરિ સાથે કોઈ નિસબત નથી. કોઈકે કહ્યું હતું કે 'ઈશ્વરને પૈસા માટે કેવો અભિપ્રાય છે. એ કેવા કેવા પ્રકારના માણસોને પૈસા આપે છે એના પરથી ખ્યાલ આવે છે.' આપણે આપણા મનને પણ બનાવીએ છીએ. પણ મનને કયાં સુધી ઠગતા રહીશું? અંદર આગ બળતી હોય અને ઉપર ઉપરથી ચંદનના લેપ કરીએ તો એ ચંદનનો લેપ પણ આપણને દઝાડ્યા વિના ન રહે.

૧૪-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

બધાનો હોઈ શકે, સત્યનો વિકલ્પ નથી
ગ્રહોની વાત નથી, સૂર્યનો વિકલ્પ નથી

પતાળે શાખ બધી, મૂળ સર્વ આકાશે,
અમારા બાગના આ વૃક્ષનો વિકલ્પ નથી

હજારો મળશે મયૂરાસનો કે સિંહાસન
નયનનાં આંસુજડિત તખ્તનો વિકલ્પ નથી

લડી જ લેવું રહ્યું મારી સાથે ખુદ મારે
હવે તો દોસ્ત, આ સંઘર્ષનો વિકલ્પ નથી

કપાય કે ન બળે, ના ભીનો વા થાય જૂનો
કવિનો શબ્દ છે, એ શબ્દનો વિકલ્પ નથી

પ્રવાહી અન્ય ન ચાલે ગઝલની રગરગમાં
જરૂરી રક્ત છે ને રક્તનો વિકલ્પ નથી.

—મનોજ ખંડેરિયા

મનોજ ખંડેરિયા એ નામ બોલીએ એટલે આંખ સામે આવે ગઝલ અને એની તાજગી. જૂનાગઢનો આ કવિ, જૂનાગઢ શબ્દ બોલીએ એટલે આંખ સામે આવે આપણા આદિકવિ નરસિંહ મહેતા. નરસિંહ કહીએ એટલે આંખ સામે આવે પ્રભાતિયાં — મનોજે પણ 'હસ્તપ્રત' સંગ્રહમાં કયાંક નરસિંહપ્રિય 'ઝૂલણા'નો ઉપયોગ કર્યો છે. દા. ત.:

લાલઘૂમ તાપમાં મ્હોરતો, મસ્તીનો
તોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી
આ નગરની વચોવચ હતો એક
ગુલમ્હોર તે ક્યાં ગયો કોઈ કહેતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહીં એમની એક વિશિષ્ટ ગઝલ પસંદ કરી છે. ગઝલ એટલે પ્રિયતમા વિશેની વાતચીત — એ જાણીતી વાત છે. પણ ગઝલ હવે અમુક વિષય પૂરતી જ સીમિત નથી. ગઝલની પણ ક્ષિતિજ છે. તે દાયકે બે દાયકે વિસ્તરતી જાય છે.

કોઈકે એમ કહ્યું હતું કે 'આપણી આ સદીની મોટામાં મોટી કરુણતા એ છે કે આપણી પાસે choices ઘણા છે.' જ્યારે વિકલ્પો વધારે હોય ત્યારે સંકલ્પની બાદબાકી કે ભાગાકાર થઈ જાય છે. વિકલ્પ આપણને દ્વિધામાં નાખે છે, મૂંઝવણમાં નાખે છે. અનિર્ણયની પરિસ્થિતિમાં મૂકે છે.

સારું છે કે કેટલાકના તો વિકલ્પ હોતા જ નથી. સત્યનો કોઈ વિકલ્પ હોઈ શકે? આપણે કોઈને એમ કેમ કહી શકીએ કે પૂરેપૂરું સત્ય ન હોય તો અર્ધસત્યથી પણ ચાલશે? જીવનમાં કષાયનો પણ વિકલ્પ હોઈ શકે પણ સત્યનો વિકલ્પ નથી હોઈ શકતો. આકાશમાં કે કુંડળીમાં એકને ઠેકાણે બીજા ગ્રહો હોઈ શકે, પણ સૂર્યનો વિકલ્પ કયાંથી હોય? સૂર્ય તો એક જ હોય અને અદ્વિતીય હોય.

ગીતામાં પંદરમા અધ્યાયમાં જેનાં મૂળિયાં ઊર્ધ્વ છે એવા એક વૃક્ષની વાત છે. કવિએ અહીં એનો સંકેત આપ્યો છે. આ એક એવું વૃક્ષ છે કે જેનાં મૂળિયાં આકાશમાં છે અને જેની શાખાઓ પાતાળમાં છે. ગઝલમાં છંદને કારણે શાયરે અહીં પાતાળનું પતાળ કર્યું છે પણ ગઝલ એવી ઉત્તમ આપી છે કે આપણે એમ કહેવું પડે કે, જ્યોજી માફ કિયા — આ વૃક્ષ એ અનન્ય છે. આધ્યાત્મિક હૃદયના બાગમાં આ વૃક્ષનો બીજો કોઈ વિકલ્પ નથી.

સત્તાનું રાજ એક હોય છે. એનાં મયૂરાસનો અને સિંહાસનો જાતજાતનાં અને ભાતભાતનાં હોઈ શકે. પ્રેમનું રાજ્ય એવું છે જ્યાં કોઈ પણ શરત વિનાની શરણાગતિ હોય છે. અને એનો આનંદ હોય છે. આ રાજ મનુષ્યની આંખમાં હોય છે. એનાં તાજ-તખ્ત આંસુઓથી જડાયેલાં હોય છે. આ રત્નો આપમેળે જડાયેલાં હોય છે. આંસુ જેવી મૂલ્યવાન કઈ વસ્તુ હોય છે? આંસુ — નિર્દોષ આંસુ મનુષ્યના હૃદયની આરસી છે. અહમ્ ઓગળે ત્યારે જ આવાં નિર્દોષ આંસુ પ્રગટે. અહમ્ ઓગળે ત્યારે જ આપણું રાજ્ય મટી જાય અને પ્રેમનું રાજ્ય વ્યાપી જાય.

આપણું જીવન આપણે જ જીવવાનું છે. આપણું મરણ પણ આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ મરવાનું હોય છે. આપણા વતી કોઈ જીવી શકે એમ નથી. આપણા વતી કોઈ મરી શકે એમ નથી. આપણા વતી કોઈ ટ્રેન કે પ્લેનની ટિકિટ લાવી શકે પણ આપણો પ્રવાસ તો આપણે જ કરવો પડે — આપણો શ્વાસ તો આપણે જ લેવો પડે. આપણી લડાઈ આપણે જ લડવી પડે. આપણો સંઘર્ષ આપણે જ કરવો પડે. જે આપણે જ કરવું પડે અને અન્ય કોઈ ન કરી શકે એનો અર્થ એટલો જ કે એનો કોઈ વિકલ્પ નથી.

શબ્દ તો બધા જ બોલે છે. શબ્દ તો બધે જ છપાય છે. શબ્દ સસ્તો પણ છે અને શબ્દ મૂલ્યવાન પણ છે. જ્યોડણીકોશમાં શબ્દની વખાર છે. અખબારને પાને પાને શબ્દોની ભરચક ભીડ છે. આ બધા જ શબ્દો છે. પણ કવિનો શબ્દ બજારુ નથી. કવિનો શબ્દ એ કોઈ નોખાઅનોખી ચીજ છે. કવિ મરણશીલ છે પણ કવિતા નહીં. સાચી કવિતાને કાળ પણ કાટમાળમાં ફેરવી ન શકે. આ શેરમાં પણ ગીતાનો સંદર્ભ છે :

नैनं छिन्दन्ति शस्त्राणि नैनं दहति पावकः ।
न चैनं क्लेदयन्त्यापो न शोषयति मारुतः ॥

કવિના શબ્દના આત્માના સંદર્ભમાં કહ્યું છે.

ગઝલ એ કવિતાનો પ્રકાર છે. અને કવિતા એમ ને એમ નથી લખાતી. લોહીનું શાહીમાં રૂપાંતર કરવું પડે છે. ગઝલની રગેરગમાં કવિનું રક્ત વહે છે. આ રક્તનો કોઈ વિકલ્પ હોતો નથી. મરીઝનો એક શેર યાદ આવે છે :

હો ગુર્જરીની ઓથ કે ઉર્દૂની ઓ મરીઝ !
ગઝલો ફક્ત લખાય છે દિલની જબાનમાં.

૧૪-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થોડોક અમથો

જો બચી શકે
તો તે જ બચશે
આપણા બધામાંથી થોડોક અમથો માણસ

જે રોફ સામે નથી કરગરતો
પોતાનાં સંતાનોના માર્ક્સ વધારવા નથી જતો માસ્તરને ઘેર
જે રસ્તા પર પડેલા ઘાયલને બધાં કામ છોડી
સહુથી પહેલાં હૉસ્પિટલે પહોંચાડવાની સંભાળ લે છે.
જે પોતાની હાજરીમાં થયેલા હુમલાની જુબાની આપતાં
નથી અચકાતો.

તે જ થોડોક અમથો માણસ
જે ડગાય છે પણ પ્રેમ કરતા રહેવાનું નથી ચૂકતો
જે પોતાની દીકરીના સારા ફ્રૉક માટે
બીજાં બાળકોને થીંગડિયાળાં પહેરવા લાચાર નથી કરતો

જે દૂધમાં પાણી મેળવતાં અચકાય છે
જે પોતાની ચોપડેલી બાતાં બીજાની સુક્ષીનો વિચાર કરે છે

તે જ થોડોક અમથો માણસ
જે વૃદ્ધો પાસે બેસતાં નથી કંટાળતો
જે પોતાની ઘરની વસ્તુઓને ગોદામ બનતાં બચાવે છે
જે દુઃખને કાકલૂદીમાં બદલવાની લાચારી પર દુઃખી થાય છે
અને દુનિયાને નરક બનાવી દેવા માટે બીજાને નથી ભાંડતો

તે જ થોડોક અમથો માણસ
જેને ખબર છે કે
વૃક્ષ પોતાની પાંદડીઓથી ગાય છે રાતદિવસ એક લીલું ગીત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આકાશ લખે છે નક્ષત્રોના ઝગમગાટમાં એક દીપ્ત વાકય
પક્ષીઓ આંગણામાં વિખેરી જાય છે એક અક્ષાત વ્યાકરણ

તે જ થોડોક અમથો માણસ
જો બચી શકે
તો તે જ બચશે.

—અશોક વાજપેયી (અનુ૦ કિશોર શાહ).

જે ગુજરાતી બોલે છે એને ગુજરાતી આવડે જ છે એમ માની લેવાનું કંઈ કારણ નથી. એવા કેટલાય માણસો છે કે જે એવા ભ્રમને પોષે છે કે અમને હિંદી આવડે છે. આ ભ્રમ એમ ને એમ નથી પોષાયો. હિંદી ફિલ્મ જુએ અને સમજાય એટલે માને કે અમને હિંદી આવડે છે. આપણે ત્યાં અન્ય ભાષાની કૃતિઓ – મરાઠી, બંગાળી ઇત્યાદિ ભાષાની કૃતિઓ – આણીએ છીએ એ અનુસાર હિંદી ભાષાની કૃતિઓ પણ અનુવાદરૂપે લાવવી જોઈએ.

આ કાવ્ય કોઈને થોડુંક બોલકું લાગશે. પણ કેટલીક પરિસ્થિતિ એવી હોય છે કે છાપરે ચડીને બૂમ ન મારીએ તો કોઈને સંભળાય પણ નહીં. સત્ય સાંભળવા માટે જગતના કાન હંમેશાં બહેરા હોય છે. એટલે આપણે બૂમ પાડવી જ રહી. આ જગત એવું છે કે એમાંથી શ્રદ્ધા ઊઠી જાય. પણ આ અશ્રદ્ધામય વાતાવરણમાં પણ કવિને શ્રદ્ધા છે. એને એમ લાગે છે કે થોડોક અમથો માણસ તો બચશે જ. માનવતા સાવ પરવારી નથી ગઈ.

પામર માણસો હોય છે એમ પરમ માણસો પણ હોય છે. લાચારી હોય છે, તો એની સામે ખુમારી પણ હોય છે. આમ જેટલાં રેશનકાર્ડ હોય છે એટલા માણસ નથી હોતા. એવા કેટલાય માણસો હોય છે કે કચાંક સમાધાન કે તડજોડ નથી કરતા. અદબ અને વિવેકથી કહેવાનું સત્ય કહી દે છે. કોઈના રોફથી દબાતા નથી. કાકલૂદી કરતા નથી. લાંચરુશવત આગળ નમતું જોખતા નથી. કેળવણીને ભ્રષ્ટ કરતા નથી. રસ્તા પર કોઈ ઘાયલ પડયો હોય તો નપુંસકની જેમ જોતા નથી, પણ એને હૉસ્પિટલે પહોંચાડવાની વ્યવસ્થા કરે છે. પોતાની હાજરીમાં હુમલો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયેા હેાય તેા આમાં આપણે કયાં સંડોવાઈએ એમ કહીને છટકબારી શોધતા નથી. જુબાની આપવી પડે તેા આપે. એમને એમની જબાનની કિંમત છે. જબાનનું મૂલ્ય છે.

પ્રેમમાં ઠગાય, તેા પ્રેમને નામે માંડવાળ નથી કરતા. એમનું બધું જ કેન્દ્ર એમનાં સંતાનેા નથી. એક બાજુ દીકરીનું સારું ફેાક હેાય, તેા એને થીંગડિયાળાં બાળકેાનેા પણ ખ્યાલ છે.

આવેા થેાડેા અમથેા બચી ગયેલેા માણસ સેળભેળ કરતેા નથી. સાચજૂઠ કરતેા નથી. કેવળ પેાતાનેા જ ખ્યાલ કરતેા નથી. વૃદ્ધેાનું સેવન કરે છે. અકરાંતિયાની જેમ વસ્તુઓ ભેગી કરતેા નથી. ઘરને ગેાડાઉનમાં ફેરવતેા નથી. માલિકીનેા મેાહ નથી. દુઃખને ગૌરવભેર સ્વીકારી લે છે. સહાનુભૂતિ ઉઘરાવતેા નથી. આ દુનિયા જો નરક હેાય તેા એને માટે બીજાને ભાંડતેા નથી. એ અંતર્મુખ થઈ શકે છે.

આ માણસને કેવળ બાહ્ય દુનિયા સાથે જ સંબંધ નથી. એ તેા પ્રકૃતિને જાણે છે અને માણે છે. એના જીવનમાં નાના નાના આનંદ છે. એના નાના અમથા આનંદેા એટલે શું? વૃક્ષ પાંદડીઓથી લીલું ગીત ગાય છે એ એને સંભળાય છે. પ્રકૃતિ પ્રત્યે એની સંવેદના જડ અને બધિર નથી થઈ ગઈ. કેવળ એ આંકડાને ઉકેલતેા નથી. એને તેા નક્ષત્રેાની ફુબારાખડી સમજાય છે. પક્ષીઓ આંગણામાં જે ટહુકા વેરી જાય છે એનેા એને પરિચય છે. આવા પરિચયનેા લય જ એના શ્વાસને સુરભિત મલયમાં ફેરવી શકે છે. આ જે શેષ છે તે દુનિયાદારીમાંથી — ઢોંગધતૂરામાંથી, ભૌતિકતામાંથી ઊગરી ગયેલેા માણસ છે.

૧૮-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

હવાનાં ઊછળતાં હરણ આવશે
ને સૂરજનું ધગધગતું રણ આવશે

ઊઘડતો જશે એક ચહેરો સતત
સ્મરણમાંય એનું સ્મરણ આવશે

હશે કોઈ સામે ને અડવા જતાં
ત્વચા સ્પર્શનું આવરણ આવશે

રહેવા દો દરવાજા ખુલ્લા હવે
છે આશા હજી એક જણ આવશે

તમે પાછા કરશો ખુલાસા નવા
અને અમને વિશ્વાસ પણ આવશે

સમયની તો સીમાઓ પૂરી થઈ
હવે જોઈએ કેવી ક્ષણ આવશે

અમસ્તા જ દરવાજો ખોલ્યો અમે
હતી કયાં ખબર કે મરણ આવશે

—આદિલ મન્સૂરી

શયદા, બેફામ, ઘાયલ, મરીઝ, શૂન્ય, સૈફ — ગઝલની એક સૃષ્ટિના તબક્કાનું વર્તુળ પૂરું થાય ન થાય ત્યાં એક નવું વર્તુળ પ્રગટ થયું અને એના કેન્દ્રબિંદુ રૂપે આદિલ મન્સૂરી રહ્યા. આ નવા ગઝલકારોએ પરંપરાનો દ્રોહ નથી કર્યો પણ જે કંઈ પરંપરાગત હતું એનાથી સહેજ ઊફરા ચાલ્યા અને આધુનિકતાનું એક મેઘધનુષ પ્રગટ્યું.

હવા અમૂર્ત છે. કવિ આ અમૂર્તને મૂર્ત કરે છે. હવાનાં હરણ કહે છે ત્યારે હરણની છલંગનો અનુભવ થાય છે. હરણ શબ્દમાં પણ રણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તો છે જ. અને રણ, હરણ ને મૃગજળનો સંબંધ સનાતન છે. હવા ધરતી પર પણ હોય છે અને આકાશમાં પણ હોય છે. અહીં શાયરે હરણની સામે કેવળ રેતીના રણની વાત નથી કરી પણ હવાના હરણને જ્યાં મુકાબલો કરવાનો છે એવા સૂરજના ધગધગતા રણનો સંદર્ભ આપ્યો છે.

ગઝલની મજા એ છે કે શેરે શેરે નવું વિશ્વ ઊઘડતું આવે. દરેક શેરની આબોહવા જુદી હોય અને છતાંય ગઝલમાં એકસૂત્રતા જળવે રદીફ-કાફિયા.

હૃદયમાં ભરપૂર સ્મૃતિ હોય અને એનું સાતત્ય હોય. પ્રિય વ્યક્તિનો ચહેરો ઊઘડતો આવે જાણે કે સ્મરણમાં સ્મરણ ઊઘડતું આવતું હોય એમ. તળાવમાં કમળ ઊઘડે એ એક દૃશ્ય છે પણ કમળમાં પણ કમળ ઊઘડે એના જેવી આ વાત છે.

પ્રિય વ્યક્તિના સાન્નિધ્યમાં સ્પર્શ જેવી કોઈ ભાષા નથી. સ્પર્શ શારીરિક ભલે હોય પણ એનો રોમાંચ આત્માને થતો હોય છે. આવા અનન્ય રોમાંચ વખતે શરીરની ત્વચા એ આવરણ જેવી લાગે છે. માણસ પાસે પ્રતીક્ષા કરતી વખતે એક અનંત અને અમર આશા હોય છે. આ આશા જ એનો સધિયારો અને એનું આશ્વાસન. બધાં જ બારણાં એ આશામાં ખુલ્લાં રાખ્યાં છે કે કયારેક ને કયારેક તો આપણે જેને ઝંખીએ છીએ એ જણ આવશે.

પ્રેમમાં પ્રેમ હોય. ખુલાસા ન હોય. અને છતાંય પ્રિય વ્યક્તિ ખુલાસા આપે ત્યારે ભવિષ્યના વિશ્વાસઘાત માટેનો એક નવો વિશ્વાસ જાગે છે. ઉત્તમ ગઝલો નભે છે આવા બારીક ઇશારાઓને કારણે. આપણે જન્મથી માંડીને જીવીએ ત્યાં સુધી જેને આયુષ્ય કહીએ છીએ એ શાશ્વત કાળે આપણે માટે ફાળવેલો સમય છે. આ સમયની જ્યાં સીમાઓ પૂરી થાય છે ત્યારે કઈ ક્ષણ આવશે એ આપણે કહી શકીએ એમ નથી. એ ક્ષણ કહેવાની નથી હોતી, અનુભવવાની હોય છે. પ્રિય વ્યક્તિના આગમનની આશાએ ખોલેલા દરવાજાની વાત તો દૂર રહી પણ જ્યારે અમસ્તો દરવાજો ખોલ્યો ત્યારે કયાં ખબર હતી કે હવે જે આવશે તે મરણ હશે ? એક પુસ્તક વાંચ્યું હતું. એમાં પ્રસિદ્ધ વ્યક્તિનાં અંતિમ વચનોનો સંચય હતો. એ અંતિમ વચનમાં દરેકના ભાવવિશ્વની ઝલક હતી પણ મરણ એટલે ખરેખર શું ? એનો સંકેત કોઈ નહોતું આપી શકયું.

૧૮-૩-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શું શું સાથે લઈ જઈશ હું ?

શું શું સાથે લઈ જઈશ હું ?
કહું ?
લઈ જઈશ હું સાથે
ખુલ્લા ખાલી હાથે
પૃથ્વી પરની રિદ્ધિ હૃદયભર—
વસન્તની મ્હેકી ઊઠેલી ઉજ્જવલ મુખશોભા જે નવતર,
મેઘલ સાંજે વૃક્ષડાળીઓ મહીં ઝિલાયેા તડકેા,
વિમળ ઊમટ્યો જીવનભર કેા અઢળક હૃદય-ઉમળકેા,
માનવજાતિ તણા પગમાં તરવરતી ક્રાન્તિ
અને મસ્તકે હિમાદ્રિશ્વેત ઝબકતી શાન્તિ,
પશુની ધીરજ, વિહંગનાં કલનૃત્ય, શિલાનું મૌન ચિરંતન,
વિરહ-ધડકતું મિલન, સદા-મિલને રત સંતન
તણી શાન્ત શીળી સ્મિતશોભા,
અંધકારના હૃદયનિચોડ સમી મૃદુ કંપિત સૌમ્ય તારકિત આભા,
પ્રિય હૃદયેાનેા ચાહ
અને પડઘેા પડતેા જે 'આહ !'
મિત્રગોઠડી મસ્ત, અજાણ્યા માનવબંધુ
તણું કદી એકાદ લૂછેલું અશ્રુબિન્દુ,
નિદ્રાની લહેરખડી નાની – કહેા, એક નાનકડેા
સ્વપ્ન દાણડેા,
(સ્વપ્ન થજો ના સફળ બધાં અહીંયાં જ)
—અહેા એ વસુધાનેા રસરિદ્ધિભર્યેા બસ સ્વપ્ન-સાજ !—
વધુ લેાભ મને ના,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાળકનાં કંઈ અનંત આશ-ચમકતાં નેનાં
લઈ જઈશ હું સાથે
ખુલ્લા બે ખાલી હાથે.
ખુલ્લા બે 'ખાલી' હાથે ?

—ઉમાશંકર જોશી

ઉમાશંકર જોશીનું સોમવારે રાતે[૧૯–૧૨–'૮૮]અવસાન થયું. એમને છેલ્લા સાંભળ્યા દિલ્હી સાહિત્ય અકાદમીએ મુનશીની શતાબ્દી નિમિત્તે યોજેલા પરિસંવાદમાં. હવે એ ચહેરો, એ અવાજ વિલીન થઈ ગયો. ચશ્માંના કાચ પાછળ ઝીણું ઝીણું ફરકતી આંખ – આખો દેહ મંગળવારે સાંજે ભસ્મીભૂત થઈ ગયો. આપણો આવો મોટો કવિ અને 'ટાઇમ્સ'માં એમના મૃત્યુના સમાચાર ટૂંટિયું વળીને પડ્યા હતા. 'ટાઇમ્સ'માં પહેલે પાને સમાચાર આપ્યા હોય, તોયે ઉમાશંકરને શો ફરક પડવાનો હતો ? પણ પણ આપણાં અંગ્રેજી છાપાંઓ આ બાબતમાં તદ્દન વિચિત્ર એટિટ્યૂટ રાખે છે. ઉમાશંકર કેવળ ગુજરાતના નહોતા, સમગ્ર ભારતના હતા, પણ અંગ્રેજી છાપાંઓમાં દેખાવ પૂરતું રૂંવાડું ફરકયું, એટલું જ. અંગ્રેજી છાપાંઓ મૃત્યુનો પણ મલાજો રાખતાં નથી અને છેવટે તો એમની જ તકલાદી 'વૅલ્યૂઝ' છતી કરે છે. 'હશે' એમ કહીને મન મનાવી લેવા જેવી વાત નથી, અખબારોના અભિગમ વિશે ઉમાશંકર પણ અજાણ નહોતા. એમણે ઈ.સ. ૧૯૫૩માં ડિલન ટૉમસના મૃત્યુ વિશે જે કાવ્ય લખ્યું છે, તે જોવા જેવું છે :

કવિનું મૃત્યુ

[ડિલન ટૉમસના અકાળ મૃત્યુપ્રસંગે]

કવિનું મૃત્યુ ! પત્રોમાં સમાચારો જગતના,
કંઈ ફ્લેશો કંઈ દ્વેષો તણા, મતના મમતના.
બધા વચ્ચે ફક્ત બે પંક્તિ ઉચ્ચરતી
'કવિનું મૃત્યુ' મૂંગી ને મહાકોલાહલે સરતી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જગતની સરણીય અભિસરતી,
ન જાણે : ભાગ્યમાંથી શું ગયું !
વા શું રહ્યું ?

પૃથ્વી તણી માટી ઘરી ઘણકી ગઈ !
તારલાની તેજલૂમોને નિચોવી તેજ પી ઝણકી ગઈ.

કવિનું હૃદય
જાણે સદ્ય
પંખીભર્યું આકાશ,
શિશુનું હાસ,
કે શરદના કાશપુષ્પ તણો ધવલ ઉલ્લાસ.

કવિનું હૃદય તે તો ધવલ ઊર્મિતેજ,
સરલ નિર્વ્યાજ નિર્મળ હેજ;
સપ્તરંગોની કમાનો ડોકિયાં કરતી તહીં,
અપ્તરંગી ભાવના-પરીઓ સુભગ તરતી મહીં.
ફિલ્લોલતું કવિહૃદય સહસા મૌનઅંક શ્વસી રહ્યું.
હવાથી આધુંક આચ્છાદન ધરા પર હૂંફનું મૂકી ગયું.

હવે ઉમાશંકર સાથે જીવવાનો એક જ રસ્તો છે, અને તે એમનાં કાવ્યો દ્વારા કે એમનાં અન્ય સર્જનો દ્વારા. ઉમાશંકર અશુભની વચ્ચે શુભને સાચવી બેઠેલા કવિ. હતાશાની વચ્ચે આશાને સંગોપી રાખે એવા કવિ. એમનો પૃથ્વીપ્રેમ તો 'વિશ્વશાંતિ' પ્રગટ થયું ત્યારથી પ્રગટ રહ્યો છે.

વિશાળે જગવિસ્તારે નથી એક જ માનવી :
પશુ છે, પંખી છે, પુષ્પો, વનોની છે વનસ્પતિ !

આ કાવ્યમાં પણ એમનો પૃથ્વીપ્રેમ, મનુષ્યપ્રેમ પંક્તિએ પંક્તિએ નીતરે છે. ખાલી હાથે આવ્યા અને ખાલી હાથે જવાનું છે એની અહીં વાત નથી. એ તો જાણે કાનમાં કહેતા હોય એ રીતે કહે છે :

શું શું સાથે
લઈ જઈશ હું ?
કહું ?

ઈશ્વરને પણ ઈર્ષા આવે અને ખુદ ઈશ્વર પણ રંકતા અનુભવે એવી પૃથ્વીના હૃદયની રિદ્ધિ લઈને જીવ અહીંથી જશે અને પૃથ્વીની રિદ્ધિ એટલે શું, એવી વાત આ ટાગોર-પીધેલા કવિએ બેચાર લસરકામાં કહી છે :

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વસંતની મહેકતી ઊજળી મુખશોભા અને મેઘલ સાંજે વૃક્ષની ડાળીમાં ઝિલાયેલો તડકો. આ કવિ વસંતવર્ષાનો છે. આ બે ઋતુઓનું ઋત કવિના લોહીમાં વહ્યું છે, એટલે એનો ધબકાર અહીં સંભળાયા વિના રહે જ નહીં. વિશ્વનાગરિક કવિ કયારેય પોતા પૂરતો સીમિત રહેતો નથી અને એટલે જ અહીં માનવજાતિની, એની ક્રાન્તિની અને કોઈ હિમાલય જેવી વિભૂતિની વાતનો સંકેત પણ છે. પ્રકૃતિને વિદ્યાપીઠ તરીકે સ્થાપ્યા પછી એના સ્નાતકને આ જ સૂઝે. પ્રકૃતિમાંથી માનવપ્રકૃતિને કેટલો ખજાનો મળે છે! આ ખજાનો લૂંટવાનો છે અને લૂંટાવવાનો છે. પ્રકૃતિ જેવી કોઈ વિદ્યાપીઠ છે ખરી? કવિ તો આ વિદ્યાપીઠનો 'સેલ્ફ અપૉઇન્ટેડ વાઇસ-ચાન્સેલર' હોય છે. પશુ પાસેથી ધીરજ મેળવવાની છે. વિહંગના કલનૃત્યને આંખમાં પૂરવાનું હોય છે. શિલાના ચિરંતન મૌનને સાંભળવાનું હોય છે. આ મૌનમાંથી જ કોઈક સંગીત કવિના ભીતર કાનને સંભળાય છે. બે માણસો મળે તે મિલન. પણ કોઈ પણ મિલન વિરહના ધબકાર વિનાનું નથી હોતું. મિલનની કુંડળીમાં ગ્રહો વિયોગના હોય છે, પણ સંતો માટે આવા કોઈ ગ્રહો-વિગ્રહો હોતા નથી, કારણ કે એ તો સદા-મિલનમાં રત હોય છે. એની આરત જ એનું સાતત્ય નિર્માણ કરે છે. એની ક્ષણની શુભદૃષ્ટિ શાશ્વતી સાથે હોય છે અને એટલે જ એના ચહેરા પર શાંતિ શોભા આભા. ચાહનો પ્રાસ સામાન્ય માણસો માટે ચાહ સાથે મળે છે. આ મિલનવિરહની સંતાકૂકડી એ પણ અહીંથી લઈ જવા જેવી છે. મિત્ર સાથે જે મસ્ત ગોઠડી કરી હોય એની ગઠરિયા લીધા વિના અહીંથી જવું પોષાય નહીં અને વિશ્વમાનવ માટે કેવળ અંગત મિત્રો નથી હોતા. કોઈક અજાણ્યાનું લૂછેલું આંસુ અહીંથી ઉપર જઈએ ત્યારે કદાચ સ્મિત થઈને ઝળકી પણ ઊઠે અને સદા-જાગ્રત દેવોને કયાંથી ખબર હોય કે નિદ્રાની લહેરખીનો સ્પર્શ કેવો મુલાયમ હોય છે. કવિએ સ્વપ્નની વાત છેડી છે અને જાણે કે મનુષ્યજાતિને માટે વરદાન હોય એ રીતે આશિષ પણ આપ્યા છે. કોઈકને અત્યંત ખાનગીમાં કહેતા હોય એમ (અત્યંત ખાનગીમાં પોતા સિવાય કોને કહેવાનું હોય છે?) કૌંસમાં કહ્યું છે: (સ્વપ્ન થજો ના સફળ બધાં અહીંયાં જ.)

જે સફળ થાય તે સપનાં નથી રહેતાં. વસુધામાં સુધા છે, તે મનુષ્યને કારણે, એનાં સ્વપ્નોને કારણે. અહીંથી લઈ જવા જેટલું આટલું જ છે, ઝાઝો લોભ નથી. હા કાગળમાં તાજા કલમમાં આપણે છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉમેરીએ છીએ એમ, છેલ્લે એક વાત ઉમેરી છે. એ વાત બહુ જ મહત્ત્વની છે. બાળકની અનંત આશા-ચમકતી આંખને હું લઈ જઈશ. મરણની લગોલગ, કવિએ આમ જીવનને ગોઠવી દીધું છે અને દેખીતા ખાલી હાથ કેટલા બધા ભરેલા છે, એનો ખ્યાલ આપ્યો છે. સુદામાના તાંદુલ જેવી લાગતી આ સામગ્રી ઈશ્વરના આકાશમાં તારા થઈને નહીં ઝબકે એમ કોણ કહી શકે?

૧૯-૧૨-૧૯૮૮

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કૂવાને કાંઠે એક ઝૂંપડી રે

કૂવાને કાંઠે એક ઝૂંપડી રે લોલ.
તેને ફરતી રચાવી ફૂલવાડી રે લોલ.
તેમાં વસે છે વનમાળી રે લોલ.

ફૂલવાડીમાં ફૂલ બહુ ખીલતાં રે લોલ.
એ તો રાધાજીને મન બહુ ભાવતાં રે લોલ.
ફૂલ લેવાને રાધાજી આવિયાં રે લોલ.

કા'ને ચૂંટ્યાં ને રાધાએ ઝીલિયાં રે લોલ.
તેની રાધાએ બનાવી ફૂલમાળા રે લોલ.
તે તો પ્રભુજીને કંઠે પહેરાવી રે લોલ.

વા'લા પ્રભુજીએ સ્નેહે સ્વીકારી રે લોલ.
તેથી રાધા બની બડભાગી રે લોલ.
કૂવાને કાંઠે એક ઝૂંપડી રે લોલ.

—લોકગીત

લોકગીતનો કવિ એના નામસહિત ભાષામાં આગળી ગયો હોય છે. સીધુંસાદું લોકગીત લયની છીપમાં કચારેક વણવીંધ્યું મોતી સાચવીને બેઠું હોય છે. રાધાકૃષ્ણનાં પ્રતીક સનાતન પ્રતીક છે. શહેરનો કવિ આ પ્રતીકનો પોતાની રીતે ઉપયોગ કે દુરુપયોગ કરે. નરસિંહ, મીરાં કે સૂરદાસ એનો ઉત્યોગ કરે. લોકગીતને માટે રાધાકૃષ્ણ એમના જેવાં જ સીધાં-સાદાં સામાન્ય માણસ છે. સીધોસાદો માણસ એટલે આંટીઘૂંટી વિનાનો માણસ, મેકઅપ વિનાનો માણસ, છળકપટ કાવાદાવા વિનાનો માણસ, સહજ માણસ; somebody નહીં પણ nobody. એ પોતાના પરિવેશમાં રાધાકૃષ્ણને મૂકે છે.

આ રાધાકૃષ્ણ રહે છે કયાં? કૂવાને કાંઠે એક ઝૂંપડી છે. આ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઝૂંપડીની આસપાસ રચાયેલી ફૂલવાડી છે. અને ફૂલવાડી વચ્ચેની ઝૂંપડીમાં કૃષ્ણ રહે છે. અહીં કૃષ્ણ માટે કવિએ 'વનમાળી' શબ્દ વાપર્યો છે. 'વનમાળી' શબ્દનો ઔચિત્યપૂર્વકનો પ્રયોગ ધ્યાન ખેંચે એવો છે. ઝૂંપડી એ ઝૂંપડી જ છે; પણ આ ઝૂંપડીનું ઐશ્વર્ય અઢળક છે. જ્યાં વનમાળી રહેતા હોય, ત્યાં ચિક્કાર ફૂલો ખીલે છે. રાધા એને હૃદયથી ઝીલે છે. આ ફૂલ લેવાને નિમિત્તે તો રાધા આવે છે. રાધાને માટે મનવાચક અને માનવાચક એવો 'રાધાજી' શબ્દ પ્રયોજ્યો છે. અથવા કહો કે સહજ રીતે પ્રયોજાઈ ગયો છે. આ એક નિર્દોષ આવનજાવન છે — ફૂલ લેવા આવવાની. જગતમાં લોકો આવે છે, પછી એની લેવડદેવડ તો જુદા જ પ્રકારની હોય છે. અહીં આવું કશું દોષિત કે દૂષિત નથી. મહિમા તો કૃષ્ણદર્શનનો છે.

બંનેનો સંસાર કેવો ગોઠવાયો છે, બંને વચ્ચે કેવો સહજ સંવાદ છે. પુરુષ અને સ્ત્રીના કામનું વિભાગીકરણ અને એકીકરણ કેવું છે અને તેની ચરિતાર્થતા કેટલી કાવ્યમય છે! કૃષ્ણનું કામ ફૂલ ચૂંટવાનું (પુરુષનું કામ કશુંક લઈ આવવાનું). રાધાનું કામ ફૂલમાળા બનાવવાનું. ફૂલમાળા દેખાય અને દોરો દેખાય નહીં. દોરાને આધારે જ ફૂલમાળાનાં ફૂલો છે. જે આધાર છે એ અદૃશ્ય છે. સ્ત્રીનો કસબ હોય છે, પણ દેખાતો નથી. આ ફૂલમાળાની સાર્થકતા એ કૃષ્ણના કંઠમાં ઝૂલે એમાં છે. કૃષ્ણ ત્યારે જ ઈશ્વર બને છે, જ્યારે રાધા એના કંઠમાં ફૂલમાળા આરોપે છે. એક સહજસ્વીકારની ભૂમિકા છે. કૃષ્ણે ફૂલ ચૂંટ્યાં, રાધાએ ઝીલ્યાં, ફૂલમાળા ગૂંથી, પ્રભુને કંઠે પહેરાવી, પ્રભુએ સસ્નેહ સ્વીકારી, — અને આ એકમેકના સદ્‌ભાગ્યની પરાકાષ્ઠા. સરળ દેખાતા ગીતમાં પણ લાગણી અને ભક્તિનો અર્થપૂર્ણ લય માણવા જેવો છે.

૧૨-૧-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાશ્મીરનું સ્વપ્ન

કચાંઈ છે ખૂબ ધીટ ઝાડ વનનાં ઝાઝાં ફૂલોથી ભર્યાં;
વેલીના નવરંગથી લટકતાં સારાં પટોળાં ધર્યાં;
કચાંઈ છે તૂટીને પડેલ ભૂખરાં પાનો વિના ઝાડવાં,
જોગીનો ધરી વેષ ભેખ લઈને જાણે બિચારાં પડ્યાં.

કચાંઈ છે સુઘરી તણા લટકતા માળા નદીની પરે;
નીચે મોર કળા કરે પ્રિય કને લીલા ગલીચા પરે;
કચાંઈ છે ફરતાં યૂથો ગજ તણાં ભાંગે ઘણી ડાળીને,
તેઓનાં બચ્ચલાં રમે જલ વિષે માતા કને દોડીને.

છે કચાંઈ અતિ ઘોર ગંભીર ગુફા, કાળી ઘટા ઝાડની
કાળી તે દીસતી છવાઈ જઈને અંધારી છે તે ઘણી;
વહે છે જોસભરી નદી અહીંતહીં, નાળાં પડ્યાં વીખરી,
કુંજોમાં ઝરણાં વહે ખળકતાં, છોળો ઊડે પાણીની.

જ્યાં છે એવી નદી ઘણી, બરફના ઝાઝા જ્યહાં ડુંગરા,
એવો કાશ્મીરદેશ છોડી દઈને જાઉં હવે હું કયહાં?

—કલાપી

પ્રેમના કવિ કલાપીનું આ પ્રકૃતિપ્રેમનું કાવ્ય છે. નર્મદે એવું લખ્યું છે: 'કુદરત મારી છે માશૂક, એથી પામું પૂરું સુખ.' અહીં પ્રકૃતિ પ્રિયતમા છે — નર્મદ માટે. 'કાશ્મીર' શબ્દ બોલીએ એટલે, જેમણે કાશ્મીર જોયું નથી; એમને માટે પણ એક વિચાર તો અવશ્ય રહેવાનો કે કાશ્મીર એટલે સૌંદર્યપ્રદેશનો પર્યાય. કલાપીના આ કાવ્યને ચૌદ પંક્તિના કારણે સોનેટ કહેવું હોય તો કહી શકીએ. અહીં કાશ્મીરની વનશ્રીનું વર્ણન છે. સૌંદર્યના ઐશ્વર્યની વાત છે. માણસ કચાંય પણ જાય, પણ પોતાના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળને છોડતો નથી, એનો પણ એક સંકેત મળે છે. લાઠીના આ કવિને ફૂલપાનભર્યાં વૃક્ષ અને વેલીમાં નવરંગપટોળાં દેખાય છે, અને પાન વિનાનાં વૃક્ષોમાં જોગીનો વેશ અને ભેખ દેખાય છે. આમાં આવતો 'બિચારાં' શબ્દ બહુ યોગ્ય નથી, પણ એ કવિરાજની સહાનુભૂતિનો અને વિલાસની સામેનો શબ્દ છે. સુગરીના માળા, લીલા ગાલીચા પર પ્રિયના સાન્નિધ્યમાં કળા કરતો મોર, હાથીનાં વૃંદ, ભાંગતી ડાળીઓને કવિ નોંધે છે.

શાર્દૂલવિક્રીડિત છંદમાં 'બચલાં' જેવો શબ્દ અહીં સરસ રીતે ગોઠવાયો છે, જે કલાપીની શબ્દ અને અભિવ્યક્તિની કળા–સરળતાનો પરિચય આપે છે. ગંભીર ગુફા, ઝાડની કાળી ઘટા, અંધકાર, કલાપીની કવિતાની જેમ વહેતી જોશભરી નદી, પાણીની ઊડતી છોળો અહીં શબ્દસ્થ થઈ છે. સ્થળ-પ્રવેશનો જેમ આનંદ છે, તેમ સ્થળ છોડવાની પણ વેદના હોય છે. આ કાશ્મીર, જ્યાં વહેતી નદીઓ છે, બરફનાં શિખરો છે, સૌંદર્યનો પ્રગાઢ અનુભવ છે, એને છોડીને જવું હોય તો જઈએ પણ કયાં? — એની પારાવાર વેદના, અંતિમ પ્રશ્નમાં કવિએ પૂરી છે.

૪-૫-૧૯૬૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્ષણ હસવું, ક્ષણ રહેવું

ક્ષણ હસવું, ક્ષણ રડવું;
પૃથ્વી વિણ ક્યાં જડવું ?

સ્વર્ગમહીં નહીં, અહીં સુખદુઃખે
જનમ જનમ રે જીવું;
પાય જગત જે, હસતે મુખે
સકલ હોંસથી પીવું,
કંઈ મીઠું, કંઈ કડવું !

સ્વર્ગગાને ક્યાંય નથી રે
જમુનાનો જળઘાટ,
નન્દનવનની માંહ્ય નથી રે
મથુરાપુરની વાટ;
વ્રજ વિણ રે સૌ અડવું !

—નિરંજન ભગત

નિરંજન ભગત એટલે કસબનો કારીગર નહીં, પણ કસબનો કળાકાર. એના ગીતમાં સૉનેટની સઘનતાઓ અને એના સૉનેટમાં ગીતની વહનતાઓ. એ જળમાંથી આરસ કંડારી શકે ને આરસમાંથી જળ વહેતું કરી શકે. ગીત એ કેવળ ગાવાની ચીજ નથી, પણ વિચારપૂર્વક માણવાની પણ ચીજ છે, એની પણ એ પ્રતીતિ આપી શકે.

ટાગોરના એક કાવ્યમાં એવો ભાવ છે કે અપ્સરાને સ્વર્ગમાં ગમતું નથી, કારણ કે સ્વર્ગમાં બધું જ છે, પણ મૂલ્યવાન આંસુ નથી. પૃથ્વીની મજા એના દ્વંદ્વમાં છે. આ સ્મિત અને આંસુની લીલા એની શ્રી, સમૃદ્ધિ અને ઐશ્વર્ય પૃથ્વી પર જ પ્રાપ્ત થાય છે. આ પ્રાપ્તિ એ મનુષ્યનો પુરુષાર્થ છે. સ્વર્ગનો ખ્યાલ હવાઈ તો લાગે, જો આપણે પૃથ્વી પર સ્વર્ગ ન રચી શકીએ. સુખ અને દુઃખની વચ્ચે રહીને, એને અતિક્રમીને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આનંદની અવસ્થા એ પૃથ્વી પર મનુષ્ય દ્વારા રચાયેલું સ્વર્ગ છે. આ પૃથ્વી છોડવા જેવી નથી. જનમ જનમ ધરીને ફરી ફરીને અહીં સ્મિત અને આંસુ માટે પણ આવવા જેવું છે. જગત જે કાંઈ પાય એ પીવા જેવું છે, હોંશે હોંશે પીવા જેવું છે. મીઠું અને કડવું છે એની તો મજા છે. આ મજા સ્વર્ગમાં નહીં મળે, અને જો આ મજા ન મળે તો સ્વર્ગમાં સ્વર્ગનો સ્વાદ પણ કયાં રહે? સ્વર્ગની ગંગા ભલેને અનંત કાળ સુધી વહેતી હોય પણ એની પાસે યમુનાનો ઘાટ નથી. ઘાટ વિનાની ગંગા હોય તોયે શું ને ન હોય તોયે શું? સ્વર્ગમાં ભલેને ન કરમાય એવું ચિરવાસંતી નંદનવન હોય, પણ મથુરાની વાટ વિનાનું નંદનવન રણના તાપ અને સંતાપ જેવું જ લાગવાનું. વ્રજ વિનાનું સ્વર્ગ એ સદ્‌ભાગ્ય નથી. દયારામથી માંડીને નિરંજન સુધી કવિને પ્રતીતિ એક જ છે: 'વ્રજ વ્હાલું રે, વૈકુંઠ નથી જાવું.'

૪-૫-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

'અદેખા લોક અણઘટતાં બોલઇ,
કુમળાં કુમળાં કાળજ છોલઇ,
અદેખા લોક અણઘટતાં બોલઇ.

જીભને કોઈ તાળું નથી,
ને વાણી કરોળિયાનું જાળું;
કોઈ આમ બોલે, કોઈ તેમ બોલે,
કયાં લગી લોકોને પંપાળું;
નિંદા ખોટું ખોટું તોલઇ,
અદેખા લોક અણઘટતાં બોલઇ.

ફૂલમાં કોઈ મ્હેક નથી,
ને સૂરજનો રંગ કાળો;
નહીં હોય એવાં લાવી તણખલાં,
બાંધે ખાલી માળો;
કાન કર્યા બંધ, આંખો ખોલઇ
અદેખા લોક અણઘટતાં બોલઇ.

ગુજરાત સાહિત્ય અકાદમીએ 'દેશીઓની સૂચિ' પ્રગટ કરી છે અને તેના મુખ્ય સંપાદક હરિવલ્લભ ભાયાણી છે અને સંપાદક નિરંજના વોરા છે. આ સૂચિ મધ્યકાલીન ગુજરાતી જૈન રાસાઓમાં નિર્દિષ્ટ પરંપરાગત દેશીઓની સૂચિ છે.

આ પદની પ્રથમ પંક્તિ સકલચંદ્રની છે. જે દેખાય નહીં અને ગુપ્તસુપ્તરૂપ ઝેરીલા સાપની જેમ સળવળ્યા કરે એ અદેખાઈ. આ અદેખાઈ હાવભાવમાં, વાણી અને વર્તનમાં ડોકાયા કરે. કોઈનું સારું ન જોઈ શકે અને એને પરિણામે બૂરું બોલ્યા કરે એ અદેખાઈનો સાક્ષાત્ અવતાર. કેટલાક લોકો અણછાજતું એટલા માટે બોલે કે જેથી સામી વ્યક્તિ દુભાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ જગતમાં જીવવું હોય તો કુમળું કાળજું રાખવું પોષાય નહીં. કારણ કે અણઘટતી વાણી હૃદયને છોલી નાખે, છીણી નાખે.

અદેખાઈની પીળી આંખને અને અદેખી જીભને તાળાં નથી હોતાં. અદેખી વાણી કોઈ દિવસ સીધી કે સરળ નથી હોતી. એમાં છળકપટનાં અને કાવાદાવાનાં કાળાં વમળ હોય છે. આ વાણી કરોળિયાના જાળા જેવી છે. આગ અને બરફ બંનેનો અનુભવ આપે એવી આ વાણી હોય છે. આવા લોકોની વાણીને પંપાળવાની હોય નહીં. નિંદા કોઈ દિવસ સાચું તોલી ન શકે.

અદેખા લોકોની ફીકી અવળી જ હોય છે, એટલે સવળું કશું દેખાય નહીં. એ તો ન હોય એવી વાત ઉપજાવી કાઢે અને હોય એવી વાતને મારીમચડીને કદરૂપી અને કઢંગી રીતે રજૂ કરે. એને ફૂલમાં પણ મહેક ન દેખાય અને સૂરજનો રંગ કાળો લાગે. અફવાઓનાં, ન હોય એવાં તણખલાં લાવીને એ પોતાની વાતનો માળો બાંધે, જે છેવટે ભીતરના ખાલીપાને જ વ્યક્ત કર્યા કરે. અદેખાઓની વચ્ચે એક જ રીતે જિવાય, ખુલ્લી આંખે અને બંધ કાનથી. અદેખા લોકોમાં જો કોઈ વૃત્તિ પુરબહારમાં ખીલી હોય તો તે પરપીડનની.

૨૭-૫-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કીકીમાં

કીકીમાં કેદ કરી લીધા
મેં કાનજીને કીકીમાં કેદ કરી લીધા !

ભોળી નથી કે હવે લોચન ઉઘાડું
છોને વગડામાં વાંસળીઓ વાગે;
મધરાતે કોઈ ભલે બારણું ધકેલે
બાઈ, મારે બલારાત જાગે !
જનમના જાણકાર કેદના તે એણે
છૂટવાનાં છળ ભલાં કીધાં ! —મેં૦

જુગજુગ જોગીડા ભલે ગાળે સમાધમાં
વાળે પલાંઠી, સાસ રોકે;
મેં તો પલકમાં જ પકડ્યા ને પાધરા
પધરાવ્યા સમણાંના લોકે !
વાંકા તે વેણુના ને વાંકા બ્હેવારના
એમ વના થાય ના સીધા ! —મેં૦

—જયન્ત પાઠક

ગોપી પ્રેમની પરમ સ્થિતિ છે, રાધા પ્રેમની ચરમ સ્થિતિ છે. રાધા કચાંય ભાગવતમાં નથી, પણ ભારતના કવિઓની આરતની રગે-રગમાં છે. રાધાનો અવળો શબ્દ ધારા. ધારા એટલે સાતત્ય, પ્રવાહ, ગતિ; પ્રેમની સદ્‌ગતિ. પણ રજનીશજીએ કહ્યું છે કે ધારા શબ્દને અવળો કરો તો એ રાધા થાય. ધારાને કચાંક મૂળ હોય છે ને ત્યાંથી એ વહે છે. રાધા મૂળમાં પાછી વળે છે. રજનીશજીનું આ અર્થઘટન છે. અને આપણે જાણીએ છીએ કે રાધાનું મૂળ અને કુળ કૃષ્ણ છે.

આ નાનકડા ગીતમાં કૃષ્ણને કાયમના કેદ કરી દીધા છે, એના આનંદનો અને તૃપ્તિનો લલકાર છે. અહીં બાહુમાં બાંધ્યા છે એની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાત નથી, અહીં કીકીમાં કેદ કર્યાની વાત છે. મીઠી નજરબંધીની વાત છે. હવે શ્યામ ભલેને વાંસળી વગાડે, લોચન ખોલવાની નથી અને દૂર દૂર દોડવાની નથી. હવે એની વાંસળી કચાં બહાર વાગવાની છે! ભલે એ ગમે એટલાં છળકપટ કરે, છૂટી નહીં શકે.

જોગીઓ ભલે શ્વાસ રોકે, પલાંઠી વાળે, સમાધિ સાધે, જ્ઞાન કરતાં પ્રેમ મહાન જ છે. જોગીઓને જુગજુગ લાગે કૃષ્ણની પ્રાપ્તિ માટે, પણ મારે માટે તો આ એક પલક જ પૂરતી છે. ને કીકીમાં કેદ કર્યા છે એટલું જ નહીં, પણ સમણાના લોકમાં મેં એને સ્થાપ્યા છે, કૃષ્ણ પોતે પણ પોતાને ઉથાપી ન શકે એમ. કૃષ્ણ જેવી બહુરૂપી વ્યક્તિને સીધાદોર કરવાનો એક જ રસ્તો છે અને તે મારી કીકીનું કેદખાનું. આ સાથે બીજું પણ એક ગીત માણવા જેવું છે:

મેશ ન આંજું, રામ!
લેશ જગ્યા નહિ, હાય સખીરી!
નયન ભરાયો શ્યામ!
આજે મેશ ન આંજુ રામ!

એક ડરે હું રેખ ન ખેંચું, ભલે હસે વ્રજવામ;
રખે નયનથી નીર વહે તો સંગ વહે ઘનશ્યામ.
આજે મેશ ન આંજું રામ!

કાળા કરમનો કાળો મોહન, કાળું એનું નામ;
કાજળની વંચુ કાળપ લાગે કરશે કેવાં કામ?!
આજે મેશ ન આંજું રામ!

—નિનુ મજુમદાર

૨૭-૫-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

હું સાંજને સમયે
મારા જ ઘૂઘવતા દરિયાની પાસે
મારા જ અડીખમ ખડક પર બેસીને,
આંખ મીંચીને પ્રાર્થના કરું છું
બંધ આંખે શોધું છું
મારો પોતાનો પરમેશ્વર.
મારે બુદ્ધને બાળી નાખવા છે.
મારે કૃષ્ણને કાળી યમુનાની અંદર
કાયમને માટે પધરાવી દેવા છે
મને ઉછીના ઈશ્વર જોઈતા નથી
બંધ આંખે જ્યારે
મને મારો ઈશ્વર મળશે
ત્યારે જ
મારા આકાશમાં સૂર્યોદય થશે.

કાવ્યમાં સમય સાંજનો પસંદ કરાયો છે. આ સંધિકાળનો સમય છે. ઓસરતો દિવસ અને આવનારી રાતનો સમય છે. પ્રવૃત્તિ ક્રમશઃ ટૂંટિયું વાળતી હોય અને નિવૃત્તિ હળવે પગલે આવતી હોય એનો સમય છે. રાત પહેલાં દિવસને અંતે પોતે શું કર્યું છે અને પોતે શું નથી કર્યું — એની વાતને મનોમન અંકે કરી લેવાનો સમય છે. પ્રવૃત્તિનો પારાવાર તો આંખ સામે સતત ઘૂઘવ્યા જ કરે. પ્રવૃત્તિનો સ્વભાવ જ ઘોંઘાટનો છે. આટલી બધી પ્રવૃત્તિઓ વચ્ચે રહીને માણસે પોતે જ્યાં પલાંઠી વાળીને બેસી શકે એવો અડીખમ ખડક શોધવાનો છે અને આ લિપ્ત જગતમાં અલિપ્ત કઈ રીતે રહેવું એની કળા પામવાની છે. વિનોબા ભાવેએ કયાંક કહ્યું છે કે સીલ કરેલી ગંગાજળની લોટીને દરિયામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ડુબાડશો તો એમાંથી જળ બહાર નહીં જાય અને બહારનું જળ અંદર નહીં પ્રવેશે. સંસારમાં આ રીતે જીવવાનું હોય છે. ઉઘાડી આંખ તો આમતેમ દોડ્યા કરે, આંખ બંધ કરવી એટલે આંખને અંદર વાળવી. કોઈ પણ પ્રાર્થનાનો આ પ્રારંભ છે. કશાક પર ધ્યાન કેન્દ્રિત કરવું એ ધ્યાનની પ્રારંભ અવસ્થા છે. ટપકતા જળબિંદુના ઝીણા અવાજ પર પણ ધ્યાન કેન્દ્રિત કરી શકાય. એક પર કેન્દ્રિત કરો એટલે અન્ય વેરવિખેર થઈ જાય. આપણી પાસે છે આપણો પરંપરાનો પરમેશ્વર. આ પરંપરાના પરમેશ્વરને મનવટો આપીએ તો જ આપણો પોતાનો પરમેશ્વર — ખુદમાંથી ખુદા પ્રગટે. એક પુસ્તકનું શીર્ષક યાદ આવે છે: 'If You Meet Buddha on the Way, Kill Him'. બુદ્ધને બાળશો તો જ તમે પ્રબુદ્ધ થશો. કૃષ્ણને પધરાવશો તો જ તમને તમારો કૃષ્ણ મળશે. બધું ચાલે, ઈશ્વર ઉછીનો ન ચાલે. સુરેશ જોષીએ કયાંક આવું કંઈક લખ્યું છે, 'મારા ખભા પર પરંપરાનાં દેવદેવીઓ એટલાં બધાં ચડી બેઠાં છે કે એ ઊતરે તો કંઈક થઈ શકે.' પ્રવૃત્તિના ટોળામાં ઉઘાડી આંખે ઈશ્વર ગુમાવવાનો છે. બંધ આંખે, એટલે કે ભીતરની જાગૃતિ સાથે પરંપરાગત દેવને જાકારો આપીને આપણે આપણા જ પિંડમાંથી જો પરમાત્માને પામી શકીએ, તો આ બાહ્ય રીતે સાંજના સમયે અથવા જીવનની ઉત્તરાવસ્થાના સમયે સ્વ-ના આકાશમાં સૂર્યોદય થશે. ઈશ્વરને પુનર્જન્મ આપવો હોય તો નિત્શેની જેમ કહેવું પડશે કે ઈશ્વર મરી ગયો છે.

૧-૬-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

□

કોઈ તમારા હોઠ કાપી નાખે
અને પછી
સાવ નિર્દોષ થઈને પૂછે
કે તમે કશું ગીત કેમ નથી ગુંજતા—
—તો આપણે એને શું જવાબ આપીએ ?

કોઈ તમારી આંખ ફોડી નાખે
અને પછી
સાવ નિર્દોષ થઈને પૂછે
કે તમે મેઘધનુષની વાત કેમ નથી કરતા
—તો આપણે એને શું જવાબ આપીએ ?

કોઈ તમારી પાંખ કાપી નાખે
અને પછી
સાવ નિર્દોષ થઈને પૂછે
કે તમે આકાશમાં કેમ નથી ઊડતા
—તો, આપણે એને શું જવાબ આપીએ ?

આવા પ્રશ્ન પૂછનારને
તમારા જવાબમાં રસ નથી
એને તો છે એકમાત્ર રસ
તમારી અસહાયતા અને શૂન્યતાને
ચૂંથવામાં.
મોગરાના મ્હેકતા ફૂલ જેવા
તમારા અક્ષરને
કાળા રંગે ભૂંસવામાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લોકોનો સ્વભાવ છે કે જાણુગાંડા થઈને ન પૂછવાના પ્રશ્નો પૂછે. અપરાધી પોતે જ નિર્દોષ થઈને નાગની ફણા જેવા પ્રશ્નો આપણી પાસે મૂકે. વિસંવાદ સર્જીને સંવાદ કેમ નથી, એની તલાશમાં આપણને જ મોકલવાનો પ્રયત્ન કરે. વિશ્વાસઘાત કરીને જ વિશ્વાસની વાત કરે. આપણા હાથમાં કાંટા રોપીને, હથેળીમાં ફૂલની કુમાશ કેમ નથી, એની ચિંતા વ્યક્ત કરે.

આ કાવ્યમાં જુદી જુદી રીતે એક વાતને ઘૂંટી છે અને પછી કાવ્યને વળાંક આપ્યો છે. કોઈ આપણા જ હોઠ કાપી નાખે અને પછી સાવ ભોળાભટાક થઈને આપણને જ પૂછે કે તમારા ગીતનું ગુંજન ક્યાં અલોપ થઈ ગયું? આપણી આંખને ફોડી નાખે અને આપણી પાસે મેઘધનુષ્યની વાતની અપેક્ષા રાખે, આપણી પાંખને કાપે અને પછી, ઊડવા જેવું તો આકાશ છે એનો મહિમા સમજાવે. એને પ્રશ્ન પૂછવામાં અને પ્રશ્ન પૂછીને ઘા કરવામાં અને ઘા કરીને ઊંડે ઊંડે ખણવાખોતરવામાં કેવળ પરપીડનનો આનંદ છે. આ પ્રશ્ન દ્વારા એને ચૂંથવી છે આપણી અસહાયતા અને આપણી શૂન્યતા. આટલી વેદનાની વચ્ચે, આટલા તાપ અને સંતાપમાં જો આપણા અક્ષર મોગરાનાં ફૂલ થઈને મ્હેકતા હોય, તો પરપીડનની વૃત્તિવાળા લોકોને શ્વેતને કાળા રંગે રંગવામાં અને ભૂંસવામાં રસ છે.

૧-૬-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગીત

મારી પાસે તો અઢળક હતું, પણ કશું ટકતું નથી
પ્લાસ્ટિકનાં ફૂલો મૂકો મારી ફૂલદાનીમાં
જેને હું ચાહતી હતી એ માણસને પકડી પાડો
ફોટોગ્રાફમાં એને જડી દો

રાખ રાખમાં ભળી ગઈ હોય
અને ફોન પર ધૂળ જામી ગઈ હોય
રેકોર્ડ પ્લેયરની પિન ખૂંપી ગઈ હોય
એકના એક ખાંચામાં, એકના એક ઢાંચામાં.

ત્યારે મારી શય્યામાં ઊગશે સાચાં ફૂલો
અને હું તમામને ચૂંટી લઈશ તારે માટે
તારી આંખની વાસનાનો હું ફોટો પાડું છું
તું જાણે છે કે કેમેરા કદી જૂઠું બોલતો નથી.

—લૂઈ ગ્લુક

બ્રિટિશ કવયિત્રી લૂઈ ગ્લુકનું આ કાવ્ય છે. સન ૧૯૫૮માં જન્મેલી આ કવયિત્રીએ પ્રકાશકને ત્યાં અને 'પોયેટ્રી સોસાયટી'માં પણ કામ કર્યું છે. કાવ્યનું શીર્ષક 'ગીત' છે, પણ આ ગીતમાં નંદવાયેલા જીવનલયની વાત છે. એક કરુણ અનુભૂતિથી આ કાવ્યનો પ્રારંભ થાય છે. અને એ અનુભૂતિ છે કશું ટકતું નથી તેની. પ્રેમ પણ અટકણો છે. પ્રેમ પણ ચીજની જેમ જીર્ણ થઈ જાય છે અને નષ્ટ થઈ જાય છે. ફૂલદાનીમાં પ્લાસ્ટિકનાં ફૂલો મૂકવાની વાતમાં વેદનામય કટાક્ષ પણ છે અને કડવાશ પણ છે. 'પુરુષો બાહુમાં બંદી, ત્યાં સુધી માત્ર આપણા' એવી ઉમાશંકરના 'રતિમદન' પદ્યનાટકની પંક્તિ યાદ આવે છે. ચાહવાની વાત ભૂતકાળ છે. વર્તમાનમાં તો પ્રિય વ્યક્તિ નથી. કચાંક સરી ગઈ છે. હવે એને બાહુમાં નહીં પણ ફોટોગ્રાફમાં જ જકડી રાખી શકાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં જેનું નામ ફૂલ પર લખતાં હોઈએ, એનું નામ રાખ પર લખવું પડે એવી પરિસ્થિતિ છે. બંને વચ્ચે હવે કોઈ કૉમ્યુનિકેશન નથી, એની વાત, 'ફોન પર ધૂળ જમી ગઈ છે' દ્વારા કહી છે. જે ટેલિફોનના વાયર પર વાતે વળગતાં હતાં એ જ વાયર જાણે કે ગળા પર અજગર થઈને વીંટળાયા છે. બધું સ્થગિત થઈ ગયું છે. રેકૉર્ડ ફરે છે એ તો આભાસ છે. પિન ખૂંપી ગઈ છે, સંબંધ થીજી ગયો છે.

તોયે કાવ્યનાયિકાને શ્રદ્ધા છે કે એક દિવસ પોતાની પથારીમાં સાચાં ફૂલો ઊગશે. એની ઝંખના તમામને — અઢળકને પ્રિયતમને અર્પણ કરવાની છે. નાયિકાની સર્વસમર્પણની ભાવના છે અને નાયકની આંખમાં વાસના છે. નાયિકા પોતાની પરિસ્થિતિને પામી ગઈ છે અને નાયકને જાણી ગઈ છે. નાયિકા પાસે નાયકનો માત્ર ફોટો નથી, પણ એકસરે પણ છે. કેમેરા કદી જૂઠું બોલતો નથી એમ કહીને નાયિકાએ જીવનનાં તથ્ય અને સત્ય બંનેને પ્રગટ કર્યાં છે.

૪-૬-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તને મારે કેમ ચીતરવો?

લોકો મને પૂછે છે :
કોણ છે આ 'તું' ?
પુરુષ કે સ્ત્રી?

શો જવાબ દઉં ?
તું નપુંસક નથી જ નથી
છતાં તું પુરુષ નથી, સ્ત્રી નથી.

જે આ હાથ લખે છે,
તેમાં તારો હાથ મને દેખાય છે;
જે આ વાંચે છે એમાં તારાં
સાફ મન અને નિર્મળ આંખ મને વંચાય છે;
જે હૃદય અને મન આ સમજે છે
તેમાં તારાં હૃદય અને મન છુપાયાં સમજાય છે.

આટલું લખતામાં, વહાલા, તું એવો સ્પર્શ કરે,
આંખમાંથી અશ્રુ સરે, હાથમાંથી કલમ....

બોલ હવે, તને મારે કેમ કરી ચીતરવો ?

—હસમુખ પાઠક

હસમુખ પાઠક એક મહત્ત્વના કવિ છે. આપણી પ્રજાનું જેટલું ધ્યાન એમના પર સ્થિર થવું જોઈએ એટલું થયું નથી. 'જાગરણ — પાછલી ખટ ઘડી' એમનો તાજેતરનો સંગ્રહ છે. આ પહેલાં એમણે સાયુજ્ય (ઈ. સ. ૧૯૭૩) નામનો સંગ્રહ પ્રગટ કર્યો છે, જેમાં ઈ. સ. ૧૯૫૨માં પ્રગટ થયેલ સંગ્રહ 'નમેલી સાંજ'ને પણ સમાવ્યો હતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ સંગ્રહની કવિતા સમજવા માટે હસમુખ પાઠકે લખેલી પ્રસ્તાવના પણ જોવી જોઈએ. પ્રસ્તાવનાને એમણે શીર્ષક આપ્યું છે 'કવિતાનો રસ્તો પ્રેમનો'. અહીં 'પ્રેમ' સીમિત અર્થમાં નથી. અહીં મનુષ્યના ઈશ્વર સાથેના પ્રેમની વાત છે. કવિ કહે છે, પરમાત્મતત્ત્વ અને મનુષ્યત્વ વચ્ચે એક અતૂટ અને અહૈતુક સંબંધ છે. અતૂટ છે, એટલે જ એ સમજમાં ઊતરે છે અને એ કંઈક સમજી શકાય છે; અહૈતુક છે એટલે જ એ અકળ (મિસ્ટિક) રહે છે... આ પ્રેમસાધના "કામગંધહીન" છે. આમ, પરમાત્મતત્ત્વ અને મનુષ્યત્વના અહૈતુક સંબંધને નામ મળ્યું આ પ્રેમનું. આ પ્રેમસાધના મુગલસહકારની દેણગી છે, અર્ધનારીશ્વર સાથે શિવપાર્વતી, રામસીતા અને કૃષ્ણરાધાનો મેળ છે, તેવો જ પરમાત્મતત્ત્વ અને મનુષ્યત્વનો મેળ છે.

આ ઈશ્વર છે કોણ? એ પુરુષ છે કે સ્ત્રી છે? એ નર નથી, નારી નથી, પણ નાન્યતર તો નથી જ નથી. બહાર જે મળે નહીં અને આપણા ભીતર સિવાય કચાંય વસે નહીં એ બાહુમાં બંધાય? વાણીમાં પરખાય? પ્રશ્ન પૂછવા જેટલા ઉત્તર આપવા સહેલા નથી હોતા. સવારે ભરઊંઘમાં હોઉં છું ત્યારે મને કોણ જગાડે છે? જાગતો હોઉં છું ત્યારે મને કોણ સુવાડે છે? મારી ગતિ કે સ્થિતિમાં સતત કોણ ધબકે છે? હું આ લખું છું એમાં અદૃશ્ય છતાં દૃશ્ય અને દૃશ્ય છતાં અદૃશ્ય એવો કોનો હાથ છે? આ સાફ મન અને આ નિર્મળ આંખ, જે પ્રકૃતિની ખુલ્લી કિતાબને વાંચે છે એની પાછળ કોની દૃષ્ટિ? મારાં હૃદય અને મનની પાછળ કોનાં હૃદય અને મન?

ઈશ્વરના સાન્નિધ્યની અનુભૂતિની ક્ષણ — જાણે કે એનો હથેળીભર્યો સ્પર્શ. શબ્દનો કોઈ અર્થ નથી. આંખમાંથી આંસુ સરે એ જ ભાષા. કાગળ પર ચિતરામણ કરતી કલમ પણ સરી પડે છે, ખરી પડે છે. ઈશ્વરને ચીતરવો હોય તો પણ એને જ પૂછવું પડે કે મારે તને કઈ રીતે ચીતરવો? એ અવર્ણનીય છે. એની પ્રતીક્ષામાં જ એનું મિલન છે. મા, ઠાકોરજી અને ગુરુ વચ્ચે કોઈ ભેદ નથી. ઈશ્વરના ચરણ સિવાય કોઈ આરોહઅવરોહ નથી. એનું એક જ ચુંબન મળે તો એ ચુંબનમાં સમગ્ર વિરહને પી જવાની તાકાત છે. આ કાવ્યને નિમિત્તે એમનાં અન્ય કાવ્યોની પંક્તિઓને આધારે પણ એમની કાવ્યસૃષ્ટિનો સંકેત આપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કવિતામાં આધ્યાત્મિકતા, આધ્યાત્મિક કવિતા અને કવિતા પોતે આધ્યાત્મિકતા — આ ત્રણે પર જુદા જુદા સંદર્ભમાં પ્રકાશ પાડે એવી હસમુખ પાઠકની કવિતા છે. મને એમની કવિતામાં ઊછળતા વહેણનો નહીં, પણ પ્રશાંત સરોવરનો અનુભવ થાય છે. શાંતરસની કવિતા હંમેશા વિરલ હોય છે.

૫-૬-૧૯૯૧

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

7874

□

યુનિવર્સિટીનો એક ડિપાર્ટમેન્ટ કેટલી સૂઝપૂર્વકની ઉત્તમ પ્રકાશન-પ્રવૃત્તિ ચલાવી શકે તેનું ઉત્તમ ઉદાહરણ આ યુનિવર્સિટીના ગુજરાતી ભાષાના વિભાગે આપ્યું છે. અન્ય યુનિવર્સિટીના કોઈ પણ વિભાગમાં તો નહિ જ પણ ખુદ યુનિવર્સિટી પણ એની સરખામણીમાં ઊણી ઊતરે તેવું ઉત્તમ કામ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીનો ગુજરાતી વિભાગ કરી રહ્યો છે.

('જન્મભૂમિ-પ્રવાસી') — ચંદ્રકાન્ત શાહ



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રિય ભાઈ સુરેશ,

એસ. એન. ડી. ટી. યુનિવર્સિટીના ગુજરાતી વિભાગનાં વિવિધ પ્રકાશનોનો પ્રવાહ અવિરત વહેતો રહે છે એ જોઈને અત્યારે પ્રવર્તતી આપણી અન્ય યુનિવર્સિટીઓમાં આ ક્ષેત્રની મંદતાના વિરોધે તમારો અને તમારા સહયોગીઓનો વિદ્યાપુરુષાર્થ ઘણો પ્રશસ્ય છે. લલિત અને લલિતેતર, શૈક્ષણિક મૂલ્યના અને ગંભીર અધ્યયન-સંશોધનના, મૌલિક અને અનુવાદિત—એમ વિવિધ પ્રકારનો તમારી ગ્રંથશ્રેણીમાં સમાવેશ થયો છે. તેની પાછળ તમારી ઊંડી સાહિત્યપ્રીતિ, જાગૃતિ અને આયોજન-વ્યવસ્થાપનની સૂઝબૂઝ સહેજે પ્રતીત થાય છે. યુનિવર્સિટીઓના ભાષાસાહિત્ય વિભાગો આમાંથી પ્રેરણા લે એમ આપણે જરૂર ઇચ્છીએ.

૭-૭-૧૯૯૧

—હરિવલ્લભ ભાયાણી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar